# Educational Research Monograph

# શૈક્ષણિક સંશોધન સારાંશ

# (2008-2015)




હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

સંલગ્ન

## શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**NAAC- B ગ્રેડ** કૉલેજ કોડ- **280**

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર

ગોબરી રોડ, કરણાવત શાળા સંકુલ, જિ. બનાસકાંઠા, ગુજરાત-385001

ટે.નં- 02742-257322, મો – 9408057410

**Web - www.bkkpsm.org E-mail – bkpsrkdmed@gmail.com**

# EDUCATIONAL RESEARCH MONOGRAPH

(2008-2015)

## CHIEF EDITOR

Dr. Pinakshiben B. Patel (Professor& Head)

## SUB EDITORS

Dr. Chhayaben M.Trivedi(Princpial)
Mr. Piyushkumar K. Pancholi (Asst. Professor)
Mr. Jayantibhai V. Patel (Asst. Professor)
Dr. Jyotsanaben L. Barad (Asst. Professor)
Mr. Chetankumar J. Raval (Asst. Professor)
Mrs. Rajuben J. Patel (Asst. Professor)

**SMT. R.K.D. KHANUSHIYA M.ED. COLLEGE, PALANPUR**

**Affiliated with**

**HEMCHANDRA ACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN**

**Managed By**

SHRI BANASKANTHA KADVA PATIDAR SANSKAR MANDAL, PALANPUR

**Copyright @ RKDMED**

**Composed By:**
Smt. R.K.D. Khanushiya M.Ed. College, Palanpur
Karnavat School Campus,
Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)

**Printer:**
Network Print
1, Old Market Yard,
Palanpur-385001
M: 9426004741

**Publisher:**
Shri BKKPSM TRUST,
Karnavat School Campus,
Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)

**Edition: Forth (25, November 2024)**

**ISBN NO: 978-93-341-1738-7**
**Price: Rs. 450/-**

राष्ट्रीय मूल्यांकन एवं प्रत्यायन परिषद
विश्वविद्यालय अनुदान आयोग का स्वायत्त संस्थान
NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL
*An Autonomous Institution of the University Grants Commission*

# Certificate of Accreditation

The Executive Committee of the
National Assessment and Accreditation Council
on the recommendation of the duly appointed
Peer Team is pleased to declare the
Matrushree S. S. Govinda and Shrimati
R. K. D. Khanushiya College of Education
Palanpur, Dist. Banaskantha,
affiliated to Hemchandracharya North Gujarat University, Gujarat as
Accredited
with CGPA of 2.16 on four point scale
at B grade
valid up to April 30, 2020

Date : May 01, 2015

Director



## પ્રમુખશ્રીનો સંદેશ

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજના અધ્યાપકો દ્વારા સંપાદિત **"શૈક્ષણિક સંશોધનોનો સારાંશ (2008-09 થી 2014-15)"** નામક પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે તે જાણીને ગૌરવ અનુભવું છું.

એમ.એડ્ વિભાગના અધ્યાપકો અધ્યાપન ઉપરાંત અધ્યયનના પરિપાક સ્વરૂપે થયેલા સંશોધનોને સમાજ ઉપયોગી બનાવવા માટે જે પ્રયાસ કરી રહ્યા છે તે ખુબ જ સરાહનીય છે. વર્તમાન સમયમાં જ્યારે શિક્ષા ક્ષેત્રનો વ્યાપ વધતો જાય છે ત્યારે તેના નવા આયામ તરફ પણ લક્ષ્ય આપવું જરૂરી છે. શિક્ષણ પદ્ધતિમાં નવી તકનીકી સંરચનાઓ અને શિક્ષણ દરમિયાન લેવાનારી પરીક્ષા અને મૂલ્યાંકન જેવી બાબતો સમયાંતરે પરિવર્તન માગે છે પરંતુ આ પરિવર્તન પણ ભારતીય તત્વજ્ઞાનના મૂલાધાર અને ભારતીય સામાજિક મનોવિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં હોવું ઘટે.

મને એ વાતનો આનંદ છે કે એમ.એડ્ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. પિનાક્ષીબેન પટેલ અને અધ્યાપક મિત્રો સર્વશ્રી શ્રી પિયુષકુમાર પંચોલી, શ્રી જયંતીભાઈ પટેલ, ડૉ. જ્યોત્સનાબેન બારડ અને શ્રી તનુશ્રી ભાર્ગવા જેવા પરિવર્તનના પ્રહરી આ ભગીરથ કાર્યમાં સહયોગી બન્યા છે. મને લાગે છે કે સંશોધન એ માત્ર ઉપાધિ મેળવવાનો ઉપક્રમ નથી પરંતુ તે રાજ્યના શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસના ઘડતરમાં ઉપયોગી બને તો જ શિક્ષણ સંસ્થાનું ખરું પ્રદાન ગણાય.

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળના પ્રમુખ તરીકે આ પ્રયાસને બિરદાવતાં મને હર્ષની લાગણી અનુભવાય છે અને સમગ્ર મંડળ આ કાર્યને કારણે વધુ પ્રતિષ્ઠિત થશે તેવી મને ખાતરી છે. આ પ્રકાશનના સર્વ યશભાગી વ્યક્તિઓને અભિનંદન અને શુભેચ્છા.

**શ્રી ઇશ્વરભાઇ એ. કર્ણાવત**
**પ્રમુખ**
**શ્રી બ.કાં.ક.પા.સંસ્કાર મંડળ,પાલનપુર**



# આચાર્યશ્રીનું આવકાર નિવેદન

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત એમ.એડ્ વિભાગ દ્વારા **શૈક્ષણિક સંશોધનોના સારાંશ (2008-09 થી 2014-15)** નું અત્યંત મૂલ્યવાન પ્રકાશન થવા જઈ રહ્યું છે. જે અત્યંત પ્રસન્નતા અને ગૌરવપૂર્ણ બાબત છે. આ મુજબના શૈક્ષણિક પ્રકાશન માટે સતત કાર્યરત અને જાગૃત એમ.એડ્ વિભાગનો પરિવાર વિશેષ અભિનંદનને પાત્ર છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં શિક્ષણ વિદ્યાશાખાનું સ્થાન કેન્દ્રનું છે. આ વિદ્યાશાખાના માધ્યમથી સંશોધનાત્મક પદ્ધતિઓ, અભિગમ, તેના વિવિધ આયામો, આંતર વિદ્યાશાખાકીય સંબંધો વગેરેથી માંડીને સંશોધનના વિવિધ ક્ષેત્રોના વિશાળ વ્યાપ પર ઝીણવટભર્યું અને અભ્યાસપૂર્ણ સંશોધન તથા તેના ફળ સ્વરૂપ તારણ એ માત્ર એક જ વિદ્યાશાખાને નહીં પરંતુ શૈક્ષણિક ક્ષેત્રોની અનેક વિદ્યાશાખા માટે ઉપયોગી બની શકે તે સ્વાભાવિક છે.

એમ.એડ્. વિભાગની 15 વર્ષની અવિરત સંશોધન યાત્રા અંતર્ગત 7 વર્ષના એક વર્ષીય અભ્યાસક્રમમાં 195 શિક્ષણ અનુસ્નાતક શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના લઘુશોધ નિબંધો થઈ ચૂક્યા છે, જે પૈકી વર્ષ **2008-2009 થી 2014-15** માં તૈયાર થયેલા લઘુશોધ નિબંધોના સમગ્રતયા વિશ્લેષણાત્મક અભિગમ સાથે જે સારાંશ તૈયાર કરવામાં આવેલ છે તેનું પ્રકાશન થવા જઈ રહ્યું છે. તે માત્ર એમ.એડ્. વિભાગ માટે જ નહીં પરંતુ સમગ્ર સંસ્થા માટે સીમાચિહ્ન રૂપ ઘટના છે. સંશોધનાત્મક ક્ષેત્રની ગૌરવગાથાની રચના અને તેના પ્રત્યક્ષીકરણ માટે એમ.એડ્ કોલેજના બધા જ અધ્યાપકો અભિનંદનને પાત્ર છે. આ ભગીરથ કાર્યો માટે તે તમામને સવિશેષ ધન્યવાદ પાઠવું છું.
સમગ્ર પ્રકલ્પની સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ.

**ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ**
**પ્રોફેસર એન્ડ હેડ**
**શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા. એમ.એડ્. કોલેજ, પાલનપુર**

# <u>સંપાદકીય</u>

શિક્ષણ, સંશોધન, માર્ગદર્શન અને વિસ્તરણ એ અનુસ્નાતક શિક્ષણ કક્ષાએ અધ્યયન-અધ્યાપન માટેનાં મુખ્ય ચાર ધ્રુવ છે. જેમાથી માર્ગદર્શન અને વિસ્તરણ એ એમ.એડ્નાં સંશોધન આધારિત લઘુશોધ નિબંધ માટે અનિવાર્ય બની રહે છે.

સંશોધનો હાથ ધરાય, તેનાં અહેવાલો લખાય, તાલીમાર્થીઓ ડિગ્રી મેળવી લે અને અહેવાલો ગ્રંથાલયનાં કબાટમાં કેદ થઇ જાય તેનાથી ભાવિ તાલીમાર્થીઓને કંઇ જ ફાયદો ન થાય. આથી, એમ.એડ્. વિભાગનાં અધ્યાપકોએ વિચાર કર્યો કે અગાઉનાં વર્ષ એટલે કે **<u>વર્ષ 2008-09 થી 2022-24</u>** નાં તાલીમાર્થીઓ દ્વારા હાથ ધરાયેલાં અમુલ્ય સંશોધનો ગ્રંથાલયનાં કબાટોમાં પુરાઇ ગયા છે તો તેના સાચા ઉપભોક્તા- શિક્ષકો અને ભાવિ સંશોધકો સુધી સરળતાથી પહોંચે તેવું કંઇક કરવું જોઇએ.

આ કંઇક નવું કરવાના સદ્-વિચારથી પ્રેરાઇને સંપાદક સમિતિએ **<u>વર્ષ-2008-09 થી 2014-15</u>** દરમિયાન પૂર્ણ કરેલ તમામ સંશોધન સારાંશોને એક પુસ્તક રૂપે **<u>"શૈક્ષણિક સંશોધનોનો સારાંશ (2008-09 થી 2014-15)"</u>** શીર્ષક હેઠળ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. આ પુસ્તકમાં **<u>વર્ષ 2008-09 થી 2014-15</u> માં** હાથ ધરાયેલા તમામ સંશોધનોને સંશોધન ક્ષેત્રોમાં વર્ગીકૃત કરી દરેકને એક પ્રકરણ સ્વરૂપે રજૂ કર્યા છે. આ ભગીરથ કાર્યને પાર પાડવામાં નિષ્ણાત, કાર્યક્ષમ અને મહેનતું એવા એમ.એડ્ વિભાગના તમામ અધ્યાપક મિત્રોનો ફાળો અનન્ય રહ્યો છે

.

આ પુસ્તકના પ્રકાશન કાર્યમાં જરૂરી પ્રોત્સાહન અને મંજૂરી આપવા માટે શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજના આદરણીય પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડૉ. પિનાક્ષીબેન પટેલનાં ઋણી છીએ. સન્માનનીય પ્રમુખ શ્રી ઇશ્વરભાઇ કર્ણાવતના આભારી છીએ.

**શ્રી પિયુષકુમાર કે. પંચોલી**
**સંપાદક સમિતિ વતી**
**શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,**
**પાલનપુર**

**તારીખ- 02/05/ 2024**
**સ્થળ- પાલનપુર**

# 2008-09 થી 2014-15 સંશોધન સમીક્ષાત્મક પરિચય

શ્રીમતી રેવાબેન કરસનભાઇ દેવાભાઇ ખણુંસિયા એમ.એડ્. કોલેજ પાલનપુરની સ્થાપના 2008માં થઇ ત્યારથી 2015 સુધીનાં એકવર્ષીય અભ્યાસક્રમમાં 195 શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના લઘુશોધ નિબંધો થઈ ચૂક્યા છે. જે પૈકી અહીં વર્ષ 2008-09 થી 2014-15 માં હાથ ધરાયેલાં લઘુશોધ નિબંધોનો જ સમાવેશ કરાયો છે. **N.C.E.R.T. દ્વારા પ્રકાશિત – Fifth Survey Of Educational Research Volume 1 & Sixth Survey Of Educational Research (1993-2000) Volume-2** માં કુલ 39 સંશોધન ક્ષેત્રો દર્શાવ્યાં છે. એમ.એડ્. વિભાગ દ્વારા વર્ષ- 2008-09 થી 2014-15 સુધીમાં અનુક્રમણિકામાં દર્શાવેલ સંશોધનક્ષેત્રો આવરવામાં આવ્યા છે.

## સંશોધનક્ષેત્ર અનુસાર સંશોધન વર્ગીકરણ અનુક્રમણિકા (1-195)

| વર્ષ | મુખ્ય પ્રકરણ | પેટા પ્રકરણ | સંશોધન ક્ષેત્ર | કુલ સારાંશ | સારાંશ 1-24 |
|---|---|---|---|---|---|
| 2008-09 | પ્રકરણ-1 | પ્રકરણ-1 | શિક્ષણનું તત્વજ્ઞાન | 2 | |
| | | પ્રકરણ-2 | શિક્ષણનું મનોવિજ્ઞાન(ગણિત શિક્ષણ) | 1 | |
| | | પ્રકરણ-3 | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (સા. વિજ્ઞાન શિક્ષણ) | 2 | |
| | | પ્રકરણ-4 | શૈક્ષણિક ટેકનોલોજી (ભાષા શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, સા. વિજ્ઞાન) | 10 | |
| | | પ્રકરણ-5 | તુલનાત્મક શિક્ષણ (ભાષા શિક્ષણ) | 2 | |
| | | પ્રકરણ-6 | વ્યક્તિ અભ્યાસ | 1 | |
| | | પ્રકરણ-7 | માર્ગદર્શન અને સલાહ દર્શન | 1 | |
| | | પ્રકરણ-8 | શારીરિક શિક્ષણ, આરોગ્ય શિક્ષણ | 1 | |
| | | પ્રકરણ-9 | વિજ્ઞાન શિક્ષણ | 1 | |
| | | પ્રકરણ-9 | ભાષા શિક્ષણ | 1 | |
| | | પ્રકરણ-10 | શિક્ષણનું સંગઠન,વહીવટ અને સંચાલન | 1 | |
| | | પ્રકરણ-11 | તુલનાત્મક શિક્ષણ | 1 | |
| | | કુલ | | 24 | 24 |
| 2009-10 | પ્રકરણ-2 | પ્રકરણ-1 | શિક્ષણનું તત્વજ્ઞાન | 3 | 25-49 |
| | | પ્રકરણ-2 | શિક્ષણનું મનોવિજ્ઞાન(ગણિત શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ) | 1 | |
| | | પ્રકરણ-3 | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (સા. વિજ્ઞાન શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, અંગ્રેજી શિક્ષણ) | 6 | |
| | | પ્રકરણ-4 | શૈક્ષણિક ટેકનોલોજી (માધ્યમિક શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, સા. વિજ્ઞાન) | 5 | |
| | | પ્રકરણ-5 | પ્રાથમિક શિક્ષણ (અંગ્રેજી શિક્ષણ) | 3 | |
| | | પ્રકરણ-6 | વ્યક્તિ અભ્યાસ | 1 | |
| | | પ્રકરણ-7 | અભ્યાસક્રમ વિકાસ અને પાઠ્યપુસ્તક | 3 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | પ્રકરણ-8 | ભાષા શિક્ષણ, | 1 | |
| | | પ્રકરણ-9 | શિક્ષક પ્રશિક્ષણ | 1 | |
| | | પ્રકરણ-9 | શિક્ષણનું સંગઠન,વહીવટ અને સંચાલન | 1 | |
| | | કુલ | | 25 | 49 |
| 2010-11 | પ્રકરણ-3 | પ્રકરણ-1 | સહસબંધાત્મક અભ્યાસ | 1 | 50-84 |
| | | પ્રકરણ-2 | શિક્ષણનું મનોવિજ્ઞાન | 2 | |
| | | પ્રકરણ-3 | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (સા. વિજ્ઞાન શિક્ષણ, ભાષા શિક્ષણ, ગણિત શિક્ષણ) | 2 | |
| | | પ્રકરણ-4 | શૈક્ષણિક ટેકનોલોજી (ભાષા શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, સા. વિજ્ઞાન) | 8 | |
| | | પ્રકરણ-6 | અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ (માધ્યમિક શિક્ષણ તેમજ તુલનાત્મક શિક્ષણ) | 5 | |
| | | પ્રકરણ-7 | શિક્ષક શિક્ષણ (માર્ગદર્શન અને સલાહ) | 3 | |
| | | પ્રકરણ-8 | માર્ગદર્શન અને સલાહ | 2 | |
| | | પ્રકરણ-9 | વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ | 3 | |
| | | પ્રકરણ-9 | પ્રાથમિક શિક્ષણ | 3 | |
| | | પ્રકરણ-10 | શિક્ષણનું સંગઠન,વહીવટ અને સંચાલન | 1 | |
| | | પ્રકરણ-11 | તુલનાત્મક શિક્ષણ (માધ્યમિક શિક્ષણ) | 1 | -3 |
| | | કુલ | ( 3 Left 62,74,78) | 31 | 84 |
| 2011-12 | પ્રકરણ-4 | પ્રકરણ-1 | શિક્ષણનું મનોવિજ્ઞાન | 3 | 85-112 |
| | | પ્રકરણ-2 | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (સા. વિજ્ઞાન શિક્ષણ, ભાષા શિક્ષણ, ગણિત શિક્ષણ) | 3 | |
| | | પ્રકરણ-3 | શૈક્ષણિક ટેકનોલોજી (ભાષા શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, સા. વિજ્ઞાન) | 5 | |
| | | પ્રકરણ-4 | શિક્ષક શિક્ષણ (માર્ગદર્શન અને સલાહ) | 2 | |
| | | પ્રકરણ-5 | માર્ગદર્શન અને સલાહ | 3 | |
| | | પ્રકરણ-6 | પ્રાથમિક શિક્ષણ | 2 | |
| | | પ્રકરણ-7 | શિક્ષણનું સંગઠન,વહીવટ અને સંચાલન | 2 | |
| | | પ્રકરણ-8 | શિક્ષણનું તત્વદર્શન/તત્વજ્ઞાન | 2 | |
| | | પ્રકરણ-9 | કન્યા કેળવણી | 1 | -5 |
| | | કુલ | (5 Left 90,93,96,101,108) | 28 | 112 |
| 2012-13 | પ્રકરણ-5 | પ્રકરણ-1 | શિક્ષણનું તત્વજ્ઞાન (મુલ્ય શિક્ષણ) | 1 | 113-128 |
| | | પ્રકરણ-2 | શિક્ષણનું મનોવિજ્ઞાન (સા. વિજ્ઞાન) | 2 | |
| | | પ્રકરણ-3 | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (સા. વિજ્ઞાન શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, ભાષા શિક્ષણ ) | 4 | |
| | | પ્રકરણ-4 | શૈક્ષણિક ટેકનોલોજી (ભાષા શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, | 2 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | સા.  વિજ્ઞાન, અધ્યાપન પ્રયુક્તિઓ) | | |
| | | પ્રકરણ-5 | માર્ગદર્શન અને સલાહ દર્શન | 1 | |
| | | પ્રકરણ-6 | શિક્ષક  શિક્ષણ (કન્યા અને સ્ત્રીઓ માટેનું શિક્ષણ) | 2 | |
| | | પ્રકરણ-7 | શિક્ષણનું સંગઠન,વહીવટ અને સંચાલન (પ્રાથમિક શિક્ષણ, તુલનાત્મક શિક્ષણ) | 4 | |
| કુલ | | | | 16 | 128 |
| 2013-14 | પ્રકરણ-6 | પ્રકરણ-1 | શિક્ષણનું મનોવિજ્ઞાન | 4 | 129-161 |
| | | પ્રકરણ-2 | શૈક્ષણિકમાપન અને મૂલ્યાંકન(માધ્યમિક શિક્ષણ , ભાષા શિક્ષણ) | 4 | |
| | | પ્રકરણ-3 | શૈક્ષણિક ટેકનોલોજી) અધ્યાય અને અધ્યાપન, ભાષા શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ) | 9 | |
| | | પ્રકરણ-4 | સલાહ અને માર્ગદર્શન(શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ) | 4 | |
| | | પ્રકરણ-5 | ભાષા શિક્ષણ | 2 | |
| | | પ્રકરણ-6 | શિક્ષણનું સંગઠન, વહીવટ અને સંચાલન | 2 | |
| | | પ્રકરણ-7 | તુલનાત્મક શિક્ષક (ભાષા શિક્ષણ) | 4 | |
| | | પ્રકરણ-8 | શિક્ષક-પ્રશિક્ષણ | 1 | |
| | | પ્રકરણ-9 | પ્રાથમિક શિક્ષણ | 2 | |
| | | પ્રકરણ-10 | મૂલ્ય શિક્ષણ | 1 | |
| | | કુલ | | 33 | |
| 2014-15 | પ્રકરણ-7 | પ્રકરણ-1 | શિક્ષણનું તત્વજ્ઞાન (મૂલ્ય શિક્ષણ અને સંસ્કૃતિ, અર્થશાસ્ત્રનું શિક્ષણ) | 3 | 162-195 |
| | | પ્રકરણ-2 | શિક્ષણનું મનોવિજ્ઞાન  (વિજ્ઞાન  શિક્ષણ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ,) | 7 | |
| | | પ્રકરણ-3 | શિક્ષણનું સમાજશાસ્ત્ર | 2 | |
| | | પ્રકરણ-4 | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન ( શિક્ષણનું | 5 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | મનોવિજ્ઞાન, ભાષા શિક્ષણ) | | |
| | | **પ્રકરણ-5** | શૈક્ષણિક ટેકનોલોજી ( ભાષા શિક્ષણ, વિશિષ્ટ શિક્ષણ, માનસિક સ્વાસ્થ્ય, વિજ્ઞાન શિક્ષણ) | 11 | |
| | | **પ્રકરણ-6** | શૈક્ષણિક સંચાલન, વ્યવસ્થાપન | 2 | |
| | | **પ્રકરણ-7** | પ્રાથમિક શિક્ષણ | 2 | |
| | | **પ્રકરણ-8** | ભાષા શિક્ષણ (માધ્યમિક શિક્ષણ) | 3 | |
| કુલ | | | | 35 | |

## મુખ્ય પ્રકરણ – 1

## 2008-2009 પ્રકરણ – 1 સમીક્ષાત્મક પરિચય - અનુક્રમણિકા

| **પ્રકરણ** | **સંશોધન ક્ષેત્ર** | **સારાંશ નંબર** | **કુલ** |
|---|---|---|---|
| **પ્રકરણ-1** | શિક્ષણનું તત્વજ્ઞાન | 14,23 | 2 |
| **પ્રકરણ-2** | શિક્ષણનું મનોવિજ્ઞાન(ગણિત શિક્ષણ) | 12 | 1 |
| **પ્રકરણ-3** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (સા. વિજ્ઞાન શિક્ષણ) | 8,24 | 2 |
| **પ્રકરણ-4** | શૈક્ષણિક ટેકનોલોજી (ભાષા શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, સા. વિજ્ઞાન) | 4,6,7,22,20,18,15,16 ,3,19 | 10 |
| **પ્રકરણ-5** | તુલનાત્મક શિક્ષણ (ભાષા શિક્ષણ) | 9,13 | 2 |
| **પ્રકરણ-6** | વ્યક્તિ અભ્યાસ | 11 | 1 |
| **પ્રકરણ-7** | માર્ગદર્શન અને સલાહ દર્શન | 10 | 1 |
| **પ્રકરણ-8** | શારીરિક શિક્ષણ, આરોગ્ય શિક્ષણ | 2 | 1 |
| **પ્રકરણ-9** | વિજ્ઞાન શિક્ષણ | 1 | 1 |
| **પ્રકરણ-9** | ભાષા શિક્ષણ | 17 | 1 |
| **પ્રકરણ-10** | શિક્ષણનું સંગઠન,વહીવટ અને સંચાલન | 5 | 1 |
| **પ્રકરણ-11** | તુલનાત્મક શિક્ષણ | 13 | 1 |
| **કુલ** | | | 24 |

## સંશોધન સારાંશ

**1.સંશોધકનું નામ:-** મોર હરેશ આર.

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન,પાલનપુર

**માર્ગદર્શકનું નામ-:** ડૉ.ડી.એ.ઉચાટ

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:-** 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધનનું શીર્ષક:(Eng. & Guj)-:**

ખાદ્ય ભેળસેલ સભાનતા કાર્યક્રમની વિજ્ઞાન અધ્યયન રસ પરની અસરકારકતા

Effectiveness of Food Adulteration Awareness Program on science Learning interest

**સંશોધનનું ક્ષેત્ર-:** વિજ્ઞાન શિક્ષણ

**સંશોધનના હેતુઓ-:** 1.ધોરણ નવના વિદ્યાર્થીઓ માટે ખાદ્ય ભેળસેળ સભાનતા કાર્યક્રમની સંરચના કરવી 2. વિદ્યાર્થીઓના વિજ્ઞાન અભ્યાસ પરની અસર તપાસવી 3. ખાદ્ય ભેળસેળ સભાનતા કાર્યક્રમ અને વિજ્ઞાન અધ્યયન રસ વચ્ચેનો સંબંધ પર જાતીયતાની અસર તપાસવી

**સંશોધનના પ્રશ્નો-:** 1. ધોરણ 9ના વિજ્ઞાન વિષયમાં ખાદ્ય ભેળસેળ સભાનતા કાર્યક્રમનો અમલ કરેલા કુમારો, કન્યા અને કાર્યક્રમનો અમલ ન કરેલા કુમાર, કન્યાનો  વિજ્ઞાન અધ્યયન રચના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.ખાદ્ય ભેળસેળ સભાનતા કાર્યક્રમ અને વિજ્ઞાન અધ્યયન રસ વચ્ચેના સંબંધ પર જાતીયતાની અસર નહીં હોય

**સંશોધનના ચલ-:** સ્વતંત્ર ચલ - ખાદ્ય ભેળસેળ સભાનતા કાર્યક્રમ; પરતંત્ર ચલ-  કાર્યક્રમની અસર તપાસવા માટેનો વિજ્ઞાન અધ્યયન રસ; અંકુશિત ચલ-  વિષયવસ્તુ ,શાળા, પર્યાવરણ, ધોરણ ,જાતીયતા ,અધ્યયન સમય

**સંશોધનનો પ્રકાર-:** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક

**સંશોધનની પદ્ધતિ-:** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-:** પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન વિષયના ધોરણ 9માં અભ્યાસ કરતા કુલ 100 વિદ્યાર્થીઓને આકસ્મિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્ય હતા.

**ઉપકરણ-** : સંજય ઠાકર દ્વારા રચિત ખાદ્ય ભેળ-સેળ સંશોધનિકા

**પૃથક્કરણની રીત-:** ટી –કસોટી

**સંશોધનના તારણો-:** 1)કુમાર, કન્યામાં ખાદ્યશ્રી સભાનતા કાર્યક્રમનો અમલ કરવાથી તેમનો વિજ્ઞાન અધ્યયન રસ ઊંચો જોવા મળ્યો હતો. 2) કુમાર, કન્યાઓમાં ખાદ્ય ભેળસેળ સભાનતા કાર્યક્રમનો અમલ કરવાથી તેમના વિજ્ઞાન અધ્યયન રસમાં વધારે થતો જોવા મળ્યો હતો એટલે કે આ કાર્યક્રમ અને વિજ્ઞાન અધ્યયન રસ વચ્ચેનો સંબંધ પર જાતીય તેની અસર થઈ ન હતી

**સંશોધનના ફલિતાર્થ-:** ધોરણ 9 ના વિજ્ઞાન વિષયના ખાદ્ ભેળસેળ  સભાનતા કાર્યક્રમની કુમારો અને કન્યાઓ બંને પ્રકારના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અધ્યયન રસ ઊંચો જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓમાં ખાદ્ય ભેળસેળ  સભાનતા કાર્યક્રમની ચકાસણી માટેની કસોટીઓમાં સમાવિષ્ટ વૈજ્ઞાનિક સિદ્ધાંતની સમજ આપવામાં આવે તો કસોટીઓમાં ભેળસેળની ચકાસણી કરવા પાછળ રહેલ વિજ્ઞાનની ભૂમિકા જાણી શકે છે. અને વિદ્યાર્થીઓમાં આવા કાર્યક્રમ દ્વારા સારા પરિણામો પણ મેળવી શકાય છે. ખાદ્ય ભેળસેળને લગતા પ્રવચનો ,સેમીનાર વગેરે ગોઠવીને વિદ્યાર્થીઓ અને શિક્ષકોને માહિતગાર કરી શકાય

**ચાવીરૂપશબ્દો–** ખાદ્ય ભેળશેળ , અધ્યયન રસ  વિજ્ઞાન, વિજ્ઞાન અધ્યયન.

<u>**2. સંશોધકનું નામ**: ડામોર હિતેન્દ્ર કુમાર પી.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રીમતી પી. ડી. ગોરડીયા

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધનનું શીર્ષક:(Eng. & Guj)-:**

પાલનપુર શહેરની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના શારીરિક વિકાસનો અભ્યાસ

A Study of Physical Development of the Students Studying In Secondary Schools of Palanpur City

**સંશોધન ક્ષેત્ર**: શારીરિક શિક્ષણ, આરોગ્ય શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.કુમારોની ઊંચાઈની વિકાસ તરાહનો અભ્યાસ કરવો. 2.કુમારોના વજનની વિકાસ તરાહનો અભ્યાસ કરવો. 3.કુમારોની દ્રષ્ટિ (ચશ્માના નંબર છે કે નહીં) નો અભ્યાસ કરવો. 4.કન્યાઓની ઊંચાઈની વિકાસ તરાહનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો**: 1.કુમારોની ઊંચાઈ તેમની વયના વધારા સાથે વધે છે કે નહીં તે ચકાસવું .2.કુમારોની વયના વધારા સાથે તેમના વજનમાં શું ફેરફાર થાય છે તેનો અભ્યાસ કરવો. 3.કન્યાઓની વયના વધારા સાથે તેની ઊંચાઈમાં કેવો વધારો થાય છે તેનો અભ્યાસ કરવો .4.કન્યાઓની વયના વધારા સાથે તેના વજનમાં વધારો થાય છે કે કેમ તે ચકાસવું. 5.વયના આધારે કુમારોના વજન અને કન્યાઓના વજન વચ્ચે તફાવત છે કે નહીં તે ચકાસવું.

**સંશોધનના ચલ**: -- ------------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**:પાલનપુર શહેરની ધો-8, 9 અને 10 ની 5 શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સમાવેશ કરેલ છે. 5 શાળાઓમાંથી નમૂના તરીકે કુલ પાત્રો 2256 પસંદ કરેલ હતા.

**પૃથકકરણની રીત**: સાદી ટકાવારી

**ઉપકરણ**: વજન, ઉંચાઇના માપો માટે પ્રમાણિત સાધન

**સંશોધનના તારણો**: 14 થી 17 વર્ષના સમયગાળામાં આવતા કુમારો અને કન્યાઓના વજન લગભગ સરખા હતા. કુમારોની ઊંચાઈ વય વધારા સાથે વધતી જાય છે. કુમારોની વય જેમ જેમ વધતી જાય છે તેમ તેમ વજનમાં વધારો થતો હતો. કુમારોમાં તેમની વયના વધારાની સાથે તેમની દ્રષ્ટિની ખામી ઓછી જોવા મળેલ. કન્યાઓમા તેની વયના વધારાની સાથે તેની ઊંચાઈમાં પણ વધારો થતો હતો.

**સંશોધનના ફલિતાર્થ**: શાળા કક્ષાએ વિદ્યાર્થીઓના વજન અને ઉંચાઈ પ્રમાણિત સાધનો તથા પ્રમાણિત રીતો દ્વારા માપવા જોઈએ. વિદ્યાર્થીઓના શારીરિક કૌશલ્યોના વિકાસ માટે શારીરિક શિક્ષણનું આયોજન કરવું.

**ચાવીરૂપ શબ્દો:** શારીરિક વિકાસ, માનસિક વિકાસ

**3. સંશોધકનું નામ**: બારડ યોગેન્દ્ર ડી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રીમતી પી. ડી. ગોરડીયા

**વર્ષ /યુનિવર્સિટી / ડિગ્રી**: **2008-09/** H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધોરણ-૮ ના સામાજિક વિષયના ગાંધીયુગના રાષ્ટ્રીય આંદોલન એકમના સંદર્ભમાં નાટયીકરણ પદ્ધતિની અસરકારકતા
Effectivenens Of Dramatization Method With Reference To 'National Movements Of Grandhian Age' Unit Of Social Science Of 8th Standard

**સંશોધનનું ક્ષેત્ર**: સામાજિક વિજ્ઞાન,શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**: 1.ધો.8ના સામાજિક વિજ્ઞાન વિષયના 'ગાંધીયુગના રાષ્ટ્રીય આંદોલન' એકમ પર નાટ્યીકરણ કાર્યક્રમ સંરચના કરવી. 2. ધો.8ના સામાજિક વિજ્ઞાન વિષયના 'ગાંધીયુગના રાષ્ટ્રીય આંદોલનો' એકમ પરની વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવા માટે એકમ કસોટીની સંરચના કરવી. 3. ધો.8ના સામાજિક વિજ્ઞાન

વિષયના ‘ગાંધીયુગના રાષ્ટ્રીય’ એકમ પરના વિદ્યાર્થીઓના ધોરણનાસંદર્ભમાં નાટ્યીકરણ પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિની તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પના**: 1.વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલાં વિદ્યાર્થીના પ્રાપ્તાંકોની સરાસરી કરતાં નાટ્યીકરણ પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલાં વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી ઉંચી હશે. 2. વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલાં વિદ્યાર્થીના વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલાં વિદ્યાર્થીના પ્રાપ્તાંકોની સરાસરી કરતાં નાટ્યીકરણ પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલાં વિદ્યાર્થીઓના ધારણ પરના પ્રાપ્તાંકોની સરાસરી ઉંચી હશે.

**સંશોધનના ચલ**:સ્વતંત્ર ચલ:- નાટયીકરણ પદ્ધતિ,વ્યાખ્યાન પદ્ધતિ પરતંત્ર ચલ:-શૈક્ષણિક સિદ્ધિ ,ધારણ

અંકુશિત ચલ :-ધોરણ ૮ વિષય –સામાજિક વિજ્ઞાન, એકમ – ગાંધીયુગના રાષ્ટ્રીય આંદોલન

**સંશોધનનો પ્રકાર**:- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પાલનપુરની ગુજરાતી માધ્યમની શાળાઓમાં ધો-8 માં અભ્યાસ કરતા કુલ 110 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: અભિપ્રાયાવલી, એકમ કસોટી

**પૃથક્કરણની રીત**: સહવિચરણ

**સંશોધનના તારણો**: 1. ધો.8 ના સામાજિક વિજ્ઞાન વિષયના ગાંધીયુગના રાષ્ટ્રીયઆંદોલનો એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં નાટ્યીકરણ પદ્ધતિ અસરકારક હતી. 2. ધો.8 ના સામાજિક વિજ્ઞાનના વિષયના ગાંધીયુગના રાષ્ટ્રીય આંદોલનો એકમ ધારણના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં નાટ્યીકરણ પદ્ધતિ અસરકારક હતી. ૩. નાટ્યીકરણ પદ્ધતિને સંલગ્ન સૂચનાઓ સ્પષ્ટ અને સરળતાથી સમજી શકાય તેવી હતી. 4.નાટ્યીકરણ પદ્ધતિના સંવાદોથી વિષયવસ્તુની સમજ સ્પષ્ટ થઇ શકી હતી. 5. નાટ્યીકરણ પદ્ધતિ દ્વારા કરાવવામાં આવેલા અધ્યયનનો સમયગાળો પુરતો હતો.

**સંશોધનના ફલિતાર્થ**: 1.પસ્તુત શંસોધનમાં મળેલા તારનો પરથી કહી શકાય કે, સામાજિક વિજ્ઞાન વિષયમાં ઉંચી શૈક્ષણિક સિદ્ધિ લાવવા માટે શિક્ષકે નાટ્યીકરણનો ઉપયોગ કરવો જોઈએ. 2. શાળાઓમાં વર્ગશિક્ષણ દરમ્યાન વિવિધ નાટકોનો ઉપયોગ કરી શકાય તે માટે શાળા સંચાલકોએ નાટક માટેની જરૂરી સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. 3. શિક્ષકોએ વિવિધ એકમ પર નાટ્યીકરણ દ્વારા અધ્યયન કરાવવા માટે નાટક મંડળની રચના કરવી જોઈએ,અને તેમાં વિદ્યાર્થીઓને તાલીમ આપવી જોઈએ .

**ચાવીરૂપ શબ્દો**: નાટ્યીકરણ પદ્ધતિ,વ્યાખ્યાન પદ્ધતિ,એકમ કસોટી,શૈક્ષણિક સિદ્ધિ ,ધારણ

<u>4. **સંશોધકનું નામ**: પટેલ ભાવના એચ.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. એસ.આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: **2008-09/** H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધોરણ 8 ના અંગ્રેજી વ્યાકરણના 'Tense' એકમ પર (CAI) કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

Construction and Effectiveness of Computer Aided Instruction Programme on Tense unit of English Grammar of Standard -8th

**સંશોધનનું ક્ષેત્ર**: ભાષા શિક્ષણ અને શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**: 1.ધોરણ 8 ના અંગ્રેજી વ્યાકરણના Tense એકમ પર કમ્પ્યુટર એઈડેડ ઇન્સ્ટ્રક્શન કાર્યક્રમની સંરચના કરવી. 2.વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવા માટે એકમ કસોટીની સંરચના કરવી. 3.CAI કાર્યક્રમ પર વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલીની સંરચના કરવી.

**સંશોધન ઉત્કલ્પનાઓ**: 1.CAI દ્વારા અધ્યાપન પામેલા અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓની એકમ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ - CAI કાર્યક્રમ, વ્યાખ્યાન પદ્ધતિ; પરતંત્ર ચલ - શૈક્ષણિક સિદ્ધિ; અંકુશિત ચલ- ધોરણ 8, શાળાનું વાતાવરણ, વિષય અંગ્રેજી

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: પાલનપુર શહેરની શાળાઓમાં ધો-8 માં અભ્યાસ કરતા કુલ 80 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: એકમ કસોટી, અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત** : ટી - મૂલ્ય

**સંશોધનના તારણો**: CAI કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિના તુલનાત્મક અભ્યાસમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા CAI પદ્ધતિ વધુ અસરકારક પુરવાર થઈ હતી, CAI દ્વારા Tense જેવા અઘરા એકમોનું જ્ઞાન સરળતાથી મેળવી શકાય છે, ચિત્રો દ્વારા ઉદાહરણ સમજવામાં સરળતા રહી અને CAI પરંપરાગત પદ્ધતિ કરતા વધારે સમય ખેંચનાર છે.

**સંશોધનના ફલિતાર્થ**: CAI દ્વારા માહિતી સ્પષ્ટ અને સરળતાથી વધારે સમય યાદ રહી શકે છે, તેમજ અસરકારક પદ્ધતિ છે, જેથી અમુક અઘરા એકમો માટે CAI પદ્ધતિ દ્વારા અધ્યાપન થાય તેવું આયોજન શાળાઓમાં કરવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: CAI પદ્ધતિ, વ્યાખ્યાન પદ્ધતિ, શૈક્ષણિક સિદ્ધિ

**5. સંશોધકનું નામ**: ચૌધરી રઈબેન એમ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એમ બી. સોલંકી

**વર્ષ/ યુનિવર્સિટી /ડિગ્રી**: 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

મહેસાણા જિલ્લાની ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની શિક્ષણ વિષયક સમસ્યાઓનો અભ્યાસ

A Study of Education Related Problems of the Teacher and Students of Uttar BuniyadiSecendry of Mahesana District

**સંશોધનનું ક્ષેત્ર**: શૈક્ષણિક સંચાલન

**સંશોધનના હેતુઓ**: 1.ઉત્તર બુનિયાદી શાળાઓના વિદ્યાર્થીઓની શિક્ષણ વિશેની સમસ્યા જાણવી. 2.શૈક્ષણિક સાધનોના સંદર્ભમાં વિદ્યાર્થી અને શિક્ષકોની સમસ્યા જાણવી. 3.વિષય અંગે તૈયારીના સંદર્ભમાં વિદ્યાર્થી અને શિક્ષકોની સમસ્યા જાણવી. 4.ભૌતિક સુવિધાના સંદર્ભમાં વિદ્યાર્થી અને શિક્ષકોની સમસ્યા જાણવી.

**સંશોધનના પ્રશ્નો**: 1.ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓનાં શિક્ષકોની શિક્ષણ વિષયક સમસ્યાઓ શું હશે? 2.ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓનાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની શિસ્તને લગતી સમસ્યા શું હશે?

**સંશોધનના ચલ**: .....................................

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: મહેસાણા જિલ્લાની ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: સ્વ રચિત પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત** : ટી – કસોટી

**સંશોધનના તારણો**: 1.વિદ્યાર્થીઓમાં વિષય અંગેની તૈયારી તથા સંદર્ભ પુસ્તકો પૂરતા પ્રમાણમાં મળતા નથી. 2. અંગ્રેજી ભાષાના જ્ઞાનવર્ધક પુસ્તકોની સુવિધા જોવા મળતી નથી. 3.ભૌતિક સુવિધાઓમાં વર્ગખંડ બહુ નાના, પીવાના પાણીની તથા સુલભ શૌચાલયની વ્યવસ્થા પણ નથી.

**સંશોધનના ફલિતાર્થ**: વિશેષ વાંચન તથા તાલીમ દ્વારા શૈક્ષણિક ઉપકરણોનો વધુ કાર્યક્ષમ ઉપયોગ કરતા શીખવવું. નિશ્ચિત વિષયો તરફ ધ્યાન આપવાને બદલે બધા જ વિષયોને સમાન ન્યાય આપવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: બુનિયાદી શાળા

**6.સંશોધકનું નામ**: પંચાલ હેમાંગિની બી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એમ બી. સોલંકી

**વર્ષ / યુનિવર્સિટી / ડિગ્રી**: 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધોરણ 9 ના સામાજિક વિજ્ઞાન વિષયમાં ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ એકમના અધ્યાપન માટે કોમ્પ્યુટર એડેડ ઇન્સટ્રક્શન કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

Construction and Effectiveness of Computer Aided Instruction Programme on Ecological Structure and Physiographic Unit Of Social Science Of Standard IX

**સંશોધન ક્ષેત્ર**: શૈક્ષણિક ટેક્નોલોજી

**સંશોધનના હેતુઓ**: 1.ધોરણ 9ના સામાજીક વિજ્ઞાન વિષયના ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ એકમ પર કોમ્પ્યુટર એડેડ ઇન્સટ્રક્શન કાર્યક્રમ રચના કરવી 2.ધોરણ નવના સામાજિક વિજ્ઞાન વિષયમાં ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ એકમ પર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના માપન માટે એકમ કસોટીની રચના કરવી 3.CAI કાર્યક્રમ પરત્વેના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલીની રચના કરવી 4.ધોરણ નવના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભમાં CAI કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિની તુલના કરવી

**સંશોધન ઉત્કલ્પનાઓ**: CAI કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને વ્યાખ્યાન પદ્ધતિથી અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓની એકમ કસોટી પરના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ- CAI કાર્યક્રમ દ્વારા શિક્ષણ, વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ- ધોરણ નવ, વિષય, પ્રયોગ કાર્યનો સમયગાળો અને વિસ્તાર

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પાલનપુર શહેરની કે.કે.ગોઠી હાઈસ્કૂલના ધોરણ 9 ના કુલ 140 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: પૂર્વ કસોટી- એકમ કસોટીની સંરચના, CAI અંગેની અભિપ્રાયાવલિ

**પૃથકકરણની રીત**: સાદી ટકાવારી

**સંશોધનના તારણો**: ધો- 9 ના સામાજીક વિજ્ઞાન એકમના અધ્યાપન માટે CAI કાર્યક્રમ વ્યાખ્યાન પદ્ધતિ કરતા વધુ અસરકારક રહ્યું હતું. CAI કાર્યક્રમ દ્વારા થતું અધ્યાપનકાર્ય એક સારા શિક્ષકની ગરજ સારે છે. CAI કાર્યક્રમ પર વિદ્યાર્થીઓના મંતવ્યો લીધા હતા, જેમાં કહી શકાય કે CAI દ્વારા વિદ્યાર્થીઓની શિક્ષણ સિદ્ધિમાં વધારો થાય છે

**સંશોધનના ફલિતાર્થ**: તૈયાર કરેલ CAI કાર્યક્રમ સારા શિક્ષકની ગરજ સારી શકે છે. તેનો ઉપયોગ શાળામાં શિક્ષકની ગેરહાજરીમાં અવેજી તરીકે કરી શકાય. CAI કાર્યક્રમ દ્વારા અન્ય વિષય શીખવવા માટે પણ ઉપયોગ કરી શકાય.

**ચાવીરૂપ શબ્દો:** CAI કાર્યક્રમ, એકમ કસોટી, વ્યાખ્યાન પદ્ધતિ

<u>**7. સંશોધકનું નામ** : પટેલ રીન્કુ કે.</u>

**કોલેજ નું નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ :** શ્રીમતી પી.ડી.ગોરડીયા

**વર્ષ / યુનિવર્સિટી / ડિગ્રી**: 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધોરણ 12 ના અર્થશાસ્ત્ર વિષયના ભારતમાં વસ્તી એકમ પર CAI કાર્યક્રમની સંરચના અને તેની શૈક્ષણિક સિદ્ધિ અને ધારણ પરની અસરકારકતા

Construction And Effectiveness On Educational Achievement And Retention Of CAI (Computer Aided Instruction) Programme For The Unit "Population In India" In Std-12 Economics Subject

**સંશોધનનું ક્ષેત્ર :** શૈક્ષણિક ટેકનોલોજી, અર્થશાસ્ત્ર શિક્ષણ ,વસ્તી શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1. ધોરણ 12 ના અર્થશાસ્ત્ર વિષયમાં ભારતમાં વસ્તી એકમ ઉપર કાર્યક્રમની સંરચના કરવી 2. ધોરણ 12 ના અર્થશાસ્ત્ર વિષયમાં ભારતમાં વસ્તી એકમ ઉપર એકમ સિદ્ધિ કસોટીની સંરચના કરવી 3. CAI કાર્યક્રમના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયવલીની સંરચના કરવી 4. અધ્યાપન પદ્ધતિ અને ભારતમાં વસ્તી એકમની શૈક્ષણિક સિદ્ધિ બંને વચ્ચેના સંબંધ પર વિદ્યાર્થી કક્ષાની અસર તપાસવી 5. અધ્યાપન પદ્ધતિ અને ભારતમાં વસ્તી એકમના ધારણે બંને વચ્ચેના સંબંધ પર વિદ્યાર્થી કક્ષાની અસર તપાસવી

**સંશોધન ઉત્કલ્પનાઓ**: 1. CAI કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા નવમા વિદ્યાર્થીઓની ભારતમાં વસ્તી એકમની શૈક્ષણિક સિદ્ધિ, સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય 2 અધ્યાપન પદ્ધતિઓ અને ભારતમાં વસ્તી એકમનું ધારણ એ બે વચ્ચેના સંબંધ પર વિદ્યાર્થી કક્ષાની અસર થતી નહીં હોય

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ- અધ્યાપન પદ્ધતિ; પરતંત્ર ચલ- ભારતમાં વસ્તી એકમ પરની શૈક્ષણિક સિદ્ધિ

પરિવર્તક ચલ- વિદ્યાર્થીની કક્ષા; અંકુશિતચલ- વિસ્તાર ધોરણ અધ્યાપન સમય વિષય અને વિષયવસ્તુ

**સંશોધનનો પ્રકાર :** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો :** પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની શાળાઓમાં ધોરણ 12 માં વર્ષ 2008 2009 દરમિયાન અભ્યાસ કરતા કુલ 120 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: ભારતમાં વસ્તી એકમ પરની એકમ કસોટી, CAI કાર્યક્રમ, અભિપ્રાયાવલી

**પૃથકકરણની રીત** : સાદી ટકાવારી

**સંશોધનના તારણો- 1.**ધોરણ 12 ના અર્થશાસ્ત્ર વિષયના ભારતમાં વસ્તી એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં હોશિયાર વિદ્યાર્થીઓમાં CAI કાર્યક્રમ અને વ્યાખ્યા પદ્ધતિ બંને સમાન રીતે અસરકારક હતા. 2.ધોરણ 12 ના અર્થશાસ્ત્ર વિષયમાં ભારતમાં વસ્તી એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં હોશિયાર વિદ્યાર્થીઓમાં CAI કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિ બંને સમાન રીતે અસરકારક હતી 3.CAI દ્વારા શીખવામાં એકાગ્રતા વધે છે CAI દ્વારા શીખવવામાં નવીનતા મળે છે

**સંશોધનના ફલિતાર્થ**: શિક્ષકે નબળા વિદ્યાર્થીઓની અર્થશાસ્ત્ર વિષયમાં ભારતમાં વસ્તી એકમની શૈક્ષણિક સિદ્ધિ લાવવા માટે CAI કાર્યક્રમનો ઉપયોગ કરવો જોઈએ નબળા વિદ્યાર્થીઓએ કાર્યક્રમ દ્વારા અધ્યાપન કરતા વધુ એકાગ્ર બને છે શૈક્ષણિક સિદ્ધિ અને તારણના સંદર્ભમાં CAI કાર્યક્રમ વધુ અસરકારક છે

**ચાવીરૂપ શબ્દો**- CAI કાર્યક્રમ; શૈક્ષણિક સિદ્ધિ; ધારણ

**8. સંશોધકનુ નામ:** ભટ્ટ રંજનબેન એમ.

**કોલેજનુ નામ:** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ:** શ્રી એમ. બી. સોલંકી

**વર્ષ / યુનિવર્સિટી / ડિગ્રી**: 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

**ધો-8 ના સામાજિક વિજ્ઞાન વિષયના ઇતિહાસ વિભાગના પાઠ્યક્રમ પર આધારિત પ્રશ્નબેંક સંરચના**

Construction Of A Question Bank Based On History Syllabus Of Social Science Subject Of Standaed-8

**સંશોધન ક્ષેત્ર :** શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન અને સામાજિક વિજ્ઞાન શિક્ષણ

**સંશોધન હેતુઓ:** 1. ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન વિષયના ઇતિહાસ પાઠ્યક્રમ પર આધારિત પ્રશ્ન બેંકની રચના કરવી 2. ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન વિષયના ઇતિહાસના પાઠ્યક્રમ પર આધારિત વિસ્તૃત જવાબી પ્રશ્નોની રચના કરવી 3. ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન વિષયના ઇતિહાસ પાઠ્યક્રમ પર આધારિત લઘુ જવાબી પ્રશ્નોની રચના કરવી 4. ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન વિષયના ઇતિહાસના પાઠ્યક્રમ પર આધારિત અનાત્મલક્ષ્મી પ્રશ્નોની રચના કરવી 5. રચાયેલપ્રશ્નોની વિદ્યાર્થીઓ પર અજમાઈશ કરી કલમ પૃથક્કરણ દ્વારા તેમની યોગ્યતા તપાસવી

**સંશોધન પ્રશ્નો :** 1. ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન વિષયના ઇતિહાસના પાઠ્યક્રમ પર આધારિત નિબંધલક્ષી પ્રશ્નોની અસરકારકતા કેવી હશે? 2. ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન વિષયના ઇતિહાસ પાઠ્યક્રમ પર આધારિત લઘુ જવાબી પ્રશ્નોની અસરકારકતા કેવી હશે? 3. ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન વિષયના ઇતિહાસના પાઠ્યક્રમ પર આધારિત વસ્તુલક્ષી પ્રશ્નોની અસરકારકતા કેવી હશે? 4.પ્રશ્ન બેકની તમામ પ્રશ્નોની કલમપુથકરણના આધારે યોગ્યતા કેવી હશે?

**સંશોધનના ચલ:** ----------------

**સંશોધનના પ્રકારો :** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ:** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો :** સામાજિક વિજ્ઞાન વિષયમાં ઇતિહાસનો પાઠ્યક્રમ

**ઉપકરણ:** સ્વ રચિત પ્રશ્નબેંક

**પૃથક્કરણની રીત** : પ્રશ્નબેંકની નમૂનામાં પસંદ કરેલ વિદ્યાર્થીઓ ઉપર અજમાઈશ કરી તેમના પ્રતિચારો મેળવી, ગુણાંકન કરી કલમ પૃથક્કરણ દ્વારા પ્રશ્નોની યથાર્તતા તપાસી હતી

**સંશોધનના તારણો** : અજમાયશ કરેલી કલમોનું સરળતા મૂલ્ય 0.11 થી 0.89 સુધી જોવા મળ્યું હતું, અજમાયશ કરેલી કલમોનું તારવણી મૂલ્ય 0.63 સુધી જોવા મળ્યું હતું, અજમાયશ કરેલી 435 કલમ પૈકી 398 કલમો યોગ્ય નીવડી હતી, અને અજમાયશ કરેલી 435 કલમ પૈકી 39 કલમો અયોગ્ય નીવડી હતી. કુલ કલમો 799 પૈકી 725 કલમો યોગ્ય નિવડી હતી

**સંશોધનના ફલિતાર્થ**: અભ્યાસ સલાહકારોની શિક્ષણ સુધારણ માટે ઉપયોગી બનશે. શિક્ષણ અસરકારક બનાવવા અને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી થશે- પ્રશ્નબેંકની મદદથી અધ્યાપન કાર્યની અસરકારકતા ચકાસી શકાશે- વિદ્યાર્થીઓને પરીક્ષામાં પુછાતા પ્રશ્નોની જાણકારી મળી શકશે.

**ચાવી રૂપ શબ્દો** : પ્રશ્નોનીસંરચના, પ્રશ્ન બેંક

**9.સંશોધકનું નામ**: બોગું પુંજાભાઈ એચ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. એસ. આર. જોષી

**વર્ષ / યુનિવર્સિટી / ડિગ્રી**: 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

જૂન 2008 થી અમલમાં આવેલા ધોરણ સાતના ગુજરાતી વિષયના નવા પાઠ્યક્રમની જુના પાઠ્યક્રમ સાથે તુલના અને તે પ્રત્યે શિક્ષકોના પ્રતિભાવોનો અભ્યાસ

Study Of Comparison Of New Curriculum Gujarati Subject Of Std-Vii Implanted From June-2008 With Old Curriculum And Teacher's Reactions Towards Them

**સંશોધનનું ક્ષેત્ર**: તુલનાત્મક શિક્ષણ અને ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: **1.**જૂન 2008 થી અમલમાં આવેલા ધોરણ સાતના ગુજરાતી વિષયના નવા જૂના પાઠ્યક્રમની તુલના કરવી 2.જૂન 2008 થી અમલમાં આવેલા ધોરણ સાતના ગુજરાતી વિષયના નવા જૂના પાઠ્યક્રમની કુલ એકમોના આધારે તુલના કરવી.

**સંશોધનના પ્રશ્નો**: **1.**જૂન 2008 થી અમલમાં આવેલ ધોરણ સાતના ગુજરાતી વિષયના નવા જૂના પાઠ્યક્રમમાં કુલ એકમો કેટલા હશે ? 2.જૂન 2008 થી અમલમાં આવેલા ધોરણ સાતના ગુજરાતી વિષયના નવા જૂના પાઠ્યક્રમમાં સમાન એકમો કયા હશે ? 3.જૂન 2008 થી અમલમાં આવેલા ધોરણ સાતના ગુજરાતી વિષયના નવા જૂના પાઠ્યક્રમમાં અસામાન એકમ કયા હશે ?

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: બનાસકાંઠા જિલ્લાની જિલ્લા પંચાયત હસ્તક ચાલતી ગુજરાતી પ્રાથમિક શાળામાં ધોરણ-7 ગુજરાતી વિષયનું અધ્યયન કાર્ય કરાવતા શિક્ષકો.

**ઉપકરણ**: પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત**: વિષયવસ્તુ પૃથક્કરણ પ્રયુક્તિ

**સંશોધનના તારણો**: ધોરણ 7ના ગુજરાતી વિષયના નવા પાઠ્યપુસ્તકમાં કુલ એકમો ૧૩ છે અને જૂના પાઠ્યક્રમમાં કુલ એકમો 19 છે. વિભાગ-૨માં નવા પાઠ્યક્રમનું વિષયવસ્તુ રસપ્રદ, વર્તમાન સમયને અનુરૂપ છે.

**સંશોધનના ફલિતાર્થ**: નવા પાઠ્યક્રમના વ્યાકરણના પાઠો ગદ્ય-પદ્ય પાઠોની અંદર સંકળાયેલા છે. તેની જગ્યાએ વ્યાકરણ પાઠો અલગ તારવવાના અને બધા પ્રકારો મૂકવાથી વિદ્યાર્થીઓને તે વિશેનો ખ્યાલ ચોક્કસ બને.

**ચાવી રૂપ શબ્દો** : પાઠ્યક્રમ, તુલના

**10. સંશોધકનું નામ**: ગામી મહેશ એસ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. ડી. એ. ઉચાટ

**વર્ષ / યુનિવર્સિટી / ડિગ્રી**: 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓના સંદર્ભમાં સામાન્ય જ્ઞાન વિષયક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

Construction And Effectiveness Of General Knowledge Development Programme With Reference To Public Competition Examination

**સંશોધનનું ક્ષેત્ર**: માર્ગદર્શન અને સલાહ દર્શન

**સંશોધનના હેતુ**: 1.ધોરણ 9 ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન વિકાસ કાર્યક્રમની સંરચના કરવી. 2. ધોરણ 9 ના વિદ્યાર્થીઓની ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન ચકાસવા માટે પૂર્વ કસોટીની સંરચના કરવી. 3. ઉપરોક્ત કાર્યક્રમનો અમલ કર્યા બાદ વિદ્યાર્થીઓની ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન સિદ્ધિ માપવા ઉત્તર કસોટીની સંરચના કરવી. 4.ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન વિકાસ કાર્યક્રમ પરત્વે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાવલીની સંરચના કરવી. 5.ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન વિકાસ કાર્યક્રમની ધોરણ 9 ના વિદ્યાર્થીઓની ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન સિદ્ધિ પરની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ** : એક ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન વિકાસ કાર્યક્રમનો અમલ કર્યો હોય અને ન કર્યો હોય તેવા ધોરણ નવ ના વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન સિદ્ધિના પ્રાપ્તાંકોને સરાસરી વચ્ચે સાર્થક ભેદ નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ - ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન વિકાસ કાર્યક્રમ પરતંત્ર ચલ - સામાન્ય જ્ઞાન સિદ્ધિ અંકુશિત ચલ- ધોરણ, માધ્યમ, વિસ્તાર,શાળાનું વાતાવરણ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: પાલનપુર શહેરની 44 શાળાઓ પૈકી એકમાત્ર માધ્યમિક શાળા લોકનિકેતન વિનય મંદિર સાંમઢી હાઇસ્કુલમાં અભ્યાસ કરતાં ધોરણ 9 ના 100 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન કસોટી

**પૃથક્કરણની રીત** : ટી- કસોટી , કાઈ વર્ગ

**સંશોધનના તારણો**: 1.ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન વિકાસ કાર્યક્રમની રજૂઆત માટે 10 દિવસનો સમયગાળો પૂરતો છે. 2.ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન વિકાસ કાર્યક્રમને સંલગ્ન સૂચનાઓ સ્પષ્ટ અને સરળતાથી સમજાય તેવી છે. 3.પ્રસ્તુત કાર્યક્રમમાં શીખવવામાં આવતી વિષયવસ્તુ ક્રમિક અને પુરતી છે. 4.આ કાર્યક્રમની ભાષા શૈલી સરળ છે તેમજ ગમ્મત સાથે જ્ઞાન આપી શકાય. 5.આ કાર્યક્રમ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેનો ખ્યાલ સ્પષ્ટ થાય છે.

**સંશોધનના ફલિતાર્થ**: ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાન વિકાસ કાર્યક્રમનો અમલ કરવાથી વિદ્યાર્થીઓના ગુજરાત રાજ્ય વિષયક સામાન્ય જ્ઞાનમાં વધારો થાય છે એટલે એવું કહી શકાય કે માધ્યમિક શાળામાં આવા અન્ય વિષયોમાં પણ સામાન્ય જ્ઞાન વિકાસ કાર્યક્રમની રચના કરી વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમાં વધારો કરવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: જાહેર સ્પર્ધાત્મક પરીક્ષા, સામાન્ય જ્ઞાન કાર્યક્રમ

**11. સંશોધકનું નામ**: જોહા માનસંગભાઈ આર.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. એસ. આર. જોશી

**વર્ષ / યુનિવર્સિટી / ડિગ્રી**: 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ઉત્તર બુનિયાદી વિદ્યાલય નારોલીનો સંસ્થાકીય વ્યક્તિ અભ્યાસ

An Institutional Study of Uttar Buniyadi Vidyalaya Naroli

**સંશોધન ક્ષેત્ર**: વ્યક્તિ અભ્યાસ

**સંશોધનના હેતુઓ**: 1.ઉત્તર બુનિયાદી વિદ્યાલય નારોલીના ઉદભવ અંગેની વિગતો અને વિકાસ તરહનો અભ્યાસ કરવો 2.ઉત્તર બુનિયાદી વિદ્યાલય નારોલીના ટ્રસ્ટી મંડળ અને સ્થાપક વિશેનો અભ્યાસ કરવો 3.ઉત્તર બુનિયાદી વિદ્યાલય નારોલીની ભૌતિક સંપદા વિષે અભ્યાસ કરવો 4.ઉત્તર બુનિયાદી વિદ્યાલય નારોલી સંચાલિત સામાજિક પ્રવૃત્તિઓ વિષે અભ્યાસ કરવો

**સંશોધનના** પ્રશ્નો: 1.ઉત્તર બુનિયાદી વિદ્યાલય નારોલીનો ઉદ્ભવ અને વિકાસ કેવો હશે? 2.ઉત્તર બુનિયાદી વિદ્યાલય નારોલીના ટ્રસ્ટી મંડળ અને સ્થાપક કોણ હશે? 3.ઉત્તર બુનિયાદી વિદ્યાલય નારોલીના વર્ષ દીઠ પરિણામો કેવા હશે? 4. કયા મહાનુભાવો ઉત્તર બુનિયાદી વિદ્યાલય નારોલીની મુલાકાત લીધેલ છે? 5.ઉત્તર બુનિયાદી વિદ્યાલય નારોલીમો કઈ કઈ સામાજિક પ્રવૃત્તિઓ ચાલતી હશે?

**સંશોધનના ચલ**: -------------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: વ્યક્તિ અભ્યાસ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: ઉત્તર બુનિયાદી વિદ્યાલય નારોલી

**પૃથકકરણની રીત**: વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**ઉપકરણ**: પ્રશ્નાવલી, પ્રત્યક્ષ મુલાકાત પત્રક, દસ્તાવેજી મૂલ્યાંકન પત્રક

**સંશોધનના તારણો**: સમાજ કેળવણી નહીવત હતી, તે હવે તેનું મહત્વ સમજાય છે અને છોકરીઓને શાળાઓમાં મોકલતા થયા છે. કન્યા અને કુમાર છાત્રાલય દરેક પ્રકારની ભૌતિક સુવિધાઓ છે. આચાર્ય અને સ્ટાફને રહેવા માટે રહેઠાણની પૂરતી સુવિધા છે. સંસ્થાઓમાં વિવિધ પ્રસંગોની ઉજવણી વખતોવખત વક્તાઓ તેમજ તજજ્ઞોને આમંત્રણ આપીને કરવામાં આવે છે.

**સંશોધનના ફલિતાર્થ**: ટ્રસ્ટ દ્વારા ચાલતી સંસ્થાઓનો અભ્યાસ કરીને તેમને પડતી મુશ્કેલીઓ દૂર કરી શકાય. સંસ્થાઓનું શૈક્ષણિક પ્રદાન જાણીને યોગ્ય નવા ક્ષેત્રોમાં પ્રગતિ કરવા માટે ભલામણો કરી શકાય છે. કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર રાષ્ટ્રમાં અપાતી કેળવણી પર અને રાષ્ટ્રના કેન્દ્રમાં રહેલી કેળવણી પર રહેલો છે જે રાષ્ટ્રની શિક્ષણ પ્રથા પારદર્શક છે તે રાષ્ટ્રનો વિકાસ પણ ભાર દર્શક બની રહે છે. પૂર્વે શિક્ષણ પ્રથા ભેદભાવપૂર્ણ અને પ્રશાસન સાથે સંબંધિત વિદેશી સંસ્કૃતિઓ પર આધારિત હતું.. સંસ્થાઓમાં વિવિધ પ્રસંગોની ઉજવણી વખતોવખત વક્તાઓ તેમજ તજજ્ઞોને આમંત્રણ આપીને કરવામાં આવે છે. આ દ્રષ્ટિએ આ વ્યક્તિ અભ્યાસથી સંસ્થાકીય સિદ્ધિ માટે યોગ્ય પગલા લઇ શકાય, વિદ્યાર્થીઓની સમસ્યા જાણીને માર્ગદર્શન આપી શકાય.

**ચાવી રૂપશબ્દો:** વ્યક્તિ અભ્યાસ, ઉત્તર બુનિયાદી વિદ્યાલય,

**12.સંશોધકનું નામ :** પટેલ હેપલકુમાર એન.

**કોલેજનું નામ :** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. એસ. આર. જોશી

**વર્ષ / યુનિવર્સિટી / ડિગ્રી**: 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધોરણ 10 ના ગણિત વિષયના ત્રિકોણમિતિ એકમ માટે નિદાન ઉપચાર કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા
Construction And Effectiveness Of A Diagnosisremedial Program For Trigonometry Unit Of Mathematics Subject Of Std.10

**સંશોધનનું ક્ષેત્ર :** ગણિત ક્ષેત્ર તથા શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુ**: 1. ધોરણ 10 ના ગણિત વિષયમાંથી ત્રિકોણમિતિ એકમની રહી જતી કચાસ કે ઉણપ શોધવી 2. ધોરણ 10 ના ગણિત વિષયમાં ત્રિકોણમિતિ એકમ પર આધારિત નિદાનાત્મક કસોટી તૈયાર કરી અજમાશ કરવી 3. ધોરણ 10 માં ગણિત વિષયમાં ત્રિકોણમિતિ એકમના કઠિન મુદ્દાઓનો ઉપચાર માટે ઉપચાર કાર્યક્રમ રચવો 4. ધોરણ 10 માં ગણિત વિષયમાં ત્રિકોણમિતી એકમના કઠિન મુદ્દાઓના ઉપચાર માટે ઉપચાર કાર્યક્રમ રચિત ઉપચાર કાર્યક્રમનું અમલીકરણ કરવું 5. નિદાનાત્મક કસોટી દ્વારા ઉપચાર કાર્યક્રમની અસરકારકતા ચકાસવી

**સંશોધન ઉત્કલ્પના**: પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની નિદાન કસોટીના પ્રાપ્તાંકો અને પુન: નિદાન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનનો પ્રકાર** : વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપ વિશ્વ અને નમૂનો** : પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં 2008- 09 શૈક્ષણિક વર્ષ દરમિયાન ધોરણ 10 ના ત્રણ વર્ગો પૈકી એક વર્ગના ગણિત વિષયના વિદ્યાર્થીઓને આકસ્મિક રીતે ઝૂમખાં નમૂના પસંદગીથી પસંદ કરવામાં અવ્યા હતા.

**ઉપકરણ** : નિદાન કસોટી

**પૃથકકરણની રીત** : સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ અને ટી- કસોટી

**સંશોધનના તારણો**: 1. ધોરણ 10 ના ગણિત વિષયમાં ત્રિકોણમિતિ એકમ માટે રચેલ નિદાન કસોટી દ્વારા વિદ્યાર્થીઓની ત્રિકોણમિતિય એકમમાં રહી ગયેલી કચાસ જાણી શકાય હતી 2. સંશોધનમાં ધોરણ 10 ના ત્રિકોણમિતિ એકમ માટે નિદાન કસોટી કરતા પુનઃનિદાન કસોટીના સરાસરી ઊંચી જોવા મળી હતી એટલે કે ઉપચાર શિક્ષણ વધુ અસરકારક થયું હતું

**સંશોધનનો ફલિતાર્થ** : નિદાન કસોટીઓ પ્રાથમિક શિક્ષણથી માધ્યમિક શિક્ષણ સુધી પ્રત્યેક શાળામાં લેવાતી થાય તેવા પ્રયત્નો કરવા જરૂરી છે વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત ધ્યાન આપી દરેક વિષયમાં વિદ્યાર્થીઓ વારંવાર ભૂલો કરતા હોય તે વિગતો ઓછી કરી તેમને બતાવવી

**ચાવીરૂપ શબ્દો**- નિદાન કસોટી , ઉપચારાત્મક કાર્ય

<u>**13. સંશોધકનું નામ**: આલ નારાયણ એચ.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. એસ. આર. જોષી

**વર્ષ / યુનિવર્સિટી / ડિગ્રી**: 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

પાડોશી રાજ્યોની તુલનામાં ગુજરાત રાજ્યના ધોરણ-૮ના અંગ્રેજી વિષયનો પ્રવર્તમાન પાઠ્યક્રમ અને તેની પાઠ્યપુસ્તકમાં રજૂઆત

A comparative study of present curriculum and its presention in the textbook of English subject of standard 8 of Gujarat and neighbouring States

**સંશોધનનું ક્ષેત્ર**: તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ- 1.**ગુજરાત અને પાડોશી રાજ્યોના ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકની બાહ્ય બાબતોને આધારે તુલના કરવી. 2.ગુજરાત અને પાડોશી રાજ્યોના ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કુલ એકમોના આધારે તુલના કરવી. 3.ગુજરાત અને પાડોશી રાજ્યોના ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકમાં સ્વાધ્યાયની તુલના

કરવી. 4.ગુજરાત અને પાડોશી રાજ્યોના ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુની તુલના કરવી. 5. ગુજરાત અને પાડોશી રાજ્યોના ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકની વ્યાકરણની દ્રષ્ટિએ તુલના કરવી.

**સંશોધનના પ્રશ્નો**: 1.ગુજરાત તથા પાડોશી રાજ્યોના પાઠ્યપુસ્તકો આદર્શ પાઠ્યપુસ્તકોના લક્ષણો ધરાવે છે? 2.ધોરણ 8 ના અભ્યાસક્રમને અનુરૂપ આ પાઠ્યપુસ્તકો છે? 3.ગુજરાત તથા પાડોશી રાજ્યોના ધોરણ 8 ના અંગ્રેજી પાઠ્યપુસ્તકની મર્યાદા કઈ છે? 4.ગુજરાત તથા પાડોશી રાજ્યોના ધોરણ-8ના અંગ્રેજી પાઠ્યપુસ્તકની વિશેષતાઓ કઈ છે? 5. ધોરણ-8 ના અંગ્રેજી વિષયના પાઠ્યપુસ્તકો અંગ્રેજી શિક્ષણના સામાન્ય હેતુઓ સિદ્ધ કરવાની ક્ષમતા ધરાવે છે?

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: વર્ણાત્મક સંશોધન પદ્ધતિના પ્રકાર પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: સમગ્ર ગુજરાત રાજ્યના ધોરણ-8માં અંગ્રેજી શીખવતા શિક્ષકો તથા પાડોશી રાજ્યોના ધોરણ-8માં અંગ્રેજી શીખવતા શિક્ષકો વ્યાપ વિશ્વમાં આવરી લીધા છે. નમુના તરીકે ગુજરાત અને પાડોશી રાજ્યોની ચાર શાળાઓનો સમાવેશ કર્યો છે.

**ઉપકરણ**: ક્રમમાપદંડ

**પૃથક્કરણની રીત**: વિષયવસ્તુ પૃથક્કરણ પ્રયુક્તિ

**સંશોધનના તારણો**: મહારાષ્ટ્ર રાજ્યના ધોરણ-8ના અંગ્રેજી વિષયના પાઠ્યપુસ્તકમાં એકમોની સંખ્યા ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ રાજ્યના ધોરણ-8ના અંગ્રેજી વિષયના એકમોની સંખ્યા કરતા વધારે છે. ગુજરાત અને રાજસ્થાન રાજ્યના ધોરણ 8ના અંગ્રેજી વિષયના પાઠ્યપુસ્તકમાં સ્વાધ્યાયની દ્રષ્ટિએ નજીવો તફાવત જોવા મળે છે. રાજસ્થાન રાજ્યકર્તા ગુજરાત રાજ્યના ધોરણ-8ના અંગ્રેજી વિષયનું પાઠ્યપુસ્તક સામાન્ય રીતે ચડિયાતું છે. ગુજરાત રાજ્યના ધોરણ-8માં અંગ્રેજી વિષયમાં વ્યાકરણ એકમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે સમાવેશ મહારાષ્ટ્ર રાજ્યમાં થયેલો ન હતો. ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર રાજ્યમાં ધોરણ-8 અંગ્રેજી વિષયના પાઠ્યપુસ્તકમાં વિજ્ઞાન, પર્યાવરણ, સ્વાતંત્ર્ય સેનાનીની માહિતીનો સમાવેશ થયો હતો.

**સંશોધનના ફલિતાર્થ**: રાજ્યોના ધોરણ-8ના અંગ્રેજી વિષયના પાઠ્યપુસ્તકમાં વિદ્યાર્થી તથા શિક્ષકોની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો કરવો જોઈએ તથા એકમોની પસંદગી સત્રને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ. પાઠ્યપુસ્તકનું મુખ પૃષ્ઠ ઉત્તમ રીતે આકર્ષક હોવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**- પાઠ્યક્રમ

<u>**14. સંશોધકનું નામ**: પટેલ ડિમ્પલ એન.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રીમતી પિ.ડી. ગોરડીયા

**વર્ષ / યુનિવર્સિટી / ડિગ્રી**: 2008-09 /H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધોરણ 12 ના સંસ્કૃતના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતા મૂલ્યો

Values Reflected From Sanskrit Text Book Of Standard-12

**સંશોધનનું ક્ષેત્ર**: સંશોધનનું તત્વજ્ઞાન

**સંશોધનના હેતુઓ**: 1.ધોરણ 12 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકના પદ્ય વિભાગમાંથી નિષ્પન્ન થતા મૂલ્યો તારવવા અને તેમના પ્રકાર દર્શાવવા. 2.ધોરણ 12 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકના ગદ્ય વિભાગમાંથી નિષ્પન્ન થતા મૂલ્યો તારવવા અને તેમના પ્રકાર દર્શાવવા. 3.ધોરણ 12 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં કયા કયા મૂલ્યો આવરાયેલા છે તે તપાસવું. 4.ધોરણ 12 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં કયા કયા મૂલ્યો વણસ્પર્શી રહી ગયા છે તે તપાસવું.

**સંશોધનનાં પ્રશ્નો** : **1.**ધોરણ 12 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં પદ્ય વિભાગની કૃતિઓમાં કયા કયા મૂલ્યો છે અને તેનો પ્રકાર કયો છે? 2.ધોરણ 12 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં ગદ્ય વિભાગની કૃતિઓમાં કયા કયા મૂલ્યો છે અને તેનો પ્રકાર કયો છે? 3.ધોરણ 12 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં કયા કયા મૂલ્યો આવરયેલા છે? 4.ધોરણ 12 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં કયા કયા મૂલ્યો વણસ્પર્શી રહ્યા છે?

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: વિષયવસ્તુ વિશ્લેષણ

**વ્યાપવિશ્વ અને નમુનો**: ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા રચેલ જૂન 2006 થી અમલમાં આવેલ ધોરણ 12 ના સંસ્કૃત વિષયનું પાઠ્યપુસ્તક અને નમૂના સ્વરૂપે પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ 10 પદ્યકૃતિઓ અને 8 ગદ્યકૃતિઓ

**ઉપકરણ**: પૃથકકરણ પત્ર

**પૃથક્કરણની રીત** : વિષયવસ્તુ પૃથક્કરણ

**સંશોધનના તારણો**: **1.**ધોરણ 12 ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય વિભાગમાં તમામ પ્રકારના મૂલ્યો જોવા મળે છે. 2.ધોરણ 12 ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના ગદ્ય વિભાગમાં વ્યક્તિગત, સામાજિક, સાંસ્કૃતિક,આર્થિક જેવા તમામ મૂલ્યો જોવા મળે છે. 3.ધોરણ 12 ના સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં કુલ સાત મૂલ્યો જોવા મળે છે. 4.ધોરણ 12 ના સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ 7 મૂલ્યો પૈકી વ્યક્તિગત મૂલ્ય સૌથી વધુ જોવા મળે છે. 5.અભ્યાસ માટે નક્કી કરેલ 7 મૂલ્યમાંથી નિષ્પન્ન થતા 52 મૂલ્યો પૈકી 19 વણસ્પર્શયા રહ્યા હતા.

**સંશોધનના ફલિતાર્થ**: ધોરણ 12 માં અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોએ કૃતિના અધ્યાપન દરમિયાન મૂલ્યને અનુલક્ષીને વિષયવસ્તુ રજૂ કરવી જોઈએ. ધોરણ 12 માં સંસ્કૃતના પાઠ્યપુસ્તકમાં સાંસ્કૃતિક, આર્થિક તેમજ નૈતિક મૂલ્યોને લગતી કૃતિ વધારવી જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: મૂલ્યો

<u>15. **સંશોધકનુંનામ**: પટેલ હરેશ એસ</u>

**કોલેજન નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ** : શ્રી એમ. બી. સોલંકી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના કેટલાક સામાન્ય રોગો એકમ માટે પ્રોજેક્ટ પદ્ધતિની અસરકારકતા

Effectiveness Of Projects Method On Some Common Disease Unit Of Science And Technology Subject Of Std -8

**સંશોધનનુંક્ષેત્ર** : આરોગ્ય વિજ્ઞાન, વિજ્ઞાન શિક્ષણ અને શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનનાં હેતુઓ** : 1.ધોરણ આઠના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના કેટલાક રોગો એકમ શીખવવા માટે પ્રોજેક્ટ રચના માટેનું આયોજન કરવું. 2. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના માપન માટે કેટલાક સામાન્ય રોગો એકમ પર શિક્ષક નિર્મિત કસોટીની રચના કરવી. 3. શિક્ષક નિર્મિત એકમ કસોટીના વિદ્યાર્થીઓ મેળવેલા પ્રાપ્તોકના આધારે પ્રોજેક્ટ પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિની તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ** : ધોરણ આઠના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના કેટલાક સામાન્ય રોગો એકમ માટે અભ્યાસ અંતે પ્રોજેક્ટ પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતા પ્રાયોગિક જૂથના અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતા નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ- અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ-ધોરણ, વિષય, વિસ્તાર પરિવર્તન ચલ- જાતીયતા આંતરવર્તી ચલ- બુદ્ધિ, વ્યક્તિગત ભિન્નતા

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધન પદ્ધતિ**: પ્રાયોગિક પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**:- વ્યાપવિશ્વમાં બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ આઠમાં અભ્યાસ કરતા કુલ 110 બાળકોને પસંદ કરવામાં આવ્યા હતા

**ઉપકરણ**:- સ્વ રચિત ઉત્તર કસોટી

**પૃથક્કરણની રીત**: સરાસરી, પ્રમાણ વિચલન તથા ટી-કસોટી

**સંશોધનના તારણો**:- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ મેળવેલ સિદ્ધિઓ નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ મેળવેલ સિદ્ધાંત કરતાં ઊંચો છે, પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચેનો તફાવત સાર્થક છે અને પ્રોજેક્ટ પદ્ધતિની અસરકારકતા વ્યાખ્યાન પદ્ધતિ કરતા વધારે છે

**સંશોધનના ફલિતાર્થ**: શૈક્ષણિક પરિણામની સફળતા માટે શિક્ષકે પોતાની શીખવાની પદ્ધતિનું આત્મ નિરીક્ષણ કરવું જોઈએ. શિક્ષકના વ્યવસાયિક કૌશલ્યની વિકાસ માટે આચાર્યશ્રી પ્રેરણા પૂરી પાડવી જોઈએ. શિક્ષકોએ હાથ ધરેલ પ્રોજેક્ટ કાર્યમાં સંચાલકોએ તેમજ આચાર્યશ્રીએ તથા વાલીઓએ યોગ્ય સાથ સહકાર પૂરો પાડો જોઈએ તેમજ તેમને આર્થિક રીતે મદદ કરવી જોઈએ

**ચાવીરૂપ શબ્દો** :- પ્રોજેક્ટ પદ્ધતિ, સામાન્ય રોગો, શૈક્ષણિક સિદ્ધિ

**16. સંશોધકનું નામ :** પટેલ શારદા. એ.

**કોલેજનું નામ :-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ :-** ડો. ડી.એ. ઉચાટ

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધોરણ 8 વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના અન્ન ઉત્પાદન અને અન્ન વ્યવસ્થાપન એકમના અધ્યાપન માટે બહુ માધ્યમ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

Construction And Effectiveness Of Multimedia Program For Teaching food Production & Food Management Of Science & Technology Subject Of Standard 8

**સંશોધનનું ક્ષેત્ર:-** શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ:-** 1.ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના અન્ય ઉત્પાદક અને અન્ય વ્યવસ્થાપન એકમના અધ્યાપન માટે બહુ માધ્યમ કાર્યક્રમની સંરચના કરવી. 2.અન્ન ઉત્પાદન અને અંદર વ્યવસ્થાપન એકમને અનુરૂપ એકમ સિદ્ધિ કસોટીની સંરચના કરવી. 3.વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અન્ન ઉત્પાદન અને અન્ય વ્યવસ્થાપન એકમના અધ્યાપન માટે બહુ માધ્યમ કાર્યક્રમ અને લેખન પદ્ધતિની તુલના કરવી

**સંશોધનની ઉત્કલ્પનાઓ :- 1.**અન્ન ઉત્પાદન અને અન્ય વ્યવસ્થાપન એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પ્રાપ્તકોની સરાસરી કરતા બહુમાધ્યમ કાર્યક્રમ દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી હશે. **2.**બહુમાધ્યમ કાર્યક્રમ દ્વારા અભ્યાસ કરતા અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અન્ન ઉત્પાદન અને અન્ય વ્યવસ્થાપન પરની એકમ કસોટી પરના પ્રાપ્તાંકોની વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનનો પ્રકાર:-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ:-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો:** પ્રસ્તુત સંશોધન બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની એક કન્યા શાળાના ધોરણ આઠના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વિદ્યાર્થીઓ માટે 15 પ્રકરણો પૈકી ફક્ત એક જ પ્રકરણ માટે હાથ ધરવામાં આવ્યું હતું.

**ઉપકરણ-** બહુમાધ્યમ કાર્યક્રમ, એકમ કસોટી

**પૃથક્કરણની રીત :** સાદી ટકાવારી

**સંશોધનના તારણો:** ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના અન્ન ઉત્પાદન અને અન્ન વ્યવસ્થાપન એકમના શિક્ષણ માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા બહુ માધ્યમ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પદ્ધતિ વધુ અસરકારક જોવા મળી હતી

**સંશોધનના ફલિતાર્થ:** સરકારશ્રીએ શાળાના સંચાલકોનો નાણાકીય બોજ ઘટાડવા શાળામાં સાધનો વસાવવા, પ્રયોગ કરવા, આસપાસના સ્થળોની મુલાકાતો યોજવી તથા ખર્ચ અંગે વિશિષ્ટ સહાય કરવી જોઈએ. તેમજ શિક્ષકોને બહુમાધ્યમ કાર્યક્રમ તૈયાર કરવા પ્રોત્સાહન આપવું જોઈએ અને તાલીમના ઓપનવર્ગો ચલાવવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો:-** બહુમાધ્યમ કાર્યક્રમ, વ્યાખ્યાન પદ્ધતિ, શૈક્ષણિક સિદ્ધિ, અસરકારકતા

<u>**17. સંશોધકનું નામ**: સોલંકી ચંદનસિંહ એમ.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. એસ.આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધોરણ 8 ના વિદ્યાર્થીઓમાં ગુજરાતી વાંચન અર્થગ્રહણ ક્ષમતા વિકસાવવા માટેના કાર્યક્રમની સંરચના અને અસરકારકતા.

Construction and Effectiveness of Programme to Develop Gujarati Reading Comprehension Competence among the Students of Standard-8

**સંશોધનનું ક્ષેત્ર**: ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.વિદ્યાર્થીઓને ગુજરાતીમાં અર્થગ્રહણ ક્ષમતા વિકસાવવા માટે પૂર્વ કસોટીની રચના કરવી.2. વિદ્યાર્થીઓની ગુજરાતી વાંચન ક્ષમતા વિકસાવવા ગુજરાતી વાંચન ક્ષમતા વિકાસ કાર્યક્રમની સંરચના કરવી. 3.ગુજરાતી વાંચન અર્થગ્રહણ ક્ષમતા વિકાસ કાર્યક્રમની અસરકારકતા ચકાસવા માટે ઉત્તર કસોટીની સંરચના કરવી. 4.વિદ્યાર્થીઓના ગુજરાતી વાંચન અર્થગ્રહણ વિકાસ કાર્યક્રમ પરત્વેના અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ** : એક નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ - ગુજરાતી વાંચન ક્ષમતા વિકાસ કાર્યક્રમ પરતંત્ર ચલ - શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ- ધોરણ, માધ્યમ, શાળાનું વાતાવરણ, વિસ્તાર, પ્રયોગનો સમયગાળો

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: બનાસકાંઠા જિલ્લામાં વડગામ તાલુકામાં આવેલી સરકારી શાળાઓ અને ખાનગી શાળાઓમાં ધોરણ 8 ના ગુજરાતી માધ્યમના બાળકોને પસંદ કરવામાં આવ્યા

**ઉપકરણ**: ઉત્તર કસોટી અને અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત** : ટી- કસોટી અને કાઈ વર્ગ

**સંશોધનના તારણો**: 1.ગુજરાતી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમનો સમયગાળો પૂરતો હતો. 2.ગુજરાતી વાંચન ક્ષમતા કાર્યક્રમથી વિષયવસ્તુની સમજ સ્પષ્ટ થઈ શકી હતી. 3.ગુજરાતી વાંચન ક્ષમતા કાર્યક્રમથી સમજ શક્તિનો વિકાસ થાય છે. 4. જુથ ચર્ચાથી કસોટીઓના મુશ્કેલ પ્રશ્નો ઉકેલી શકાયા હતા. 5. ભાષામાં વાંચન અર્થગ્રહણ ક્ષમતા વિકસાવી શકાય છે.

**સંશોધનના ફલિતાર્થ**: ગુજરાતી વાંચન ક્ષમતા કાર્યક્રમ પામનાર પ્રાયોગિક જૂથ અને આ કાર્યક્રમને ન પામનાર નિયંત્રિત જૂથને તુલના કરવામાં આવી હતી જેમાં કાર્યક્રમનો અમલ કરનાર પ્રાયોગિક જૂથ વધુ અસરકારક હતું.

**ચાવીરૂપ શબ્દો**: વાંચન અર્થગ્રહણ ક્ષમતા, કાર્યક્રમ

<u>**18. સંશોધકનું નામ**: જાદવ હિમાંશુ આર.</u>

**કોલેજનું નામ** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એમ.બી. સોલંકી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પરમાણુ બંધારણ એકમ માટે શૈક્ષણિક કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા

Construction and Effectiveness of an Educational Programme On the “Atom structure” Unit of Science and Technology Subject of std-8

**સંશોધનનું ક્ષેત્ર**:વિજ્ઞાન શિક્ષણ અને શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**: 1.ધોરણ 8ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના 'પરમાણુ બંધારણ' એકમ પર શિક્ષક નિર્મિત એકમ કસોટીની રચના કરવી. 2.ધોરણ 8ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના 'પરમાણુ બંધારણ' એકમ પર શૈક્ષણિક કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની 'પરમાણુ બંધારણ' એકમ પરની શૈક્ષણિક સિદ્ધિમાં સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ - અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ - શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ- ધોરણ, વિસ્તાર, વિષય

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: બનાસકાંઠા જિલ્લાને ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન વિષયના ધોરણ આઠના વર્ષ 2008-09 દરમિયાન અભ્યાસ કરતા સરસ્વતી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ હતા

**ઉપકરણ**: શિક્ષક નિર્મિત એકમ કસોટી

**પૃથક્કરણની રીત** : સરાસરી, પ્રમાણ વિચલન, સહસંબંધાક અને ટી-કસોટી

**સંશોધનના તારણો**: પરંપરાગત પદ્ધતિ કરતા શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા શીખવવાની પદ્ધતિ ચડિયાતી છે. 'પરમાણુ બંધારણ' એકમ પર આ શૈક્ષણિક કાર્યક્રમ અસરકારક માલૂમ પડ્યો હતો.

**સંશોધનના ફલિતાર્થ**: નબળું પરિણામ લાવતી શાળાઓમાં શિક્ષકોએ જુદા જુદા એકમો પર શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા અધ્યયન કરાવવું જોઈએ જેથી ઊંચું પરિણામ પ્રાપ્ત થાય.

**ચાવીરૂપ શબ્દો**: વિજ્ઞાન અને ટેકનોલોજી, પરમાણુ બંધારણ, શૈક્ષણિક કાર્યક્રમ

19. **સંશોધકનું નામ**: પટેલ દિપીકા જી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. ડી. એ. ઉચાટ

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

પ્રાથમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાન વિષયમાં જૂથ અધ્યાપન પદ્ધતિના સ્વરૂપોનો તુલનાત્મક અભ્યાસ
A Comparative Study Of Types Of Team Teaching In Science Subject At Primary School Level

**સંશોધન ક્ષેત્ર**: વિજ્ઞાન શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદ કરેલા એકમોના સંદર્ભમાં નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપનની સંરચના કરવી. 2.સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદ કરેલા એકમોના સંદર્ભમાં સિદ્ધિ કસોટીની રચના કરવી. 3.સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલિની રચના કરવી. 4.સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ કરવો. 5.નિષ્ણાત અધ્યાપન પદ્ધતિ અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાયનો અભ્યાસ કરવો

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: જૂથ અધ્યાપન પદ્ધતિના સ્વરૂપો પૈકી સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અને નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિથી અધ્યાપન કરતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત હશે

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ- જૂથ અધ્યાપન પદ્ધતિ, પરતંત્ર ચલ - એકમ કસોટી, અંકુશિત ચલ- અભ્યાસની શ્રેણી અને વિષયવસ્તુ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન

**વ્યાપવિશ્વ અને નમૂનો**: બનાસકાંઠા જિલ્લાની 2227 સરકારી પ્રાથમિક શાળાઓમાં 190 ખાનગી અને 21 ગ્રાન્ટેડ શાળાઓમાંથી ધોરણ 7 ના શૈક્ષણિક વર્ષ 2008-9 ના વિદ્યાર્થીઓ પૈકી શ્રી કે. વી. પટેલ પ્રાથમિક શાળાના ધોરણ 9 ના બંને વર્ગના વિદ્યાર્થીઓ.

**ઉપકરણ**: એક્મ કસોટી

**પૃથકકરણની રીત**: કાઇ વર્ગ

**સંશોધનના તારણો**: પ્રસ્તુત કાર્યક્રમમાં એકમની રજૂઆત પદ્ધતિસર અને વ્યવસ્થિ હતી. પ્રસ્તુત કાર્યક્રમ વિષયવસ્તુની દ્રષ્ટિએ વિવિધતા સભર અને સમૃદ્ધ હતો. સમય મર્યાદાની દ્રષ્ટિએ વિષયવસ્તુની સંતોષકારક સમજ આપવામાં આવી. આ અધ્યાપન પદ્ધતિથી વિવિધ શિક્ષકોની આવડતોનો લાભ મેળવી શકાયો. આ અધ્યાપન પદ્ધતિથી સામાજિક વિજ્ઞાન કંટાળાજનક વિષય લાગતો નથી.

**સંશોધનના ફલિતાર્થ**: નિષ્ણાંત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ વધુ અસરકારક છે, તેથી સામાજિક વિજ્ઞાનના અધ્યાપન માટે નિષ્ણાત શિક્ષકની દોરવણી હેઠળ જૂથ અધ્યાપન થાય તેવું આયોજન કરવું.

**ચાવીરૂપ શબ્દો:** જૂથ અધ્યાપન પદ્ધતિ, સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ, નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ

20.**સંશોધકનું નામ**: ખરાડી પ્રમોદ એસ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રીમતી પી.ડી ગોરડીયા

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધોરણ 6 ના આદિવાસી વિદ્યાર્થીઓ માટે આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમની અસરકારકતા

Effectiveness of Tribal Native Word Understanding programme The Tribal Students of Std-6th

**સંશોધનનું ક્ષેત્ર**:શૈક્ષણિક ટેકનોલોજી, ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.ધોરણ 6 માં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમની સંરચના કરવી. 2.ધોરણ 6 માં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમની અસરકારકતા ચકાસવા માટે આદિવાસી તળપદી શબ્દ સમજ કસોટીની સંરચના કરવી. 3.ધોરણ 6 માં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: ધોરણ 6 માં અભ્યાસ કરતા આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે રચેલા આદિવાસી તળપદી શબ્દ સમજ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ - આદિવાસી સમાજ કાર્યક્રમ પરતંત્ર ચલ - તળપદી શબ્દ સમજ અંકુશિત ચલ- માધ્યમ, વિસ્તાર, વિષય, સમયગાળો, શાળાનું વાતાવરણ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: ઇડર તાલુકાની આદિવાસી વિસ્તારની વોરાવાવ પ્રાથમિક શાળા નંબર-1 ધોરણ- 6માં અભ્યાસ કરતા કુલ 60 આદિવાસી વિદ્યાર્થીઓ.

**ઉપકરણ**: આદિવાસી તળપદી શબ્દ સમજ કસોટી

**પૃથક્કરણની રીત** :ટી-કસોટી,મધ્યક અને પ્રમાણ વિચલન

**સંશોધનના તારણો**: **1.**આદિવાસી વિદ્યાર્થીઓમાં તળપદી શબ્દસમજ સિદ્ધિના સંદર્ભમાં આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો હતો .2.આદિવાસી વિભાગના વિદ્યાર્થીઓમાં આદિવાસી તળપતિ શબ્દ સમજ કાર્યક્રમનો અમલ કરવાથી આદિવાસી તળપદી શબ્દ સમજ સિદ્ધિ ઊંચી જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થ**: અભ્યાસમાં આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમનો અમલ કરવાથી આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓની આદિવાસી તળપદી શબ્દ સિદ્ધિમાં વધારો થયો હતો. વિદ્યાર્થી શાળામાં અભ્યાસ કરે છે તેની સામે ભાષાની બાબતમાં ઘણી જ મુશ્કેલીઓ જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં અનુકૂલન ન સાધનાર વિદ્યાર્થી અભ્યાસ છોડી દે છે ત્યારે આવા કાર્યક્રમ થકી તેમની શબ્દ સમજ વિકસાવવામાં જરૂરી સુધારા વધારા કરી તેમાં યોગ્ય માર્ગ મળી રહે એવા પ્રયાસ કરવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: આદિવાસી તળપદી શબ્દો, આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમ

<u>**21. સંશોધાકનું નામ –** પટેલ કલ્પના એ.</u>

**કોલેજનું નામ –** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** ડો. ડી. એ. ઉચાટ

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધોરણ – ૮ના ગણિત વિષયનાં 'બહુપદીના ભાગાકાર' એકમના અધ્યાપનના સંદર્ભમાં વૈદિક ગણિત અભિગમની અસરકારકતા

Effectiveness Of Vedic Mathematics Approach With Reference To "Polynormical" Diuision Unit Of Mathematics Subject Of Standerd – Viii

**સંશોધનનું ક્ષેત્ર** – ગણિત શિક્ષણ

**સંશોધનના હેતુઓ:** 1.ધોરણ – ૮ના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયના બહુપદીના ભાગાકાર એકમના અધ્યાપન માટે વૈદિક ગણિત અભિગમ આધારિત કાર્યક્રમની રચના કરવી. 2.ધોરણ – ૮ના ગણિત વિષયમાં 'બહુપદીના ભાગાકાર' એકમ પર શિક્ષક નિર્મિત એકમસિદ્ધ કસોટીની રચના કરવી. 3.ધોરણ – ૮ના ગણિત વિષયના 'બહુપદી ભાગાકાર' એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પ્રણાલિગત ગણિત અભિગમની તુલનામાં વૈદિક ગણિત અભિગમની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલપનાઓ:** 1.ધોરણ – ૮માં વૈદિક ગણિત અભિગમ અને પ્રણાલિગત ગણિત અભિગમથી અધ્યાપન પામેલા વિધાર્થીઓની 'બહુપદીના ભાગાકાર' એકમ પરની સિદ્ધી કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક ભેદ હશે. 2.ધોરણ – ૮માં વૈદિક ગણિત અભિગમ અને પ્રણાલિગત ગણિત અભિગમથી અધ્યાપન પામેલા વિધાર્થીઓની 'બહુપદીના ભાગાકાર' એકમ પરની સિદ્ધી કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**સંશોધનના ચલ:** સ્વતંત્ર ચલ – ગણિત અધ્યાપન અભિગમ; પરતંત્ર ચલ –શૈક્ષણિક સિદ્ધી; અંકુશિત ચલ – ધોરણ, શાળાનું પર્યાવરણ, વિષય, એકમ, વિસ્તાર

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** - પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો:** પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની વર્ષ-૨૦૦૮-૦૯ ની ધોરણ – ૮ ની ૮૭ શાળાઓ અને નમૂના તરીકે ધોરણ ૮ની એક શાળા પસંદ કરેલ હતી.

**ઉપકરણ-** પૂર્વ કસોટી, એકમ સિદ્ધી કસોટી.

**પૃથક્કરણની રીત:** સિદ્ધી કસોટી, સહ વિચરણ પૃથક્કરણ

**સંશોધનના તારણો** : ધોરણ – ૮ ના ગણિત વિષયમાં ' બહુપદીના ભાગાકાર' એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વૈદિક ગણિત અભિગમ વધુ અસરકારક હતો એટલે કે પ્રણાલિગત ગણિત અભિગમ કરતાં વૈદિક ગણિત અભિગમથી અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓની ગણિત સિદ્ધી ઉંચી જણાઈ હતી.

**સંશોધનના ફલિતાર્થ:** ધોરણ – ૮ ના ગણિત વિષયના 'બહુપદીના ભાગાકાર' એકમના અધ્યાપનના સંદર્ભમાં વૈદિક ગણિત અભિગમ એ પ્રણાલિગત ગણિત અભિગમ કરતાં વધુ ચડિયાતો હતો.

**ચાવીરૂપ શબ્દો** – વૈદિક ગણિત

**22. સંશોધકનું નામ** :પટેલ નિમિષા વી.

**કોલેજનું નામ:** શ્રીમતી શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ:** ડૉ. ડી. એ. ઉચાટ

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના 'preposition' એકમના સંદર્ભમાં સ્વઅધ્યયન સાહિત્ય તરીકે વર્કકાર્ડ સાહિત્ય અને CAL કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

Construction and Effectiveness of Work Card Material And Programmes As A Self-Learning Material With Reference To "Prepositition" Unit Of English Grammar Of Std-9th

**સંશોધનનું ક્ષેત્ર:** શૈક્ષણિક ટેક્નોલોજી અને ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના ‘ preposition’એકમના અધ્યાપન માટે વર્કકાર્ડ સાહિત્યની સંરચના કરવી. 2.ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના ‘ preposition’એકમના અધ્યાપન માટેCALકાર્યક્રમની સંરચના કરવી. 3.‘preposition’ એકમ પરની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ માપવા માટે શિક્ષક નિર્મિત એકમ કસોટીની સંરચના કરવી. 4. હોશિયાર વિદ્યાર્થીઓમાં વર્કકાર્ડ સાહિત્ય અને CAL કાર્યક્રમની ‘ preposition’એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં તુલના કરવી. 5.સ્વાધ્યાય પદ્ધતિ અને ‘ preposition’એકમની શૈક્ષણિક સિદ્ધિના સંબંધો પર વિદ્યાર્થીઓની કક્ષાની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: 1.વર્કકાર્ડ સાહિત્ય તેમજ CAL કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા હોશિયાર વિદ્યાર્થીઓને ‘preposition’ એકમની શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.વર્કકાર્ડ સાહિત્ય તેમજ CAL કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા હોશિયાર વિદ્યાર્થીઓના ‘preposition’એકમના ધારણ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 3.વર્કકાર્ડ સાહિત્ય તેમજ CAL કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા નબળા વિદ્યાર્થીઓને ‘preposition’એકમની શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 4.વર્કકાર્ડ સાહિત્ય તેમજ CAL કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા નબળા વિદ્યાર્થીઓના ‘preposition ‘ એકમના ધારણ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 5.સ્વ અધ્યયન પદ્ધતિ અને ‘preposition’ એકમ ની શૈક્ષણિક સિદ્ધિ એ બે વચ્ચેના સંબંધ ઉપર વિદ્યાર્થીની કક્ષાની અસર થતી નહીં હોય.

**સંશોધનના ચલ** :સ્વતંત્ર ચલ - સ્વ અધ્યયન પદ્ધતિ , વર્ક કાર્ડ સાહિત્ય , CAL કાર્યક્રમ; પરતંત્ર ચલ - ‘preposition’ એકમની શૈક્ષણિક સિદ્ધિ, (2)‘preposition’એકમનો ધારણ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ 9 માં વર્ષ 2008–09 દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ

**ઉપકરણ**: સ્વરચિત એકમ કસોટી અને અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત** : સહવિચરણ પૃથક્કરણ

**સંશોધનના તારણો**: 1. ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના Preposition એકમના અધ્યાપન માટે હોશિયાર વિદ્યાર્થીઓમાં વર્કકાર્ડ સાહિત્ય અને CAL કાર્યક્રમ શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં સમાન અસરકારકતા ધરાવે છે. 2.ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણ Preposition એકમના અધ્યાપન માટે હોશિયાર વિદ્યાર્થીઓમાં વર્કકાર્ડ સાહિત્ય અને CAL કાર્યક્રમ ધારણના સંદર્ભમાં સમાન અસરકારક હતો. 3.સ્વઅધ્યયન પદ્ધતિ અને Preposition એકમની શૈક્ષણિક સિદ્ધિ એ બે વચ્ચેના સંબંધ પર વિદ્યાર્થી કક્ષાની અસર ન હતી એટલે કે હોશિયાર અને નબળા એમ બંને પ્રકારના વિદ્યાર્થીઓમાં સ્વ અધ્યયન પદ્ધતિ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ સમાન જોવા મળ્યો હતો. 4.ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના Preposition એકમના અધ્યાપન માટે નબળા વિદ્યાર્થીઓમાં વર્ક કાર્ડ સાહિત્ય અને CAL કાર્યક્રમ શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં સમાન અસરકારક હતો. 5.ધોરણ 9ના અંગ્રેજી વ્યાકરણના Preposition એકમના અધ્યાપન માટે નબળા વિદ્યાર્થીઓમાં વર્કકાર્ડ સાહિત્ય અને CAL કાર્યક્રમ ધારણના સંદર્ભમાં સમાન અસરકારક ન હતો.

**સંશોધનના ફલિતાર્થ**: પ્રસ્તુત અભ્યાસમાં હાથ ધરાયેલા બંને પ્રયોગોને અંતે મળેલા તારણોને આધારે કહી શકાય કે ધોરણ નવના અંગ્રેજી વિષયના વ્યાકરણ વિભાગના Preposition એકમના અધ્યાપન માટે હોશિયાર અને નબળા બંને પ્રકારના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વર્ક કાર્ડ સાહિત્ય અને CAL કાર્યક્રમ બંને સમાન રીતે અસરકારક હતા.

**ચાવીરૂપ શબ્દો**: સ્વ અધ્યયન સાહિત્ય, વર્કકાર્ડ સાહિત્ય CAL કાર્યક્રમ, Preposition એકમ પરની એકમ કસોટી, Preposition એકમની ધારણ કસોટી

23.**સંશોધકનું નામ**: પંચાલ કૌશલ્યા પી

**કોલેજનું નામ** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: **શ્રીમતી** પી. ડી. ગોરડીયા

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધો-10 ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો

Values Inculcated In Hindi Textbook Of Standard X

**સંશોધન ક્ષેત્ર**: શિક્ષણનું તત્વજ્ઞાન

**સંશોધનના હેતુઓ**: 1.ધોરણ 10ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકમાં પદ્ય વિભાગમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો તારવવા. 2. ધોરણ 10ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકમાં પદ્ય વિભાગમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોના પ્રકારો દર્શાવવા. 3.ધોરણ 10ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકના ગદ્ય વિભાગમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો તારવવા અને તેના પ્રકારો દર્શાવવા. 4.ધોરણ 10ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકમાં ક્યાં ક્યાં મૂલ્યો આવરાયેલા છે તેમજ ક્યાં ક્યાં મૂલ્યો વર્ણસ્પર્શી રહી ગયા છે તે તપાસવું.

**સંશોધનના પ્રશ્નો**: 1.ધોરણ 10ના હિન્દીના પુસ્તકમાં પદ્યવિભાગમાં ક્યાં ક્યાં મૂલ્યો સમાવિષ્ટ છે અને ક્યો પ્રકાર છે. 2. ધોરણ 10ના હિન્દીના પુસ્તકમાં ગદ્ય વિભાગની ક્તિઓમાં ક્યાં ક્યાં મૂલ્યો સમાવિષ્ટ છે અને ક્યો પ્રકાર છે. 3.ધોરણ 10ના હિન્દી વિષયના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ગદ્ય ક્યાં ક્યાં મૂલ્યો સમાવિષ્ટ છે. 4.ધોરણ 10ના હિન્દી વિષયના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ક્યાં ક્યાં મૂલ્યો વર્ણસ્પર્શી રહ્યાં છે.

**સંશોધનના ચલ**:-----------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: ગુજરાત રાજ્યની ગુજરાતી માધ્યમિક શાળાના હિન્દી વિષયના જૂન ૨૦૦૬ના શિક્ષણના વર્ષથી અમલમાં આવેલ હિન્દી વિષયનું પાઠ્યપુસ્તક.

**ઉપકરણ**: કૃતિ પૃથક્કરણ પત્રક

**પૃથક્કરણની રીત**: કૃતિ પૃથક્કરણ અને ગુણાત્મક

**સંશોધનના તારણો**: ધોરણ 10 ના હિન્દી પાઠ્યપુસ્તકના ગદ્ય વિભાગમાં વ્યક્તિગત મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, આર્થિક અને નૈતિક મૂલ્યો સમાવિષ્ટ છે.

**સંશોધનના ફલિતાર્થ**: પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 10ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકમાં વ્યક્તિગત મૂલ્યો સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે. ગદ્ય વિભાગમાંથી વ્યક્તિગત મૂલ્યોના આધારે નિષ્પન્ન થતાં મૂલ્યો શ્રમનું ગૌરવ, કર્તવ્યપરાયણતા વગેરે જોવા મળે છે. ધોરણ 10 ના હિન્દી પાઠ્યપુસ્તકના ગદ્ય વિભાગમાં વ્યક્તિગત, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક વગેરે મૂલ્ય જોવા મળે છે.

**ચાવીરૂપ શબ્દો:** મૂલ્ય,પાઠ્યપુસ્તક

24.**સંશોધકનું નામ** : ગમાર ધર્મી ડી.

**કોલેજનું નામ :** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ** : શ્રી એમ.બી. સોલંકી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2008-09/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધોરણ નવના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત પ્રશ્ન બેંકની સંરચના
Construction Of Question Bank Based On Syllabus Of Geography Of Social Science Subject Of Std-IV

**સંશોધનનું ક્ષેત્ર**: શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન,સામાજિક વિજ્ઞાન શિક્ષણ

**સંશોધનના હેતુઓ- 1.**ધોરણ નવના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત પ્રશ્ન બેંકની રચના કરવી. **2.** ધોરણ નવના સામાજિક વિજ્ઞાન વિષયના ભૂગોળના પાઠ્યક્રમ પર આધારિત નિબંધલક્ષી પ્રકારના પ્રશ્નોની રચના કરવી. 3.ધોરણ નવના સામાજિક વિજ્ઞાનના ભૂગોળના પાઠ્યક્રમ પર આધારિત લઘુ જવાબી પ્રકારના પ્રશ્નોની રચના કરવી. 4.ધોરણ નવના સામાજિક વિજ્ઞાન વિષયના ભોગવના પાઠ્યક્રમ પર આધારિત અતિ ટૂંક જવાબી પ્રકારના પ્રશ્નોની રચના કરવી. 5.ધોરણ નવના સામાજિક વિજ્ઞાન વિષયના ભૂગોળના પાઠ્યક્રમ પર આધારિત અનાત્મલક્ષી પ્રકારના પ્રશ્નોની રચના કરવી.

**સંશોધનની પ્રશ્નો**:- 1.ધોરણ નવના સામાજિક વિજ્ઞાન વિષયના ભૂગોળના પાઠ્યક્રમ પર આધારિત નિબંધલક્ષી પ્રકારના યથાર્થતા યોગ્યતા શું હશે? 2.પ્રશ્નોની યથાર્થતા આધારે યોગ્યતા શું હશે? 3.ધોરણ નવના સામાજિક વિજ્ઞાન વિષયના ભૂગોળના પાઠ્યક્રમ પર આધારિત લઘુ જોવા પ્રકારના પ્રશ્નોની યથાર્થ યોગ્યતા શું હશે? **4.**ધોરણ નવના સામાજિક વિજ્ઞાન ભૂગોળના પાઠ્યક્રમ પર આધારિત ટૂંક જવાબી પ્રશ્નોનું કલમ પૃથક્કરણ આધારે યોગ્યતા શું હશે? 5.ધોરણ નવના સામાજિક વિજ્ઞાનના ભૂગોળના પાઠ્યક્રમ પર આધારિત રચનાત્મકલક્ષી પ્રશ્નોની કલમ પૃથક્કરણના આધારે યોગ્યતા શું હશે?

**સંશોધનના ચલ :---**

**સંશોધનનો પ્રકાર** : વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** : સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો** : સંશોધનમાં સંશોધકે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં 2008 2009 ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ધોરણ નવમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓને વ્યાપ વિશ્વ તરીકે તથા પાલનપુર શહેરની કુલ ચાર શાળાઓ પસંદ કરવામાં આવી હતી જેમાં 225 કુમારો અને 145 કન્યાઓ સહિત 370 પાત્રો પર પ્રશ્નોની અજમાયશ કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત**: કલમ પૃથક્કરણ

**સંશોધનના તારણો**: 1.અજમાયશ કરેલી કલમનું સરળતામૂલ્ય 0.09 થી 0.84 સુધી જોવા મળ્યું હતું. 2.અજમાયશ કરેલી 540 કલમો પૈકી 458 883.73% કલમો યોગ્ય નીવડી હતી **3.**અજમાયશ કરેલી કલમોનું તારવણી મૂલ્ય - 0.3 થી 0.65 સુધી જોવા મળ્યું હતું 4.અજમાયશ કરેલી 547 કલમો પૈકી 89 16.27 ટકા કલમો અયોગ્ય નીવડી હતી 5. નિબંધલક્ષી પ્રકારની 541 કલમો પૈકી 71 95.95 ટકા કલમો યોગ્ય નીવડી હતી

**સંશોધનના ફલિતાર્થ** : અભ્યાસ સલાહકારોને શિક્ષણ સુધારવા માટે ઉપયોગી બનશે શિક્ષણને અસરકારક બનાવવામાં અને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી થશે અને પ્રશ્નોની સુસંગતતા અને યથાર્થતા ચકાસી શકાશે

**ચાવીરૂપ શબ્દો**: પ્રશ્નોની સંરચના, પ્રશ્નબેંક

# <u>મુખ્ય પ્રકરણ – 2</u>

## <u>2009-2010   પ્રકરણ – 2  સમીક્ષાત્મક પરિચય - અનુક્રમણિકા</u>

**<u>સંશોધનક્ષેત્ર અનુસાર હાથ ધરાયેલા સંશોધનોનું વર્ગીકરણ</u>**

| **પ્રકરણ** | **સંશોધન ક્ષેત્ર** | **સારાંશ નંબર** | **કુલ** |
|---|---|---|---|
| **પ્રકરણ-1** | શિક્ષણનું તત્વજ્ઞાન | 40,41,49 | 3 |
| **પ્રકરણ-2** | શિક્ષણનું મનોવિજ્ઞાન(ગણિત શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ) | 39 | 1 |
| **પ્રકરણ-3** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (સા. વિજ્ઞાન શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, અંગ્રેજી શિક્ષણ) | 31,32,35,38,43,47 | 6 |
| **પ્રકરણ-4** | શૈક્ષણિક ટેકનોલોજી (માધ્યમિક શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, સા. વિજ્ઞાન) | 26,27,33,36,44 | 5 |
| **પ્રકરણ-5** | પ્રાથમિક શિક્ષણ (અંગ્રેજી શિક્ષણ) | 29,45,46 | 3 |
| **પ્રકરણ-6** | વ્યક્તિ અભ્યાસ | 37 | 1 |
| **પ્રકરણ-7** | અભ્યાસક્રમ વિકાસ અને પાઠ્યપુસ્તક | 28,42,48 | 3 |
| **પ્રકરણ-8** | ભાષા શિક્ષણ, | 25 | 1 |
| **પ્રકરણ-9** | શિક્ષક પ્રશિક્ષણ | 30 | 1 |
| **પ્રકરણ-10** | શૈક્ષણિક સંચાલન, પ્રબંધ | 34 | 1 |
| **કુલ** | | | 25 |

<u>**25.સંશોધકનું નામ-** ચોખવાલા મનોજકુમાર એસ.</u>

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. પી.ડી. ગોરડીયા

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ગુજરાતી ભાષામાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની અસરકારકતા

Effectiveness Of Vocabulary Development Programme In Gujarati Language

**સંશોધનનું ક્ષેત્ર-** ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1. શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ અને તેની અસરકારકતાની ચકાસણી કરવા માટે શબ્દ ભંડોળ માપન કસોટીની સંરચના કરવી. 2.ખાનગી શાળાના વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની શબ્દ ભંડોળ વિકાસના અને ધારણના સંદર્ભમાં અસરકારકતા તપાસવી. 3.સરકારી શાળાના વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની શબ્દ ભંડોળ વિકાસના અને ધારણના સંદર્ભમાં અસરકારકતા તપાસવી. 4.શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની શબ્દ ભંડોળ વિકાસ સિદ્ધિ અને ધારણ એ બંને વચ્ચેના સંબંધ પર શાળાના પ્રકારની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ** - 1.શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપન ન પામેલા ખાનગી શાળાના વિદ્યાર્થીઓની શબ્દ ભંડોળ માપન કસોટી પરના સિદ્ધિ અને ધારણ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2. શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપન ન પામેલા સરકારી શાળાના વિદ્યાર્થીઓની શબ્દ ભંડોળ માપન કસોટી

પરના સિદ્ધિ અને ધારણ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 3. શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની શબ્દ ભંડોળ વિકાસ સિદ્ધિ અને ધારણ એ બંને વચ્ચેના સંબંધ પર શાળાના પ્રકારની અસર થતી નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ–શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમનો અમલ - શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમનો અમલ નહીં. પરતંત્ર ચલ - શબ્દ ભંડોળ વિકાસની સિદ્ધિ – શબ્દ ભંડોળ વિકાસનું ધારણ અંકુશિત ચલ – ધોરણ, માધ્યમ, વિસ્તાર, અધ્યાપન સમય આંતરવર્તી ચલ- કૌટુંબિક વાતાવરણની અસર,શાળાનું વતાવરણ, માતા-પિતાના શિક્ષણની અસર,ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા, વ્યક્તિગત તફાવતો પરિવર્તક ચલ- ખાનગી શાળા, સરકારી શાળા

**સંશોધનનો પ્રકાર-** વ્યાવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** ડીસા શહેરની ગુજરાતી માધ્યમની ખાનગી શાળાના 77 અને સરકારી શાળાના 74 પ્રાથમિક શાળાઓમા ધો-1 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઝૂમખા નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા

**ઉપકરણ** - સ્વ રચિત પૂર્વ કસોટી –ઉતર કસોટી

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-** 1. ધો-1 ના શબ્દ ભંડોળ વિકાસની સિદ્ધિના સંદર્ભમાં ખાનગી અને સરકારી શાળાના વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ વધુ અસરકારક હતો. 2.શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ અને શબ્દ ભંડોળ માપન કસોટી પરની શૈક્ષણિક સિદ્ધિ એ બે વચ્ચેના સંબંધ પર શાળાના પ્રકારની અસર થતી નથી. એટલે કે ખાનગી અને સરકારી શાળાના એમ બંને શાળાના વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ સમાન જોવા મળ્યો હતો. 3. શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ અને શબ્દ ભંડોળ માપન કસોટી પરની શૈક્ષણિક સિદ્ધિ એ બે વચ્ચેના સંબંધ પર શાળાના પ્રકારની અસર થાય છે.એટલે કે ખાનગી અને સરકારી શાળાના એમ બંને શાળાના વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ અને ધારણ વચ્ચેનો સંબંધ સમાન જોવા મળ્યો ન હતો.

**સંશોધનના ફલિતાર્થ-** 1.ધો-1 ના ખાનગી શાળાના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ વધુ અસરકારક હતો.જ્યારે ધારણના સંદર્ભમાં બંને જૂથો સમાન રીતે અસરકારક હતા. 2. ધો-1 ના સરકારી શાળાના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ વધુ અસરકારક હતો.જ્યારે ધારણના સંદર્ભમાં શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ વધુ અસરકારક જોવા મળ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો** – શબ્દ ભંડોળ, કાર્યક્રમ,

<u>26. સંશોધકનું નામ: ચૌધરી ઇશ્વરભાઇ આર.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એમ. બી. સોલંકી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વસવાટ અને અનુકૂલન એકમ માટે વર્ક કાર્ડ પદ્ધતિ અને જૂથ ચર્ચા પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of Effect Of Work Card Program And Group Discussion On Habitat And Adaptation Unit Of Science And Technology Subject Of Standard IX

**સંશોધન ક્ષેત્ર**: શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**: 1.ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વસવાટ અને અનુકૂલન એકમ માટે વિદ્યાર્થીઓની સિદ્ધિના માપન કસોટીની સંરચના અને જૂથ ચર્ચા પદ્ધતિની અસરકારકતા તપાસવી. 2.વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલિની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ:** બંને જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ; અંકુશિત ચલ- ધોરણ, વિષય, વિસ્તાર; પરિવર્તક ચલ- જાતીયતા; આંતરવરતી ચલ- વિદ્યાર્થીઓના બુદ્ધિઆંક, વ્યક્તિગત ભિન્નતા

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: બનાસકાંઠા જિલ્લાના થરાદ શહેરની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓના ધોરણ-9નાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા

**ઉપકરણ**: શિક્ષક નિર્મિત ઉત્તર કસોટી

**પૃથક્કરણની રીત**: F- કસોટી

**સંશોધનના તારણો**: ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વસવાટ અને અનુકૂલન એકમના શિક્ષણ માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભે મોજુદ ચર્ચા પદ્ધતિ કરતો વર્ક કાર્ડ પદ્ધતિ વધુ અસરકારક જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થ**: એકમની શૈક્ષણિક સિદ્ધિ તપાસવા માટે એકમ કસોટીની રચના કરવામાં આવી હતી.આ કસોટી અનાત્મલક્ષી હતી જેના દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ માપી શકાય તથા નિદાન ઉપચાર કસોટી તરીકે ઉપયોગ કરી શકાય છે, જે આ સંશોધનના ફલિતાર્થ છે.

**ચાવીરૂપ શબ્દો:** જૂથચર્ચા, વર્ક કાર્ડ પદ્ધતિ, પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ

**27. સંશોધકનું નામ**-ચૌધરી ભાવેશ. આર

**કોલેજનું નામ**- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**- ડો. એસ.આર.જોષી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધોરણ 9 ના અંગ્રેજીના CONJUCTION એકમ ઉપર વર્ક કાર્ડ સાહિત્યની સંરચના
Construction And Effectiveness Of Workcard Material On 'Conjunction Unit Of STD 9th On Academic

**સંશોધનનું ક્ષેત્ર**-માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ- 1.**ધોરણ 9 ના અંગ્રેજી વિષયના conjunction એકમ માટે વર્કકાર્ડની સંરચના કરવી. 2.ધોરણ 9 ના અંગ્રેજી વિષયના conjunction એકમ પર વિદ્યાર્થીની સિદ્ધિ કસોટીની રચના કરવી. 3.ધોરણ9 ના અંગ્રેજી વિષયના conjunction એકમ પર વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વર્કકાર્ડ સાહિત્ય વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયનની તુલના કરવી. 4.વર્કકાર્ડ સાહિત્ય પર વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા અભિપ્રાયવલિની રચના કરવી.

**સંશોધન ઉત્કલ્પના:** વર્ક કાર્ડ સાહિત્ય દ્વારા અધ્યયન કરતા વિદ્યાર્થીઓ અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન કરતાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર કક્ષા- વર્ક કાર્ડ સાહિત્ય, વ્યાખ્યાન પદ્ધતિ ; પરતંત્ર ચલ- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ; અંકુશિત ચલ- ધોરણ, વિષય, વિસ્તાર.

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- પાલનપુર શહેરની કુલ માધ્યમિક શાળાઓ અંગેની માહિતી એકત્રિત કરવી. નિયંત્રિત જૂથમાં 59 વિદ્યાર્થીઓ અને પ્રાયોગિક જૂથમાં 61 વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો.

**ઉપકરણ**-વર્કકાર્ડ સાહિત્ય દ્વારા, અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત**- કાઈ વર્ગ

**સંશોધનના તારણો- 1.**ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણમાં conjunction એકમના અધ્યાપન માટે વર્ક કાર્ડ સાહિત્ય એ વ્યાખ્યાન પદ્ધતિ કરતા વધુ અસરકારક હતું. 2.વર્ક કાર્ડ સાહિત્ય દ્વારા અધ્યાપન પામેલ જૂથ વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ જૂથ કરતા વધુ જરૂરિયાતો જોવા મળ્યું હતું.

**સંશોધનના ફલિતાર્થ- 1.**ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના conjunction એકમની વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ ઉંચી લાવવા માટે વર્ક કાર્ડ સાહિત્યનો ઉપયોગ કરવો. 2.વિષય શિક્ષક જો અધ્યયન કાર્યક્રમની રચના કરી અધ્યાપન કરાવે તો વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઊંચી લાવી શકાય.

**ચાવીરૂપશબ્દો–** -વર્ક કાર્ડ -સિદ્ધિ કસોટી

**28. સંશોધકનું નામ**- ગઢવી ઓમપ્રકાશ. એન.

**કોલેજનું નામ**- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ:-** શ્રી એમ. બી. સોલંકી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યક્રમનો તુલનાત્મક અભ્યાસ

Comparative Study Of The Syllabus Of Social Science Of Gujarati And Rajasthan State For Standard 8

**સંશોધનનું ક્ષેત્ર**- સામાજિક વિજ્ઞાન શિક્ષણ, તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1.ગુજરાત અને રાજસ્થાન રાજ્યના ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકની તુલના કરવી. 2.શિક્ષકોના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયવલિની રચના કરવી. 3.ગુજરાત અને રાજસ્થાન રાજ્યના સા.વિ.ના પુસ્તકના પાઠ્યક્રમ વિશે શિક્ષકોના અભિપ્રાય જાણવા.

**સંશોધનના પ્રશ્નો-** 1.ગુજરાત અને રાજસ્થાનના રાજ્યના ધો- 8 ના સા.વિ.ના પાઠ્યપુસ્તકના પાઠ્યક્રમમાં શું તફાવત હશે? 2.ગુજરાત અને રાજસ્થાન રાજ્યના ધોરણ 8ના સા.વિ.ના પાઠ્યપુસ્તકના પાઠ્યક્રમ વિશે શિક્ષકોના અભિપ્રાયો શું હશે?

**સંશોધનના ચલ**- ----------------

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** વ્યાપવિશ્વમાં સમગ્ર ગુજરાત અને રાજસ્થાન રાજ્યની માધ્યમિક શાળાઓ.નામુનામાં ગુજરાત રાજ્યના ધોરણ 8 ના સા.વિ.ના શિક્ષકો રાજસ્થાન રા. શિરોહી જી. પીંગવાડા તાલુકાની 10 શાળાના શિક્ષકો ગુ.રા. બ. કાં જિ. પા.તા 10 શાળાના શિક્ષકો.

**ઉપકરણ** - અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત**- સતમાન અંકશાસ્ત્રીય પદ્ધતિ

**સંશોધનના તારણો-** 1.રા.રા.ધો-8 ના સા.વિ. વિ.પા. માં એકમોની સંખ્યા ગુ. રા. ધો-8 ના સા.વિ. વિ.પા. પુ એકમોની સંખ્યા કરતા વધારે છે. 2.રા.રા.ધો-8 ના સા.વિ. વિ.પા.પુ.માં સમાજશાસ્ત્ર નો સમાવેશ કરવામાં આવ્યો છે . જ્યારે ગુજરાત રા.રા.ધો-8ના સા.વિ.વિ.પા.માં સમાજશાસ્ત્રનો સમાવેશ કરવામાં આવેલ નથી. 3.ગુ. રાજ્યના ધો 8 ના સા.વિ.

વિષયના પાઠ્યપુસ્તક કરતા રાજસ્થાન રાજ્યના ધોરણ ૮ ના સા.વિ. વિષયનું પાઠ્યપુસ્તક શૈલીની બાબતમાં ચઢિયાતું છે.

**સંશોધનના ફલિતાર્થ-** ગુજરાત તથા રાજસ્થાન રાજ્યના ધો ૮ ના સા.વિ. વિષયના પાઠ્યપુસ્તકમાં વિદ્યાર્થી અને શિક્ષકોની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો કરવો જોઈએ. તથા પાઠ્યક્રમ લાંબો ન કરતા સત્રને ધ્યાનમાં રાખી તૈયાર કરવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો –** -પાઠ્યક્રમ -પાઠ્યપુસ્તક

**29.સંશોધકનુંનામ**- ગાવિત અનિલકુમાર.ડી

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી એમ.બી. સોલંકી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

કપરાડા તાલુકાની બહુશ્રેણીય પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પડતી મુશ્કેલીઓનો અભ્યાસ
Study Of Problem Faced By Multi Classes Primary Teachers Of Kaprada Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1.બહુશ્રેણીય શાળાના શિક્ષકોની સમસ્યાઓ જાણવી. 2.બહુશ્રેણીય શાળાના શિક્ષકોની શીખવવાના સંદર્ભે સમસ્યાઓ જાણવી. 3.બહુશ્રેણીય શાળાના શિક્ષકોની આર્થિક સમસ્યાઓ જાણવી. 4.બહુશ્રેણીય શાળાના શિક્ષકોની પરીક્ષણ બાબતે સમસ્યાઓ જાણવી. 5.બહુશ્રેણીય શાળાના શિક્ષકોની શિસ્તના અમલીકરણ બાબતે સમસ્યાઓ જાણવી.

**સંશોધનના પ્રશ્નો**- 1.બહુશ્રેણીય શાળાના શિક્ષકોની સમસ્યાઓ શું હશે? 2.બહુશ્રેણીય શાળાના શિક્ષકોની શીખવવાના સંદર્ભે સમસ્યાઓ શું હશે? 3.બહુશ્રેણીય શાળાના શિક્ષકોની આર્થિક સમસ્યાઓ શું હશે? 4.બહુશ્રેણીય શાળાના શિક્ષકોની પરીક્ષણ બાબતે સમસ્યાઓ શું હશે?

**સંશોધનના ચલ**- --------------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો** - વલસાડ જિલ્લામાં 1087 પ્રાથમિક શાળાઓ પૈકી કપરાડા તાલુકાની 262 પ્રાથમિક શાળાઓમાંથી બહુશ્રેણી ધરાવતી શાળાઓમાં યાદચ્છિક નમૂના પદ્ધતિને આધારે અ-15, બ -15, ક-15, ડ -15, મળીને કુલ 60 શાળાઓની પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ-** પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત-** સતમાન અંકશાસ્ત્રીય પદ્ધતિ

**સંશોધનના તારણો-** 1.શિક્ષકોના અનુભવ અંગેના તારણો. 2.નમુનાની શાળાઓ પૈકી 100% શાળાઓ પાસે પાકા મકાન જોવા મળેલા હતા. 3.નમૂનાની 63.33% શાળાઓ ક્રીડાંગણ ધરાવતી હતી બાકીની નહીં. 4.છોકરાઓ છોકરીઓ માટે અલગ શૌચાલયનો અભાવ હતો. 5.શાળાની ભૌતિક સગવડોનો અભાવ હતો.

**સંશોધનના ફલિતાર્થ-** બહુશ્રેણીય અભિગમથી ચાલતી શાળાઓમાં શિક્ષકોને અધ્યાપન કરાવતા મુશ્કેલીઓ સર્જાય છે. તેથી શાળામાં શિક્ષકોની નિમણૂક કરવી જોઈએ તેમને શાળામાં તમામ શૈક્ષણિક સાધનો પૂરા પાડવા જોઈએ. શિક્ષકોને શિક્ષણકાર્ય સિવાયની કામગીરી ના સોપવી જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**--કપરાડા તાલુકો, -પ્રાથમિક શાળા, -બહુશ્રેણીય અભિગમ

**30.સંશોધનનું નામ**: ગાંવિત ગીરીશકુમાર વી.

**કોલેજનું નામ–** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એમ. બી. સોલંકી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ

The Study Of Problems Of The Primary Teachers Trainees Of The Valsad District

**સંશોધનનું ક્ષેત્ર**- શિક્ષક પ્રશિક્ષણ

**સંશોધનના હેતુઓ** – 1. પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની વ્યક્તિગત સમસ્યાઓનો અભ્યાસ 2. પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની આર્થિક સમસ્યાઓનો અભ્યાસ 3 પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની પરિવારને લગતી સમસ્યાઓનો અભ્યાસ

**સંશોધનના પ્રશ્નો**: 1.વલસાડ જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની વ્યક્તિગત સમસ્યાઓ શું હશે? 2. વલસાડ જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની રહેઠાણની અને સામાજિક સમસ્યાઓ શું હશે?

**સંશોધન ચલ** – ---------------------------------

**સંશોધનના પ્રકારો**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજ્યમાંથી વલસાડ જિલ્લાની શાળાઓને આકસ્મિક નમુના પસંદગીની રીતે ત્રણ ત્રણ પ્રાથમિક અધ્યાપન મંદિરોની પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ**: સ્વરચિત પ્રશ્નાવલી

**પૃથક્કરણ રીત** – સાદી ટકાવારી

**સંશોધનના તારણો**: 1.અધ્યાપન મંદિરના પ્રશિક્ષણની સૌથી વધુ મુંઝવતી રહેઠાણને લગતી સમસ્યાઓ 2.તાલીમ દરમિયાન હોસ્ટેલમાં રહેવું પડે છે 3.તેવું લગભગ ૮૦ ટકા પ્રશિક્ષણાર્થીઓ માને છે 4.પ્રાથમિક અધ્યાપન મંદિરના 1.81 ટકા પ્રશિક્ષણાર્થીઓ પાસે રહેવા માટે મકાન નથી

**સંશોધનના ફલિતાર્થ**: પ્રશિક્ષણાર્થીઓના મકાન તાલીમી કોલેજથી દૂર હોવાથી તેઓને હોસ્ટેલમાં રહેવું પડેછે તાલીમી કોલેજમાં શિક્ષકો દ્વારા પ્રશિક્ષણાર્થીઓને યોગ્ય સહકાર આપવો જોઈએ અને જરૂર પડયે પ્રશિક્ષણાર્થીઓને ઉત્સાહ વધે તેમ માર્ગદર્શન આપવું જોઈએ.

**ચાવીરૂપશબ્દો**: પ્રાથમિક અધ્યાપન મંદિર , પ્રશિક્ષણાર્થી

**31.સંશોધકનું નામ**: જુડાલ મંજુલા જે.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજયુકેશન,પાલનપુર

**ગાઈડનું નામ**: શ્રી એમ. બી. સોલંકી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ક્વિઝ કાર્યક્રમની સામાજિક વિજ્ઞાન વિષયની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા

Effectiveness Of Quiz Programme On Academic Achievement In Social Science

**સંશોધન ક્ષેત્ર**: શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ**: 1.ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન વિષય પરની શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવી. 2. ધોરણ 8 ના સામાજિક વિષયના પસંદિત એકમના અધ્યાપન માટે ક્વિઝ કાર્યક્રમની સંરચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: 1. ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન વિષયના પસંદિત એકમો માટે ક્વિઝ કાર્યક્રમનો અમલ કરેલ અને કાર્યક્રમનો અમલ ન કરેલ કન્યાઓની સામાજિક વિજ્ઞાન વિષયની ઉત્તર કસોટીના પ્રાપ્તાંકની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2. ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન વિષયના પસંદિત એકમો માટે ક્વિઝ કાર્યક્રમનો અમલ કરેલા કુમારો અને કાર્યક્રમનો અમલ ન કરેલા કુમારોની સામાજિક વિજ્ઞાન ઉત્તર કસોટીના પ્રાપ્તાંકની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ- ક્વિઝ કાર્યક્રમ; પરતંત્ર ચલ- સામાજિક વિજ્ઞાન ઉત્તર કસોટી; અંકુશિત ચલ- શૈક્ષણિક કક્ષા, એકમ; પરિવર્તક ચલ- કુમાર, કન્યાઓ, આંતરવર્તી ચલ- પ્રયોગોનું નાવીન્ય

**સંશોધનનો પ્રકાર**: વ્યાવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં ધોરણ આઠ માં વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાથી ગુજરાતી માધ્યમની બે માધ્યમિક શાળાઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવી.

**પૃથક્કરણની રીત**: ટી- કસોટી

**ઉપકરણ**: સ્વરચિત ઉત્તર કસોટી

**સંશોધનના તારણો**: કન્યાઓમાં ક્વિઝ કાર્યક્રમનો અમલ કરવાથી તેમની સામાજિક વિજ્ઞાન વિષયમાં શૈક્ષણિક સિદ્ધિ ઊંચી જોવા મળી હતી. કુમારોમાં ક્વિઝ કાર્યક્રમનો અમલ કરવાથી સામાજિક વિજ્ઞાન વિષયમાં શૈક્ષણિક સિદ્ધિ ઊંચી જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થ**: વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા નાવીન્યતા ધરાવતો કોઈ ક્વિઝ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડે તે પ્રકારનું આયોજન કરવું જોઈએ. પાઠ્યપુસ્તકના જટિલ રજૂઆત ધરાવતા એકમો માટે ક્વિઝ કાર્યક્રમ તૈયાર કરી તેનો વર્ગ શિક્ષણમાં ઉપયોગ કરી શકાય.

**ચાવીરૂપ શબ્દો**: સામાજિક વિજ્ઞાન,શૈક્ષણિક સિદ્ધિ, ક્વિઝ

<u>32 **સંશોધકનું નામ** :-મોદી ચૈતાલી જી</u>

**કોલેજનું નામ**:- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**ગાઇડનું નામ**:- - ડો. એસ.આર.જોષી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધો-9 ના અંગ્રેજી વિષયના Active-Passive એકમ માટે નિદાન ઉપચાર કાર્યક્રમની અસરકારકતા

Effectiveness Of Diagnostic,Remedial Programme On The Unit Purssive In English For Std -9 Students

**સંશોધનનું ક્ષેત્ર** :-માધ્યમિક શિક્ષણ, શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, અંગ્રેજી શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:- 1.ધો-9ના Active passive એકમ માટે નિદાન કસોટીની રચના કરવી 2.નિદાન કસોટી દ્વારા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિધાથીઓની કચાશ જાણવી 3. ધો-9 ના Active-passive એકમમાં કચાશ દૂર કરવા માટે ઉપચાર રચના કરવી 4. ધો-9 ના Active passive એકમમાં કચાશ દૂર કરવા માટે ઉપચાર કાર્યક્રમનું અમલી કરણ.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:-1.ધો-9 ના Active-passive એકમ માટે નિદાન કસોટી અને પુનઃ નિદાન કસોટીમાં શહેરી માધ્યમિક શાળાના વિધાથીઓએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. 2.ધો-9ના Active-

passive એકમ માટે નિદાન કસોટી અને પુનઃ નિદાન કસોટીમાં ગ્રામ્ય માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

**સંશોધનના ચલ**:- સ્વતંત્ર ચલ- ઉપચાર કાર્યક્રમ પરતંત્ર ચલ- શૈક્ષણિક સ્થિતિ અંકુશિત ચલ- ધોરણ, વિસ્તાર, વિષયવસ્તુ

**સંશોધનનો પ્રકાર**:- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**:- પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં ધો-૭ માં અભ્યાસ કરતાં અંગ્રેજી વિષયના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- પ્રારંભિક નિદાનાત્મક કસોટી

**પૃથક્કરણની રીત**:- ટી- કસોટી

**સંશોધનના તારણો**:- 1. નિદાનાત્મક કસોટીના મોટાભાગના પ્રશ્નપત્રોમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સમજ 2. ઉપચારાત્મક કાર્યને પરિણામે પુનઃનિદાત્મક કસોટી દરમિયાન ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ઉપચારલક્ષી શિક્ષણની વ્યાપક હકારાત્મક અસર જોવા મળે છે 3.ગ્રામ્ય વિસ્તારમાં નિદાન કસોટીની સરાસરી 49.50 ઉપચાર 67.05 જે કાર્યક્રમની અસરકારક્તા સૂચવે છે 4.શહેરી વિસ્તારમાં નિદાન કસોટી સરાસરી 56.60 હતી જે ઉપચાર કાર્યક્રમ આવ્યા બાદ 77 જોવા મળી.

**સંશોધન ફલિતાર્થ**:- નિર્દેશમાં ઓછા વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવે તો શૈક્ષણિક કાર્ય સારી રીતે અસરકારક કરી શકાય નિદાનાત્મક કસોટીઓના ગુણાંકો વિદ્યાર્થીઓને તાત્કાલિક જાણવા જોઈએ જેથી વિદ્યાર્થી અભ્યાસ પ્રક્રિયામાં અભિપ્રેરિત થાય

**ચાવીરૂપ શબ્દો**: અંગ્રેજી, નિદાન કસોટી

33.સંશોધકનું નામ- નાઈ મનીષાબેન આર.

**કોલેજનું નામ**:- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:- - ડો. એસ.આર.જોષી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

પપેટ કાર્યક્રમની સિદ્ધિ પર અસરકારકતા

Effectiveness Of Puppet Programme On Achievement

**સંશોધનનું ક્ષેત્ર**:-પ્રાથમિક શિક્ષણ

**સંશોધન હેતુ** :- 1.ધો- 3 ના વિદ્યાર્થીઓ માટે પ્રાપ્ત બાળવાર્તાઓ પરથી બાળ નાટકોની સરચના કરવી. 2.પપેટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના અભિપ્રાયો મેળવવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:- પપેટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓના શિક્ષક રચિત સિદ્ધિ કસોટી પર મેળવેલા શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ-અધ્યાપન પદ્ધતિ; પરતંત્ર ચલ-શૈક્ષણિક સિદ્ધિ ધારણ ; નિયંત્રિત ચલ-ધોરણ 3, વિસ્તાર શહેરી વિસ્તાર ; આંતરવર્તી ચલ-વલણ,રુચિ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં ધો-3 માં વર્ષ 2009-10 દરમ્યાન અભ્યાસ કરતા શ્રી કે. બી.કર્ણાવત પ્રાથમિક શાળા પાલનપુરના કુલ 80 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ**- શિક્ષક રચિત સિદ્ધિ કસોટી,અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત–** વિચરણ પૃથક્કરણ, f-મૂલ્ય

**સંશોધનના તારણો- 1.** વ્યાખ્યાન પદ્ધતિ કરતા પપેટ કાર્યક્રમ ધોરણ-3 ના બાળકની શૈક્ષણિક સંદર્ભમાં વધુ અસરકારક રહ્યો હતો. 2. વ્યાખ્યાન પદ્ધતિ અને પપેટ કાર્યક્રમ ધોરણ-3 ના બાળકોના ધોરણનાં સંદર્ભમાં સમાન અસરકારક હતા.

**સંશોધનના ફલિતાર્થ**: વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને ગુજરાત રાજ્ય શિક્ષણ ખાતાએ જુદાજુદા ધોરણના વિષયવસ્તુ માટે બાલ નાટકોના તજજ્ઞો પાસે બાળ નાટકો તૈયાર કરવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો** :પપેટકાર્યક્રમ, પરંપરાગતપદ્ધતિ ,શૈક્ષણિકસિદ્ધિ

<u>**34. સંશોધકનું નામ**-પરમાર ઉપેન્દ્રભાઈ ડી.</u>

**કોલેજનું નામ**- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**- ડો. એસ.આર.જોષી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધો- 8 ના સપ્લીમેન્ટરી રીડર બટરફ્લાય પુસ્તક અંગે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

A Study The Opinion Of The Student And Teacher About STD -8 Supplementary Reader Book 'Butterfly

**સંશોધનનું ક્ષેત્ર**-શિક્ષણ પ્રબંધ

**સંશોધનના હેતુઓ-** 1.સપ્લીમેન્ટરી રીડર 'બટરફ્લાય' પુસ્તક અંગે અર્થગ્રહણ શક્તિ અને શબ્દ ભંડોળ સમૃદ્ધ કરવાના સંદર્ભમાં શાળાના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે ક્રમમાપદંડની રચના કરવી. 2.સપ્લીમેન્ટરી રીડર 'બટરફ્લાય' પુસ્તક અંગે અર્થગ્રહણ શક્તિ અને શબ્દ ભંડોળ સમૃદ્ધ કરવાના સંદર્ભમાં શાળાના શિક્ષકોના અભિપ્રાયો જાણવા. 3. સપ્લીમેન્ટરી રીડર 'બટરફ્લાય' પુસ્તક અંગે અર્થગ્રહણ શક્તિ અને શબ્દ ભંડોળ સમૃદ્ધ કરવાના સંદર્ભમાં ક્રમમાપદંડના આધારે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા. 4. અર્થગ્રહણ શક્તિ અને શબ્દ ભંડોળ સમૃદ્ધ કરવાના સંદર્ભમાં ક્રમમાપદંડના આધારે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

**સંશોધનના પ્રશ્નો-** 1.શું 'બટરફ્લાય' પુસ્તક વિદ્યાર્થીઓને વધુ પ્રેક્ટીકસવર્ક માટે ઉપયોગી બની શકશે? 2.શું 'બટરફ્લાય' પુસ્તક વિદ્યાર્થીઓને હોમવર્ક માટે ઉપયોગી બની શકશે? 3.શું 'બટરફ્લાય' પુસ્તક વિદ્યાર્થીઓને પૂરક વચન માટે ઉપયોગી બની શકશે? 4.શું 'બટરફ્લાય' પુસ્તક વિદ્યાર્થીઓને સ્પીકિંગ કૌશલ્ય માટે ઉપયોગી બની શકશે? 5.શું' બટરફ્લાય' પુસ્તક દ્વારા વિદ્યાર્થીઓને ચિત્રો ઉપરથી વાર્તાનો અર્થગ્રહણ કરી શકશે?

**સંશોધનના ચલ----------------**

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**-બનાસકાંઠા જિલ્લાની વડગામ તાલુકા અને પાલનપુર શહેરની માધ્યમિક શાળામાં વર્ષ 2009-10 દરમિયાન ધોરણ નવમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને અંગ્રેજી ભણાવતા શિક્ષકો બંને છે. નમુનો :-100 શાળામાંથી 400 વિદ્યાર્થીઓ અને માધ્યમિક શાળામાં અંગ્રેજી વિષય ભણાવતા 75 શિક્ષકોની પસંદગી નમૂના માટે કરવામાં આવી.

**ઉપકરણ-** ક્રમમાપદંડ

**પૃથક્કરણની રીત-** કાઈ- વર્ગ

**સંશોધનના તારણો- 1.**આ પુસ્તકના અભ્યાસથી વિદ્યાર્થીઓના શબ્દભંડોળ શક્તિમાં વધારો થાય છે.2. આ પુસ્તકના અભ્યાસથી વિદ્યાર્થીઓની અર્થગ્રહણ શક્તિમાં વધારો થાય છે.3. વિદ્યાર્થીઓને વિષયવસ્તુને વાંચવામાં સાતત્ય જળવાય છે.4. પાઠ્યપુસ્તકના ચિત્રો ઉપરથી વાર્તાનો અર્થગ્રહણ કરી શકાય છે. 5.વર્ગમાં મુખ વાંચન માટે આ પાઠ્યપુસ્તકનું અસરકારક ઉપયોગ કરી શકાય છે.

**સંશોધનના ફલિતાર્થ-** પ્રસ્તુત અભ્યાસમાં ક્રમમાપદંડની મદદથી ધોરણ 8 સપ્લીમેન્ટરી રીડર 'બટરફ્લાય' પુસ્તક અંગે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયો મેળવવા આવ્યા હતા. આમ ક્રમમાપદંડની મદદથી કોઈપણ ધોરણના પાઠ્યપુસ્તક વિશેના વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો તથા વાલીઓના અભિપ્રાયો મેળવી શકાય છે. પ્રવર્તમાન સમયમાં માધ્યમિક શિક્ષણનું સ્તર ઉપર લાવવા ઘણા પ્રયત્નો ચાલી રહ્યાં છે તેમાં પાઠ્યપુસ્તકો પણ મહત્વનું સ્થાન ધરાવે છે. પાઠ્યપુસ્તકો પણ પ્રવૃત્તિમય અને આનંદદાયક શિક્ષણ આપે તેવો હોવા જોઈએ આના સંદર્ભમાં સંશોધકે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા જૂન 2008 થી અજમાયશી ધોરણે ધોરણ 8માં મુખ્ય પાઠ્યપુસ્તકની સાથે સપ્લીમેન્ટરી રીડર 'બટરફ્લાય' અજમાવવા આવ્યું

**ચાવીરૂપ શબ્દો–** -બટરફ્લાય, અભિપ્રાયો, સપ્લીમેન્ટરી રીડર

<u>35. **સંશોધકનું નામ**: પટેલ હિના પી.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એમ. બી. સોલંકી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધો-9 ના સંસ્કૃત વિષયના પાઠ્યક્રમ આધારિત પ્રશ્ન બેંક સંરચના

Construction Of Question Bank Based On Syllabus Of Sanskrit Subject Of Std. 9

**સંશોધન ક્ષેત્ર**: શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુ**:1. પ્રશ્ન બેંકની સંરચના કરવી 2.પ્રશ્ન બેંકની અંતર્ગત વિસ્તૃત જવાબી અનાત્મલક્ષી પ્રશ્નોની રચના કરવી 3.પ્રકરણના આધારે પ્રશ્નોની યોગ્યતા ચકાસવી 4.વિકર્ષક અસરકારતા અંકના આધારે પ્રશ્નોની યોગ્યતા ચકાસવી 5. પ્રશ્નબેંક અંગેના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલિની રચના કરવી

**અભ્યાસ પ્રશ્નો** : 1. ધોરણ નવના સંસ્કૃત વિષયના પાઠ્યક્રમ આધારિત વિસ્તૃત પ્રકારના પ્રશ્નોની યોગ્યતા શું હશે? 2.ધોરણ નવના સંસ્કૃત વિષયના કાર્યક્રમ આધારિત લઘુ જવાબી પ્રશ્નોની યોગ્યતા શું હશે? 3.ધોરણ નવના સંસ્કૃત વિષયના અભ્યાસક્રમ આધારિત અનાત્મલક્ષી પ્રશ્નોની વિકર્ષક અસરકારતા શું હશે? 4. વિષય શિક્ષકોની પ્રશ્નબેંક વિશે અભીપ્રાયો શું હશે?

**સંશોધનના ચલ**: ------------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**:વર્ષ 2009-10 માં માધ્યમિક શાળાના ધો-9 માં અભ્યાસ કરતા કુમાર અને કન્યાઓ ઝુમખા નમુના પદ્ધતિ વડે 370 વિદ્યાર્થીઓ પસંદ કર્યા હતા.

**ઉપકરણ**: પ્રશ્નબેંક

**પૃથક્કરણની રીત**: વિષયવસ્તુ પૃથક્કરણ

**સંશોધનના તારણો**: 1. પ્રસ્તુત સંશોધનમાં કુલ 338 પ્રશ્નોની રચના થઈ હતી તેમાંથી 308 પ્રશ્નો યોગ્ય નિવડ્યા હતા. 2.ભાવનગર યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત વિદ્યાપીઠ અને ગુજરાત યુનિવર્સિટીના એમ.એડ્ ના અભ્યાસના

ભાગરૂપે 12 પ્રશ્ન સંચયિકાની રચના થઈ હતી તેમાં વસ્તુલક્ષી અને અનાત્મલક્ષી પ્રકારના કુલ 3006 પ્રશ્નો હતા, તેમાંથી 2007 પ્રશ્નો યોગ્ય હતા.

**સંશોધનના ફલિતાર્થ**:પ્રસ્તુત સંશોધનમાં રચેલ પ્રશ્નબેંક ની સંરચના એ આધુનિક સમયમાં વિશેષ મહત્ત્વ દર્શાવે છે, તેનાથી અધ્યાપકની તેના વિષયમાં કાબેલિયત વધે છે પ્રશ્નબેંક દ્વારા અધ્યયન એ આધુનિક સમયમાં અધ્યયનની નવી તરાહ છે. શિક્ષણ અને પરીક્ષણ ના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. શિક્ષણના સલાહકારોને શિક્ષણ સુધારણા માટે ઉપયોગી બનશે વિદ્યાર્થીઓ પરીક્ષામાં પુછાતા પ્રશ્નોની જાણકારી મેળવી શકશે。 શિક્ષક પોતાની શિક્ષણ પદ્ધતિનું મૂલ્યાંકન કરવા માટે પણ પ્રશ્નબેંકનો ઉપયોગ કરી શકશે.

**ચાવીરૂપ શબ્દો**: પ્રશ્નબેંક, સંરચના, વિકર્ષક

**36.સંશોધકનું નામ –**પટેલ વર્ષાબેન એ.

**કોલેજનું નામ –** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** શ્રી એમ. બી. સોલંકી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધોરણ-9 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના એકમ"મનુષ્યનારોગો" પર અભિક્રમની રચના અને તેની અસરકારકતા તપાસવી

Construction Of Programme Learning Material On "HUMAN DIESES"Unit Of Science And Technology For Unit Of Science And Technology For Std-9

**સંશોધનનું ક્ષેત્ર**: શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**: 1.ધોરણ-9ના વિજ્ઞાન અને ટેકનોલોજીના એકમ મનુષ્યનારોગો ઉપર રેખિક અભિક્રમિત અધ્યયન સાહિત્યની રચના કરવી. 2.મનુષ્યના રોગો એકમ આધારિત શિક્ષક નિર્મિત સિદ્ધિ કસોટીની રચના કરવી. 3.શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓના અભિક્રમિત અધ્યયન અને વ્યાખ્યાન પદ્ધતિની શૈક્ષણિક સિદ્ધિ અને ધારણાના સંદર્ભમાં તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:**1.**પ્રસ્તુત અભ્યાસમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય 2..પ્રસ્તુત અભ્યાસમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓને ધારણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય 3.પ્રસ્તુત અભ્યાસમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય 4.પ્રસ્તુત અભ્યાસમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની ધારણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ** : સ્વતંત્ર ચલ-અભિક્રમિત અધ્યયન પ્રાપ્તિ અને વ્યાખ્યાનપદ્ધતિ; પરતંત્ર ચલ-સિદ્ધિ આંક ધારણ આંક નિયંત્રિત ચલ-ધોરણ,વિષય,વિષયાંગ

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમિક શાળામાં ધોરણ નવમાં વર્ષ 2009-10 દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ. નમુનો- સહેતુક નમુના પસંદગીથી પાલનપુર તાલુકાની એક ગ્રામ્ય અને એક શહેરી શાળા.

**પૃથક્કરણની રીત**: સહવિચરણ પૃથક્કરણ પદ્ધતિ

**સંશોધનના તારણો**-ધોરણ નવના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના મનુષ્યના રોગો એકમની શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભિક્રમિત અધ્યયન વધુ અસરકારક રહ્યું હતું, જ્યારે ધારણના સંદર્ભમાં બંને

પદ્ધતિ સમાન અસરકારક રહી હતી ધોરણ નવના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના મનુષ્યના રોગો એકમની ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિ અને ધોરણના સંદર્ભમાં અભિક્રમિત અધ્યયન અત્યંત વધુ અસરકારક રહ્યું હતું.
**સંશોધનના ફલિતાર્થ**: - વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં ઊંચી શૈક્ષણિક સિદ્ધિ લાવવા માટે અભિક્રમિત અધ્યયનનો ઉપયોગ કરવો જોઈએ. શિક્ષકોએ વિવિધ અકમો પર અભિક્રમો બનાવી તેના દ્વારા અધ્યાપન કરાવવું જોઈએ.
**ચાવીરૂપ શબ્દો**- અભિક્રમિત અધ્યયન, શૈક્ષણિક ટેકનોલોજી

**37. સંશોધકનું નામ**: પ્રજાપતિ હસમુખ બી
**કોલેજ**: શ્રી બી. કે. પી. એસ. એમ. પોસ્ટ ગ્રેજ્યુએશન કોલેજ ઓફ એજ્યુકેશન, પાલનપુર
**માર્ગદર્શકનું નામ**: ડો. એસ. આર. જોષી
**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.
**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**
રાજમણી વિદ્યાલય સણાલીનો સંસ્થાકીય વ્યક્તિ અભ્યાસ
Institutional Case Study Of The Rajmani Vidyalaya, Sanali

**સંશોધનનું ક્ષેત્ર**: વ્યક્તિ અભ્યાસ, શિક્ષણનું સંગઠન, વહીવટ અને સંચાલન
**સંશોધનના હેતુઓ**:1. રાજમણી વિદ્યાલય સણાલી સંસ્થાનો ઉદભવ અંગેની વિગતો અને વિકાસની તરાહ જાણવી. 2. રાજમણી વિદ્યાલય સણાલીના ટ્રસ્ટી મંડળ અને સંસ્થાપક વિશેનું અભ્યાસ કરવો. 3.રાજમણી વિદ્યાલય સણાલીમાં કેટલા ધોરણો કેટલા વર્ગ કેટલા શિક્ષકો વિદ્યાર્થીઓની સંખ્યા છાત્રનિવાસ અંગેની માહિતી મેળવવી.4.રાજમણી વિદ્યાલય સણાલીમાં સહ અભ્યાસિક પ્રવૃત્તિ તરીકે સંચાલન, સીવણ કામ, ખેતી વિકાસ,સાહિત્ય વગેરે પ્રવૃત્તિનો અભ્યાસ કરવો. 5.રાજમણી વિદ્યાલય સણાલીમાં વરસદીઠ શૈક્ષણિક પરિણામોની વિગતો જાણવી તેમજ ભૌતિક સંપ્રદાય સામાજિક પ્રવૃત્તિઓ અંગેની વિગતો જાણવી
**સંશોધનના પ્રશ્નો**: 1. રાજમણી વિદ્યાલય સણાલીનો ઉદભવ અને વિકાસ કેવો હશે? 2. રાજમણી વિદ્યાલય સણાલીમાં કુલ કેટલા ધોરણો, વર્ગની સંખ્યા, શિક્ષકોની સંખ્યા, વિદ્યાર્થીની સંખ્યા, છાત્રાલયમાં નિવાસ કરતા છોકરા- છોકરીઓ શિક્ષકોની સંખ્યા કેટલી હશે? 3. રાજમણી વિદ્યાલય સણાલીમાં કઈ કઈ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે? 4. રાજમણી વિદ્યાલયના વર્ષ દીઠ પરિણામો કેવા હશે? 5. રાજમણી વિદ્યાલયની ભૌતિક સુવિધાઓ સંચાલકીય માળખું સામાજિક પ્રવૃત્તિઓ કેવી હશે? 6. રાજમણી વિદ્યાલય ની મુલાકાત કયા મહાનુભવો એ લીધી હશે
**સંશોધનના ચલો**------------------
**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન
**સંશોધનની પદ્ધતિ**: વ્યક્તિ અભ્યાસ
**વ્યાપવિશ્વ અને નમુનો**: વ્યાવિશ્વ અને નમુનામાં રાજમણી વિદ્યાલય સણાલી
**ઉપકરણ**: પ્રશ્નાવલી, પ્રત્યક્ષ મુલાકાત અને દસ્તાવેજો
**પૃથક્કરણની રીત**: ગુણાત્મક પૃથક્કરણ
**સંશોધનના તારણો**- 1. બનાસકાંઠાના અતિ પછાત ગણાતા દાંતા તાલુકામાં રાજમણી વિદ્યાલય સ્થાપીને શિક્ષણનું કામ કરવાનું સૌપ્રથમ વિચાર શ્રી અકબરભાઈ ચાવડાને આવ્યો હતો 2. બનાસકાંઠા જિલ્લાના પછાત તાલુકાઓમાં સર્વોદય આશ્રમ ટ્રસ્ટ સંચાલિત સંસ્થા દ્વારા સામાજિક આર્થિક શૈક્ષણિક વ્યવસાયિક સાંસ્કૃતિક ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી છે એની સ્પષ્ટ અસર જોઈ શકાતી હતી 3. સૌ પ્રથમ ઈસવીસન 1967 માં દાંતા તાલુકાના સણાલી ગામે રાજમણી વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી હતી 4. સંસ્થાનો ઉદ્દેશ ચારિત્ર ઘડતર, સફાઈ, વ્યસન મુક્તિ, શ્રમ દ્વારા શિક્ષણ ચરિતાર્થ કરવાનું હતું 5. કેળવણી લોકાભી મુખ હોવી જોઈએ. વિદ્યાર્થીઓનું સર્વાંગી સંપૂર્ણ વિકાસ થાય તે માટે દરેક

સંસ્થાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમજ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ થાય છે 6. બહારથી આવતા વિદ્યાર્થીઓની રહેવા માટે રાજમણી વિદ્યાલયમાં એમ રાજમણી વિદ્યાલયના કેમ્પસમાં છાત્રાલયની સુવિધા છે 7. સંસ્થામાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક ચીજ વસ્તુઓ મળી રહે તે માટે પ્રમાણિક સ્ટોરની સુવિધા ઉપલબ્ધ છે

**સંશોધનના ફલિતાર્થ**: 1. વ્યક્તિ અભ્યાસથી સંસ્થાકીય સિદ્ધિ માટે યોગ્ય પગલાં લઈ શકાય 2. સંસ્થામાં મહત્વની યોગદાન આપનાર વ્યક્તિઓની સન્માનિત કરવા જોઈએ 3. સંસ્થાના વિદ્યાર્થીઓની સમસ્યાઓને જાણીને માર્ગદર્શન આપવું જોઈએ ટ્રસ્ટ દ્વારા ચાલતી સંસ્થાઓનો અભ્યાસ કરી તેમને પડતી મુશ્કેલીઓ દૂર કરી શકાય 4. સંસ્થાઓનું શૈક્ષણિક પ્રદાન જાણીને યોગ્ય નવા ક્ષેત્રોની પ્રગતિ કરવા માટે ભલામણો કરી શકાય 5. સંસ્થામાં પ્રથમ નંબર લાવનાર વિદ્યાર્થીઓને ઇનામ આપી સન્માનિત કરી શકાય

**ચાવીરૂપ શબ્દો**- વ્યક્તિ અભ્યાસ

**38.સંશોધકનું નામ**- પ્રજાપતિ મનિષાબેન બી.

**કોલેજનું નામ**- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. એસ. આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધોરણ -9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વર્ગીકરણ એકમ પર બહુમાધ્યમ સંપુટની શૈક્ષણિક સિદ્ધિ અને અધ્યયન રસ પર અસરકારકતા.

Effectiveness Of Multimedia Program In Academic Achievement And Learning Interest On 'Taxonomy Unit Of Science & Technology Subject Of Std -9

**સંશોધનનું ક્ષેત્ર**- વિજ્ઞાન શિક્ષણ, માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ**- 1.ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વર્ગીકરણ એકમ પર બહુમાધ્યમ સંપુટની રચના કરવી. 2.ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વર્ગીકરણ એકમ પર બહુમાધ્યમ સંપુટની વિજ્ઞાન શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા તપાસવી એકમ કસોટની રચના કરવી. 3.ધોરણ9ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વર્ગીકરણ એકમ પર બહુમાધ્યમ સંપુટ અને વ્યાખ્યાન પદ્ધતિની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા તપાસવી.

**સંશોધનના ઉત્કલ્પના** - 1.ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વર્ગીકરણ એકમ પર બહુમાધ્યમ સંપુટથી અધ્યયન પામેલા અને વ્યાખ્યાન પદ્ધતિથી અધ્યયન પામેલા વિદ્યાર્થીઓના સિદ્ધિ કસોટી દ્વારા મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.ધોરણ 9ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વર્ગીકરણ એકમ પરના બહુમાધ્યમ સંપુટથી અધ્યયન પામેલા વિદ્યાર્થીઓની રસ સંશોધની દ્વારા મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**- સ્વતંત્ર ચલ:- શૈક્ષણિક પદ્ધતિ, પરતંત્ર ચલ :-વિજ્ઞાન અને અધ્યયન રસ, શૈક્ષણિક સિદ્ધિ અંતરવર્તી ચલ :- પ્રયોગોનું નાવીન્ય, અંકુશિત ચલ:- વિષયવસ્તુ વિસ્તાર

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**-બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ-9 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ અને નમૂના માટે 100 પાત્રોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ**- અધ્યયન રસ સંશોધિની, સ્વ રચિત એકમ કસોટી

**પૃથક્કરણની રીત**- ટી-કસોટી

**સંશોધનના તારણો-** 1.ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વર્ગીકરણ એકમ માટે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સમાન અસર હતી. 2.બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમના અમલ કરેલ જૂથના વિદ્યાર્થીઓના વિજ્ઞાન અધ્યયનમાં રસ ઊંચો જોવા મળ્યો હતો.

**સંશોધનના ફલિતાર્થ-** પ્રસ્તુત સંશોધનમાં વિજ્ઞાન વિષયના શિક્ષકો જો 'બહુમાધ્યમ સંપુટ'નો ઉપયોગ કરી વિવિધ એકમોનો અધ્યાપન કાર્ય કરવામાં આવે તો વિદ્યાર્થીના અધ્યયન રસમાં વધારો કરી શકાય છે. તથા વિવિધ વિષય એકમોનો અધ્યાપન માટે બહુમાધ્યમ કાર્યક્રમના ઉપયોગ દ્વારા અધ્યયન રસ અને શૈક્ષણિક સિદ્ધિમાં અર્થસૂચક ફેરફાર લાવી શકાય છે.

**ચાવીરૂપ શબ્દો–** બહુમાધ્યમ સંપુટ, શૈક્ષણિક સિદ્ધિ, અધ્યયન રસ

**39. સંશોધકનું નામ-** રાવલ કમલેશકુમાર કે.

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. પી.ડી. ગોરડીયા

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

ધો-11 ના ભૌતિકવિજ્ઞાન વિષયના "ગતિના નિયમો" પર બૌધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમની સંરચના અને તેની શૈક્ષણિક સિદ્ધિ અને ધારણ પરની અસરકારકતા

Construction And Effectiveness On Educational Achievement And Retention Of A Cognitive Development Model Programme For The Unit Law Of Motion In Std-11 Physics Subject

**સંશોધનનું ક્ષેત્ર-** શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-** 1.ધો-11 ના ભૌતિકવિજ્ઞાન વિષયમાં "ગતિના નિયમો" એકમ પર બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમની અને એકમ સિદ્ધિ કસોટીની રચના કરવી. 2.ગ્રામ્ય વિસ્તારના વિધાર્થીઓમાં બોધાત્મક વિકાસ પ્રતિમાન અને પ્રણાલીગત પદ્ધતિની "ગતિના નિયમો" એકમની શૈક્ષણિક સિદ્ધિના અને એકમની ધારણના સંદર્ભમાં તુલના કરવી. 3.શહેરી વિસ્તારના વિધાર્થીઓમાં બોધાત્મક વિકાસ પ્રતિમાન અને પ્રણાલીગત પદ્ધતિની "ગતિના નિયમો" એકમની શૈક્ષણિક સિદ્ધિના અને એકમની ધારણના સંદર્ભમાં તુલના કરવી.4.અધ્યાપન પદ્ધતિ અને "ગતિના નિયમો" એકમની શૈક્ષણિક સિદ્ધિ અને એકમનું ધારણ એ બે વચ્ચેના સંબંધ પર વિસ્તારની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** 1.બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને પ્રણાલીગત પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા ગ્રામ્ય વિસ્તારના વિધાર્થીઓમાં "ગતિના નિયમો" એકમની શૈક્ષણિક સિદ્ધિના અને એકમની ધારણના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને પ્રણાલીગત પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા શહેરી વિસ્તારના વિધાર્થીઓમાં "ગતિના નિયમો" એકમની શૈક્ષણિક સિદ્ધિના અને એકમની ધારણના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 3.અધ્યાપન પદ્ધતિ અને "ગતિના નિયમો" એકમની શૈક્ષણિક સિદ્ધિ અને એકમનું ધારણ એ બે વચ્ચેના સંબંધ પર વિસ્તારની અસર થતી નહીં હોય.

**સંશોધનના ચલ-**સ્વતંત્ર ચલ-અધ્યાપન પદ્ધતિ (બોધાત્મક વિકાસ પ્રતિમાન- પ્રણાલીગત પદ્ધતિ)પરતંત્ર ચલ- ગતિના નિયમો (એકમ પરનીશૈક્ષણિક સિદ્ધિ –એકમ પરનું ધારણ)પરિવર્તક ચલ- વિસ્તાર (ગ્રામ્ય –શહેરી)અંકુશિત ચલ- ધોરણ-11, વિષય- ભૌતિક વિજ્ઞાન,એકમ- ગતિના નિયમો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લાની ગુજરાતી માધ્યમની શાળામાં અભ્યાસ કરતાં ધો-11 ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને સહેતુક નમૂના પસંદગી દ્વારા વર્ગોની ઝૂમખા નમૂના પસંદગીથી ગ્રામ્ય અને શહેરીના કુલ 101 પાત્રો પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ -** સ્વ રચિત સિદ્ધિ કસોટી

**પૃથક્કરણની રીત-** સહવિચરણ પૃથક્કરણ

**સંશોધનના તારણો-** 1.ધો-11ના ભૌતિક વિજ્ઞાન વિષયના "ગતિના નિયમો" એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમ અને પ્રણાલીગત પદ્ધતિ બંને સમાન અસરકારક હતા. 2. ધો-11ના ભૌતિક વિજ્ઞાન વિષયના "ગતિના નિયમો" એકમની ધારણના સંદર્ભમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમ અને પ્રણાલીગત પદ્ધતિ બંને સમાન અસરકારક હતા.

**સંશોધનના ફલિતાર્થ-** શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિ ઊંચી લાવવા માટે શિક્ષકે બોધાત્મક વિકાસ પ્રતિમાનનો ઉપયોગ કરીને અધ્યાપન કરાવવું જોઈએ.તેમજ ધારણ વધારવા માટે શિક્ષકે બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમ અને પ્રણાલીગત પદ્ધતિ બંનેમાથી કોઈપણ પદ્ધતિનો ઉપયોગ કરી શિક્ષણ કાર્ય કરાવી શકે છે.

**ચાવીરૂપ શબ્દો –** બોધાત્મક વિકાસ પ્રતિમાન, શૈક્ષણિક સિદ્ધિ, ધારણ

**40.સંશોધકનું નામ –** શાહ રીટા આર.

**કોલેજનું નામ -** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ** - ડો. પી. ડી. ગોરડિયા

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

જૈન આચાર્ય વિજય રત્નસુંદર સૂરિશ્વરજીના પુસ્તકોમાંથી નિષ્પન્ન થતા શૈક્ષણિક વિચારોનો અભ્યાસ
A Study Of Educational Thoughts Emerging From The Books Of Jainacharya Vijay Tatna Sundar Surishvariji

**સંશોધનનું ક્ષેત્ર-** શિક્ષણનું તત્વજ્ઞાન

**સંશોધનના હેતુઓ:-** 1.જૈનાચાર્ય વિજયરત્ન સુંદરસૂરિના પુસ્તકો માટે શિક્ષણના માધ્યમ અંગેના વિચારોનો અભ્યાસ કરવો. 2. જૈનાચાર્ય વિજયરત્ન સુંદરસૂરિના પુસ્તકોમાંથી પરીક્ષાના દુષણો અંગેના વિચારોનો અભ્યાસ કરવો.3. જૈનાચાર્ય વિજયરત્ન સુંદરસૂરિના પુસ્તકો માંથી પરીક્ષાના દુષણો શિક્ષકની ભૂમિકા અંગેના વિચારો અભ્યાસ કરવો.4. જૈનાચાર્ય વિજયરત્ન સુંદરસૂરિ પુસ્તકોમાંથી છાત્રાલય અંગેના વિચારોનો અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ:-**1. જૈનાચાર્ય વિજયરત્ન સુંદરસૂરિ પુસ્તકો માંથી વાંચન ટેવ અંગેના વિચારોનો અભ્યાસ કરવો. 2. જૈનાચાર્ય વિજયરત્ન સુંદરસૂરિ પુસ્તકોમાં સમાવેશ નૈતિક અને ચારિત્ર શિક્ષણ અંગેના વિચારો કેવા હશે?3. જૈનાચાર્ય વિજયરત્ન સુંદરસૂરિ પુસ્તકોમાં સમાવેશ શિક્ષણના માધ્યમ અંગેના વિચારો કેવા હશે?4. જૈનાચાર્ય વિજયરત્ન સુંદરસૂરિ પુસ્તકોમાં સમાવેશ પરીક્ષાના દૂષણો અંગેના વિચારો કેવા હશે ?5. જૈનાચાર્ય વિજયરત્ન સુંદરસૂરિ પુસ્તકોમાં સમાવેશ જાતીય શિક્ષણ અંગેના વિચારો કેવા હશે ?6. જૈનાચાર્ય વિજયરત્ન સુંદરસૂરિ પુસ્તકોમાં સમાવેશ શિક્ષકની ભૂમિકા અંગેના વિચારો કેવા હશે?

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણાત્મક સંશોધન પદ્ધતિ પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-**ગુજરાતી ભાષામાં લખાયેલ કુલ 235 પુસ્તકો વ્યાપવિશ્વ છે ગુજરાતી ભાષામાં લખાયેલા કુલ 235 પુસ્તકોમાંથી છ પુસ્તકો નમૂના તરીકે પસંદ થયેલ છે

**ઉપકરણ-** સ્વરચિત કૃતિ પૃથક્કરણ પત્રક

**પૃથક્કરણની રીત-** શાબ્દિક માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ

**સંશોધનના તારણો-** શિક્ષક સદાચારી, કથા ચારિત્રવાન અને સાધુ જ્ઞાની અને ત્રણેય સમાન હોવો જોઈએ. અભ્યાસક્રમ જીવનલક્ષી વ્યવહાર લક્ષી અને મૂલ્યલક્ષી વિશે તેમજ મહાન વિચારકો કેળવણીકારોને અને ધર્મગુરુઓના જીવન સંદેશાનો સમાવેશ થવો જોઈએ ભણતરને ભાર વિનાનું બનાવવું જોઈએ ગેરશિસ્ત આચારનાર વિદ્યાર્થીઓ માટે શિક્ષકનો અંકુશ જરૂરી છે

**સંશોધનના ફલિતાર્થ-** શિક્ષકે વાલીઓ અને આચાર્યને સૂચનાઓ જે પરીક્ષાની ચિંતામાંથી માર્ગદર્શન પૂરું પાડે પાઠ્યપુસ્તક મંડળને સુચનો જે બાળકોના ચારિત્ર ઘડતર માટે તથા સરકારશ્રીને સૂચનો જેનાથી જાતિવાદ વાણી વર્તન વગેરેને નિયંત્રિત કરી શકાય.

**ચાવીરૂપ શબ્દો-** જેનાચાર્ય,નિષ્પન્ન ,શૈક્ષણિક વિચાર.

**41.સંશોધકનું નામ:** ઠક્કર એકતા એચ.

**કોલેજનું નામ;** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ:** ડો. એસ. આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક: (ENG.& GUJ)**

શ્રી રામચરિત માનસમાં ખંડ  પાંચ - સુંદરકાંડમાં નિષ્પન્ન થતું તત્વ દર્શન

Philosophy Emerged From Sundarkand Part-5 In Shri Ramcharitmanas

**સંશોધનનું ક્ષેત્ર:** શિક્ષણનું તત્વજ્ઞાન

**સંશોધનના હેતુઓ: 1.**શ્રીરામચરિતમાનસમાં સુંદરકાંડમાં સમાવિષ્ટ તત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા અને મૂલ્યમીમાંસા વિષે અભ્યાસ કરવો 2. શ્રી રામચરિતમાનસમાં સુંદરકાંડમાં તત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા અને મૂલ્યમીમાંસાનું પ્રમાણ તપાસવું 3.શ્રી રામચરિતમાનસમાં સુંદરકાંડનો તત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા અને મૂલ્યમીમાંસાને લગતી કઈ-કઈ બાબતો રહી ગઈ છે તે તપાસવું

**સંશોધનના પ્રશ્નો: 1.**સુંદરકાંડમાં તત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા અને મૂલ્યમીમાંસાને લગતી કઈ-કઈ બાબતો હશે? 2. સુંદરકાંડમાં તત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા અને મૂલ્યમીમાંસાનું કેટલું પ્રમાણ હશે? 3. સુંદરકાંડમાં તત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા અને મૂલ્યમીમાંસાને લગતી કેવી બાબતો રહી ગઈ હશે?

**સંશોધનના ચલ:** -----------

**સંશોધનનો પ્રકાર:** વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ:** વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો:**ગીતા પ્રેસ દ્વારા પ્રકાશિત ૨૦૦૬ થી અમલમાં આવેલ શ્રી રામચરિત માનસનું પુસ્તક રામચરિત માનસના સાત કાંડ પૈકી સુંદરકાંડ પસંદ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ:** કૃતિ પૃથક્કરણ પત્રક

**પૃથક્કરણની રીત:** વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિ

**સંશોધનના તારણો:** તત્વમીમાંસા અંગે -  સુંદરકાંડમાં તત્વમીમાંસા ના કુલ ૪૦ લક્ષણો જોવા મળ્યા છે, જેમાં મન, આત્મા, ઈશ્વર, જન્મ-મરણ, માયા, જીવ - જગત વિશે તત્વો જોવા મળ્યા છે.  ઈશ્વરના પેટા લક્ષણોમાં ઈશ્વરનું સ્વરૂપ, ગુણ, સ્વભાવ, અવતાર ધારણ કરવાના કારણો તથા ઈશ્વરનું પ્રતાપ જોવા મળે છે. જ્ઞાનમીમાંસા અંગે - માનવ બુદ્ધિના પેટા લક્ષણો તરીકે યુક્તિ, વિચારશક્તિ, નિર્ણયશક્તિ, સુમતિ તથા કુમતિ, તર્કશક્તિ, સમજ શક્તિનો સમાવેશ થાય છે. જ્ઞાન પ્રાપ્ત કરવાના સ્રોત તરીકે સત્સંગ તથા જ્ઞાની વ્યક્તિ જોવા મળે છે. મૂલ્યમીમાંસા અંગે - આદર્શના પેટા

લક્ષણો, સ્વામી રામ તથા પતીવ્રતાધર્મ એ બે બાબતો જોવા મળે છે.  સામાજિક મૂલ્ય એક જ લક્ષણ પરહિત જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ**: અધ્યયન અધ્યાપન પ્રક્રિયા દરમિયાન મહત્વના મૂલ્યો જ્ઞાન અને તત્વનો ખ્યાલ રાખી વિદ્યાર્થીઓને જાગૃત કરવા.  બાળકોમાં સ્વરચિત અને આત્મશિસ્ત જાગૃત કરવા શાળાઓ યથા યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ. ધાર્મિક અને તાર્કિક તાત્વિક બાબતોનું જીવનમાં શું મહત્વ છે તે અંગે વિદ્યાર્થીઓને પરિચિત કરવા.

**ચાવીરૂપ શબ્દો**: સુંદરકાંડ, તત્ત્વ દર્શન, મીમાંસા

**42.સંશોધકનુંનામ**-પટેલ સુનિલકુમાર.જે.

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. એસ. આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના બી.એડ.ના ફરજીયાત વિષયના નવા અભ્યાસક્રમની રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ સાથેનો તુલનાત્મક અભ્યાસ.

A Comparative Study Of New B.Ed Curriculum Of North Gujarat University With Curriculum Of Other Universities Of Gujarat With Reference To Compulsory Papers

**સંશોધનનું ક્ષેત્ર**-અભ્યાસક્રમ વિકાસ અને પાઠ્યપુસ્તક

**સંશોધનના હેતુઓ-** 1.ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓના બી.એડ. ના નવા અભ્યાસક્રમના ફરજિયાત વિષયોની સંખ્યા જાણવી. 2.આ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં રહેલ સમાન એકમો અલગ તારવવા. 3.આ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં રહેલ અસમાન એકમો જુદા તારવવા.

**સંશોધનનાપ્રશ્નો-** 1.ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓના બી.એડ ના ફરજિયાત વિષયોની સંખ્યામાં કેટલો તફાવત છે? 2.વિવિધ યુનિવર્સિટીઓના ફરજિયાત વિષયવસ્તુના પેપરોના ક્રમ અને નામમાં કેટલો તફાવત છે? 3.હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બી.એડ.ના ફરજિયાત વિષયના અભ્યાસક્રમમાં કેટલો તફાવત છે?

**સંશોધનના ચલ-------------------**

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી બી.એડ.ના નવા અભ્યાસક્રમના ફરજિયાત પેપર પૂરતો મર્યાદિત છે.

**ઉપકરણ-** યુનિવર્સિટીઓના અભ્યાસક્રમ

**પૃથક્કરણની રીત**-હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,ગુજરાતયુ નિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બી.એ.ડના ફરજીયાત વિષયના અભ્યાસક્રમનો તુલનાત્મક અભ્યાસ

**સંશોધનના તારણો- 1.**વિવિધ યુનિવર્સિટીઓના ફરજિયાત વિષય વસ્તુઓના પેપરોના ક્રમ અને નામોમાં પણ મોટો તફાવત હતો.2.હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ફરજિયાત પેપરની સંખ્યા ચાર હતી. જ્યારે સરદાર પટેલ યુનિવર્સિટીમાં ફરજિયાત પેપરની સંખ્યા ત્રણ હતી.

**સંશોધનના ફલિતાર્થ**-બી.એડ. અભ્યાસક્રમમાં એક સૂત્રતા જળવાઈ રહે તે માટે અભ્યાસક્રમ બધી યુનિવર્સિટીઓ માટે સરખો હોવો જોઈએ. બી.એડ. અભ્યાસક્રમ બે સત્રનો હોવો જોઈએ
**ચાવીરૂપ શબ્દો–** બી.એડ, યુનિવર્સિટી, બીએડ. અભ્યાસક્રમ.

**43.સંશોધકનું નામ**: સોલંકી નીરૂબેન એમ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર
**ગાઈડનું નામ**: ડો. પી. ડી. ગોરડીયા
**વર્ષ/ યુનિવર્સિટી / ડિગ્રી** : 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed
**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**
સતત મૂલ્યાંકન કાર્યક્રમની અસરકારકતા
Effectiveness Of Continuous Evaluation Program

**સંશોધનનું ક્ષેત્ર**: સામાજિક વિજ્ઞાન શિક્ષણ અને શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન
**સંશોધનના હેતુઓ :** 1.સતત મૂલ્યાંકન કાર્યક્રમની સંરચના કરવી. 2.સતત મૂલ્યાંકન કાર્યક્રમની શૈક્ષણિક સિદ્ધિ પરની અસર તપાસવી. 3.સતત મૂલ્યાંકન કાર્યક્રમની પરીક્ષા ચિંતા પરની અસર તપાસવી.
**સંશોધનની ઉત્કલ્પનાઓ**: 1.સતત મૂલ્યાંકન કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા ત્યાં પણ પામેલા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.સતત મૂલ્યાંકન કાર્યક્રમ દ્વારા અધ્યયન પામેલા અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન પામેલા વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતા સંશોધનિકા પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ - મૂલ્યાંકન પદ્ધતિ; પરતંત્ર ચલ- પરીક્ષા ચિંતાતુરતા અને શૈક્ષણિક સિદ્ધિ; અંકુશીત ચલ - ધોરણ, વિષય, એકમ, માધ્યમ, વિભાગ, આંતરવર્તી ચલ -બુદ્ધિ, પ્રેરણા
**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન
**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ
**વ્યાપવિશ્વ અને નમુનો**: માધ્યમિક તથા પ્રાથમિક શાળાના ધોરણ-૯ તથા ધોરણ-૭ વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વમાં સમાવેશ કર્યો. રાજકોટ શહેરની ગુજરાતી માધ્યમની બે પ્રાથમિક શાળાઓ તેમજ ત્રણ માધ્યમિક શાળાઓને નમુના તરીકે લીધી.
**ઉપકરણ**: પ્રશ્નાવલી
**પૃથક્કરણની રીત**: સહ વિચરણ, ટી-કસોટી
**સંશોધનના તારણો:1.**પરીક્ષા ચિંતાના સંદર્ભમાં સતત મૂલ્યાંકન પદ્ધતિ વધુ અસરકારક હતી.2.વિદ્યાર્થીઓમાં થતી ગોખણપટ્ટીના દૂષણને નિવારી શકશે.3.શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિની તુલનામાં સતત મૂલ્યાંકન પદ્ધતિની અસરકારકતા વધારે થાય છે.4.વિદ્યાર્થીઓમાંથી પરીક્ષાનો ભય દૂર થશે.સામાજિક વિજ્ઞાન વિષયમાં ઊંચી શૈક્ષણિક સિદ્ધિ લાવવા માટે શિક્ષકે સતત મૂલ્યાંકન કાર્યક્રમનો ઉપયોગ કરવો જોઈએ. પરીક્ષા ચિંતા ઘટાડવા માટે શિક્ષકોએ વર્ગખંડમાં સતત મૂલ્યાંકન કાર્યક્રમનો ઉપયોગ કરવો જોઈએ.
**સંશોધનના ફલિતાર્થ**-પ્રસ્તુત સંશોધનમાં ધોરણ-૮ના સામાજિક વિજ્ઞાન વિષયના એકમના અધ્યાપન માટે સતત મૂલ્યાંકન કાર્યક્રમની સંરચના કરી તેની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા ચકાસી છે. જેથી વિદ્યાર્થીઓને પરીક્ષામાં મૂંઝવતા પ્રશ્નો, ભય દૂર કરી શકાય.
**ચાવીરૂપ શબ્દો**; સતત મૂલ્યાંકન કાર્યક્રમ, પરીક્ષા ચિંતાતુરતા,

44.સંશોધકનું નામ: પ્રજાપતિ અલ્પેશકુમાર જી.

**કોલેજનું નામ:** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. પી. ડી. ગોરડીયા

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી**:- 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

માધ્યમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાન વિષયમાં જૂથ અધ્યાપન પદ્ધતિના સ્વરૂપોનો તુલનાત્મક અભ્યાસ.

A Comparative Study Of Types Of Team Teaching In Social Science Subject At Secondary Level.

**સંશોધનનું ક્ષેત્ર**: શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ:1.** સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદગી એકમોના સંદર્ભમાં નિષ્ણાંત શિક્ષક સમાન શિક્ષણ જૂથ અધ્યાપન કાર્યક્રમની સંરચના કરવી.2. સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદગી એકમોના સંદર્ભમાં એકમ સિદ્ધિ કસોટીની સંરચના કરવી.3. સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમોના સંદર્ભમાં જૂથ અધ્યાપન પદ્ધતિના બે સ્વરૂપો (૧) નિષ્ણાંત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ (૨)સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિની તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પના: 1.**શૂન્ય ઉત્કલ્પના:- નિષ્ણાંત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ દ્વારા અધ્યાપન કરતા અને સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ દ્વારા અધ્યાપન કરતા વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીની પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**સંશોધનના ચલ:** સ્વતંત્ર ચલ: જૂથ અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ: શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ: ધો--9, વિષય વિસ્તાર ,વિષયવસ્તુ

**સંશોધનનો પ્રકાર:** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ:**પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો:** બનાસકાંઠા જિલ્લાની દાંતા તાલુકાની ગુજરાતી માધ્યમની શાળાઓમાં વર્ષ-2009-10 દરમિયાન ધો-9 માં અભ્યાસ કરતા કુલ 76 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ:** એકમ કસોટી

**પૃથક્કરણની રીત**:- ટી કસોટી

**સંશોધનના તારણો:** 1.પ્રસ્તુત સંશોધનમાં ધો-9 ના સામાજિક વિજ્ઞાન વિષયમાં જૂથ અધ્યાપન પદ્ધતિના સ્વરૂપો પૈકી નિષ્ણાંત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અને સમાન શિક્ષણ જૂથ અધ્યાપન પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો તેમાં બંને પદ્ધતિ સમાન રીતે અસરકારક પુરવાર થઈ હતી.

**સંશોધનના ફલિતાર્થ:** 1..પ્રસ્તુત અભ્યાસમાં મળેલા તારણો પરથી કહી શકાય કે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઉંચી લાવવા માટે નિષ્ણાંત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અને સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ બંનેમાંથી ગમે તે પદ્ધતિનો ઉપયોગ કરી શકે છે કારણ કે બંને પદ્ધતિઓ સમાન રીતે યોગ્ય છે 2.શાળાના આચાર્યોએ પણ નિષ્ણાંત શિક્ષક અને સમાજ શિક્ષક જૂથ તૈયાર થાય તે માટે શાળાના શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. 3.શૈક્ષણિક સંસ્થાઓ તથા ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગે નિષ્ણાંતો પાસે વિવિધ ધોરણના વિષયવસ્તુઓને અનુરૂપ આવા કાર્યક્રમની સંરચના કરાવવી જોઈએ.

**ચાવીરૂપ શબ્દો:** જૂથ અધ્યાપન પદ્ધતિ, એકમ કસોટી

**45.સંશોધકનું નામ**-ચૌધરી જયા બી.

**કોલેજનું નામ -** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. પી. ડી. ગોરડીયા

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી**:- 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

અંગ્રેજી ભાષામાં શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની સંરચના

Effectiveness Of Vocabulary Development Programme In English Language

**સંશોધનનું ક્ષેત્ર**- ભાષા શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:- 1. ધોરણ છના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષા શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની સંરચના કરવી .2. ધો-6 ના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષામાં વિકાસ કાર્યક્રમની ચકાસણી કરવા શબ્દભંડોળ માપન કસોટીની સંરચના કરવી. 3. ધો-6 ના વિદ્યાર્થીઓની અંગ્રેજી ભાષામાંશબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની ધારણાના સંદર્ભમાં અસરકારકતા તપાસવી

**સંશોધનની ઉત્કલ્પના**: - 1.શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને શબ્દભંડોળ વિકાસકાર્યક્રમ દ્વારા અધ્યાપનન ન પામેલા વિદ્યાર્થીઓની શબ્દભંડોળમાં પણ કસોટી પરના સિદ્ધિ પ્રાપ્તાંકો સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા અને શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપનન ન પામેલા વિદ્યાર્થીઓની શબ્દભંડોળ માપન કસોટીના ધારણ પ્રાપ્તાંકો સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધન ચલ**– સ્વતંત્ર ચલ- શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ પરતંત્ર ચલ- શબ્દભંડોળ વિકાસ ધારણ અંકુશિત ચલ- ધોરણ, વિસ્તાર, માધ્યમ, સમયગાળો, શાળાનું વાતાવરણ

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**– બનાસકાંઠા જિલ્લાની પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં 2009 - 10 ના શ્રી એસ આર મહેતા પ્રાથમિક શાળા, જગાણા ધો-6 માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ હતા.

**ઉપકરણ**- સ્વ-રચિત શબ્દભંડોળ એકમ કસોટી

**પૃથક્કરણની રીત**:- ટી- કસોટી

**સંશોધનના તારણો**: - 1.ધો-6 ના અંગ્રેજી વિષયના વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળ વિકાસની સિદ્ધિના સંદર્ભમાં શબ્દભંડોળ વિકાસકાર્યક્રમ અસરકારક જોવા મળ્યો હતો. 2.ધો-6 ના અંગ્રેજી વિષયના વિદ્યાર્થીઓ માંશબ્દભંડોળ વિકાસના ધારણના સંદર્ભમાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો હતો.

**સંશોધનના ફલિતાર્થ**:- અંગ્રેજી ભાષામાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ શૈક્ષણિક સિદ્ધિ અને ધારણના સંદર્ભમાં ઊંચી જોવા મળી હતી આથી પ્રાથમિક શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષામાં શબ્દભંડોળ સિદ્ધિમાં વધારો કરવા પ્રસ્તુત શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમનો ઉપયોગ કરવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**– શબ્દભંડોળ, શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ, શબ્દભંડોળ વિકાસ માપન કસોટી

**46.સંશોધકનું નામ-** જેગોડા જશીબેન જે.

**કોલેજનું નામ**- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:- શ્રી એમ. બી. સોલંકી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી**:- 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

પ્રાથમિક શાળાના શિક્ષકોની વિષય સજ્જતા અંતર્ગત અને કનેક્ટિવિટી કાર્યક્રમ 2009 અંગેના અભિપ્રાયોનો અભ્યાસ

A Study Of Opinion About Connectivity Program 2009 Regarding Primary Teachers Proficiency

**સંશોધનનું ક્ષેત્ર**-પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1. વિષય સજ્જતા અંતર્ગત ઈકનેક્ટિવિટી કાર્યક્રમ અંગેના પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલીની રચના કરવી. 2.વિષય સજ્જતા અંતર્ગત ઈકનેક્ટિવિટી કાર્યક્રમ અંગે પ્રાથમિક શાળાના સ્ત્રી અને પુરુષ શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

**સંશોધનના પ્રશ્નો-** 1.ઈકનેક્ટિવિટી કાર્યક્રમ અંગેના અભિપ્રાયો શું હશે? 2.શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં સ્ત્રી અને પુરુષ શિક્ષકોના વિષય સજ્જતા અંતર્ગત ઈકનેક્ટિવિટી કાર્યક્રમ અંગેના અભિપ્રાયો શું હશે? 3.અનુભવની કક્ષાના સંદર્ભમાં સ્ત્રી અને પુરુષ શિક્ષકોના વિષય સજ્જતા અંતર્ગત ઈકનેક્ટિવિટી કાર્યક્રમના અભિપ્રાયો શું હશે?

**સંશોધનના ચલ-------**

**સંશોધનનો પ્રકાર-**વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પાલનપુર તાલુકાની 189 ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓના કુલ 550 શિક્ષકોમાંથી 200 શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ**-અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત-** કાઈ-વર્ગ

**સંશોધનના તારણો- 1.**સ્ત્રી અને પુરુષ શિક્ષકોના વિષય સજ્જતા અંતર્ગત ઈ કનેક્ટિવિટી કાર્યક્રમ અંગેના અભિપ્રાયો વિશે જાતિની અસર જોવા મળતી નથી. 2.પાલનપુર તાલુકાની શાળાઓના શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં સ્ત્રી અને પુરુષ શિક્ષકોની વિષય સજ્જતા અંતર્ગત ઈકનેક્ટિવિટી કાર્યક્રમ અંગેના અભિપ્રાયો સમાન જોવા મળ્યા હતા. 3.અનુભવની કક્ષાની ઈકનેક્ટિવિટી કાર્યક્રમ પર અસર જોવા મળતી નથી.

**સંશોધનના ફલિતાર્થ-** શાળાઓમાં શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં સ્ત્રી અને પુરુષ શિક્ષકોની વિષય સજ્જતા અંતર્ગત ઈકનેક્ટિવિટી કાર્યક્રમ થવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો–** પ્રાથમિક શાળા, શિક્ષક, વિષય સજ્જતા, ઈકનેક્ટિવિટી, અભિપ્રાય, અભ્યાસ

**47.સંશોધકનું નામ**: પટેલ અસ્મિતાબેન જે.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. પી. ડી. ગોરડીયા

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી**:- 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ.)**

વાંચનની SQ3R અને SQ4R પ્રયુક્તિનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of The Effectiveness Of Sq3r And Sq4r Reading Tedmiques

**સંશોધનનું ક્ષેત્ર**: માપન અને મૂલ્યાંકન, વિજ્ઞાન શિક્ષણ, તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:- **1.**ધોરણ-8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સામાન્ય રોગો એકમ પરથી એકમ કસોટી સંરચના કરવી. 2.ધોરણ-8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સામાન્ય રોગો એકમ પરના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં SQ3R અને SQ4R પ્રયુક્તિની તુલના કરવી. 3.ધોરણ- 8ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સામાન્ય રોગો એકમ પરના વિદ્યાર્થીઓની ધારણાના સંદર્ભમાં SQ3R અને SQ4R પ્રયુક્તિની તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: **1.**SQ3R પ્રયુક્તિ દ્વારા અધ્યાપન પામેલા અને SQ4R પ્રયુક્તિ દ્વારા અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓની સામાન્ય રોગો એકમની સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય .2.SQ3R પ્રયુક્તિ દ્વારા અધ્યાપન પામેલા અને SQ4R પ્રયુક્તિ દ્વારા અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓની સામાન્ય રોગો એકમની ધારણા પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ- વાંચન પ્રયુક્તિ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ દાંતા તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન વિષયના ધોરણ-8 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આકસ્મિક સંભવિત નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: એકમ કસોટી

**પૃથક્કરણની રીત**: સાદી ટકાવારી

**સંશોધનના તારણો**: 1. ધોરણ-8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સામાન્ય રોગો એકમની સિદ્ધિના સંદર્ભમાં વાંચનની SQ3R પ્રયુક્તિ કરતા SQ4R પ્રયુક્તિ વધુ અસરકારક હતી. 2.ધોરણ-8માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સામાન્ય રોગો એકમની ધારણાના સંદર્ભમાં વાંચનની SQ3R પ્રયુક્તિ કરતા SQ4R પ્રયુક્તિ વધુ અસરકારક હતી.

**સંશોધનના ફલિતાર્થ**- શાળા કક્ષાએ વાંચનની SQ3R પ્રયુક્તિ અને SQ4R પ્રયુક્તિનો ઉપયોગ કરીને ભણાવવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: તુલનાત્મક શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ

**48.સંશોધકનું નામ**: પ્રજાપતિ ક્રિષ્નાબેન વી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. એસ. આર. જોષી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી**:- 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

જૂન 2009થી અમલમાં આવેલા ધોરણ-7 ના સંસ્કૃત વિષયના નવા પાઠ્યક્રમની જુના પાઠ્યક્રમ સાથે તુલના અને તે પ્રત્યે શિક્ષકના પ્રતિભાવોનો અભ્યાસ.

A Comparative Study Of New Curriculum With The Old Curriculum Of Standard 7th Sanskrit Subject From 2009 To Onwards

**સંશોધનનું ક્ષેત્ર**: અભ્યાસક્રમ વિકાસ

**સંશોધનના હેતુઓ**:- 1.નવા અને જૂના પાઠ્યક્રમમાં પ્રશ્નાવલીના આધારે શિક્ષકોના પ્રતિભાવો જાણવા. 2.નવા અને જૂના પાઠ્યક્રમમાં વ્યાકરણના પાઠોને આધારે તુલના કરવી. 3.પાઠ્યક્રમમાં ગદ્ય અને પદ્યના આધારે તુલના કરવી. 4.પાઠ્યક્રમમાં અસમાન એકમોને આધારિત તુલના કરવી. 5.સમાન એકમોને આધારે તુલના કરવી.

**સંશોધનના પ્રશ્નો**:1.કુલ કેટલા એકમો છે? 2.નવા તથા જુના પાઠ્યપુસ્તકમાં સ્વાધ્યાયના પ્રશ્નો કેવા છે? 3.સુભાષિતોનું મહત્વ શું છે? 4.નવા તથા જુના પાઠ્યપુસ્તકમાં કુલ કેટલા પાઠ છે? 5.નવા તથા જુના પાઠ્યપુસ્તકમાં ગદ્ય પાઠ કેટલા છે?

**સંશોધનના ચલ**: ------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: બનાસકાંઠા જિલ્લાની જિલ્લા પંચાયત હસ્તક ચાલતી ગુજરાતી પ્રાથમિક શાળામાં ધો-7 ના સંસ્કૃત વિષયનું અધ્યાપન કાર્ય કરતા 53 શિક્ષકોની પસંદગી કરવામાં આવી.

**ઉપકરણ**: સ્વ રચિત પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત**- ગુણાત્મક પૃથક્કરણ

**સંશોધનના તારણો**: 1.બંનેમાં સમાન હોય તેવા આઠ એકમો છે. 2.નવા પાઠ્યપુસ્તકમાં કુલ 12 એકમો અને જુના પાઠ્યપુસ્તકમાં કુલ 10 એકમ છે. 3.નવા પાઠ્યપુસ્તકમાં સંસ્કૃત ભાષાના કૌશલ્યો વિકસાવે તેવું છે. 4.નવા પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુની સ્પષ્ટતા માટે ચિત્રોનો ઉપયોગ થયેલો છે. 5.નવા પાઠ્યપુસ્તકનો વિષયવસ્તુ વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસાર છે અને રસપ્રદ છે.

**સંશોધનના ફલિતાર્થ**:- ગદ્ય-પદ્ય પાઠોનું યોગ્ય વિભાજન કરવાનો પ્રયાસ કરવો જોઈએ. વ્યાકરણના ત્રણ પ્રકારો આપ્યા છે તેની જગ્યાએ વ્યાકરણના બધા પ્રકારો મૂકવાથી વિદ્યાર્થીઓને તે વિશેનો ખ્યાલ ચોક્કસ બને.

**ચાવીરૂપ શબ્દો**: ધોરણ-7 નો નવો પાઠયક્રમ, ધો-7 નો જુનો પાઠયક્રમ

**49.સંશોધકનું નામ-** સોલંકી વિપુલકુમાર જે.

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડો. એસ. આર. જોષી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી**:- 2009-10/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક**: **(ENG.& GUJ)**

ધો-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન થતાં સાંસ્કૃતિક, રાષ્ટ્રીય, આર્થિક અને વ્યક્તિગત મૂલ્યોનો અભ્યાસ

A Study Of Cultural, National, Economical And Individual Values Reflected From Social Science Text Book Of Std-10

**સંશોધનનું ક્ષેત્ર-** શિક્ષણનું તત્વજ્ઞાન, અર્થશાસ્ત્રનું શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, નૈતિક કલા અને સૌંદર્ય શિક્ષણ

**સંશોધનના હેતુઓ- 1.**ધો. ૧૦ ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મૂલ્યોનો અભ્યાસ કરવો. 2. ધો. ૧૦ ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સાંસ્કૃતિક મૂલ્યોનો અભ્યાસ કરવો. 3. ધો. ૧૦ ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ રાષ્ટ્રીય મૂલ્યોનો અભ્યાસ કરવો. 4. ધો. ૧૦ ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ આર્થિક મૂલ્યોનો અભ્યાસ કરવો. 5. ધો. ૧૦ ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વ્યક્તિગત મૂલ્યોનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો-** 1. ધો-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે? 2. ધો-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સાંસ્કૃતિક મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે? 3. ધો-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ રાષ્ટ્રીય મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે?4. ધો-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ આર્થિક મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે?5. ધો-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વ્યક્તિગત મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે?

**સંશોધનના ચલ- -----**

**સંશોધનનો પ્રકાર-** વ્યાવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** ધો-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં સાંસ્કૃતિક, રાષ્ટ્રીય, આર્થિક અને વ્યક્તિગત મૂલ્યો પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ -** પૃથક્કરણ પત્રક

**પૃથક્કરણની રીત-** ગુણાત્મક પૃથક્કરણ

**સંશોધનના તારણો-** 1. ધો-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકના સમગ્ર બાવીસ પ્રકરણમાંથી સાંસ્કૃતિક, રાષ્ટ્રીય, આર્થિક અને વ્યક્તિગત મૂલ્યો દર્શાવવામાં આવ્યા છે. 2. ધો- 10 ના સામાજિક વિજ્ઞાન વિષયના

પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં સાંસ્કૃતિક, મૂલ્યમાં અહિંસા, સર્વધર્મ સમભાવ, કલાત્મકતા, સાંસ્કૃતિક વારસાની જાળવણી, હસ્તાંતરણ,અસ્પૃશ્યતા નિવારણ એમ 6 મૂલ્યો જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ-** ધો-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન થતાં સાંસ્કૃતિક, રાષ્ટ્રીય, આર્થિક અને વ્યક્તિગત આ ચાર પ્રકારના મૂલ્યો પૈકી આર્થિક મૂલ્યો સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે.

## <u>મુખ્ય પ્રકરણ – 3</u>

## <u>2010-2011 પ્રકરણ – 3 સમીક્ષાત્મક પરિચય - અનુક્રમણિકા</u>

**<u>50-84 ( 3 Left 62,74,78)</u>**

| પ્રકરણ | સંશોધન ક્ષેત્ર | સારાંશ નંબર | કુલ |
|---|---|---|---|
| **પ્રકરણ-1** | સહસબંધાત્મક અભ્યાસ | 77 | |
| **પ્રકરણ-2** | શિક્ષણનું મનોવિજ્ઞાન | 76,80 | |
| **પ્રકરણ-3** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (સા. વિજ્ઞાન શિક્ષણ, ભાષા શિક્ષણ, ગણિત શિક્ષણ) | 66,72 | |
| **પ્રકરણ-4** | શૈક્ષણિક ટેકનોલોજી (ભાષા શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, સા. વિજ્ઞાન) | 52,53,58,60,61 ,63,73,84 | |
| **પ્રકરણ-6** | અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ (માધ્યમિક શિક્ષણ તેમજ તુલનાત્મક શિક્ષણ) | 64,67,68,70,82 | |
| **પ્રકરણ-7** | શિક્ષક શિક્ષણ (માર્ગદર્શન અને સલાહ) | 69,71 | |
| **પ્રકરણ-8** | માર્ગદર્શન અને સલાહ | 75,79 | |
| **પ્રકરણ-9** | વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ | 55,81,83 | |
| **પ્રકરણ-9** | પ્રાથમિક શિક્ષણ | 50,51,54 | |
| **પ્રકરણ-10** | શિક્ષણનું સંગઠન,વહીવટ અને સંચાલન | 57 | |
| **પ્રકરણ-11** | તુલનાત્મક શિક્ષણ (માધ્યમિક શિક્ષણ) | 59 | |
| **કુલ** | | 78,74,,62 | |

<u>**50.સંશોધકનું નામ:** બારડ જ્યોત્સનાબેન એલ.</u>

**કોલેજનું નામ:-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ:-** શ્રી એમ. એસ. ગામી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી:-** 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

એડપ્ટ્સ કાર્યક્રમ પ્રત્યે પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ
Study Of Opinion For Primary School Teachers Towards Adapts Programme

**સંશોધન ક્ષેત્ર**: પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:- 1.એડપ્ટ્સ કાર્યક્રમ વિશે માહિતી એકત્રિત કરવી. 2.એડપ્ટ્સ કાર્યક્રમ અંગે શિક્ષકોના અભિપ્રાય જાણવા માટે અભિપ્રાયાવલિની સંરચના કરવી. 3.પ્રાથમિક શિક્ષકોની રૂબરૂ મુલાકાત લેવી અને અભિપ્રાયવલી દ્વારા માહિતીનું એકત્રીકરણ કરવું. 4.એડપ્ટ્સ કાર્યક્રમ અંગે પ્રાપ્ત કરેલ માહિતી તપાસવી.

**સંશોધનના પ્રશ્નો**:- 1.પ્રાથમિક શાળાઓના શિક્ષકોના એડપ્ટ્સ કાર્યક્રમો અંગે અભિપ્રાય શું હશે ?2.પ્રાથમિક શાળાઓના શિક્ષકો એડપ્ટ્સ કાર્યક્રમ દ્વારા કેવી મુશ્કેલીઓ અનુભવતા હશે ? 3.પ્રાથમિક શાળાઓના શિક્ષકો બાળકોને પ્રોત્સાહન પુરૂં પાડવામાં મદદરૂપ થતા હશે? 4.પ્રાથમિક શાળાઓના શિક્ષકો વ્યવહારિક પ્રતિબદ્ધતા નિભાવતા હશે ?5.પ્રાથમિક શાળાના શિક્ષકો વ્યક્તિગત શક્તિનો લાભ બીજા શિક્ષકોને આપવામાં મુશ્કેલી અનુભવતા હશે?

**સંશોધનના ચલ**:-----

**સંશોધનનો પ્રકાર**:- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**:- બનાસકાંઠા જિલ્લા હસ્તક ચાલતી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો વ્યાપવિશ્વ તરીકે અને એડપ્ટ્સ કાર્યક્રમની તાલીમ લીધેલ 9752 શિક્ષકો પૈકી ચિઠ્ઠી ઉપાડીને સહેતુક નમુના પદ્ધતિથી 300 શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ**:- સ્વ-રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત**:- કાઇ-વર્ગ

**સંશોધનના તારણો**:-એડપ્ટ્સ કાર્યક્રમની તાલીમ લીધા પછી શિક્ષકો દ્વારા બાળકોની પ્રોફાઇલ તૈયાર કરવાથી શિક્ષણના હેતુ સિદ્ધ થાય છે. એડપ્ટ્સ કાર્યક્રમથી મૂલ્યોના વિકાસ માટે અધ્યાપક દ્વારા બાળકોને આદર્શ પૂરો કરી શાળામાં બાળકોનું નામાંકન અને નિયમિત હાજરીમાં ફેર લાવી શકાય છે. એડપ્ટ્સ કાર્યક્રમ દ્વારા શિક્ષકો વિકલાંગ બાળકો પ્રત્યે સંવેદનશીલતા દાખવે છે. આ કાર્યક્રમ થકી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવાથી બાળકોની વિચાર પ્રક્રિયાને વેગ મળે છે. આ કાર્યક્રમથી શિક્ષકો નિયમિત પણે પોતાના કાર્ય અંગેનો પ્રતિભાવ મેળવે છે. શિક્ષક બાળકની દરેક ભૂલ પ્રત્યે વ્યક્તિગત ધ્યાન દોરી સ્પષ્ટ નોંધ કરી શકે છે.

**સંશોધનના ફલિતાર્થ**:-એડપ્ટ્સ કાર્યક્રમથી બાળકો વિવિધ પ્રવૃત્તિઓ કરતા થયા હતા. બાળકોમાં રસ-રુચિ માં વધારો થાય છે. અલગ અલગ પ્રવૃત્તિઓથી માહીતગાર થાય છે, તેનાથી જ્ઞાન સંપાદનમાં વૃદ્ધિ થાય છે. શિક્ષકો અને બાળકો વચ્ચે આત્મીયતાનો સંબંધ સ્થાપિત થાય છે. બાળકો અને શિક્ષકો વચ્ચે અસરકારક પ્રત્યાયન થાય છે.

**ચાવીરૂપ શબ્દો**:- પ્રાથમિક શાળા, એડપ્ટ્સ કાર્યક્રમ, અભિપ્રાય

**51.સંશોધકનું નામ** – બોડાત રમીલાબેન બી.

**કોલેજનુંનામ**:- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:- શ્રી બી. પી. માળી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઉચ્ચ પ્રાથમિક ધોરણ-8 શરૂ થયાના પરિણામે ઊભી થયેલી સમસ્યાઓનો અભ્યાસ

**સંશોધનનું ક્ષેત્ર**:- ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:-1.ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળામાં ધોરણ-8 નો સમાવેશ અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયવાલીની રચના કરવી. 2.ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળામાં ધોરણ-8 નો સમાવેશ અંતર્ગત વિવિધ અભિપ્રાયોના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

**સંશોધનના પ્રશ્નો**:-1.ધો-8 નો પ્રાથમિક શાળામાં સમાવેશ અંગે પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયો શું હશે? 2.ધો-8 નો પ્રાથમિક શાળામાં સમાવેશ અંગે પ્રાથમિક શાળાના શિક્ષકોના અનુભવના સંદર્ભે અભિપ્રાયો શું હશે? 3.ધો-8 માં પ્રાથમિક શાળામાં સમાવેશ અંગે વિસ્તારની દ્રષ્ટિએ પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયો શું હશે?

**સંશોધનના ચલ**:------

**સંશોધનનો પ્રકાર**:- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:- સર્વેક્ષણ સંશોધન સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો** :- સાબરકાંઠા જિલ્લાની ચાર તાલુકાઓની કુલ 41 ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ધો-8 ના શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**:- સ્વ- રચિત અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત**:- સાદી ટકાવારી

**સંશોધનના તારણો**:-1.શિક્ષકોને લગતી સમસ્યાઓના તારણો. 2.અધ્યયન – અધ્યાપનને લગતા તારણો. 3.આ અભિગમથી કાર્ય કરતી શાળાઓમાં ધો-6 થી ધો-7 માં ગણિત ગુજરાતી અને પર્યાવરણ વિષયને વધારે મહત્વ આપવામાં આવે છે જ્યારે ધોરણ-8 માં ગણિત હિન્દી અને અંગ્રેજી વિષયને ધ્યાન આપવામાં આવતું નથી. 4. આ અભિગમથી કાર્ય કરતી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ઉપલા અને નીચલા ધોરણ પર કોઈ ધ્યાન આપવામાં આવતું નથી.

**સંશોધનના ફલિતાર્થ**:-ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોને અધ્યાપન કાર્ય કરાવતા મુશ્કેલી સર્જાય છે તેથી શાળાઓમાં ખૂટતા શિક્ષકોની નિમણૂક કરવી જોઈએ ઉપરાંત અધ્યાપન કાર્ય કરાવવું મુશ્કેલ હોવાથી તમામ શૈક્ષણિક સાધનો પૂરા પાડવા જોઈએ તથા સ્વાધ્યાયમાં ઉપયોગી સાધનો પુરા પાડવા જોઈએ વસ્તી ગણતરી, ચૂંટણી વગેરે કામગીરી અન્ય કર્મચારીઓને સોંપવી જોઈએ.

**ચાવીરૂપશબ્દો**:- ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ, અભિપ્રાયવાલી

**52.સંશોધનનું નામ:- દેસાઈ હેતલબેન એલ.**

**કોલેજનું નામ**:- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજ્યુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ** :- શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.)** -

ધોરણ-8 ના ગુજરાતી વ્યાકરણના 'વિશેષણ' એકમના સંદર્ભના સ્વ-અધ્યયન સાહિત્ય તરીકે વર્કકાર્ડ સાહિત્યની સંરચના અને તેની અસરકારકતા

Constraction And Effectiveness Of Workcard Material With Reference To 'Adjective' Unit Of Gujarati Grammer Of Std 8

**સંશોધનનું ક્ષેત્ર**:- શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ:-** **1**.ધો-8 ના ગુજરાતી વિષયમાં 'વિશેષણ' એકમના અધ્યાપન માટે વિદ્યાર્થીઓ પર વ્યાખ્યાન પધ્ધતિ અને વર્કકાર્ડ સાહિત્યની સંરચના કરવી .2.ધો-8 ના ગુજરાતી વિષયમાં 'વિશેષણ' એકમ માટે શિક્ષક નિર્મિત ઉત્તર કસોટીની રચના કરવી. 3.વર્કકાર્ડ સાહિત્ય પરત્વે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલિ સંરચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પના:-** **1**.વર્કકાર્ડ અધ્યાપન પધ્ધતિ દ્વારા અધ્યાપન કરતા અને વ્યાખ્યાન પધ્ધતિ દ્વારા અધ્યાપન કરતાં ધો-8 ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ:-** સ્વતંત્રચલ- અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ-ધોરણ ,વિસ્તાર, માધ્યમ આંતરવર્તી ચલ- વિષય પ્રત્યે રસ

**સંશોધનનો પ્રકાર:-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ:-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો:-** પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના ધોરણ-8 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હતા. જેમાંથી 30 પ્રાયોગિક જૂથ અને 30 નિયંત્રિત જૂથના એમ કુલ 60 વિદ્યાર્થીઓનો નમૂના તરીકે સમાવેશ થયો હતો.

**ઉપકરણ:-** શિક્ષક નિર્મિત એકમ કસોટી અને અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત:-** મધ્યક, પ્રમાણવિચલન,ટી-મૂલ્ય અને કાઈ-વર્ગ

**સંશોધનના તારણો:-**1.ધોરણ-8ના ગુજરાતી વ્યાકરણમાં 'વિશેષણ' એકમના અધ્યાપન માટે વર્કકાર્ડ સાહિત્યએ વ્યાખ્યાન પદ્ધતિ કરતાં વધુ અસરકારક છે.2.'વિશેષણ' એકમ પરથી શૈક્ષણિક સિદ્ધિ કસોટી પરના પ્રાપ્તાકોને આધારે વર્કકાર્ડ સાહિત્ય દ્વારા અધ્યાપન પામેલ જૂથ વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ જૂથ કરતાં વધુ ચઢિયાતું જોવા મળ્યું છે.3.'વિશેષણ' એકમ માટે વર્કકાર્ડ અધ્યાપન દ્વારા અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિ સિદ્ધિ ચઢિયાતી સાબિત થઈ છે.

**સંશોધનના ફલિતાર્થો:-**1.વર્કકાર્ડ સાહિત્યની મદદથી પ્રત્યેક વિદ્યાર્થીને સ્વગતિએ અભ્યાસ કરવાની તક આપી શકાય.2.વિદ્યાર્થીઓમાં સ્વ-અધ્યયન કરવાની ટેવ વિકસાવવા વર્કકાર્ડ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય.3.આ પદ્ધતિના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં પ્રશ્નો પૂછવાનું કૌશલ્ય વિકસાવી શકાય.4.વિદ્યાર્થીઓની વિચારશકિત, તર્કશક્તિ, કાવ્યની શક્તિ વિકસાવવામાં આ પદ્ધતિ ઉપયોગી બને છે.5.વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે ઉપયોગ કરી શકાય.6.આ પદ્ધતિના ઉપયોગથી અધ્યાપનમાં એકમ વિભાજન કૌશલ્ય કેળવી શકાય.

**ચાવીરૂપ શબ્દો:-** વર્કકાર્ડ સાહિત્ય, વિશેષણ, સ્વ-અધ્યયન સાહિત્ય

**53.સંશોધકનું નામ** : ગામી ગીતા આર.

**કોલેજનું નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ** : ડૉ.એસ.આર.જોષી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી:-** 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

ધોરણ 10 ના વિદ્યાર્થીઓ પર ગુજરાતી વિષયમાં વ્યાકરણના એકમ "અલંકાર અને તેના પ્રકારોના" શિક્ષણ કાર્ય માટે જૂથ ચર્ચા પદ્ધતિની અસરકારકતા.

Effectiveness Of Group Discussion Method On The Unit "Alankar And Types" In Gujarati Grammar For 10th Standard Student'S

**સંશોધનનું ક્ષેત્ર** : શૈક્ષણિક ટેકનોલોજી અને ગુજરાતી શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :1.ગુજરાતી વિષયમાં પસંદગી એકમના સંદર્ભમાં જૂથ ચર્ચા પદ્ધતિ કાર્યક્રમની રચના કરવી.2.ગુજરાતી વિષયમાં પસંદગી એકમના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કાર્યક્રમની રચના કરવી.3.ગુજરાતી વિષયમાં પસંદગી એકમના સંદર્ભમાં એકમ સિદ્ધિ કસોટીની રચના કરવી.4.ગુજરાતી વિષયમાં એકમના સંદર્ભમાં અધ્યયન પદ્ધતિ બે સ્વરૂપો જૂથ ચર્ચા અને વ્યાખ્યાન પદ્ધતિની અસરકારકતા તપાસવી

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: 1. જૂથ ચર્ચા પદ્ધતિ દ્વારા અધ્યયન કરતાં અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન કરતા વિદ્યાર્થીઓ શિક્ષણ સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** : સ્વતંત્ર ચલ-અધ્યયન પદ્ધતિ પરતંત્ર ચલ-શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ-ધો-10, વિષય, આંતરવર્તિત ચલ- રસ, ઉત્સાહ, વિદ્યાર્થી વ્યક્તિગત તફાવત, ક્ષમતા

**સંશોધનનો પ્રકાર** : વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો** :પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની સંસ્કાર વિદ્યાલય,પાલનપુર માધ્યમિક શાળાના ધો-10 માં અભ્યાસ કરતા કુલ-60 વિદ્યાર્થીઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ** : એકમ કસોટી

**પૃથક્કરણની રીત** : ટી-કસોટી

**સંશોધનના તારણો** :1.ધોરણ 10 ના ગુજરાતી વિષયના અલંકાર અને તેના પ્રકારો એકમના શિક્ષણ માટે શૈક્ષણિક સિદ્ધિ વ્યાખ્યાન પદ્ધતિ કરતા જૂથ ચર્ચા વધુ અસરકારક જોવા મળી હતી. 2.કાર્યક્રમમાં એકમ રજૂઆત પદ્ધતિસર અને વ્યવસ્થિત હતી. 3.કાર્યક્રમમાં વિષયવસ્તુની દ્રષ્ટિએ વિવિધતા સભર અને સમૃદ્ધ હતો .4.મર્યાદાની દ્રષ્ટિએ વિષય વસ્તુ સંતોષકારક રીતે સમજ આપવામાં આવી હતી 5.આ પ્રકારની પદ્ધતિ દ્વારા અન્ય વિષય રસપદ બનાવી શકાય.

**સંશોધનના ફલિતાર્થ** :પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતી વ્યાકરણ વિષયમાં અધ્યયન પદ્ધતિ સ્વરૂપ જૂથ ચર્ચા પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિની તુલના કરવામાં આવી જેમાં બંનેમાંથી એક પદ્ધતિ કે જૂથ ચર્ચા પદ્ધતિ અસરકારક જોવા મળી હતી.પ્રસ્તુત સંશોધન તારણો પરથી કહી શકાય કે વિદ્યાર્થી શૈક્ષણિક સિદ્ધિ ઉંચી લાવવા માટે જૂથ ચર્ચા પદ્ધતિનો ઉપયોગ કરી શકાય છે. આ પદ્ધતિથી આત્મવિશ્વાસ વધે છે.

**ચાવીરૂપ શબ્દો** : પ્રાથમિક શાળા, નુતન કાર્યક્રમ, અભિપ્રાયો

<u>**54.સંશોધકનું નામ** : ગામિત રણજીત જી.</u>

**કોલેજનું નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ** : શ્રી બી. પી. માળી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આવેલા નૂતન કાર્યક્રમો અંગે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

Study Of Opinion Of Teacher About New Program Introduce In Primary Education

**સંશોધનનું ક્ષેત્ર** : પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ** : 1.પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આવેલા નુતન કાર્યક્રમો અંગેના અભિપ્રાયો મેળવવા અભિપ્રાયાવલીની રચના કરવી. 2.પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આવેલા કાર્યક્રમોની શિક્ષકોના અભિપ્રાયો મેળવવા. 3.શિક્ષકોના અભિપ્રાયો દ્વારા નૂતન કાર્યક્રમની વ્યવસ્થાપનનો ખ્યાલ મેળવવો. 4.શિક્ષકના અભિપ્રાયો દ્વારા નુતન કાર્યક્રમની અસરકારકતાનો ખ્યાલ મેળવવો.

**સંશોધનના પ્રશ્નો** :1.પ્રાથમિક શાળાઓના શિક્ષકોના નુતન કાર્યક્રમ અંગે અભિપ્રાયો શું હશે? 2.પ્રાથમિક શાળાના શિક્ષકોના મધ્યાન ભોજન તથા વાલી જાગૃતિ કાર્યક્રમ અંગે અભિપ્રાયો શું હશે? 3.પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વાંચન લેખન ગણન તથા રમોત્સવ કાર્યક્રમ અંગે અભિપ્રાયો શું હશે?

**સંશોધનના ચલ** :-------------

**સંશોધનનો પ્રકાર** : વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** : સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: તાપી જિલ્લાના સોનગઢ તાલુકાની પ્રાથમિક શાળાના 300 શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યા હતો.

**ઉપકરણ** : અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત** : કાઈ-વર્ગ

**સંશોધનના તારણો** :1.પ્રવેશોત્સવ કાર્યક્રમ બાદ સ્થાયીકરણ જાળવી શકાય છે તેમજ ગામના મોટાભાગના લોકો ભાગ લે છે.2.બાળકોને પ્રોત્સાહન રૂપે શૈક્ષણિક સાધનો આપવામાં આવે છે. જેના લીધે બાળકોને ભણવામાં પ્રેરણા મળે છે. ગુણવત્તામાં સુધારો કરવામાં ઉપયોગી છે.3.વાંચન લેખન ગણન અભિવૃદ્ધિ અભિયાન અંગે મંતવ્ય ધરાવે છે કે આ અભ્યાને સફળ બનાવવા તાલીમ વ્યવસ્થા કરવામાં આવે છે.4.વાંચન લેખન ગણન અભિવૃદ્ધિ અભિયાન દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવામાં આ કાર્યક્રમમાં મહત્વપૂર્ણ રહ્યો છે.

**સંશોધનના ફલિતાર્થ** :પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલીની મદદથી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આવેલા નુતન કાર્યક્રમ અંગે શિક્ષકોના અભ્યાસ મેળવવામાં આવ્યા હતા. આમ અભિપ્રાયાવલી દ્વારા કોઈપણ બાબતો પ્રત્યેના વ્યક્તિના વલણો જાણી શકાય છે.

**ચાવીરૂપ શબ્દો** : પ્રાથમિક શાળા, નુતન કાર્યક્રમ, અભિપ્રાયો

**55.સંશોધકનું નામ:- જોશી રિક્કી આર.**

**કોલેજનું નામ**:- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજ્યુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:- શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ માટે ગ્લોબલ વોર્મિંગ જાગૃતતા કાર્યક્રમની સંરચના અને અસરકારકતા

Construction And Effectiveness Of Global Warming Programme For 8th Standard Students

**સંશોધનનું ક્ષેત્ર**:- ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ

**સંશોધનના હેતુઓ**:-1.ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ માટે બહુ માધ્યમ આધારિત ગ્લોબલ વોર્મિંગ કાર્યક્રમની રચના કરવી.2.ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ માટે ગ્લોબલ વોર્મિંગ જાગૃતતા કસોટીની રચના કરવી.3.ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ માટે ગ્લોબલ વોર્મિંગ જાગૃતતા કાર્યક્રમની જાગૃતતા કસોટીના સંદર્ભમાં અસરકારકતા તપાસવી.4.ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ માટે ગ્લોબલ વોર્મિંગ જાગૃતતા કાર્યક્રમ અને અભિપ્રાયાવલિની સંરચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પના**: 1.ધો-8 માં પ્રાયોગિક જૂથના અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની ગ્લોબલ વોર્મિંગ જાગૃતતા પૂર્વ કસોટી પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2.પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.3.નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**:- સ્વતંત્ર ચલ -ગ્લોબલ વોર્મિંગ કાર્યક્રમ   પરતંત્ર ચલ- ગ્લોબલ વોર્મિંગ જાગૃતતા અંકુશિત ચલ – ધોરણ, વિસ્તાર, માધ્યમ, શાળા, રસ-રુચિ વલણ, અભિયોગ્યતા

**સંશોધનનો પ્રકાર**:- વ્યાવહારિક  પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**:-  પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તમપુરા પ્રાથમિક શાળામાંથી ધો-8 ના 140 વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**:- ગ્લોબલ વોર્મિંગ જાગૃતતા કસોટી અને અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત**:- સરાસરી, પ્રમાણ વિચલન, ટી કસોટી અને કાઈવર્ગ

**સંશોધનના તારણો**:- ધોરણ-8 ના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ બહુમાધ્યમ આધારિત ગ્લોબલ વોર્મિંગ જાગૃતતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. વિદ્યાર્થીઓમાં ઉત્તર કસોટી અને પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હતો, જે બહુમાધ્યમ આધારિત ગ્લોબલ વોર્મિંગ જાગૃતિના કાર્યક્રમને આભારી હતો.

**સંશોધનના ફલિતાર્થ**:-પ્રસ્તુત અભ્યાસ સમાજના લોકોને ગ્લોબલ વોર્મિંગ અંગે જાગૃત કરી એક સશક્ત યુવાવર્ગ તૈયાર કરવામાં મદદરૂપ થઈ શકે છે. વિદ્યાર્થીઓનું અન્ય વિષયોના બહુમાધ્યમ સંપુટના ઉપયોગથી સરળ રીતે  અર્થગ્રહણ કરાવી શકાય છે.

**ચાવીરૂપ શબ્દો**:- બહુમાધ્યમ, ગ્લોબલ વોર્મિંગ જાગૃતિ કાર્યક્રમ, વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ

**56.સંશોધકનું નામ** -જોશી શીતલ પી.

**કોલેજનું નામ**:-  શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:- ડો.એસ. આર. જોષી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

પીટીસી કોલેજના અભ્યાસક્રમમાં આંતરિક મૂલ્યાંકનથી થતી અસરો અંગે અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓના પ્રતિભાવનો અભ્યાસ

A Study Of Opinion Of Teachers And Trainees On The Effects Of Internal Evaluation In Ptc Course

**સંશોધનનું ક્ષેત્ર**:- શિક્ષણ- પ્રશિક્ષણ, અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક, શૈક્ષણિક મૂલ્યાંકન અને પરીક્ષા

**સંશોધનના હેતુઓ**:-1.પીટીસી કોલેજના અધ્યાપકોના આંતરિક મૂલ્યાંકન અંગેના પ્રતિભાવોને જાણવા અભિપ્રાયાવલીની સંરચના કરવી.2.પીટીસી કોલેજના પ્રશિક્ષણાર્થીઓના આંતરિક મૂલ્યાંકન અંગેના પ્રતિભાવોને જાણવા અભિપ્રાયાવલીની સંરચના કરવી.3.અભિપ્રાયાવલી દ્વારા પી.ટી.સી કોલેજના અધ્યાપકોના આંતરિક મૂલ્યાંકન અંગેના પ્રતિભાવો જાણવા.4.અભિપ્રાયાવલી દ્વારા પીટીસ કોલેજના પ્રશિક્ષણાર્થીઓના આંતરિક મૂલ્યાંકન અંગેના પ્રતિભાવો જાણવા.5.આંતરિક મૂલ્યાંકનને ગુણાકારમાં સ્થાન ન હોવાથી તેની અસરો જાણવી.

**સંશોધનના પ્રશ્નો**:-1.આંતરિક મૂલ્યાંકનમાં કઈ બાબતોનો સમાવેશ થતો હશે?2.આંતરિક મૂલ્યાંકન કઈ પદ્ધતિ દ્વારા કરવામાં આવી છે?3.આંતરિક મૂલ્યાંકનનું શું મહત્વ છે?4.આંતરિક મૂલ્યાંકન હોવા ના હોવા અંગે શિક્ષકો અને વિદ્યાર્થીઓના શું અભિપ્રાયો હશે?

**સંશોધનનો પ્રકાર**:- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**:- પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની પીટીસી કોલેજના અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓને બિન સંભાવ્ય નમુના પસંદગીમાંથી સહેતુક નમુના પસંદગીથી પસંદ કર્યા હતા.

**ઉપકરણ**:- અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત**:- કાઈ વર્ગ

**સંશોધનના તારણો**:-1.આંતરિક મૂલ્યાંકનનું પરિણામમાં ગુણાંકન ન હોવા છતાં પ્રશિક્ષણાર્થીઓની આંતરિક મૂલ્યાંકનની પ્રવૃત્તિઓમાં તેમનું હકારાત્મક વલણ જોવા મળેલ છે.2.અધ્યાપકોના મતે પ્રશિક્ષણાર્થીઓની સમૂહ જીવનની વર્તણુકમાં સમસ્યાઓ જોવા મળેલ છે.3.અધ્યાપકોના મતે પ્રશિક્ષણાર્થીઓના સંસ્થા તરફથી સોપાયેલ કાર્યો કરવામાં મનમાની કરે છે.4.આંતરિક મૂલ્યાંકનનો ગુણાંકન ન હોવાથી કોલેજમાં પણ સહકાર યુક્ત વાતાવરણ જોવા મળેલ છે.

**સંશોધનના ફલિતાર્થ**:-પ્રસ્તુત અભ્યાસમાં પી.ટી.સી કોલેજના આંતરિક મૂલ્યાંકનથી થતી અસરો અંગેના અભિપ્રયોગ મેળવવામાં આવ્યા જે હકારાત્મક અભિપ્રાયો જોવા મળ્યા છે તેથી શાળા,કોલેજ કક્ષાએ નવી અમલમાં આવતી પદ્ધતિઓ કે પરિવર્તન અંગે અભિપ્રાયોનો અભ્યાસ કરવો જોઈએ જેથી નવી પદ્ધતિઓ પરિવર્તનોની સફળતાનો ખ્યાલ આવે છે.

**ચાવીરૂપ શબ્દો**:- પીટીસી કોલેજનો અભ્યાસક્રમ, આંતરિક મૂલ્યાંકન, પ્રશિક્ષણાર્થી.

**57.સંશોધકનુંનામ:-** જુણકીયા ઈરફાન આર.

**કોલેજનું નામ:-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ:-** શ્રી એમ. એસ. ગામી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનો સંસ્થાકીય વ્યક્તિ અભ્યાસ

Institutional Case Study Of Educational Institutions Managed By Vidyamandir Trust, Palanpur

**સંશોધનનું ક્ષેત્ર:-** શિક્ષણનું સંગઠન, વહીવટ અને સંચાલન

**સંશોધનના હેતુઓ :- 1.**વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનો ઉદભવ અને વિકાસ અંગેની વિગતો જાણવી. 2.વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓનો અભ્યાસ કરવો. 3.વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં ધોરણો, વર્ગો, શિક્ષકો વગેરેની માહિતી મેળવવી. 4.વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષ દીઠ શૈક્ષણિક પરિણામોની વિગતો મેળવી. 5.વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓની સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો :- 1.**વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનો ઉદભવ અને વિકાસ કેવો હશે ? 2.વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં ભૌગોલિક પરિસ્થિતિ કેવા પ્રકારની હશે ? 3.વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ કઈ કઈ હશે ? 4.વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં કુલ ધોરણો, વર્ગો, શિક્ષકો, વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હશે ? 5.વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં કઈ કઈ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે ?

**સંશોધનનો પ્રકાર:-** વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ:-** વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો:-** પ્રસ્તુત સંશોધનમાં વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓને વ્યાપ વિશ્વ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે અભ્યાસકે અહીં શૈક્ષણિક સંસ્થાનો અભ્યાસ હોવાથી વ્યાપવિશ્વ જ નમૂનો તરીકે પસંદ કરેલ છે.

**ઉપકરણ:-** પ્રશ્નાવલી, પ્રત્યક્ષમુલાકાત, દસ્તાવેજો

**પૃથક્કરણની રીત:-** ગુણાત્મક પદ્ધતિ

**સંશોધનના તારણો :-1.**બનાસકાંઠાના જૈનો જે વિદેશ સુધી વિકસ્યા અને સારુ કમાયા અને પોતાના વતન પ્રત્યેનો પ્રેમ અને ઋણ અદા કરવા માટે જિલ્લાનું સ્તર ઉંચુ લાવવાના હેતુથી આ ટ્રસ્ટની સ્થાપના થઈ.2.સંસ્થામાં વિદ્યાર્થીઓની ગુણવત્તા સુધારવા માટે એક્સ્ટ્રા તાસ લેવામાં આવે છે.3.સાપ્તાહિક કસોટીમાં ગેરહાજર તથા ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓના વાલીઓને શાળામાં રૂબરૂ બોલાવીને જાણ કરવામાં આવે છે.4.પરીક્ષામાં ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓ માટે ફરીથી રિટેસ્ટની વ્યવસ્થા કરીને પણ પરીક્ષા લેવામાં આવેછે.5.સંસ્થામાં વર્ષમાં એક - બે વાર તજજ્ઞોને બોલાવીને વાર્તાલાપ રાખવામાં આવે છે અને શિક્ષકો વિવિધ તાલીમ શિબિરમાં ભાગ લે છે.

**સંશોધનના ફલિતાર્થ:-** 1.ટ્રસ્ટ દ્વારા ચાલતી સંસ્થાઓનો અભ્યાસ કરીને તેમને પડતી મુશ્કેલીઓ દૂર કરી શકાય. 2.સંસ્થાઓનું શૈક્ષણિક પ્રદાન જાણીને યોગ્ય નવા ક્ષેત્રોમાં પ્રગતિ કરવા માટે ભલામણો કરી શકાય.3.સંપૂર્ણ વિકસિત સંસ્થાઓમાં વ્યક્તિ અભ્યાસ કરીને સંસ્થાનો સંપૂર્ણ વિકાસ કેવી રીતે થાય છે. તે જાણીને આ વિકસિત સંસ્થાઓને વિકસિત સંસ્થાઓનું ઉદાહરણ આપી માર્ગદર્શન પૂરું પાડી શકાય.4.વ્યક્તિ અભ્યાસથી સંસ્થાકીય સિદ્ધિ માટે યોગ્ય પગલાં લઈ શકાય.5.સંસ્થાના વિદ્યાર્થીઓની સમસ્યાઓને જાણીને માર્ગદર્શન આપી શકાય .

**ચાવીરૂપ શબ્દો:-** શૈક્ષણિક સંસ્થાઓ, વ્યક્તિ અભ્યાસ

**58.સંશોધકનું નામ**: ખાંડરા વિજય બી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી બી. પી. માળી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

પ્રાથમિક કક્ષાએ સંસ્કૃત વિષયમાં જૂથ અધ્યાપન પદ્ધતિના સ્વરૂપોની અસરકારકતાનો તુલનાત્મક અભ્યાસ
A Comparative Study Of Effectiveness Of Types Of Team Teaching In Sunskrit At Primary Level

**સંશોધનનું ક્ષેત્ર**: સંસ્કૃત શિક્ષણ અને શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**: 1.સંસ્કૃત વિષયમાં પસંદ કરેલ એકમના નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન કાર્યક્રમની સંરચના કરવી. 2.સંસ્કૃત વિષયમાં પસંદ કરેલ એકમોના સંદર્ભમાં સમાન શિક્ષક જૂથ અધ્યાપન કાર્યક્રમની સંરચના કરવી.3.સંસ્કૃત વિષયમાં પસંદ કરેલા એકમોના સંદર્ભમાં સિદ્ધિ કસોટીની રચના કરવી. 4.નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાય જાણવા. 5.સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાય જાણવા અને અભિપ્રાયાવલી રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પના**: **1.**સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અને નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** : સ્વતંત્ર ચલ- જૂથ અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- સિદ્ધિ કસોટી અંકુશીત ચલ- ધોરણ, વિષય વસ્તુ, જાતિયતા, શાળા, પર્યાવરણ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: વલસાડ જિલ્લાની ગુજરાતી માધ્યમની ઉચ્ચ પ્રાથમિક શાળાના ધો-8 માં ભણતા કુલ-80 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: સ્વ- રચિત અભિપ્રાયાવલી અને એકમ કસોટી

**પૃથક્કરણની રીત**: કાઈ-વર્ગ

**સંશોધનના તારણો**: પ્રસ્તુત સંશોધનમાં સંસ્કૃત વિષયમાં જુથ અધ્યાપન પદ્ધતિનાં સ્વરૂપો પૈકી સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અને  નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો તેમાં સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ કરતાં નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ વધુ અસરકારક પુરવાર થઈ હતી.

**સંશોધનના ફલિતાર્થ**: પ્રસ્તુત સંશોધનમાં સંસ્કૃત વિષયમાં જુથ અધ્યાપન પદ્ધતિનાં સ્વરૂપો પૈકી સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અને  નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિનો તુલના કરવામાં આવી હતી જેમાં નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ વધુ અસરકારક  હતી. એટલે કે જૂથ અધ્યાપન માટેના શિક્ષકોના જૂથમાં બધા શિક્ષકો સમાન કક્ષાના હોય તેના કરતાં કોઈ એક શિક્ષક નિષ્ણાત હોય તે સ્વરૂપ વધુ અસરકારક છે. આ સૂચવે છે કે સંસ્કૃતના અધ્યાપન માટે નિષ્ણાત શિક્ષકની દોરવણી હેઠળ જૂથ અધ્યાપન થાય તેવું આયોજન શાળાઓમાં કરવું જોઈએ. ઉપરાંત આ પરિણામ સૂચવે છે કે શિક્ષકો પોતાના વિષયમાં નિષ્ણાંત બને તે જરૂરી છે.

**ચાવીરૂપ શબ્દો**:- જૂથ અધ્યાપન, પ્રાથમિક વિભાગ

**59.સંશોધકનું નામ**: મોઢ નીલમ એમ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો.એસ.આર. જોષી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

માધ્યમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓની અંધશ્રદ્ધા અંગેના ખ્યાલોનો  તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of Options Of Secondary School Teacher And Student About Superstition

**સંશોધનનું ક્ષેત્ર**: તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.અંધશ્રદ્ધા વિષયક મંતવ્યો જાણવા માટે અંધશ્રદ્ધા માપનની રચના કરવી.2.શિક્ષકો અને વિદ્યાર્થીઓના અંધશ્રદ્ધા પ્રત્યેના મંતવ્યો જાણવા.3.શિક્ષકો અને વિદ્યાર્થીઓનું અંધશ્રદ્ધા પ્રત્યેના મંતવ્યોનો તુલનાત્મક અભ્યાસ કરવો.4.શિક્ષકો અને શિક્ષિકાઓનું અંશ્રદ્ધા વિશેના મંતવ્યનો તુલનાત્મક અભ્યાસ કરવો.5.વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓની અંધશ્રદ્ધા વિષયના મંતવ્યોનો તુલનાત્મક અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો**:1.અંધશ્રદ્ધા એટલે શું ?2.અંધશ્રદ્ધા પ્રત્યે શું વિચાર છે?3.શિક્ષકો અંધશ્રદ્ધા પ્રત્યે શું વિચારે છે?4.જુદી જુદી અંશ્રદ્ધાઓ વિશે જુદા-જુદા શિક્ષકો અને વિદ્યાર્થીઓના અભિપ્રાય શું છે?

**સંશોધનના ચલ** :----------------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરની 10 માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરાવતા શિક્ષકો અને ધો- 8 અને 9 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માંથી કુલ 50 શિક્ષકો અને 150 વિદ્યાર્થીઓને નમૂનો તરીકે લીધા હતા.

**ઉપકરણ**: અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત**: કાઈ-વર્ગ

**સંશોધનના તારણો**:1.વારને લગતી અંધશ્રદ્ધા શિક્ષકો અને વિદ્યાર્થીઓ કરતા શિક્ષિકાઓ અને વિદ્યાર્થીનીઓમાં વધુ પ્રમાણે છે.2.તહેવારોને લગતી અંધશ્રદ્ધા શિક્ષકો - શિક્ષિકાઓ અને વિદ્યાર્થીઓ - વિદ્યાર્થીનીઓમાં લગભગ સરખી જોવા મળે છે.3.વિદ્યા પ્રાપ્તિની અંધશ્રદ્ધા શિક્ષકો કરતાં શિક્ષિકાઓમાં વધુ જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ**: શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે વિદ્યાર્થીઓમાં વૈચારિક ક્રાંતિ લાવી જરૂરી છે. આ કામ શિક્ષકો જ વધુ સારા પ્રમાણમાં કરી શકે છે. ખાસ કરીને શિક્ષણ ક્ષેત્ર મહત્વની ભૂમિકા ભજવી રહેલા એવા શિક્ષકોની અંધશ્રદ્ધા અંગેના ખ્યાલોની તુલનાત્મક અભ્યાસ કરવો જરૂર બને છે. જેના કારણે શિક્ષણમાં સમૂહથી ક્રાંતિ લાવી શકાય.

**ચાવીરૂપ શબ્દો**: અંધશ્રદ્ધા, માધ્યમિક વિભાગ

**60.સંશોધકનું નામ**: પરમાર ગૌરવ સી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. એસ. આર. જોષી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

ધો-8 નાં અંગ્રેજી વિષયના ‘Solar Energy’ એકમ માટે (CAI) કાર્યક્રમ અને દ્વિભાષી પદ્ધતિ દ્વારા શિક્ષણ અને તેની અસરકારકતા

Effectiveness Of Cai Programme And Bilingual Method For Teaching Solar Energy Unit In English Subject Of Standard

**સંશોધનનું ક્ષેત્ર :** શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**: 1.ધો-8 નાં વિદ્યાર્થીઓ માટે ‘Solar Energy’ એકમ પર CAI કાર્યક્રમની સંરચના કરવી. 2.ધો-8 નાં વિદ્યાર્થીઓ માટે CAI કાર્યક્રમની સંરચના કરવી. 3.ધો-8 નાં વિદ્યાર્થીઓ માટે CAI કાર્યક્રમ અને દ્વિભાષી અધ્યયન પદ્ધતિ વચ્ચેની તુલના કરવી. 4.ધો-8 નાં વિદ્યાર્થીઓ માટે CAI કાર્યક્રમની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જાતિયતાના સંદર્ભમાં અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પના**: 1.ધો-8 નાં અંગ્રેજી વિષયના ‘Solar Energy’ એકમ પર અને દ્વિભાષી પદ્ધતિથી અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓના ઉતર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.ધો-8 નાં અંગ્રેજી વિષયના ‘Solar Energy’ એકમ પર અને દ્વિભાષી પદ્ધતિથી અધ્યાપન પામેલા કુમારો ઉતર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 3.ધો-8 નાં CAI પ્રોગ્રામ અને દ્વિભાષી પદ્ધતિથી અધ્યાપન પામેલી કન્યાઓના ઉતર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 4.ધો-8 નાં CAI પ્રોગ્રામ અને દ્વિભાષી પદ્ધતિથી અધ્યાપન પામેલા કન્યાઓ અને કુમારો ઉતર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 5.ધો-8 નાં દ્વિભાષી પદ્ધતિથી અધ્યાપન પામેલા કુમારો અને કન્યાઓ ઉતર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :- સ્વતંત્ર ચલ- અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ પરિવર્તક ચલ- જાતિ અંકુશીત ચલ- ધોરણ, વિષય વસ્તુ, વિસ્તાર, શાળા, પર્યાવરણ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની શ્રી સમતા વિદ્યાસંકુલ અને શ્રી ઉમિયા વિદ્યાવિહાર શાળાના ધો-8 માં અભ્યાસ કરતાં કુલ -80 વિદ્યાર્થીઓને સહેતુક નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: સ્વ- રચિત અભિપ્રાયાવલિ અને એકમ કસોટી

**પૃથક્કરણની રીત**: સરાસરી, પ્રમાણ વિચલન, ટી-મૂલ્ય

**સંશોધનના તારણો**:1.ધો-8 નાં અંગ્રેજી પાઠ્યપુસ્તકના 'Solar Energy' એકમના અધ્યાપન માટે CAI પદ્ધતિ એ દ્વિભાષી કરતાં ચડિયાતી સાબિત થઈ છે. 2.'Solar Energy' એકમ માટે CAI અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરેલ કુમારોની શૈક્ષણિક સિદ્ધિ દ્વિભાષીથી અભ્યાસ કરેલ કુમારોની શૈક્ષણિક સિદ્ધિ કરતાં ચડિયાતી સાબિત થઈ છે. 3.'Solar Energy' એકમ માટે CAI અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરેલ કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ દ્વિભાષીથી અભ્યાસ કરેલ કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ કરતાં ચડિયાતી સાબિત થઈ છે. 4.'Solar Energy' એકમ માટે CAI અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરેલ કુમારો અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ લગભગ સમાન છે. 5.'Solar Energy' એકમ માટે દ્વિભાષીથી અભ્યાસ કરેલ કુમારો અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ લગભગ સમાન છે.

**સંશોધનના ફલિતાર્થ**: 1.CAI કાર્યક્રમની મદદથી પ્રત્યેક વિદ્યાર્થીઓને સ્વગતિએ અભ્યાસ કરવાની તક આપી શકાય. 2.વિદ્યાર્થીઓમાં સ્વ-અધ્યયન કરવાની ટેવ વિકસાવવામાં CAI કાર્યક્રમનો ઉપયોગ કરી શકાય. 3.વિદ્યાર્થીઓની વિચારશક્તિ, તર્કશક્તિ, કલ્પનાશક્તિ વિકસાવવામાં આ પદ્ધતિ ઉપયોગી બને છે. 4.સ્વ-અધ્યયન માટે CAI કાર્યક્રમનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓને સક્રિય રાખી શકાય.

**ચાવીરૂપ શબ્દો**: અંગ્રેજી વિષય, 'Solar Energy', (CAI) કાર્યક્રમ, દ્વિભાષી પદ્ધતિ

**61.સંશોધકનું નામ**: પટેલ ભારતીબહેન ડી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી.એ.એન ચૌધરી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

ધો-7 ના સામાજિક વિજ્ઞાન વિષયમાં જૂથ અધ્યાપન પદ્ધતિના સ્વરૂપોનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of Types Of Team Teaching In Social Science Subject Of 7th Std

**સંશોધનનું ક્ષેત્ર** : સામાજિક વિજ્ઞાન શિક્ષણ, શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**: 1.સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદીત એકમોના સંદર્ભમાં સમાન શિક્ષક જૂથ અધ્યાપન અને નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન કાર્યક્રમની સંરચના કરવી. 2.સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદીત એકમોના સંદર્ભમાં પૂર્વ કસોટીની સંરચના કરવી. 3.સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદીત એકમોના સંદર્ભમાં એકમ સિદ્ધિ કસોટીની સંરચના કરવી. 4.સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદીત એકમોના સંદર્ભમાં સમાન શિક્ષક જૂથ અધ્યાપન અને નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન વચ્ચે તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પના**: 1.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ જૂથ અધ્યાપન પદ્ધતિ પૂર્વ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 2.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ સિદ્ધિ કસોટી (ઉતર કસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 3.પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 4.નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :સ્વતંત્ર ચલ- જૂથ અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ આંતરવર્તી ચલો- વિષય પ્રત્યે રસ, વ્યક્તિગત તફાવત, ધ્યાન કેન્દ્રીકરણની ક્ષમતા, જૂથો વચ્ચેની આંતશક્રીયા અંકુશીત ચલ- ધોરણ, વિષય વસ્તુ, વિસ્તાર, શાળા, પર્યાવરણ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની રામપુરા પ્રાથમિક શાળાના ધો-7 માં અભ્યાસ કરતાં કુલ -60 વિદ્યાર્થીઓને સહેતુક નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: સ્વ- રચિત એકમ કસોટી

**પૃથક્કરણની રીત**: મધ્યક,પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય

**સંશોધનના તારણો**: 1.સમાન શિક્ષક જૂથ અને નિષ્ણાત શિક્ષક જૂથના પૂર્વ કસોટીના પ્રાપ્તાંકો સમાન જોવા મળ્યા હતા. 2.નિષ્ણાત શિક્ષક જૂથમાં પૂર્વ કસોટી અને ઉતર કસોટીના પ્રાપ્તાંકોમાં તફાવત હતો તેથી નિષ્ણાત શિક્ષક જૂથ પદ્ધતિ અસરકારક રહી હતી. 3.નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટી અને ઉતર કસોટીના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત ન હતો  નિયંત્રિત જૂથ અધ્યાપન પદ્ધતિએ અસરકારક ન હતી. 4.નિષ્ણાત શિક્ષક જૂથ દ્વારા આપવામાં આવેલ શિક્ષણ સમાન શિક્ષક જૂથ કરતાં ચડિયાતું જોવા મળેલ છે.

**સંશોધનના ફલિતાર્થ**: 1.પ્રસ્તુત અભ્યાસના મળેલા તારણો પરથી કહી શકાય કે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઊંચી લાવવા માટે નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અને સમાન જૂથ અધ્યાપન પદ્ધતિ બેમાંથી નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરી શકે છે. કારણ કે નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ વધુ અસરકારક છે. 2.શાળાના આચાર્યોએ પણ નિષ્ણાત શિક્ષક જૂથ તૈયાર થાય તે માટે શાળાના શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. 3.શૈક્ષણિક સંસ્થાઓ તથા ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગે નિષ્ણાતો પાસે વિવિધ ધોરણોના વિષયવસ્તુને અનુરૂપ આવા કાર્યક્રમની સંરચના કરાવવી જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**:  સામાજિક વિજ્ઞાન વિષય,  જૂથ અધ્યાપન પદ્ધતિ

<u>**62.સંશોધકનું નામ**: પટેલ ભાવનાબેન એમ.</u>

**કોલેજનું  નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી.એ.એન ચૌધરી

**વર્ષ / યુનિવર્સિટી/ડિગ્રી**  2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક** : **(Eng. & Guj.)** :

પાલનપુર શહેરના ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમની રચના અને તેની સ્વાસ્થ્ય સભાનતા પર અસરકરકતા

Construction and effectiveness of health awareness programme for 9th standard students of Palanpur city

**સંશોધન  ક્ષેત્ર**: માનસિક સ્વાસ્થ્ય તેમજ શારીરિક સ્વાસ્થ્ય

**સંશોધનના  હેતુઓ**: 1.ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટે બહુમાધ્યમ આધારિત સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમની રચના કરવી. 2. ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય જાગૃતિની રચના કરવી. 3.ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા તપાસવી. 4.ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ અંગે અભિપ્રાયવલીની સંરચના કરી અભિપ્રાયો તપાસવા.

**સંશોધનની ઉત્કલ્પના**:1. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ સ્વાસ્થ્ય જાગૃતિ માપન કસોટી(પૂર્વ કસોટી) મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.2. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ સ્વાસ્થ્ય જાગૃતિ માપન કસોટી(ઉત્તર કસોટી) મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.3. પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.4. નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ : સ્વાસ્થ્ય જાગૃતિ પરતંત્ર ચલ: સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ પરના પ્રાપ્તાંક

અંકુશિત ચલ: ધોરણ,શાળાનું વાતાવરણ,વિષયવસ્તુ, વિસ્તાર આંતરવર્તી ચલ:વિદ્યાર્થીઓની રસ,રૂચિ,વિદ્યાર્થીઓનું વલણ,વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતા

**સંશોધનનો પ્રકાર**: સંખ્યાત્મક અને સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પધ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: પ્રસ્તુત સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની શહેરી વિસ્તારની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ-9ના વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ બન્યા હતા.જેમાથી 2 વર્ગમાથી 50-50 વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કર્યા હતા.

**ઉપકરણ**: સ્વ-રચિત એકમ કસોટી

**પૃથક્કરણ રીત**: ટી-કસોટી

**સંશોધનના તારણો**: 1.સ્વાસ્થ્ય જાગૃતિની પૂર્વ કસોટીના આધારે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ સમાન જોવા મળ્યા હતા. 2.સ્વાસ્થ્ય જાગૃતિ ઉત્તરકસોટીમાં પ્રાયોગિક જૂથનાં વિદ્યાર્થીઓ નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ સમાન જોવા મળ્યા હતા. 3.પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની પૂર્વકસોટી કરતાં ઉત્તરકસોટી કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી.એટલે કે સ્વાસ્થ્ય જાગૃતિ બહુમાધ્યમ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. 4.નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોમાં કોઈ તફાવત જોવા મળ્યો ન હતો.

**સંશોધનના ફલિતાર્થ**: 1.પ્રસ્તુત અભ્યાસ સમાજના લોકોને સ્વાસ્થ્ય અંગે જાગૃત કરી એક સશક્ત યુવાવર્ગ તૈયાર કરવામાં મદદરૂપ થઈ શકે છે. 2.વિદ્યાર્થીઓને અન્ય કઠિન વિષયો બહુમાધ્યમ સંપુટના ઉપયોગથી સરળ રીતે અર્થગ્રહણ કરવી શકાય છે. 3.સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ દ્વારા સ્વાસ્થ્ય વિશેની અજ્ઞાનતા દૂર કરી શકાય છે. 4. સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ દ્વારા સ્વાસ્થ્ય વિશે વધુ ખ્યાલ સ્પષ્ટ થઈ શકે છે.

**ચાવીરૂપ શબ્દો**: સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ,ધોરણ-9,

**63.સંશોધકનું નામ**: પટેલ દુર્ગેશ બી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એમ. એસ. ગામી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

ધો-9 ના હિન્દી વિષયના વ્યાકરણમાં પસંદિત એકમોના સંદર્ભમાં વર્કકાર્ડ અને રૈખિક અભિક્રમની સંરચના અને અસરકારતા

Construction And Effectiveness Of Work Card And Linear Programme For The Selected Unit Of Grammar In Hindi Subject Of Std. Ix

**સંશોધન ક્ષેત્ર**: તુલનાત્મક શિક્ષણ, શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**:1.ધો-9 ના હિન્દી વિષયના વ્યાકરણમાં વર્ક કાર્ડ અને રૈખિક અભિક્રમની રચના કરવી.2.ધો-9 ના હિન્દી વિષયના વ્યાકરણમાં વિદ્યાર્થીઓની સિદ્ધિ જાણવા સિદ્ધિ કસોટીની રચના કરવી.3.ધો-9 નાં હિન્દી વિષયના વ્યાકરણમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વર્ક કાર્ડ સાહિત્ય અને અભિક્રમિત અધ્યયન દ્વારા અધ્યયનની તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:1.વર્ક કાર્ડ દ્વારા અધ્યયન કરતા વિદ્યાર્થીઓ અને અભિક્રમિત સાહિત્ય દ્વારા અધ્યયન કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકો સરાસરી ઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ- અધ્યાપન પદ્ધતિ; પરતંત્ર ચલ- સિદ્ધિ કસોટી; અંકુશિત ચલ- ધોરણ,માધ્યમ, એકમ, વિષય, વિસ્તાર; અંતરવર્તી ચલ- વિષય પ્રત્યે રસ અને ઉત્સાહ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: વાંસદા તાલુકાના વિસ્તારની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના શ્રી પ્રકાશ હાઈસ્કુલ, વાંસદા ધોરણ-9 માં અભ્યાસ કરતા કુલ-61 વિદ્યાર્થીઓને પસંદ કર્યા હતા.

**ઉપકરણ**: વર્ક કાર્ડ અને રૈખિક અભિક્રમ

**પૃથક્કરણની રીત**: ટી-કસોટી

**સંશોધનના તારણો**: વર્કકાર્ડ સાહિત્ય દ્વારા ભણવાથી સમય બગડતો નથી. વર્કકાર્ડ સાહિત્ય દ્વારા ભણવાથી જાતે ભણવાની ટેવ વિકસે છે. વર્કકાર્ડ સાહિત્ય દ્વારા સરળતાથી શીખી શકાય છે। વર્કકાર્ડ સાહિત્ય દ્વારા જાતે વાંચીને વધુ સમજી શકાય છે. વર્કકાર્ડ સાહિત્ય દ્વારા એકાગ્રતાથી ભણી શકાય છે.

**સંશોધનના ફલિતાર્થ**: સ્વ અધ્યયન માટે વર્કકાર્ડ સાહિત્યનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીને સક્રિય રાખી શકાય. બાળકોમાં સ્વ-અધ્યયન કરવાની ટેવ વર્કકાર્ડ સાહિત્ય અને અભિક્રમિત અધ્યયનથી વિકસાવી શકાય। વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ સ્વધ્યાય દ્વારા શિક્ષણ મેળવે તેવી પદ્ધતિઓનો વિકાસ થાય તે જરૂરી છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં દરેક વર્ગમાં અદ્યતન સાધનો પૂરા પાડી શકાય તેમ નથી આવા સંજોગોમાં સ્વ-અધ્યયન પદ્ધતિ શિક્ષણની કરોડરજ્જુ સમાન બની રહે છે.

**ચાવીરૂપ શબ્દો**:વર્કકાર્ડ, અભિક્રમિત અધ્યયન, સંરચના

**64.સંશોધકનું નામ**: પટેલ કુંજલ એ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી બી. પી. માળી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

ધો-8 ના ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત અને એન.સી.ઈ.આર.ટી. દ્વારા પ્રકાશિત સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Critical Appraisal Of Sanskrit Subject Text Book Of Std 8th Published By Gujarat State School Text Book Board And NCERT

**સંશોધનનું ક્ષેત્ર**: અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ, માધ્યમિક શિક્ષણ, તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:1.ધોરણ 8 ના ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને નવોદય વિદ્યાલયના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકની તુલના કરવી2.ધોરણ આઠના ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને નવોદય વિદ્યાલયના સંસ્કૃત પાઠ્યપુસ્તકના બાહ્ય અને આંતરિક લક્ષણોની બાબતમાં તુલના કરવી3.ધોરણ આઠના ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને નવોદય વિદ્યાલય સંસ્કૃત પાઠ્યપુસ્તકમાંથી ગદ્ય અને પદ્ય વિભાગની તુલના કરવી4.ધોરણ આઠના ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને નવોદય વિદ્યાલયના સંસ્કૃત પાઠ્યપુસ્તકમાંથી વ્યાકરણ અને સ્વાધ્યાય કાર્યની તુલના કરવી.5.શિક્ષકોના પ્રતિવાઓ મેળવવા અભિપ્રાયાવલીની રચના કરવી

**સંશોધનના પ્રશ્નો**:1.ધોરણ આઠના ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને નવોદય વિદ્યાલયના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં શું ભેદ હશે?2.ધોરણ આઠના ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને નવોદય વિદ્યાલયના

સંસ્કૃત પાઠ્યપુસ્તકના બાહ્ય અને આંતરિક લક્ષણોની બાબતમાં કેટલો તફાવત હશે?3.ધોરણ આઠના ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને નવોદય વિદ્યાલયના સંસ્કૃતના પાઠ્યપુસ્તકમાંથી ગદ્ય અને પદ્ય વિભાગની તુલનામાં શું તફાવત હશે?4.ધોરણ આઠના ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને અને નવોદય વિદ્યાલયના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાંથી વ્યાકરણ અને સ્વાધ્યાય કાર્યની તુલના બાબતમાં શું તફાવત હશે?5.અભિપ્રાયાવલીના આધારે શિક્ષકોના અભિપ્રાય શું હશે?

**સંશોધનના ચલ:**---------------

**સંશોધનનો પ્રકાર:** વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ:** વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો:** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા 2004 થી અમલમાં મુકેલ સંસ્કૃત પાઠ્યપુસ્તક અને એન.સી.ઈ.આર.ટી. દ્વારા અમલમાં મુકેલ નવોદય વિદ્યાલયનું સંસ્કૃતનું ધોરણ આઠનું પાઠ્યપુસ્તક વ્યાપવિશ્વ અને નમુના તરીકે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલ માધ્યમિક શાળાના ધોરણ આઠમાં સંસ્કૃત વિષય ભણાવતા 30 શિક્ષકો લીધા હતા.

**સંશોધન ઉપકરણ:** અભિપ્રાયાવલી, મૂલ્યાંકન પત્રક

**પૃથક્કરણની રીત:** ગુણાત્મક પદ્ધતિ

**સંશોધનના તારણો:**1.ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળનું પુસ્તક અને એન.સીઈ.આર.ટી. નું પુસ્તક કદ પૃષ્ઠ અને કાગળની દ્રષ્ટિએ સમાન છે.2.કિંમત અને પૃષ્ઠ સંખ્યાની દ્રષ્ટિએ બંનેમાં તફાવત જોવા મળે છે.3.ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના પુસ્તકમાં ભાષા અનુબંધ સ્વાધ્યાય વગેરે બાબતોમાં એન.સી.આર.ટી.નું પુસ્તક પણ સમાનતા ધરાવે છે.4.એન.સી.ઈ.આર.ટી. ના પુસ્તકમાં રંગીન ચિત્રો દર્શાવેલા છે જે તેની આગવી વિશેષતા છે5.ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના પુસ્તકમાં ગદ્યપાઠ વધુ છે6.ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તકમાં પદ્ય પાઠ પણ એન.સી.આર.ટી ના પુસ્તક કરતા વધુ છે

**સંશોધનના ફલિતાર્થ:** ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળના ગદ્યપાઠ, પદ્યપાઠ,સ્વાધ્યાય અને રંગીન ચિત્રોમાં વધારો કરવો જોઈએ. પુસ્તકમાં રાજકીય, દેશપ્રેમ,પર્યાવરણીય મૂલ્યોને લગતા ગદ્યપાઠ, પદ્યપાઠનો ઉમેરો કરવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો:**- પાઠ્યપુસ્તક, તુલનાત્મક અભ્યાસ

**65.સંશોધકનું નામ:** પટેલ રમીલાબેન એન.

**કોલેજનું નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ:** શ્રી એમ. એસ. ગામી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી:**- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

ધો-11 ના વિદ્યાર્થીઓ માટે વ્યસનમુક્તિ સભાનતા કાર્યક્રમ સંરચના અને તેની અસરકારકતા

Construction And Effectiveness Of Addiction Eradication Awereness Programme For Students Of Standard-11

**સંશોધનનું ક્ષેત્ર** : શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ

**સંશોધનના હેતુઓ:** 1. ધોરણ 11 ના વિદ્યાર્થીઓ માટે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત વ્યસનમુક્તિ કાર્યક્રમની સંરચના કરવી 2. ધોરણ 11ના વિદ્યાર્થીઓ માટે વ્યસનથી સભાનતા માપન કસોટીની સંરચના કરવી 3. પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન મુક્તિ કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ:** 1. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ વ્યસનમુક્તિ સભાનતા માપન કસોટી

(ઉત્તર  કસોટી)માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ-વ્યસન મુક્તિ સભાનતા કાર્યક્રમ,  પરતંત્ર ચલ-વ્યસન મુક્તિ સભાનતા કાર્યક્રમ પરની કસોટી પ્રાપ્તાકો

**સંશોધનનું પ્રકાર** : વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: પાલનપુર તાલુકાના શહેરી વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાના  ધો- 11 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઝૂમખાં નમુના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ**: એકમ કસોટી

**પૃથક્કરણની રીત**: સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય

**સંશોધનના તારણો**: 1. ધોરણ 11ના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન આધારિત વ્યસન મુક્તિ સભાનતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.2. પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત વ્યસન મુક્તિ સભાનતા કાર્યક્રમ પરિણામ ઉત્તર કસોટીના પ્રાપ્તકોકોની સરાસરી ઊંચી જોવા મળી હતી. આમ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો3. નિયંત્રણ જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટી અને પૂર્વ કસોટીના સરાસરીઓ વચ્ચે સમાનતા જોવા મળી ન હતી

**સંશોધનના ફલિતાર્થ**: ધોરણ 11 ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ પાવરપોઈન્ટ સ્લાઈડ પ્રેઝન્ટેશન આધારિત વ્યસન મુક્તિ સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. આમ ઉપરોક્ત તારણ અંતર્ગત એવું સૂચવી શકાય છે કે વ્યસન મુક્તિ સભાનતા વિકસાવવા માટે આ કાર્યક્રમ સમાજના વિવિધ ક્ષેત્રે કરી શકાય. તેમજ સમાજમાં વ્યસન અંગેની સભાનતા વિકસાવવી જ આવશ્યક છે. તેથી શાળા કક્ષાએ આવા કાર્યક્રમોનો અમલ થવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: વ્યસનમુક્તિ સભાનતા કાર્યક્રમ

<u>66.**સંશોધકનું નામ**: પ્રજાપતિ આશા એમ.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.)** -

ધો- 5 ના આદિવાસી વિદ્યાર્થીઓના ઉચ્ચારણ દોષ સુધારણાના કાર્યક્રમની સંરચના અને અસરકારકતા

Construction And Effectiveness Of Pronunciation Improvement Programme For The Tribal Students Of Std. 5

સંશોધનનું ક્ષેત્ર: શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.વિદ્યાર્થીઓના ઉચ્ચારણ દોષો તારવવા ઉચ્ચારણ દોષ નિદાન કસોટીની રચના કરવી. 2. વિદ્યાર્થીઓ માટે ઉચ્ચારણ દોષ કાર્યક્રમની સંરચના કરવી. 3.વિદ્યાર્થીઓ માટે ઉચ્ચારણ દોષ કાર્યક્રમની ઉચ્ચારણ દોષ નિદાન કસોટીની અસરકારકતા ચકાસવી.

**સંશોધનની  ઉત્કલપનાઓ**: 1.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વિદ્યાર્થીઓના ઉચ્ચારણ દોષ માટે નિદાન કસોટી પેપર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2.પ્રયોગના વિદ્યાર્થીઓની પૂર્વ તથા ઉત્તર કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ**:સ્વતંત્ર ચલ- ઉચ્ચારણ દોષ ઘટાડવા માટે ઉચ્ચારણ સુધારણા કાર્યક્રમ  પરતંત્ર ચલ- ઉચ્ચારણ દોષ અંકુશિત ચલ – વિસ્તાર, ધોરણ, માધ્યમ     આંતરવર્તી ચલ- રસ-રુચિ ઉત્સાહ.

**સંશોધનનો પ્રકાર**:  વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના ધ્રાંગીવાસ પ્રાથમિક શાળાના ધોરણ પાંચમાં અભ્યાસ કરતા કુલ- 100 વિદ્યાર્થીઓને સહેતુક નમૂના પસંદગી દ્વારા પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ**: નિદાન કસોટી

**પૃથક્કરણની રીત**: ટી-કસોટી

**સંશોધનના તારણો**: 1.ધોરણ પાંચના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ ઉચ્ચારણ દોષ સુધારણા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો 2. ઉચ્ચારણ દોષ સુધારણા કાર્યક્રમના પરિણામે પ્રાયોગિક જૂથના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી. 3. નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટી અને પૂર્વ કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે સમાનતા જોવા મળી હતી. 4..ધોરણ 5 ના આદિવાસી વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલા ઉચ્ચારણ દોષ સુધારણાના કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો જેથી આ કાર્યક્રમના ભવિષ્યમાં ઉપયોગ કરી શકાય

**સંશોધનના ફલિતાર્થ**: પ્રાથમિક કક્ષાએ જૂથ અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ નહિવત્ પ્રમાણમાં થતો જોવા મળે છે. ધોરણ 5 ના આદિવાસી વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલા ઉચ્ચારણ દોષ સુધારણાના કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો જેથી આ કાર્યક્રમના ભવિષ્યમાં ઉપયોગ કરી શકાય.

**ચાવીરૂપ શબ્દો**: ઉચ્ચારણ દોષ, ઉચ્ચારણ દોષ સુધારણા કાર્યક્રમ, આદિવાસી વિસ્તાર

**67.સંશોધકનું નામ**: પ્રજાપતિ મુકેશકુમાર જી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન ,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એમ. એસ. ગામી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.)** -

ધો- 8 ના અંગ્રેજી પાઠ્યપુસ્તકની વાચ્યતાનો અભ્યાસ

A Study On The Readability Of English Text Book Of Standard VIII

**સંશોધનનું ક્ષેત્ર**: ભાષા શિક્ષણ તથા તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.ધોરણ 8ના અંગ્રેજી પાઠ્યપુસ્તક વાંચવા અને સમજવામાં અવરોધ કરતા અવરોધકોની યાદી તૈયાર કરવી. 2.ઓકરમેન અને ડાલચેલના વાચ્યતાના સૂત્રોના આંક વચ્ચેનો સહસબંધ નક્કી કરવો. 3.ધોરણ 8 ના અંગ્રેજી પાઠ્યપુસ્તક ના દરેક પ્રકરણનો શબ્દ ભંડોળ તપાસવો. 4.ધોરણ 8ના અંગ્રેજી પાઠ્યપુસ્તકની ઊંચી વાચ્યતા ધરાવતા પ્રકરણો તપાસવા. 5.ધોરણ 8ના અંગ્રેજી પાઠ્યપુસ્તકની નીચી વાચ્યતા ધરાવતા પ્રકરણો તપાસવા.

**સંશોધન પ્રશ્નો**: 1.પાઠ્યપુસ્તકમાં પ્રકરણ દીઠ સરેરાશ અપેક્ષિત અવરોધકો ની સંખ્યા કેટલી હશે? 2.પ્રકરણ દીઠ સરેરાશ પ્રમાણભૂત વાચ્યતા આંક કેટલો હશે ? 3.પાઠ્યપુસ્તકના પ્રકરણ દીઠ સરેરાશ પ્રમાણભૂત વાચ્યતા આંક કેટલો હશે ? 4. સૌથી વધુ શબ્દભંડોળ ભાર ધરાવતા પ્રકરણો કેટલા હશે? 5. સૌથી ઓછો શબ્દ ભંડોળ ભાર ધરાવતા પ્રકરણો કેટલા હશે?

**સંશોધનના ચલ**: ---------------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પ્રસ્તુત સંશોધનમાં અંગ્રેજી પાઠ્યપુસ્તકને સંશોધનના વ્યાપવિશ્વ તરીકે લેવામા આવ્યું છે, જેમાં સંશોધકે યાદચ્છિક પસંદગીયુક્ત નમૂનો લીધેલ છે.

**પૃથક્કરણની રીત**: સાદી ટકાવારી

**ઉપકરણ**: ઓકરમેન અને ડાલચેલના વાચ્યતાના સૂત્રો

**સંશોધનના તારણો**: કમાંક તફાવત પદ્ધતિથી મેળવેલો ઓકરમેન અને ડાલચેલના સૂત્રો વચ્ચેનો તફાવત 0.7 જોવા મળ્યો છે. પાઠ્યપુસ્તકમાં અવરોધકની સંખ્યા 341 મળી જે થી તે ૨૩ ટકાના ધોરણે પસંદગીના અવરોધક 210 છે. પાઠ્યપુસ્તકમાં પ્રકરણ દીઠ અવરોધકની સંખ્યા 82 મળી. જેમાં ૨૩ ટકાના ધોરણે અવરોધો 5 છે. પાઠ્યપુસ્તકમાં શબ્દોની સંખ્યા 7123 છે. પ્રકરણ દીઠ સંખ્યા ૩09.69 છે. વાક્યો ની કુલ સંખ્યા ૯૩૪ છે. જે પ્રકરણ દીઠ સંખ્યા 40.60 છે.

**સંશોધનના ફલિતાર્થ**: ધોરણ 8 ના પાઠ્યપુસ્તકમાં ઊંચી વાચ્યતા ધરાવતા પ્રકરણોનું પ્રમાણ વધુ છે. આમ વાચ્યતાની દ્રષ્ટિએ ધોરણ-૮ ના વિદ્યાર્થીઓને આ પાઠ્યપુસ્તક અઘરૂં પડે તેઓને અર્થગ્રહન કરવામાં પણ મુશ્કેલી કરે છે. વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકના આઘરા શબ્દોથી પરિચિત થાય, ભાષા સુધરે, નવા જ્ઞાનથી પરિચિતબને અને ભાવિ સંશોધન માટે પ્રેરણારૂપ બને અને નવા પાઠ્યપુસ્તકમાં કેવા સુધારા વધારા કરવા તેની જાણકારી મેળવે.

**ચાવીરૂપ શબ્દો**: અંગ્રેજી પાઠ્યપુસ્તક, વાચ્યતા, અભ્યાસ

<u>**68. સંશોધકનું નામ** –પ્રજાપતિ સમ્રાટ પી.</u>

**કોલેજનું નામ** - શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનુંનામ**-શ્રી બી. પી. માળી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj.) -**

ધો -9 ના હિન્દી પાઠ્યપુસ્તકની વાંચ્યતાનો અભ્યાસ

A Study On The Readability Of Hindi Textbook Of Class-9

**સંશોધનનું ક્ષેત્ર** –ભાષા શિક્ષણ, તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:- 1.ધો-9 ના પ્રવર્તમાન હિન્દી પાઠ્યપુસ્તક વાંચવા અને સમજવામાં અવરોધ કરતાં અવરોધકોની યાદી તૈયાર કરવી. 2.ધોરણ નવના હિન્દી પાઠ્યપુસ્તકની ઊંચી વાંચ્યતા ધરાવતા પ્રકરણો તારવવા 3.ધોરણ નવના હિન્દી પાઠ્યપુસ્તકની નીચી વાંચ્યતા ધરાવતા પ્રકરણ તારવવા 4.ધોરણ નવના હિન્દી પાઠ્યપુસ્તકના દરેક પ્રકરણનો વાંચ્યતા આંક નક્કી કરવો .5.ધોરણ નવના પ્રકરણના વાંચનતા આંક પરથી તે પ્રકરણોના પ્રમાણભૂત વાંચ્યતા આંક શોધવા.

**સંશોધનના પ્રશ્નો**- 1.પાઠ્યપુસ્તકમાં પ્રકરણ દીઠ સરેરાશ અપેક્ષિત અવરોધકોની સંખ્યા કેટલી હશે? 2.પ્રકરણ દીઠ સરેરાશ પ્રમાણભૂત વાંચ્યતા અંક કેટલો હશે? 3.ઉંચું શબ્દભંડોળ ભાર ધરાવતા પ્રકરણો કેટલા હશે? 4.પ્રકરણ દીઠ સરેરાશ વાંચ્યતા આંક કેટલો હશે? 5.નીચું શબ્દભંડોળ ભાર ધરાવતા પ્રકરણ કેટલા હશે?

**સંશોધનનો પ્રકાર** –વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** –સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**- પ્રસ્તુત સંશોધનમાં માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ અને ધોરણ નવમાં અધ્યાપન કરાવતા શિક્ષકભાઈ બહેનો વ્યાપવિશ્વના પાત્રો છે.

**ઉપકરણ**- ઓકરમેન સૂત્રની પસંદગી

**પૃથક્કરણની રીત**- સાદી ટકાવારી

**સંશોધનના તારણો**:- 1.પાઠ્યપુસ્તકમાં અપેક્ષિત અવરોધકોની કુલ સંખ્યા 402 મળી હતી. 23% અવરોધકો હતા .2.પાઠ્યપુસ્તકમાં શબ્દોની કુલ સંખ્યા 33,498 છે પ્રકરણ દિવસ સરેરાશ શબ્દ સંખ્યા 1395 .75 છે. 3.પ્રકરણમાં

વાક્યની કુલ સંખ્યા 583 છે. પ્રકરણ-ર સરેરાશ વાક્ય સંખ્યા 211.79 છે. 4.પાઠ્યપુસ્તકના પ્રકરણોની સરેરાશ વાક્ય લંબાઇ 6.78 માલુમ પડી છે. 5.પાઠ્યપુસ્તકના પ્રકરણ સરેરાશ વાંચ્યતા આંક 603.28 છે.

**સંશોધનના ફલિતાર્થ**:- વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકના અઘરાશબ્દોથી પરિચિત થાય વિદ્યાર્થીઓની ભાષામાં સુધારો થાય અને વિદ્યાર્થીઓ નવા જ્ઞાનથી પરિચિત બને. આ સંશોધન દ્વારા વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકના અઘરા શબ્દોથી પરિચિત થયા આજના પ્રવર્તમાન સમયમાં શિક્ષણના નવા પ્રભાવ સાથે લાવવા માટે શિક્ષણમાં ઘણી સમસ્યાઓ મુશ્કેલીઓ નડતી હોય છે તો આવી મુશ્કેલી દૂર કરવા માટે આવા નવા સંશોધનો હાથ ધરાય છે જેથી શિક્ષણ અને શૈક્ષણિકપદ્ધતિમાંપણસુધારો લાવી શકાય

**ચાવીરૂપશબ્દો**:-વાંચ્યતા,પાઠ્યપુસ્તક,અભ્યાસ

**<u>69.સંશોધકનું નામ-</u>** <u>રાષ્ટ્રપાલ અરુણા ડી.</u>

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન,પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી એમ. એસ. ગામી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક (Eng. and Guj.) -**

બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે બહુમાધ્યમ એઇડ્સ જાગૃતિ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

Construction And Effectiveness Of Multimedia Aids Awarness Programme For B.Ed. Trainers

**સંશોધનનું ક્ષેત્ર-** માર્ગદર્શન અને સલાહ દર્શન, શિક્ષક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1.પ્રશિક્ષણાર્થીઓમાં એઇડ્સ જાગૃતિ માટે એઇડ્સ જાગૃતિ કાર્યક્રમની સંરચના કરવી 2.પ્રશિક્ષણાર્થીઓ પર સંશોધક દ્વારા એઇડ્સ જાગૃતિ ચકાસવા માટે એઇડ્સ જાગૃતિ કસોટીની સંરચના કરવી. 3.પ્રશિક્ષણાર્થીઓમાં એઇડ્સ જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

**સંશોધનની ઉત્કલ્પના-** 1.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓએ એઇડ્સ જાગૃતિ માપન કસોટી (પૂર્વકસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.2.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓએ એઇડ્સ જાગૃતિ માપન કસોટી (ઉત્તરકસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.3.પ્રાયોગિક જૂથના પ્રશિક્ષણાર્થીઓની પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્રચલ:- એઇડ્સ જાગૃતિ; પરતંત્ર ચલ - એઇડ્સ જાગૃતિ કાર્યક્રમ પરના પ્રાપ્તાંક અંકુશિત ચલ -ધોરણ, માધ્યમ, કોલેજનું વાતાવરણ, એકમ, વિષય, વિસ્તાર, પ્રયોગનો સમયગાળો આંતરવર્તી ચલ – જૂથોના પાત્રો વચ્ચે થતી આંતરક્રિયા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લામાં આવેલી બી.એડ્. કૉલેજના વર્ષ 2010-11 ના પ્રશિક્ષણાર્થીઓ પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે સ્વીકારવામાં આવ્યા હતા. બી.એડ્. ના 100 પ્રશિક્ષણાર્થીઓમાંથી આકસ્મિક ચિઠ્ઠી દ્વારા 60 પ્રશિક્ષણાર્થીઓને નમૂના તરીકે પસંદ કર્યા હતા.

**ઉપકરણ** - સ્વરચિત એકમ કસોટી (પૂર્વકસોટી કે ઉત્તર કસોટી)

**પૃથક્કરણની રીત-** ટી- કસોટી

**સંશોધનના તારણો-** 1.બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે રચવામાં આવેલ બહુમાધ્યમ એઇડ્સ જાગૃતિ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. 2.બહુમાધ્યમ એઇડ્સ જાગૃતિ કાર્યક્રમને પરીણામે પ્રાયોગિક જૂથના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની

સરાસરી ઊંચી જોવા મળી હતી. આમ, કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. 3.પ્રાયોગિક જૂથના પ્રશિક્ષણાર્થીઓના ઉત્તર કસોટી અને પૂર્વકસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હતો. જે બહુમાધ્યમ એઇડ્સ જાગૃતિ કાર્યક્રમને આભારી હતો.4. નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સમાનતા જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થ-** બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓ માટે તૈયાર કરેલ બહુમાધ્યમ એઇડ્સ જાગૃતિ કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો.આમ, ઉપરોકત તારણ અંતર્ગત એવુ સૂચવી શકાય કે એઇડ્સ જાગૃતિ લાવવા માટે આ બહુમાધ્યમ કાર્યક્રમનો સમાજના વિવિધ ક્ષેત્રે ઉપયોગ કરી શકાય. તેમજ સમાજમાં એઇડ્સ અંગેની જાગૃતતા વિકાસાવવી ઘણી જ આવશ્યક છે. તેથી કૉલેજ કક્ષાએ આવા કાર્યક્રમોનો અમલ થવો જોઇએ.

**ચાવીરૂપ શબ્દો –** એઈડ્સ જાગૃતિ કાર્યક્રમ,બહુમાધ્યમ કાર્યક્રમ,શૈક્ષણિક સિદ્ધિ

**70. સંશોધકનું નામ**: વણકર તુષાર કે.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:- :શ્રી બી. પી. માળી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2010 -11 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યના માધ્યમિક શાળાની ધોરણ-૯ના સમાજીક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of The Text Book Of Social Science Of Gujrat, Rajsthan And Maharastra State For Standard-9

**સંશોધનનું ક્ષેત્ર**: અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક, માધ્યમિક શિક્ષણ, તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:- 1.ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યના ધોરણ-9 ના સમાજીક વિજ્ઞાન પાઠ્યપુસ્તકની બાહ્ય બાબતો અને આંતરિક બાબતોને આધારે તુલના કરવી. 2.પાઠ્યપુસ્તકમાં રહેલ કુલ એકમોને આધારે તુલના કરવી. 3. પાઠ્યપુસ્તકમાં રહેલ સમાન અને અસમાન એકમોની તુલના કરવી. 4.પઠ્યપુસ્તકમાં આપેલ સ્વાધ્યાયની તુલના કરવી.5.પાઠ્યપુસ્તકમાં રહેલ દ્રષ્ટિગમ્ય સાધનોની તુલના કરવી. 6.પાઠ્યપુસ્તકની વિશિષ્ટતાઓ અને મર્યાદાઓની તારવણી કરવી. 7. અભિપ્રાયાવલિની રચના કરવી અને તેના આધારે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

**સંશોધનના પશ્નો** :-1. ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યના પાઠ્યપુસ્તકો આદર્શ પાઠ્યપુસ્તકના લક્ષણો ધરાવે છે?2.પાઠ્યપુસ્તક સમાજીક વિજ્ઞાન શિક્ષણના સમાન્ય હેતુઓ સિદ્ધ કરવાની ક્ષમતા ધરાવે છે?3.ધો-9 ના અભ્યાસક્રમ અનુરૂપ આ પાઠ્યપુસ્તક છે?4. પાઠ્યપુસ્તકમાં વિશેષતાઓ અને મર્યાદાઓ કઈ છે?5. પાઠ્યપુસ્તકમાં રહેલ વિષયવસ્તુ બાળકની વય- કક્ષા આધારિત છે?

**સંશોધનના ચલ**:-------------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યનમાં ધો-9 માં સામાજિક વિજ્ઞાન શીખવતા ગુજરાતનાં 10, મહારાષ્ટ્રના 10 અને રાજસ્થાનના 10 એમ કુલ 30 શિક્ષકોનો સમાવેશ થાય છે.

**ઉપકરણ**: સ્વ રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત**: સાદી ટકાવારી

**સંશોધનના તારણો**: 1.ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યના ધોરણ-9 ના સમાજીક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોમાં વિષયવસ્તુની પસંદગીમાં સમાનતા જોવા મળે છે. 2. ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યના ધોરણ-9 ના સમાજીક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોમાં સ્વાધ્યાયની દ્રષ્ટિએ નજીવો તફાવત જોવા મળે છે.3. ગુજરાત રાજ્યના ધો-9 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક કરતાં રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યના ધો-9 ના સામાજિક વિજ્ઞાન વિષયનું પાઠ્યપુસ્તક શૈલીની બાબતમાં ચડિયાતું છે.

**સંશોધનના ફલિતાર્થ**: 1.ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યના ધોરણ-9 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ ઉતમ રીતે આકર્ષક લાગે તેવા બનાવવા જોઈએ. 2.ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યના ધોરણ-9 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં વધુ ને વધુ રંગીન ચિત્રોનો ઉપયોગ કરવો જોઈએ. 3. ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યના ધોરણ-9 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં પાઠયક્રમ લાંબો ન કરતા સત્ર ને ધ્યાનમાં રાખી તૈયાર કરવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો** – સામાજિક વિજ્ઞાન, પાઠ્યપુસ્તક, તુલનાત્મક અભ્યાસ

<u>**71.સંશોધકનું નામ**: ગાંભવા પ્રવિણ એચ.</u>

**કોલેજનું નામ**:- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:- ડો.એસ. આર. જોષી

**વર્ષ /યુનિવર્સિટી /ડિગ્રી**:- 2010-11 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

બી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓમાં બંધારણીય સભાનતાનો અભ્યાસ

The Study Of Constitutional Awareness Among B,Ed. Teacher Trainees

**સંશોધનનું ક્ષેત્ર**:- શિક્ષક- પ્રશિક્ષણ

**સંશોધનના હેતુઓ**:- 1.બી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓ માટે બંધારણીય સભાનતા કસોટીની રચના કરવી. 2.બી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતા તપાસવી. 3.બી.એડ. ની પદ્ધતિ પ્રવાહ અનુસાર બી.એડ.ના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતા જણવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:- 1.બી.એડ. ના સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.બી.એડ. ના ગ્રામ્ય, અર્ધશહેરી અને શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 3.બી.એડ. ની પદ્ધતિ પ્રવાહ તરીકે રાખેલ પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનનો પ્રકાર**:- વ્યાવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**:- પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાની પાલનપુર તાલુકાની ત્રણ બી.એડ. કોલેજમાં અભ્યાસ કરતાં કુલ-190 પ્રશિક્ષણાર્થીઓને સહેતુક નમુના પસંદગી દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**:- સ્વ-રચિત બંધારણીય સભાનતા કસોટી

**પૃથક્કરણની રીત**:-મધ્યક, મધ્યસ્થ, પ્રમાણ વિચલન, કકુદતા

**સંશોધનના તારણો**:- 1.જાતિના સંદર્ભમાં બી.એડ.ના સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળે છે. તેથી કહી શકાય કે જાતિની અસર પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતા પર થાય છે. પુરુષ પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકોની સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકો કરતાં ઊંચા જોવા મળે છે. તેથી એવું તારણ કાઢી શકાય કે બી.એડ. ના પુરુષ

પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ કરતાં બંધારણીય સભાનતા વધુ પ્રમાણમાં છે. 2.વિસ્તારના સંદર્ભમાં ગ્રામ્ય, અર્ધશહેરી અને શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળ્યો નથી. તેથી કહી શકાય કે વિસ્તારની કોઈ અસર બંધારણીય સભાનતા પર પડતી નથી. તેથી એવું તારવી શકાય કે ગ્રામ્ય, અર્ધશહેરી અને શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓમાં બંધારણીય સભાનતા સમાન જોવા મળે છે. 3.બી.એડ. ની પદ્ધતિ પ્રવાહના સંદર્ભમાં સામાન્ય પદ્ધતિ પ્રવાહ, વાણિજ્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહન બી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓને બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળ્યો નથી. તેથી કહી શકાય કે પદ્ધતિ પ્રવાહની કોઈ અસર બંધારણીય સભાનતા પર પડતી નથી. તેથી એવું તારવી શકાય કે સામાન્ય પદ્ધતિ પ્રવાહ, વાણિજ્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના બી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતા સમાન છે.

**સંશોધનના ફલિતાર્થ**:-1.શિક્ષકએ રાષ્ટ્રનો નિર્માતા છે માટે કેવા પ્રકારના રાષ્ટ્રનું નિર્માણ કરવું શિક્ષકના હાથમાં છે. આ ઉતરદાયિત્વને વધુ સારી નિભાવવા શિક્ષકોમાં રાષ્ટ્રીય મૂલ્યોનો વિકાસ થાય તે જરૂરી છે. 2.બંધારણીય શિક્ષણ આપવા માટે શિક્ષણ સંસ્થાઓએ ખાસ આ વર્ગો અને અભિસ્થાપન વર્ગોની જોગવાઈ કરવી જોઈએ. 3.શિક્ષકોમાં બંધારણીય સભાનતા લાવવા માટે રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ ખાસ પ્રકારના સેમિનારોનું આયોજન વિવિધ કોલેજ દ્વારા થવું જોઈએ.3.શિક્ષક પ્રશિક્ષણમાં બી.એડ. કક્ષાના અભ્યાસક્રમમાં એન.સી.ટી.ઇ. દ્વારા નિર્દેશિત બંધારણીય મૂલ્યોના શિક્ષણ પર ભાર મૂકવો જોઈએ અને તે માટે સહાભ્યાસીક પ્રવૃતિઓમા પણ બંધારણીય સભાનતા પ્રેરક પ્રવૃતિઓનો સમાવેશ કરવો જરૂરી જણાય છે.

**ચાવીરૂપ શબ્દો**:- બી.એડ. કોલેજ, બંધારણીય સભાનતા

**72.સંશોધકનું નામ**: જોષી અશ્વિનકુમાર બી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:- શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**: 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ધો-7 ના વિદ્યાર્થીઓ માટે અંકશક્તિ વિકાસ કાર્યક્રમની સંરચના અને અસરકારકતા

Construction And Effectiveness Of Numerability Development Programme For Students Of Std. Vii

**સંશોધનનું ક્ષેત્ર**: શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન ,ગણિત શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.ધો-7 ના વિદ્યાર્થીઓ માટે અંકશક્તિ વિકાસ કાર્યક્રમની રચના કરવી. 2.ધો-7 ના વિદ્યાર્થીઓની અંકશક્તિ ચકાસવા માટે પૂર્વ શક્તિ કસોટીની રચના કરવી. 3.ધો-7 ના વિદ્યાર્થીઓની અંકશક્તિ સિદ્ધિ ચકાસવા માટે ઉત્તર અંકશક્તિ કસોટીની રચના કરવી.4.ધો-7 ના વિદ્યાર્થીઓ માટે અંકશક્તિ વિકાસ કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલપનાઓ**:-1. નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 2. નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ ઉતર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 3.નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉતર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 4.પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉતર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ - અંકશક્તિ વિકાસ કાર્યક્રમ, પરતંત્ર ચલ- અંકશક્તિ સિદ્ધિ, અંકુશિત ચલ – ધોરણ, માધ્યમ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પ્રસ્તુત સંશોધનમાં પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની 188 સરકારી અને 58 સ્વનિર્ભર મળીને 246 પ્રાથમિક શાળાઓમાથી શ્રી એ.સી. પટેલ (રોડ) પ્રાથમિક શાળા, લક્ષ્મીપુરા ધો-7 ના કુલ- 70 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ**: પૂર્વ કસોટી અને અંકશક્તિ વિકાસ કાર્યક્રમ

**પૃથક્કરણની પદ્ધતિ**: વિચરણ પૃથક્કરણ

**સંશોધનના તારણો**: નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ અંકશક્તિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકમાં તફાવત જોવા મળેલ નથી.

**સંશોધનના ફલિતાર્થ**: પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના અંકશક્તિ વિકાસ કાર્યક્રમમાંથી પસાર કરવામાં આવ્યા જેથી અંકશક્તિ સિદ્ધિમાં સુધારો થયો છે. આવા અંકશક્તિ વિકાસ કાર્યક્રમનું આયોજનપૂર્વક અમલીકરણ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આવશ્યક છે.

**ચાવીરૂપ શબ્દો**: અંક શક્તિ, અંકશક્તિ વિકાસ કાર્યક્રમ

**73. સંશોધકનું નામ:** મસાલીયા તેજસ કે.

**કોલેજનુંનામ:** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:- ડો. એસ. આર. જોષી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી :** 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng. &guj )**

વિદ્યાર્થી જૂથ માટે અધ્યયન - અધ્યાપન કાર્યક્રમની રચના અને અસરકારકતા

Construciton And Effctiveness Of Learning Teaching Prograge For Peer Group Students

**સંશોધનનું ક્ષેત્ર :**માધ્યમિક શિક્ષણ , અધ્યાપન પ્રયુક્તિઓ

**સંશોધનના હેતુઓ** : 1.ધો-10 ના ગણિત વિષયમાં રચના એકમમાં પૂર્વજ્ઞાન આધારીત પૂર્વ કસોટીની રચના કરવી.
2. ધો-10 ના ગણિત વિષયમાં રચના એકમમાં પ્રાયોગિક જૂથ માટે પૂર્વ કસોટીમાં વધુ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે શિક્ષક દ્વારા અધ્યાપન કાર્યક્રમની રચના કરવી. 3.ધો-10 ના ગણિત વિષયમાં રચના એકમમાં નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને નિદર્શન પદ્ધતિ દ્વારા અધ્યાપન કાર્યક્રમની રચના કરવી. 4.ધોરણ 10 ના ગણિત વિષયમાં રચના એકમમાં બંન્ને જૂથની સિદ્ધિ તપાસવા માટે ઉતર કસોટીની રચના કરવી. 5.વિદ્યાર્થી જૂથ માટે અધ્યયન- અધ્યાપન કાર્યક્રમની અસરકારતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પના :** 1.ધો--10 ના ગણિત વિષયમાં પ્રાયોગિક જૂથ ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંક અને ઉતર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે કોઈ તફાવત નહીં હોય. 2.ધો-10 ના ગણિત વિષયમાં પ્રાયોગિક જૂથ મધ્યમ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંક અને ઉતર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે કોઈ તફાવત નહીં હોય. 3.ધોરણ 10 ના ગણિત વિષયમાં પ્રાયોગિક જૂથ નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંક અને ઉતર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે કોઈ તફાવત નહીં હોય. 4.ધો--10 ના ગણિત વિષયમાં નિયંત્રિત જૂથ ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંક અને ઉતર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે કોઈ તફાવત નહીં હોય.5. 5..ધો--10 ના ગણિત વિષયમાં નિયંત્રિત જૂથ મધ્યમ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંક અને ઉતર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે કોઈ તફાવત નહીં હોય.6.ધો--10 ના ગણિત વિષયમાં નિયંત્રિત જૂથ નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંક અને ઉતર કસોટીના

પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે કોઈ તફાવત નહીં હોય.7. ધો--10 ના ગણિત વિષયમાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંક અને ઉતર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે કોઈ તફાવત નહીં હોય. 8.ધો--10 ના ગણિત વિષયમાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના મધ્યમ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંક અને ઉતર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે કોઈ તફાવત નહીં હોય.9.ધો--10 ના ગણિત વિષયમાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંક અને ઉતર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે કોઈ તફાવત નહીં હોય. 10.ધો--10 ના ગણિત વિષયમાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટીના પ્રાપ્તાંક અને ઉતર કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે કોઈ તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ :**સ્વતંત્ર ચલ–કાર્યક્રમની કક્ષા પરતંત્રચલ- શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ- વિસ્તાર,ધોરણ, વિષય આંતરવર્તીચલ- વિષય, રસ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ:** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો :** બનાસકાંઠા જિલ્લાની પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની શ્રી સી. બી. ગાંધી નૂતન હાઇસ્કુલ,પાલનપુર ધો-10 માં અભ્યાસ કરતા 60 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ :** સ્વરચિત સિદ્ધિ કસોટી

**પૃથક્કરણની રીત:** ટી- કસોટી

**સંશોધનના તારણો :** 1.નિદર્શન પદ્ધતિ કરતા વિદ્યાર્થી જૂથ દ્વારા અધ્યન અધ્યાપન કાર્યક્રમ ધોરણ 10 ના બાળકોની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વધુ અસરકારક હતો. 2.વધુ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના નિદર્શન પદ્ધતિ અને પિયર ગ્રુપની પદ્ધતિ બંને અસરકારક કરી હતી . 3.મધ્યમ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓમાં નિદર્શન પદ્ધતિ કરતા પિયર ગ્રુપની પદ્ધતિ વધુ અસરકારક રહી હતી 4. પિયર ગ્રુપના પદ્ધતિમાં વિદ્યાર્થીની એકાગ્રતા વધે છે . 5.પિયર ગ્રુપની પદ્ધતિમાં વિદ્યાર્થીની વિષય પ્રત્યેની રસરૂચી જળવાઈ રહે છે.

**સંશોધનના ફલિતાર્થ : 1.**ધોરણ 10 ના ગણિત વિષયના રચના એકમ માટે તૈયાર કરેલ પિયર ગ્રુપના કાર્યક્રમો વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારકતા રહ્યો હતો આચાર્ય દ્વારા શિક્ષકને પિયર ગ્રુપનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત અને માહિતગાર કરાવવા જોઈએ . **2.**શિક્ષક દ્વારા વિદ્યાર્થીમાં ગણિત વિષયના અન્ય વિષય જેવા કે અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન વગેરેમાં પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ . શૂન્યતાસનું આયોજન કર્યા. પદ્ધતિનો ઉપયોગ કરી શકાય વિદ્યાર્થીઓ દ્વારા પણ પોતાની રીતે ચોક્કસ ગ્રુપ બનાવી પોતાને અઘરા લગતા વિષયો સરળતાથી શીખી શકે છે .

**ચાવીરૂપ શબ્દો:** જૂથ અધ્યયન, અધ્યયન – અધ્યાપન કાર્યક્રમ

<u>74.**સંશોધકનું નામ**:-મેવાડા પરેશકુમાર જે.</u>

**કોલેજનું નામ**:- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:- શ્રી એમ. એસ. ગામી

**વર્ષ/યુનિવર્સિટી/ડીગ્રી** : 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધન શીર્ષક (Eng. and Guj**.):

ધોરણ-12ના જીવવિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત પ્રશ્નબેંક સંરચના

Construction of a Questions Bank based on Syllabus of Biology Subject of Standard -12

**સંશોધનનું ક્ષેત્ર**:- શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, વિજ્ઞાન

**સંશોધનના હેતુઓ**:- 1.ધો-12 ના જીવ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત પ્રશ્નબેંકની રચના કરવી. 2.ધો-12 ના જીવ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત વિસ્તૃત જવાબી પ્રશ્નોની રચના કરવી. 3.ધો-12 ના જીવ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત લઘુ જવાબી પ્રશ્નોનો રચના કરવી. 4.ધો-12 ના જીવ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત અનાત્મલક્ષી પ્રશ્નોની રચના કરવી. 5.રચાયેલા પ્રશ્નોની વિદ્યાર્થીઓ પર અજમાયશ કરી કલમ પૃથક્કરણ દ્વારા તેમની યોગ્યતા તપાસવી.

**સંશોધનના પ્રશ્નો**:-1. ધો-12 ના જીવ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત નિબંધલક્ષી પ્રશ્નોની અસરકારકતા કેવી હશે ? 2.ધો-12 ના જીવ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત લઘુ જવાબી પ્રશ્નોની અસકારકતા કેવી હશે? 3. ધો-12 ના જીવ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત વસ્તુલક્ષી પ્રશ્નોની અસરકારકતા કેવી હશે? 4.પ્રશ્નબેન્કની તમામ પ્રશ્નોની કલમ પૃથક્કરણના આધારે યોગ્યતા કેવી હશે?

**સંશોધનના ચલ :** ----------

**સંશોધનનો પ્રકાર**:-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:-સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**:-બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં 2010-11 શૈક્ષણિક વર્ષ દરમ્યાન ધો-12 માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓનો સમાવેશ કરેલ હતો. નમૂનામાં પાલનપુર શહેરની કુલ 8 શાળાઓ પસંદ કરવામાં આવી હતી જેમાં 270 કુમારો અને 108 કન્યાઓ સહીત 378 પાત્રો ઉપર પ્રશ્નોની અજમાયશ કરવામાં આવી હતી.

**ઉપકરણ**:-પ્રશ્નબેંક અને અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત**:- કાઈ-વર્ગ

**સંશોધનના તારણો**:-1. ભાવનગર સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ,ગુજરાત વિદ્યાપીઠ અને ગુજરાત યુનિવર્સીટીના એમ.એડના અભ્યાસના એક ભાગ રૂપે કુલ 12 પ્રશ્નસંચયિકાની રચના થઈ હતી.જેમાં વસ્તુલક્ષી અને અનાત્મલક્ષી પ્રકારના કુલ 3006 પ્રશ્નોની રચના થઇ હતી.તેમાંથી 2087પ્રશ્નો યોગ્ય નીવડ્યા હતા. 2.પ્રસ્તુત સંશોધનમાં કુલ 438 પ્રશ્નોની રચના થઇ હતી.તેમાંથી 404 (92.24%)પ્રશ્નો યોગ્ય નીવડ્યા હતા. 3.અગાઉની પ્રશ્ન સંચયીકોમાં બહુવિકલ્પ વરણી પ્રકારની કુલ 1238 કલમોની રચના થઈ હતી.જેમાંથી 921 કલમો યોગ્ય નીવડી હતી.પ્રસ્તુત સંશોધનમાં આ પ્રકારની 164 કલમો પૈકી 151 (92.07%)કલમો યોગ્ય નીવડી હતી. 4.અગાઉની પ્રશ્નસંચયિકાઓમાં અતિ ટૂંકજવાબી પ્રકારની રચના થઈ હતી. પ્રસ્તુત સંશોધનમાં આ પ્રકારની 162 કલમો પૈકી 150 (92.59%) કલમો યોગ્ય નીવડી હતી.

**શૈક્ષણિક ફલિતાર્થ**:-પ્રાશ્નીકોને પ્રશ્નબેંકની મદદથી પ્રશ્નપત્રમાં જીવવિજ્ઞાન પાઠ્યક્રમ પરના યોગ્ય પ્રશ્નો મૂકી શકશે. તરંગી, વિચિત્ર, અસ્પષ્ટ, અને દ્વિધાયુક્ત પ્રશ્નોને બદલે આનુસંગિક અને યથાર્થ પ્રશ્નો પૂછી શકાશે.અભ્યાસ સલાહકારોને શિક્ષણ સુધારણા માટે ઉપયોગી બનશે. શિક્ષણને અસરકારક બનાવવામાં અને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી થશે અને પ્રશ્નોની સુસંગતતા અને યથાર્થતા ચકાસી શકશે. શિક્ષક પોતાની શિક્ષણ પદ્ધતિનું મૂલ્યાંકન કરવા માટે પણ પ્રશ્નબેંકનો ઉપયોગ કરી શકશે.વિદ્યાર્થીઓ પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોની જાણકારી મેળવી શકશે.

**ચાવીરૂપ શબ્દો**:-જીવવિજ્ઞાન, પ્રશ્નબેંક

**75.સંશોધકનું નામ**: પટેલ અમિત બી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**- ડો. એસ. આર. જોષી

**વર્ષ /યુનિવર્સિટી/ડિગ્રી**: 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓના સંદર્ભમાં તર્કશક્તિ વિકાસ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

Construction And Effectiveness Of Reasoning Ability Programme With Reference To Public Competitive Examination

**સંશોધનનું ક્ષેત્ર**: માર્ગદર્શન અને સલાહ

**સંશોધનના હેતુઓ**: **1.**ધોરણ 11 ના વિદ્યાર્થીઓ માટે તર્કશક્તિ વિકાસ કાર્યક્રમની સંરચના કરવી. 2.ધોરણ 11 ના વિદ્યાર્થીઓની તર્કશક્તિ ચકાસવા માટે પૂર્વ તર્કશક્તિ કસોટીની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પના:** 1.નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 2.નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ- તર્કશક્તિ વિકાસ કાર્યક્રમ; પરતંત્ર ચલ- તર્કશક્તિ સિદ્ધિ; અંકુશિત ચલ- શાળાનું વાતાવરણ; આંતર વર્તી ચલ- વિદ્યાર્થીઓના વૈયક્તિક તફાવતો.

**સંશોધનનો પ્રકાર**: વ્યાવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની 38 ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ 11, 12 માં વર્ષ 2010-11 દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાથી 70 વિદ્યાર્થીઓને નમુના માટે પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ**: સ્વ-રચિત પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી

**પૃથક્કરણની રીત**:ટી-કસોટી

**સંશોધનના તારણો**: પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને તર્કશક્તિ વિકાસ કાર્યક્રમમાંથી પસાર કરવામાં આવ્યા તેથી તેમની તર્કશક્તિ સિદ્ધિમાં ઘણો સુધારો જોવા મળ્યો. નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને તર્કશક્તિ વિકાસ કાર્યક્રમમાંથી પસાર કરવામાં આવ્યા ન હોવા છતાં તેમની તર્કશક્તિમાં સામાન્ય વધારો જણાયો, આ વધારો અન્ય પરિબળોના કારણે જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ**: વાલીઓએ પણ પોતાના બાળકોમાં તર્ક શક્તિનો વિકાસ થાય તે માટે યોગ્ય સાહિત્ય પૂરું પાડવું જોઈએ તેમજ ઘરમાં પણ યોગ્ય વાતાવરણ પૂરું પાડવું જોઈએ.શાળાના આચાર્યએ તર્કશક્તિ માટે નિષ્ણાત એવી વ્યક્તિઓનો સંપર્ક સાધી વર્ષ દરમિયાન એકાદ બે વખત તેમનું વ્યાખ્યાન ગોઠવવું જોઈએ જેથી વિદ્યાર્થીઓની તર્કશક્તિ ને લગતી બાબતો નો પરિચય કેળવી શકાય।

**ચાવીરૂપ શબ્દો:** ઉચ્ચતર માધ્યમિક શાળા, તર્ક શક્તિ, તર્કશક્તિ વિકાસ કાર્યક્રમ

**76. સંશોધકનું નામ -:** પટેલ ભરત વી.

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી બી. પી. માળી

**વર્ષ/યુનિવર્સિટી /ડિગ્રી:-** 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ઉચ્ચતર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે વૈજ્ઞાનિક અભિયોગ્યતા કસોટી રચના અને પ્રમાણીકરણ

Constuction And Standardization Scientific Aptitude Test For Student Of Higher Primary

**સંશોધનનું ક્ષેત્ર-** : શિક્ષણનું મનોવિજ્ઞાન, માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ:-** **1.**ઉચ્ચતર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે રચેલ વૈજ્ઞાનિક અભિયોગ્યતા કસોટી પ્રમાણિત કરવી. **2.**ઉચ્ચતર પ્રાથમિકના વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક અભિયોગ્યતા પર જાતીયતાની અસર, વિસ્તારની અસર, ધોરણની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પના:** 1.છોકરાઓ અને છોકરીઓના વૈજ્ઞાનિક અભિયોગ્યતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 2.ધોરણ 5,6,7,8 ના વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક અભિયોગ્યતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ-:** સ્વતંત્ર ચલ – જાતિ, વિસ્તાર નિયંત્રિત ચલ- ધોરણ

**સંશોધનનો પ્રકાર-:** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-:** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-:** ઉત્તર ગુજરાતની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓના ધો-5 થી 8 માં અભ્યાસ કરતા કુલ- 400 વિદ્યાર્થીઓનો નમુના તરીકે સમાવેશ કરેલ છે.

**ઉપકરણ -:** સ્વ-રચિત અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત-:** કાઈ-વર્ગ

**સંશોધનના તારણો-:** 1.જાતીય વૈજ્ઞાનિક અભિયોગ્યતા પર અસર કરનાર પરિબળ છે 2.ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ ચડિયાતા જોવા મળ્યા. 3.શહેરી વિસ્તારની છોકરીઓ કરતાં શહેરી વિસ્તારના છોકરાઓ ચડિયાતા જોવા મળ્યા 4.ગ્રામ્ય વિસ્તારની છોકરીઓ કરતાં શહેરી વિસ્તારની છોકરીઓ ચડિયાતી છે

**સંશોધનના ફલિતાર્થ-:** 1.વિદ્યાર્થીઓએ પોતાની અભિયોગ્યતાની શક્તિ કે બુદ્ધિ કક્ષા અનુસાર યોગ્ય ફેકલ્ટી પસંદ કરવી. 2.વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક અભિ યોગ્યતા ઝડપથી વિકસે તે માટેની સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ. 3.શિક્ષકે પણ વિદ્યાર્થીઓની શક્તિઓને ઓળખી વિવિધ પ્રવૃત્તિઓ યોજવી જોઈએ. 4.શિક્ષકે કક્ષા અનુસાર વર્ગખંડમાં યોગ્ય રીતે શિક્ષણ કાર્ય કરવું અને જરૂર પડે ઉંચિત માર્ગદર્શન આપવું.

**ચાવીરૂપ શબ્દો –:** અભિયોગ્યતા ,પ્રમાણિકરણ, ઉચ્ચતર પ્રાથમિક

**77.સંશોધકનું નામ-** પટેલ દીપિકા એન.

**કોલેજનું નામ** - શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ** - શ્રી એમ. એસ. ગામી

**વર્ષ/ યુનિવર્સિટી /ડીગ્રી**-2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

પાલનપુર તાલુકાના ધોરણ-8 ના વિદ્યાર્થીઓની અંકશક્તિ અને શાબ્દિક તર્ક કસોટી વચ્ચેના સહસબંધનો અભ્યાસ
A Study Of The Correlation Between Numerical Efficiency And Verbal Logical Efficiency Of The Students Of Std.8 Of Palanpur Taluka.

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક સિદ્ધિના સહસંબંધકો,ગણિત શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1.પાલનપુર તાલુકાના ધોરણ-8 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અંકશક્તિ જાણવી. 2.પાલનપુર તાલુકાના ધોરણ- 8 માં વિદ્યાર્થીઓની શાબ્દિક તર્કશક્તિ જાણવી.

**સંશોધનની ઉત્કલ્પના-** 1.પાલનપુર તાલુકાના ધોરણ-8 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અંકશક્તિ અને તર્કશક્તિ વચ્ચે સાર્થક સહસંબંધ નહિ હોય. 2.પાલનપુર તાલુકાના ધોરણ-8 માં અભ્યાસ કરતા કુમારો-કન્યાઓની અંકશક્તિ અને તર્કશક્તિ વચ્ચે સાર્થક સહસંબંધ નહિ હોય. 3.પાલનપુર તાલુકાના ધોરણ-8 માં અભ્યાસ કરતા શહેરી અને ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓની અંકશક્તિ અને તર્કશક્તિ વચ્ચે સાર્થક સહસંબંધ નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ –જાતિ, વિસ્તાર, પરતંત્ર ચલ- અંકશક્તિ કસોટી અને શાબ્દિક તર્કશક્તિ કસોટીના પ્રાપ્તાંકો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સશોધન

**સંશોધનની પદ્ધતિ**- સર્વેક્ષણ સશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**:- ગુજરાત રાજ્યના બનાસકાંઠાના પાલનપુર તાલુકાની 10 શાળાઓ પૈકી 05 શહેરી અને 05 ગ્રામીણ શાળાઓ હતી. આ શાળાઓના કુલ નિદર્શનના 477 પાત્રો પૈકી 289 કુમાર અને 188 કન્યાઓ હતી.

**ઉપકરણ**- ડો. આર.એસ.પટેલ રચિત સિદ્ધિ કસોટી

**પૃથક્કરણની રીત**: સહસંબંધ પદ્ધતિ

**સંશોધનના તારણો**- **1.**પાલનપુર તાલુકાના ધો-8 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અંકશક્તિ અને શાબ્દિક તર્કશક્તિ વચ્ચે સાધારણ સહસબંધ જોવા મળ્યો હતો. **2.**પાલનપુર તાલુકાના ધો -8 માં અભ્યાસ કરતા કુમારોની અંતશક્તિ અને શાબ્દિક તર્કશક્તિ વચ્ચે નોંધપાત્ર સીધો સહસબંધ જોવા મળ્યો હતો.

**સંશોધનના ફલિતાર્થ**- દરેક શાળાના જે તે વિષયના શિક્ષકોએ શક્તિકસોટીનો ઉપયોગ કરી બાળકોને તેમનામાં રહેલી યોગ્યતાથી માહિતગાર કરવા જોઈએ.

**ચાવીરૂપશબ્દો**- ધો- 8, તાર્કિકશક્તિ, અંકશક્તિ

<u>**78.સંશોધકનું નામ**: પટેલ રમેશચંદ્ર એસ.</u>

**કોલેજનું નામ**:- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:- શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી /ડીગ્રી**:- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક**:- **(Eng.&Guj)-**

ક્વિઝ કાર્યક્રમની અંગ્રેજી વિષયની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા

Effectiveness Of Quiz Programme On Academic Achievement In English

**સંશોધનનું ક્ષેત્ર**:- શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ**:- 1.ધો- 8 ના અંગ્રેજી વિષયના પસંદિત એકમના અધ્યાપન માટે ક્વિઝ કાર્યક્રમની સંરચના કરવી. 2. ધો-8 ના અંગ્રેજી વિષય પરની શૈક્ષણિક સિદ્ધિ કસોટીની સંરચના કરવી. 3. ક્વિઝ કાર્યક્રમની ધો-8 ના વિદ્યાર્થીઓની અંગ્રેજીમાં શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા તપાસવી. 4. કવિઝ કાર્યક્રમની ધો-8 ના કુમારોની અંગ્રેજીમાં શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા તપાસવી. 5.કવિઝ કાર્યક્રમની ધો-8 ના કન્યાઓની અંગ્રેજીમાં શિક્ષણ સિદ્ધિ પરની અસરકારક તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:- 1.ધો-8 ના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય 2.ધો-8 ના અંગ્રેજી વિષયના પસંદગી એકમો માટે કવીજ કાર્યક્રમનો અમલ કરેલા કન્યાઓ -કુમારો અને કાર્યક્રમનું અમલ ન કરેલ કન્યાઓ-કુમારોની અંગ્રેજી ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**:- સ્વતંત્ર ચલ- ક્વિઝ કાર્યક્રમ, પરતંત્ર ચલ- ઉત્તર કસોટી, અંકુશિત ચલ- શૈક્ષણિક કક્ષા, એકમ ,શાળાનું વાતાવરણ ,અને માધ્યમ પરિવર્તક ચલ- જાતિ

**સંશોધનનો પ્રકાર**:- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**:- પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન વિષયના ધો-8 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને નમૂનામાં યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડી 120 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા

**ઉપકરણ**:- સિદ્ધિ કસોટી

**પૃથક્કરણ રીત**:- ટી -કસોટી

**સંશોધનના તારણો**:- 1. ક્વિઝ કાર્યક્રમએ ચીલા ચાલુ અધ્યયન પદ્ધતિ કરતા ચડિયાતો જોવા મળ્યો હતો. 2.કુમારોમાં ક્વિઝ કાર્યક્રમનો અમલ કરવાથી અંગ્રેજી વિષયમાં શૈક્ષણિક સિદ્ધિ ઉંચી જોવા મળી હતી.3. કન્યાઓમાં ક્વિઝ કાર્યક્રમનો અમલ કરવાથી અંગ્રેજી વિષયમાં શૈક્ષણિક સિદ્ધિ ઉંચી જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થ**:- વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા નવીનતા ધરાવતો ક્વિઝ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પૂરા પાડે તે પ્રકારનું આયોજન કરવું જોઈએ. શાળાઓમાં વર્ગ શિક્ષણ દરમિયાન વિવિધ એકમો માટે ક્વિઝ કાર્યક્રમનો ઉપયોગ કરી શકાય તે માટે શાળા સંચાલકોએ જરૂરી સુવિધાઓ પૂરી પાડવી જોઈએ અને શિક્ષકોને તાલીમ પણ આપવી જોઇએ. પાઠ્યપુસ્તકના જટિલ મુદ્દાઓની રજૂઆત કરવા માટે ક્વિઝ કાર્યક્રમ તૈયાર કરી તેનો વર્ગખંડમાં ઉપયોગ કરી શકાય.

**79.સંશોધકનું નામ**- રોડ ભરતકુમાર ડી.

**કોલેજનું નામ**- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**- શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ/યુનિવર્સિટી /ડિગ્રી**- 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)**-

ખેત મજૂરોના બાળકોની શિક્ષણ વિષયક સમસ્યાઓનો અભ્યાસ.

A Study Of Problems Of Children Of Persons Working In Agricultural Field.

**સંશોધનનું ક્ષેત્ર**- માર્ગદર્શન અને સલાહ

**સંશોધનના હેતુઓ**- 1.ખેતમજૂરો અને તેમના બાળકો પાસેથી માહિતી મેળવવા માટે પ્રશ્નાવલીની રચના કરવી. 2.પ્રશ્નાવલીના આધારે વિવિધ શિક્ષણ વિષયક સમસ્યાઓ જાણવી.

**સંશોધનના પ્રશ્નો**: 1.ખેતમજૂરોની તેમના બાળકો સંબંધિત શૈક્ષણિક સમસ્યાઓ શું હશે? 2.ખેતમજૂરોના બાળકોની શારીરિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ શું હશે? 3..ખેતમજૂરોની રહેઠાણ સંબંધિત સમસ્યાઓ શું હશે? 4.ખેતમજૂરોની આર્થિક સમસ્યાઓ શું હશે? 5.ખેતમજૂરોના બાળકોની શિક્ષણ વિષયક સમસ્યાઓ શું હશે?

**સંશોધનના ચલ**----------------------

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- પાલનપુર તાલુકાના ખેતમજૂરો વ્યાપવિશ્વ તરીકે લીધા હતા.સહેતુક નમુના પસંદગીની રીતે 30 ખેતમજૂરો અને 30 ખેતમજૂરોના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો

**ઉપકરણ** – સ્વ- રચિત પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત**- સાદી ટકાવારી

**સંશોધનના તારણો**- 1.6(23.33%) ખેત મજૂરોના બાળકો સમયસર અને દરરોજ શાળાએ જતા નથી. 2.13(43.33%) ખેત મજૂરો વાલી સંમેલનમાં ભાગ લે છે. 3.30(100.10%) ખેત મજૂરોને સરકારે આપેલ સવલતો મળે છે. 4.17(56.46%) ખેત મજૂરો પોતાની કમાણીથી બાળકોની શૈક્ષણિક જરૂરિયાતો પૂરી કરી શકે છે.

**સંશોધનના ફલિતાર્થ**-1.પોતાના બાળકોને સમયસર શાળાએ મોકલવા જોઈએ.2.દરેક મજૂરી વાલી સંમેલનમાં હાજર રહેવું જોઈએ.3.બાળકોને ખેતી કામમા મજૂરી કરાવવી જોઈએ નહીં.4.બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવું જોઈએ.5.બાળકો અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.6.મજૂરોના બાળકોને વિશેષ શિષ્યવૃત્તિ પૂરી પાડવી જોઇએ.7.બાળકોને સવારે અને સાંજે નાસ્તો આપવો જોઈએ.8.સ્કૂલોમાં પૂરતા પ્રમાણમાં ગ્રાન્ટ

મળી રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.9.મજૂરોના બાળકોને મફત પુસ્તકો પૂરા પાડવા જોઈએ.10શાળાના દરેક ઓરડામાં ભૌતિક સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.11.પૂરતા પ્રમાણમાં શિક્ષકો નીમાવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો** – પાલનપુર તાલુકો ,ખેત મજુર

**80. સંશોધકનુંનામ** – સોની વર્ષાબેન એચ.

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રીમતિ પી.ડી. ગોરડીયા

**વર્ષ/ યુનિવર્સિટી /ડિગ્રી-** 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

સ્મૃતિ વિકાસ કાર્યક્રમની અસરકારકતા

Effectiveness Of Memory Development Programme

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-** 1.ધોરણ -9 ના વિદ્યાર્થીઓ માટે સ્મૃતિ વિકાસ કાર્યક્રમની સંરચના કરવી. 2.સ્મૃતિ વિકાસ કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે સ્મૃતિ કસોટીની સંરચના કરવી છે. 3.સ્મૃતિ વિકાસ કાર્યક્રમની સ્મૃતિના સંદર્ભમાં અસરકારકતા તપાસવી. 4.ધોરણ-9 ના વિદ્યાર્થી માટે સ્મૃતિ વિકાસ કાર્યક્રમ અંગે અભિપ્રાયો મેળવવા અભિપ્રાયાવલીની સંરચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ** -1.પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને પૂર્વ સ્મૃતિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ ઉત્તર સ્મૃતિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.3.પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.4.નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- સ્મૃતિ વિકાસ કાર્યક્રમ પરતંત્ર ચલ- સ્મૃતિ વિકાસ કસોટી અંકુશિત ચલ-ધોરણ, વિસ્તાર, વિષયવસ્તુ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધન પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો-** પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની શાળાઓને આકસ્મિક નમૂના પસંદગી વડે વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુરના ધોરણ-9 ના 60 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ- સ્વ-રચિત સ્મૃતિ કસોટી અને અભિપ્રાયવલી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી, કઈ-વર્ગ

**સંશોધનના તારણો-** 1.પ્રાયોગિક અને નિયંત્રિત જૂથની પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી પરંતુ ઉત્તર કસોટીમાં સાર્થક તફાવત છે. 2.પ્રાયોગિક જૂથ માટે પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત છે જ્યારે નિયંત્રિત જૂથ માટે નથી. 3.વિકાસ કાર્યક્રમ પ્રતિ વિદ્યાર્થીઓના અભિપ્રાય હકારાત્મક જોવા મળ્યા હતા.

**સંશોધનના ફલિતાર્થ**-શૈક્ષણિક સિદ્ધિ ઉંચી લાવવા સુધી વિકાસ કાર્યક્રમનો ઉપયોગ કરી શકાય વિવિધ વિષયો માટે જરૂરી વિકાસ કાર્યક્રમ યોજી શકાય. શિક્ષકોને સ્મૃતિ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપન કરાવવા વ્યવસ્થા મંડળની સ્થાપના કરવી. શિક્ષણની અસરકારકતા વધારવા સૌથી મહત્વનું પાસું વિદ્યાર્થીઓના બુદ્ધિમતા અન્ય સ્મૃતિ ક્ષમતા

વધારવી છે. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે મનોવિજ્ઞાનનું નવા જ વિષય તરીકે અધ્યન કર્યું અને તેના ઉપરથી સ્મૃતિ વિકાસ કાર્યક્રમનું આયોજન કર્યું

**ચાવીરૂપ શબ્દો-** સ્મૃતિ, સ્મૃતિ વિકાસ કાર્યક્રમ

**81.સંશોધકનું નામ**: ત્રિવેદી ચિંતન બી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી**: 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ધો- ૯ ના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના ઉષ્મા અને મનુષ્યના રોગો માટે સતત મૂલ્યાંકન કાર્યક્રમની સંરચના અને અસરકારકતા

Construction And Effectiveness Of Continuous Evaluation Programme On Heat And Diseases Units Of Science And Techanology Subject Of Std 9

**સંશોધનનું ક્ષેત્ર:-** વિજ્ઞાન અને ટેક્નોલૉજી શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**1.સતત મૂલ્યાંકન કાર્યક્રમની સંરચના કરવી. 2.સતત મૂલ્યાંકનના કાર્યક્રમોની શૈક્ષણિક કસોટીની સંરચના કરવી. 3.સતત મૂલ્યાંકનના કાર્યક્રમોની શૈક્ષણિક સિદ્ધિ પરની અસર તપાસવી.4.સતત મૂલ્યાંકનના કાર્યક્રમોની પદ્ધતિની અસર તપાસવી. 5.સતત મૂલ્યાંકનના કાર્યક્રમો દ્વારા અધ્યયન. 6.વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન કરવું.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: સતત મૂલ્યાંકનના કાર્યક્રમ દ્વારા અધ્યયન પામેલા અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન પામેલા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ:-** પરતંત્ર ચલ- પરીક્ષા ચિંતાતુરતા શૈક્ષણિક સિદ્ધિ અંકુશિતચલ - શાળા બંધારણ માધ્યમિક ગુજરાતી ઉષ્મા અને મનુષ્યના રોગો; આંતરવર્તી ચલ- બુધ્ધિ-પ્રેરણા-શિક્ષણની કાર્યક્ષમતા.

**સંશોધનનો પ્રકાર:-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ:-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: સુરેન્દ્રનગર જિલ્લો , જેમા ૯ તાલુકામાથી ૧૬ ગ્રાન્ટેડ શાળાઓ.

**ઉપકરણ**: પરીક્ષા ચિંતા સંશોધનિક – એકમકસોટી

**પૃથક્કરણની રીત:-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો:-** 1.ધોરણ-૯ના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના ઉષ્મા અને મનુષ્યના રોગો માટે સતત મૂલ્યાંકન કાર્યક્રમની સંરચના માટે હતા. 2.વ્યાખ્યાન પધ્ધતિ કરતાં મૂલ્યાંકન કાર્યક્રમ વધુ અસરકારક હતો.

**સંશોધનના ફલિતાર્થ:-** અસરકારકતા અધ્યયન માટે શિક્ષણમાં સતત મૂલ્યાંકન કાર્યક્રમોનો ઉપયોગ કરવો જોઈએ.પરિક્ષાચિતા ઘટાવવા માટે અને શૈક્ષણિક સિદ્ધિ વાધારવા માટે વાલીઓ અને સતત મૂલ્યાંકન કાર્યક્રમો માટે પ્રોત્સાહન આપવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** પરિક્ષા ચિંતાતુરતા

**82.સંશોધકનું નામ:**.થોરાત ધર્મેશ કે.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** શ્રી બી. પી. માળી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી**: 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના ધો-8 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકોનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of The Text Book Of Sanskrit Of Gujarat And Maharastra State For Std-8

**સંશોધનનું ક્ષેત્ર**:- ભાષા શિક્ષણ, અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક

**સંશોધનના હેતુઓ-1**.ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના ધો-8 ના સંસ્કૃત પાઠ્યપુસ્તકોની બાહ્ય બાબતોને આધારે તુલના કરવી. 2. ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના ધો-8 ના સંસ્કૃતનાં પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કુલ એકમોને આધારે તુલના કરવી. 3. ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના ધો-8 ના સંસ્કૃતનાં પાઠ્યપુસ્તકનાં વિષયવસ્તુની તુલના કરવી. 4.ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના ધો-8 ના સંસ્કૃતનાં પાઠ્યપુસ્તકની ગદ્ય,પદ્ય અને વ્યાકરણની દ્રષ્ટિએ તુલના કરવી.

**સંશોધનની પ્રશ્નો**: 1. ગુજરાત અને મહારાષ્ટ્ર રાજયોના પાઠ્યપુસ્તકો આદર્શ પાઠ્યપુસ્તકના લક્ષણો ધરાવે છે.? 2.ગુજરાત અને મહારાષ્ટ્ર રાજયોના પાઠ્યપુસ્તકમાં સમાવેશ વિષયવસ્તુ બાળકની વયકક્ષા આધારિત છે ? 3.પાઠ્યપુસ્તકો સંસ્કૃત શિક્ષણનાં સામાન્ય હેતુઓ સિદ્ધકરવાની ક્ષમતા ધરાવે છે.? 4.ગુજરાત અને મહારાષ્ટ્ર રાજયોના પાઠ્યપુસ્તકોની મર્યાદાઓ અને વિશેષતાઓ કઈ કઈ છે. ?

**સંશોધનના ચલ**:- ......................

**સંશોધનનો પ્રકાર**:- વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યમાં ધો-8 ના સંસ્કૃત વિષયના અધ્યાપન કાર્ય કરાવતા ગુજરાત રાજ્યના 10 શિક્ષકો અને મહારાષ્ટ્ર રાજ્યના 10 શિક્ષકોની પસંદગી સહેતુક નમૂના દ્વારા કરી હતી.

**ઉપકરણ**: સ્વ- રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત**:- વિષયવસ્તુ પૃથક્કરણ

**સંશોધનના તારણો**:- **1**.ગુજરાત રાજ્યના ધો- 8 નાં સંસ્કૃતના પાઠ્યપુસ્તકમાં એકમોની સંખ્યા મહારાષ્ટ્ર રાજ્યના ધો- 8 નાં સંસ્કૃત વિષયના એકમોની સંખ્યા કરતાં વધારે છે. 2.ગુજરાત રાજ્યના ધો- 8 નાં સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં સંસ્કૃત અને ગુજરાતી શબ્દભંડોળનો સમાવેશ થયો છે. જ્યારે મહારાષ્ટ્ર રાજ્યના ધો- 8 નાં સંસ્કૃત વિષયમાં સંસ્કૃત અને મરાઠી શબ્દભંડોળનો સમાવેશ થયો છે. 3.ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના ધો-8 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુ તરીકે વાર્તા, બોધ, પર્યાવરણ, પ્રાર્થના, સ્વાતંત્ર્ય, જીવનવૃતાંત, વગેરેને લગતા એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. 4.ગુજરાત રાજ્યના ધો- 8 નાં સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તક અને મહારાષ્ટ્ર રાજ્યના ધો- 8 નાં સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુની પસંદગી સમાનતા જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ**:- ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના ધો-8 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ ઉતમ રીતે આકર્ષક લાગે તેવા બનાવવા જોઈએ.ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના ધો-8 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં વધારેને વધારે રંગીન ચિત્રોનો ઉપયોગ કરવો જોઈએ.ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના ધો-8 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં વિદ્યાર્થી તથા શિક્ષકોની પ્રવૃતિઓમાં નોંધપાત્ર વધારે કરવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**-શબ્દભંડોળ, પાઠ્યપુસ્તક

**83.સંશોધકનું નામ**: ખરાડી શાર્મિન એસ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** શ્રી એમ.એસ.ગામી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી**: 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ધો-8 ના વિદ્યાર્થીઓ માટે 'કેટલાક સામાન્ય રોગો' એકમ પર જાગૃતતા કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા
Construction And Effectiveness Awareness Programme On Some General Diseases Unit For Students Of Std-8

**સંશોધનનું ક્ષેત્ર**:- વિજ્ઞાન અને ટેકનોલોજી,, શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1.ધો-8 ના વિદ્યાર્થીઓ માટે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત સામાન્ય રોગ જાગૃતતા કાર્યક્રમની સંરચના કરવી. 2.ધો-8 ના વિદ્યાર્થીઓ માટે 'કેટલાક સામાન્ય રોગો' એકમ કસોટીની રચના કરવી.3. કેટલાક સામાન્ય રોગો જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: 1.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ પ્રશિક્ષણાર્થીઓએ સામાન્ય રોગ જાગૃતિ માપન કસોટી (પૂર્વ કસોટી)માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 2.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ પ્રશિક્ષણાર્થીઓએ સામાન્ય રોગ જાગૃતિ માપન કસોટી (ઉતર કસોટી)માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**:- સ્વતંત્ર ચલ- સામાન્ય રોગ જાગૃતતા કાર્યક્રમ પરતંત્ર ચલ– પ્રાપ્તાંકો અંકુશિત ચલ- શાળા, ધોરણ, વિષયવસ્તુ આંતરવર્તી ચલ – રસ, રુચિ,વલણ ક્ષમતા, નાવીન્ય પરિવર્તક ચલ- જાતિયતા

**સંશોધનનો પ્રકાર**:- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: ભિલોડા તાલુકાની માધ્યમિક શાળામાં ધો-8 માં અભ્યાસ કરતા કુલ-140 વિદ્યાર્થીઓને સહેતુક નમૂના પસંદગી દ્વારા કરવામાં આવી હતી.

**ઉપકરણ**: સ્વ- રચિત એકમ કસોટી

**પૃથક્કરણની રીત**:- સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય

**સંશોધનના તારણો**:- 1.ધો-8 ના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત કેટલાક સામાન્ય રોગ જાગૃતતા વિકાસ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. 2.પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત કેટલાક સામાન્ય રોગ જાગૃતતા માપન કાર્યક્રમને પરિણામે પ્રાયોગિક જૂથના ઉતર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી. આમ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.3.પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના ઉતર કસોટી અને પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હતો. જે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત કેટલાક સામાન્ય રોગ જાગૃતતા વિકાસ કાર્યક્રમને આભારી હતો.

**સંશોધનના ફલિતાર્થ**:- ધો-8 ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ પાવર પોઈન્ટ સ્લાઇડ પ્રેઝન્ટેશન આધારિત કેટલાક સામાન્ય રોગ જાગૃતતા વિકાસ કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો**: જાગૃતતા, સામાન્ય રોગ

<u>84.સંશોધકનું નામ:.ડાભી મહેશકુમાર ડી.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** શ્રી એસ.આર.જોષી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી**: 2010-11/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

બી.એડ. પ્રશિક્ષણાર્થીઓ માટે ગુજરાતી વ્યાકરણમાં અલંકાર એકમ પર અભિક્રમિત અધ્યયન સાહિત્યની રચના અને અજમાયશ

Construction And Tryout Of Programmed Learning Material On The Unit Alankar Of Gujarati Grammare For B.Ed Teacher Teainees

**સંશોધનનું ક્ષેત્ર**:- શૈક્ષણિક ટેક્નોલૉજી

**સંશોધનના હેતુઓ- 1**.બી.એડ. ના વિધાર્થીઓ માટે ગુજરાતી વ્યાકરણ અલંકાર પર રૈખિત અભિક્રમોની રચના કરવી. **2**.બી.એડ. ના તાલીમાર્થી માટે ગુજરાતી વ્યાકરણ અલંકાર પર રચેલ રૈખિત અભિક્રમોની અજમાયશ કરવી.3.સિદ્ધિ કસોટીના આધારે પરંપરાગત પદ્ધતિ અને અભિક્રમિત અધ્યયન પદ્ધતિની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: 1.અભિક્રમિત અધ્યયન તેમજ વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન પામેલા પ્રશિક્ષણાર્થીઓની અલંકાર એકમની શૈક્ષણિક સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય**.**

**સંશોધનના ચલ**:- સ્વતંત્રચલ- અભિક્રમિત અધ્યયન અને વ્યાખ્યાન પદ્ધતિ પરંતત્ર ચલ- સિદ્ધિ આંક

અંકુશિત ચલ –ધોરણ,વિષય,વિષયાંગ આંતરવર્તી ચલ-વાક્તિગત ભિન્નતા, રૂચી, વલણ

**સંશોધનનો પ્રકાર**:- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પાલનપુર તાલુકાની કુલ બે બી.એડ. કોલજમાં અભ્યાસ કરતા કુલ- 42 પ્રશિક્ષણાર્થીઓને સહેતુક નમૂના પસંદગી દ્વારા કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: સ્વ- રચિત એકમ કસોટી

**પુથક્કરણની રીત**:- સહ વિચરણ પૃથક્કરણ

**સંશોધનના તારણો**:- ગુજરાતી વિષયના અલંકાર એકમની પ્રશિક્ષણાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં અભિક્રમિત અધ્યયન પદ્ધતિ વધુ અસરકારક હતી.

**સંશોધનના ફલિતાર્થ**:- પ્રસ્તુત સંશોધનમાં મળેલા તારણો પરથી કહી શકાય કે ગુજરાતી વિષયમાં ઊંચી શૈક્ષણિક સિદ્ધિ લાવવા માટે શિક્ષકોએ અભિક્રમિત અધ્યયન પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ. શિક્ષકોએ વિવિધ એકમ પર અભિક્રમો બનાવી તેના દ્વારા અધ્યાપન કરાવવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: પ્રશિક્ષણાર્થી, ગુજરાતી વ્યાકરણ, અલંકાર, અભિક્રમિત અધ્યયન

## મુખ્ય પ્રકરણ – 4

## 2011-2012 પ્રકરણ – 4 સમીક્ષાત્મક પરિચય - અનુક્રમણિકા

### એમ.એડ્. વિભાગ દ્વારા વર્ષ 2011-2012 માં કુલ 09 સંશોધનક્ષેત્રો આવરવામાં આવ્યા છે.

# અનુક્રમણિકા

| પ્રકરણ | સંશોધન ક્ષેત્ર | સારાંશ નંબર | કુલ |
|---|---|---|---|
| પ્રકરણ-1 | શિક્ષણનું મનોવિજ્ઞાન | 94,109,110 | 3 |
| પ્રકરણ-2 | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (સા. વિજ્ઞાન શિક્ષણ, ભાષા શિક્ષણ, ગણિત શિક્ષણ) | 85,92,102 | 3 |
| પ્રકરણ-3 | શૈક્ષણિક ટેકનોલોજી (ભાષા શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, સા. વિજ્ઞાન) | 98,99,103,111,112 | 5 |

| | | | |
|---|---|---|---|
| પ્રકરણ-4 | શિક્ષક શિક્ષણ (માર્ગદર્શન અને સલાહ) | 89,91 | 2 |
| પ્રકરણ-5 | માર્ગદર્શન અને સલાહ | 104,106,107 | 3 |
| પ્રકરણ-6 | પ્રાથમિક શિક્ષણ | 88,100 | 2 |
| પ્રકરણ-7 | શિક્ષણનું સંગઠન,વહીવટ અને સંચાલન | 86,97 | 2 |
| પ્રકરણ-8 | શિક્ષણનું તત્વદર્શન/તત્વજ્ઞાન | 87,105 | 2 |
| પ્રકરણ-9 | કન્યા કેળવણી | 95 | 1 |
| કુલ | 90,93,96,101,108 | -5 | 28 |

**85.સંશોધકનું નામ:** બંગાળ સંકેત બી.

**કોલેજનું નામ:** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ:** શ્રી બી. પી. માળી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી:** 2011-12/ H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ધો- 5 માં અંગ્રેજી શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની સંરચના અને અસરકારકતા

Construction And Effectiveness Of English Vocabulary Development Programme For The Student Of Standard-V

**સંશોધન ક્ષેત્ર:** ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ:** 1.ધો- 5 ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની રચના કરીને અજમાયશ કરવી.2.ધો- 5 ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની અસરકારકતા જાણવા સિદ્ધિ કસોટીની રચના કરીને તેના પર જાતીયતાની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ:** 1.ધો- 5 ના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પરિણામો વચ્ચે સરાસરીનો તફાવત નહીં હોય. 2.ધો- 5 ના કુમારો અને કન્યાઓના પૂર્વ કસોટીના પરિણામોમાં સાર્થક તફાવત નહીં હોય. 3.ધો- 5 ના કુમારો અને કન્યાઓના ઉત્તર કસોટીના પરિણામોમાં સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય. 4.ધો- 5 ની કન્યાઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીનાં પરિણામોની તુલનાઓની સરાસરીમાં કોઈ તફાવત નહીં હોય. 5.ધો- 5 ના કુમારોના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીનાં પરિણામોની તુલનાઓની સરાસરીમાં મોટો તફાવત નહીં હોય. 6.ધો- 5 ના વિદ્યાર્થીઓના મૌખિક પૂર્વ-ઉત્તર કસોટીનાં પરિણામોની તુલનાઓની સરાસરીમાં તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ:** સ્વતંત્ર ચલ- શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ પરતંત્ર ચલ- ઉત્તર કસોટીના પ્રાપ્તાંક પરિવર્તક ચલ- જાતિ, અંકુશિત ચલ- ધોરણ

**સંશોધનનો પ્રકાર:** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ:** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો:** ગુજરાત રાજ્યના ડાંગ જિલ્લામાં અભ્યાસ કરતા ધો-5 ના વિદ્યાર્થીઓ, આહવા તાલુકાની ગુજરાતી માધ્યમની ગુંદીયા ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધો-5 ના 40 વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ:** પૂર્વે ઉત્તર લેખિત કસોટી, મૌખિક કસોટી

**પૃથક્કરણની રીત:** ટી- કસોટી

**સંશોધનના તારણો:** 1.અંગ્રેજી શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની માવજત આપતા પહેલા અને કાર્યક્રમની માવજત આપ્યા પછી વિદ્યાર્થીઓના શબ્દભંડોળનો વિકાસ થયો હતો. 2.ધો-5 ના વિદ્યાર્થીઓના કાર્યક્રમની માવજત આપ્યા પહેલા

કરતા કાર્યક્રમની માવજત આપ્યા પછીના સરેરાશાંક ઊંચા હતા. 3.કુમારો અને કન્યાઓના પૂર્વ કસોટી કરતા ઉત્તર કસોટીના સરેરાશ અંક ઊંચા હતા.

**સંશોધનના ફલિતાર્થ**: અંગ્રેજી શબ્દભંડોળ વિકસાવવા માટે અંગ્રેજી શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ અસરકારક બન્યો હતો. ધોરણ પાંચના વિદ્યાર્થીઓના અંગ્રેજી શબ્દભંડોળ નબળું હતું, તેને કાર્યક્રમ દ્વારા સુધારી શકાયું હતું. વર્ગકાર્ય દરમિયાન વિવિધ પ્રવૃત્તિ કરાવી ઉપચાર કાર્ય કરવામાં આવે તો વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ વિકસાવી શકાય.

**ચાવીરૂપ શબ્દો**:શબ્દ ભંડોળ, શિક્ષક વિકાસ કાર્યક્રમ

<u>**86. સંશોધકનું નામ**: બારોટ મેહુલકુમાર એસ.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એચ. આર. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી**: 2011-12/ H.N.G.U,PATA N/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનો કાર્યસંતોષ

A Work Satisfaction Of Non Teaching Staff Of Secondary School

**સંશોધન ક્ષેત્ર**: શૈક્ષણિક સંચાલન

**સંશોધનના હેતુઓ**: **1.**બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે ઉપકરણની સંરચના કરવી. **2.**બિન-શૈક્ષણિક કર્મચારીઓ આર્થિક રીતે સંતુષ્ટ છે કે નહી તેની માહિતી મેળવવી **3.**બિન-શૈક્ષણિક કર્મચારી ઓની સમય અને પરિસ્થિતિ અંગે માહિતી મેળવવી. **4.**બિન-શૈક્ષણિક કર્મચારીઓની વ્યવસાયિક સ્થાન વિશે માહિતી મેળવવી. **5.**બિન-શૈક્ષણિક કર્મચારીઓની માનવીય પરિસ્થિત વિશે માહિતી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો**: 1. બિન-શૈક્ષણિક કર્મચારીઓ આર્થિક રીતે સંતુષ્ટ હશે? 2.બિન-શૈક્ષણિક કર્મચારીઓ સમય અને પરિસ્થિતિથી સંતુષ્ટ હશે? 3. બિન-શૈક્ષણિક કર્મચારીઓ વ્યવસાયિક સ્થાનથી સંતુષ્ટ હશે? 4.બિન-શૈક્ષણિક કર્મચારીઓ માનવીય પરિસ્થિતિ સંતુષ્ટ હશે?

**સંશોધનના ચલ**: ----------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: વડગામ તાલુકાની માધ્યમિક શાળાઓના ૪૦ બિન-શૈક્ષણિક કર્મચારીઓને નમૂના તરીકે લેવામાં આવેલ છે.

**ઉપકરણ**: સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત**: સાદી ટકાવારી

**સંશોધનના તારણો**: 1.30 (37.50%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ આજ વેતનમાં અન્ય વ્યવસાયમાં જવાનું પસંદ કરે છે. 2.50 (62.50%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ આજ વેતનમાં અન્ય કોઈ વ્યવસાયમાં જવાનું પસંદ કરતા નહી. 3. 36 (45.00%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ વ્યવસાયમાં આવક વધારવાના કાર્યથી સંતોષ નથી. 4.. 30(37.50%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ વ્યવસાયમાં આવક વધારવાના કાર્યથી સંતોષ નથી. 5..70(87.50%) બિન-શૈક્ષણિક કર્મચારઓને બઢતી યોગ્યતાના આધારે મળે છે.

**સંશોધનના ફલિતાર્થ**: બિન-શૈક્ષણિક કર્મચારીઓને વર્તમાન વહીવટી કાર્યથી સંતોષ નથી. તેથી તે વહીવટી કાર્યમાં સંતોષ મળે તેવુ શાળા આચાર્યશ્રી આયોજન કરવું જોઈએ. બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગાર સંબંધિત માહિતી સંગ્રહ

કરવો જોઈએ. જેથી બધા કર્મચારી ઓને માહિતી મળતી રહે. બિન-શૈક્ષણિક કર્મચારીઓ સામાન્ય પરિસ્થિતિમાં સંતોષ ધરાવતા નથી. તેથી તેમની સામાન્ય પરિસ્થિતિનું વ્યવસ્થિતિ આયોજન કરવું જોઈએ. બિન-શૈક્ષણિક કર્મચારીઓ વહીવટી કાર્ય કરવા માટે ઉતમ નથી તેથી તે વહીવટી કાર્ય કરી શકે તેવા વર્ગોનું આયોજન કરવું જોઈએ.
ચાવીરૂપ શબ્દો: બિન-શૈક્ષણિક કર્મચારી, કાર્ય સંતોષ

**87.સંશોધકનું નામ**: ભાલકિયા સરોજબેન એમ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી બી. પી. માળી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

મિથ્યાભિમાન નાટકમાંથી વ્યક્ત થતું લોકશિક્ષણ

Lokshikshan Reflected From Drama Mithyabhiman

**સંશોધનનું ક્ષેત્ર**: શિક્ષણનું તત્વદર્શન

**સંશોધનના હેતુઓ**: 1.મિથ્યાભિમાન નાટકમાં રચાયેલ સંવાદો કયા કયા સંવાદો લોક શિક્ષણમાં ઉપયોગી છે તે તપાસવું 2..મિથ્યાભિમાન નકારાત્મક અભિગમ તપાસવા અને તારવા. 3.વર્તમાન સમયમાં મિથ્યાભિમાન નાટકની પ્રસ્તુતના ચકાસવી.

**સંશોધનના પ્રશ્નો**:1.નાટકમાં સામાજિક પરિસ્થિતિનું વર્ણન કેવું હશે?2.મિથ્યાભિમાન નાટકમાં લોક શિક્ષણ માટે ઉપયોગી બાબતો અને બોધ પાઠ શું હશે? 3.વર્તમાન સમયમાં મિથ્યાભિમાન નાટક કેવી પ્રભાવાત્માક ભૂમિકા ભજવી હશે?

**સંશોધનના ચલ** :------------------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: વ્યાપવિશ્વ - દલપતરાય રચિત બધાજ નાટકો   નમુનો: મિથ્યાભિમાન નાટક

**ઉપકરણ**: કૃતિ પૃથક્કરણ

**પૃથક્કરણની રીત**: ગુણાત્મક પૃથક્કરણ

**સંશોધનના તારણો**:1.મિથ્યાભિમાન એ જીવનનો સૌથી મોટો અવગુણ છે.2.વ્યક્તિએ પોતાની મર્યાદાઓને સ્વીકાર કરવો જોઈએ.3.અપ્રસ્તુત બહાના રજુ કરે છે અને લઘુતાગ્રંથિઓ હોય છે.4.હંમેશા આત્મપ્રશંસા કરે છે અન્ય વ્યક્તિઓની ટીકા ટિપ્પણી કરે છે. તેમજ અપમાન કરે છે.

**સંશોધનના ફલિતાર્થ**: શાળા કક્ષાએ બાળકોમાં સદ ગુણોનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: મિથ્યાભિમાન નાટક,  લોક શિક્ષણ

**88.સંશોધકનું નામ**: ચૌધરી પ્રકાશ એમ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:શ્રી એચ.આર.પટેલ

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

પ્રજ્ઞા અભિગમ પ્રત્યે પ્રાથમિકશાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

A Study Of Opirion Of Primary Teachers About Pragna Approach

**સંશોધનનું ક્ષેત્ર**: પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-1.પ્રજ્ઞા અભિગમ અંગે માહિતી એકત્રીત કરવી. 2.પ્રજ્ઞા અભિગમ અંગે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.3.પ્રજ્ઞા અભિગમ અંગે જાતિયતાના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.4.ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.5.પ્રજ્ઞા અભિગમમાં શિક્ષકોને પડતી મુશ્કેલીઓના અભિપ્રાયો મેળવવા.

**સંશોધનના પ્રશ્નો** :-1.પ્રજ્ઞા અભિગમ પ્રત્યે પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?2.જાતિયતાના સંદર્ભમાં પ્રજ્ઞા અભિગમ વિશે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?3.ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકોના પ્રજ્ઞા અભિગમ વિશે કેવા અભિપ્રાયો કેવા હશે?4.પ્રાથમિકશાળાના શિક્ષકો પ્રજ્ઞા પ્રોજેક્ટથી કેવી મુશ્કેલી અનુભવતા હશે?

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ – જાતિ,વિસ્તાર પરતંત્ર ચલ – અભીપ્રાયાવલિના પ્રાપ્તાંકો

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સવેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: બનાસકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળામાં પ્રજ્ઞાઅભિગમ દાખલ હોય તેવી 64 શાળાઓના 50 શિક્ષકો અને 100 શિક્ષિકાઓની પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ**: સ્વ – રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત** : કાઈ-વર્ગ (x૨)

**સંશોધનના તારણો**:1.પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકોને પ્રજ્ઞા અભિગમથી શિક્ષણ આપવું ગમે છે.2.પ્રજ્ઞા અભિગમની પ્રવૃતીઓ કરવવામાં શિક્ષકોને રસ છે.3.આ અભિગમથી પ્રાથમિક શાળાના બાળકો વધુ સક્રિય થાય છે 4.આ અભિગમમાં અન્ય શિક્ષકોનો સહકાર મળતો નથી. 5.આ અભિગમની તાલીમમાં શાળા મિલકત ઉપયોગી છે.

**સંશોધનના ફલિતાર્થ**:પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકોનો પ્રજ્ઞા અભિગમ પ્રત્યનો રસ જાણી તેમને યોગ્ય તાલીમ આપવામાં આવી હતી જેના આધારે શિક્ષકો પ્રજ્ઞા અભિગમ પ્રત્યે વધુ સક્રિય અને રસ લેતા થયા હતા તેમને આ અભિગમની પ્રવુતિઓ બાળકોને કરાવતા થયા હતા.

**ચાવીરૂપ શબ્દો**: પ્રાથમિક શાળા,પ્રજ્ઞા,અભિગમ,અભિપ્રાયો

**89.સંશોધકનું નામ**: ચૌધરી મીના એન.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

પાલનપુર તાલુકાના ધો-૯ વિધાર્થીઓની હિન્દી વિષયના પસંદીત એકમો માટે રચિત સ્વાધ્યાય કાર્યની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા

Effectivness Of Assignment Work On Selected Units Of Hindi Subject Of Std 9th Students Of Palanpur Taluka.With Reference To Academic Achievement

**સંશોધનનું ક્ષેત્ર**: અધ્યયન – અધ્યાપન

**સંશોધનના હેતુઓ**:1.ધો-૯ ના વિદ્યાર્થીઓ માટે હિન્દી વિષયના પસંદિત એકમો માટે સ્વાધ્યાય કાર્યની રચના કરવી. 2.વિદ્યાર્થીઓ માટે પસંદિત એકમોની વિષયવસ્તુ આધારિત સિદ્ધિ કસોટીની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:1.નિયંત્રિત જૂથના વિધાર્થીઓ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને શૈક્ષિણક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. 2.પ્રાયોગિક જૂથના કુમાર અને કન્યાઓએ શૈક્ષિણક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. 3.નિયંત્રિત જૂથના કુમાર અને કન્યાઓએ શૈક્ષિણક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ-અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ-શૈક્ષિણક સિદ્ધિ પરિવર્તક ચલ – જાતિ અંકુશિત ચલ-ધોરણ, વિષયવસ્તુ, શાળાનું વાતાવરણ, પ્રયોગનો સમય આંતરવર્તી ચલ-જૂથોની આંતરક્રિયા વૈયકિત તફાવત

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: બનાસકાંઠા જીલ્લાની પાલનપુર તાલુકામાં આવેલી શ્રીમતી આર.કે.મહેતા હાઈસ્કુલ, પાલનપુર ધો-9 માં અભ્યાસ કરતા કુલ-60 વિધાર્થીઓની પસંદગી કરવામાં આવી.

**ઉપકરણ**: શિક્ષક રચિત સિદ્ધિ કસોટી, અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત**: મધ્યક, પ્રમાણ વિચલન, પ્રમાણ ભૂલ અને ટી-કસોટી

**સંશોધનના તારણો**:1.સ્વાધ્યાય કાર્ય દ્વારા અધ્યાપન પામેલ કન્યાઓ કરતા કુમારમાં વધુ અસરકારક રહ્યો હતો 2.સ્વાધ્યાય કાર્ય દ્વારા વિવિધ વિષયો ભણવા ગમે છે 3.સ્વાધ્યાય કાર્ય દ્વારા ભણવામાં કટાળો આવતો નથી 4.સ્વાધ્યાય પદ્ધતિથી સ્વગતિ અનુસાર શીખી સકાય છે 5.સ્વાધ્યાય પદ્ધતિથી શીખવામાં ગભીરતા જળવાય છે

**સંશોધનના ફલિતાર્થ**: પ્રસ્તુત સંશોધનમાં હાથ ધરાયેલ પ્રયોગને અંતે મળેલ તારનો આધારે કહી શકાય કે ધો -૯ ના હિન્દી વિષયના પસંદીત એકમો માટે તૈયાર કરેલ સ્વાધ્યાય કાર્ય વિધાર્થીઓ માટે શૈક્ષિણક સિદ્ધિના સદર્ભમાં અસરકારક નીવડ્યો હતો

**ચાવીરૂપ શબ્દો**: હિન્દી વિષય,પસંદિત એકમ,રચિત સ્વાધ્યાય,શૈક્ષિણક સિદ્ધિ

**<u>90.સંશોધનનું નામ-</u>** <u>ચૌહાણ રેખાબેન જી.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ધોરણ -11ના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા જાગૃતિ ક્રાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા.

Construction And Effectiveness Of Thalassemia Awareness Programme For Students Of Standard – 11$^{Th}$

**સંશોધનનું ક્ષેત્ર**: શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ, માર્ગદર્શન અને સલાહદર્શન

**સંશોધનના હેતુઓ**: : 1. વિદ્યાર્થીઓમાં થેલેસેમિયા જાગૃતિ લાવવા માટે બહુમાધ્યમ થેલેસેમિયા જાગૃતિ ક્રાર્યક્રમની સંરચના કરવી.2. વિદ્યાર્થીઓમાં થેલેસેમિયા જાગૃતિ ચકાસવા માટે થેલેસીમિયા જાગૃતિ માપન કસોટી (પૂર્વકસોટી અને ઉતરકસોટી )રચના કરવી.3.બહુ માધ્યમ થેલેસેમિયા જાગૃતિ ક્રાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: 1.પ્રાયોગિકજૂથ અને નિયત્રિત જુથના વિદ્યાર્થીઓએ થેલેસેમિયા જાગૃતિ માપન કસોટી(પૂર્વકસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીવચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2 પ્રાયોગિકજૂથ અને નિયત્રિત જુથના વિદ્યાર્થીઓએ થેલેસેમિયા જાગૃતિ માપન કસોટી(ઉતરકસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીવચ્ચે સાર્થક તફાવત નહીં હોય.3 પ્રાયોગિકજૂથ વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉતરકસોટી મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય 4 નિયત્રિત જુથના વિદ્યાર્થીઓએ થેલેસેમિયા જાગૃતિ માપન કસોટી પૂર્વ કસોટી અનેઉતરકસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીવચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ**: સ્વતંત્ર- થેલેસેમિયા જાગૃતિ ક્રાયક્રમ, પરતંત્ર- થેલેસેમિયા જાગૃતિ માપન કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો અંકુશિતચલ- ધોરણ, વિષય, એકમ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પાલનપુર તાલુકાના ધોરણ-11 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નમુના તરીકે કુલ-75 વિદ્યાર્થીઓમાંથી આકસ્મિક ચિઠ્ઠી દ્વારા 60 વિદ્યાર્થીઓ પસંદ કર્યા હતા.

**ઉપકરણ**: શિક્ષક રચિત સિદ્ધિ કસોટી, અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત**: મધ્યક, પ્રમાણ વિચલન, પ્રમાણ ભૂલ અને ટી-કસોટી

**સંશોધનના તારણો**: ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો થેલેસેમિયા જાગૃતિ ક્રાયક્રમને પરિણામે પ્રાયોગિક જૂથના ઉતરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઉચી જોવા મળી હતી. કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. પ્રાયોગિકજૂથઓ વચ્ચે વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉતરકસોટી મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી મોટો તફાવત જોવા મળ્યો હતો જે થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમને આભારી હતો. નિયત્રિતજુથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટી અને ઉતરકસોટીના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સમાનતા જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થ**: થેલેસેમિયા જાગૃતિ લાવવા માટે આ ક્રાયક્રમનો સમાજના વિવિધ ક્ષેત્રે ઉપયોગ કરી શકાય. તેમજ સમાજમાં થેલેસેમિયા અંગેની જાગૃતતા વિકસાવવી ઘણી જ આવશ્યક છે. તેથી આવા કાર્યક્રમોનો અમલ થવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ, જાગૃતિ માપન કસોટી

**91.સંશોધનનું નામ**: દવે કિરણભાઈ એન.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એચ. આર. પટેલ

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

યોગ કાર્યક્રમની શૈક્ષણિક સિદ્ધિ પર અસરકારકતા

Effectiveness Of Yoga Program Of On Academic Achievement

**સંશોધનનું ક્ષેત્ર**: શારીરિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:1.શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમા યોગ કાર્યક્રમની સંરચના કરવી. 2.વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ માપવા માટે શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવી. 3.યોગ કાર્યક્રમની શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્ર ઉપર અસર તપાસવી. 4.યોગ કાર્યક્રમની જાતીયતા પર અસર તપાસવી. 5.યોગ કાર્યક્રમ પરત્વે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલીની સંરચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:1.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પાત્રોની શૈક્ષણિક સિદ્ધિ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનચલ** ---------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: ડીસા તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓ ધો- 9 માં વર્ષ 2011-12 દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આકસ્મિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ**: શિક્ષક રચિત સિદ્ધિ કસોટીની અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત**: મધ્યક,પ્રમાણ વિચલન,પ્રમાણ ભૂલ અને ટી-કસોટી

**સંશોધનના તારણો**:1.યોગ કાર્યક્રમ સાથે ભણવાથી સમય બગડે છે2.યોગ કાર્યક્રમ સાથે સરળતાથી શીખી શકાય છે3.યોગ કાર્યક્રમ સાથે અભ્યાસમાં એકાગ્રતા પ્રાપ્ત કરી શકાય છે4.યોગ કાર્યક્રમ સાથે શીખવાથી આનંદ આવે છે5.યોગ કાર્યક્રમ સાથે ભણ્યા પછી સામાજિક વિજ્ઞાનનો વિષય કંટાળા જનક લાગતો નથી

**સંશોધનના ફલિતાર્થ**:માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને યોગ કાર્યક્રમ સાથે અધ્યાપન કરવાથી શૈક્ષણિક સિદ્ધિમાં વધારો થાય છે માટે યોગ કાર્યક્રમનો ઉપયોગ પ્રાથમિક તેમ જ ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજના શિક્ષકે કરવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**:યોગકાર્યક્રમ, શૈક્ષણિક સિદ્ધિ

<u>92.સંશોધકનું નામ: ગામી જ્યોત્સના જે.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી બી.પી માળી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ધો-6 ના વિદ્યાર્થીઓ માટે હિન્દી ભાષા વિકાસ કાર્યક્રમની રચના અને અસરકારકતા

Construction And Effectiveness Of Hindi Language Development Programme For The Students Of Std.Vi

**સંશોધનનું ક્ષેત્ર**: ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:1.ધોરણ-6 ના વિદ્યાર્થીઓ માટે હિન્દી ભાષા વિકાસ કાર્યક્રમની રચના કરવી અને અજમાયશ કરવી. 2.ધોરણ-6 ના વિદ્યાર્થીઓ માટે હિન્દી ભાષા વિકાસ કાર્યક્રમની અસરકારકતા ચકાસવા સિદ્ધિ કસોટીની રચના કરવી અને જાતિયતાની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: 1.ધોરણ-6 ના વિદ્યાર્થીઓમાં પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીનાં પરિણામોની તુલનામાં સાર્થક તફાવત નહીં હોય. 2.ધોરણ-6 ના છોકરાઓ અને છોકરીઓમાં પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીનાં પરિણામોની તુલનામાં સાર્થક તફાવત નહીં હોય. 3.ધોરણ-6 માં ઉત્તર કસોટીનાં પરિણામોની છોકરીઓ અને છોકરાઓના પરિણામોની તુલનામાં સાર્થક તફાવત નહીં હોય.4.ધોરણ-6 ની છોકરીઓ અને છોકરાઓમાં પૂર્વક કસોટી અને ઉત્તર કસોટીનાં પરિણામોની તુલનામાં સાર્થક તફાવત નહીં હોય。

**સંશોધનના ચલ**:સ્વતંત્ર ચલ-હિન્દી ભાષા વિકાસ કાર્યક્રમ પરતંત્ર ચલ-કસોટીના પ્રાપ્તાંકો પરિવર્તક ચલ – જાતીયતા અંકુશિત ચલ – ધોરણ, ભાષા

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક **સંશોધન**

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: બનાસકાંઠા જિલ્લાની ગુજરાતી માધ્યમની સાગ્રોસણા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધો-6 ના કુલ-40 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં અવ્યા હતા.

**પૃથક્કરણની રીત**: ટી-કસોટી

**ઉપકરણ**: લેખિત કસોટી- પૂર્વ ઉત્તર કસોટી

**સંશોધનના તારણો**: પૂર્વ-ઉત્તર લેખિત કસોટી અને પૂર્વ ઉત્તર મૌખિક કસોટીના આધારે હિન્દી ભાષામાં કથન ક્ષમતાના વિકાસ માટે તૈયાર કરેલ શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા કથન ક્ષમતાનો વિકાસ સાધી શકાયો. માટે આ કાર્યક્રમ અસરકારક છે. હિન્દી ભાષામાં કથન ક્ષમતાના વિકાસમાં છોકરાઓ અને છોકરીઓની સિદ્ધિ લગભગ સમાન છે. ધો-6

ના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી કરતા ઉત્તર કસોટીના પ્રાપ્તાંક વધુ મેળવ્યા હતા તેથી ભાષા વિકાસ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

**સંશોધનના ફલિતાર્થ**: ધો-6 ના વિદ્યાર્થીઓ હિન્દી ભાષાની કથન ક્ષમતાનો સદંતર અભાવ જોવા મળે છે, તે પૂર્વે મૌખિક કસોટીના પ્રાપ્તાંકોને આધારે જાણવા મળ્યું હતું. પાઠ્યપુસ્તક અને લેખનકાર્ય વિનાનું હિન્દીનું શિક્ષણ કાર્ય વિદ્યાર્થીઓમાં કુતૂહલને પ્રેરણ મળે છે. વધુ શૈક્ષણિક ઉપકરણના ઉપયોગથી હિન્દી ભાષાના શિક્ષણને વધુ રસપ્રદ બનાવી શકાય.

**ચાવીરૂપ શબ્દો**: ભાષા વિકાસ કાર્યક્રમ, રચના, અસરકારતા, અજમાયશ

<u>**93.સંશોધકનું નામ**: ઇલાસરિયા ભારતીબેન આર.</u>

**કોલેજનું નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ.એસ. આર. જોષી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** : 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક: (Eng. & Guj.)**

શહેરી અને ગ્રામીણ વિસ્તારના તરુણ વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of Emotional Intelligence Of Adolescent Students Of Rural And Urban Area

**સંશોધનનું ક્ષેત્ર**: શિક્ષણનું મનોવિજ્ઞાન,શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ**: 1.શહેરી અને ગ્રામીણ વિસ્તારના તરુણ વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનું માપન કરવું. 2.શેહરી વિસ્તારના તરુણ કુમાર અને કન્યાઓની સાંવેગિક બિદ્ધિની તુલના કરવી. 3.ગ્રામીણ વિસ્તારના તરુણ કુમાર અને કન્યાઓની સાંવેગિક બુદ્ધિની તુલના કરવી.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ: વિસ્તાર,.જાતિયતા  પરતંત્ર ચલ: સાંવેગિક બુદ્ધિ, તરુણ વિદ્યાર્થીઓ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: પ્રસ્તુત સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમ ધરાવતી સામાન્ય પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.નમૂના તરીકે ધોરણ-11 અને 12ના વર્ગમાથી 400 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં અવ્યા હતા.

**ઉપકરણ**: સાંવેગિક બુદ્ધિ માપદંડ

**પૃથક્કરણ  રીત**: ટી-કસોટી

**સંશોધનના તારણો**: 1.શહેરી અને ગ્રામીણ તરુણ વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ ઉચ્ચ સ્તરની છે. 2.કુલ તરુણ કુમાર અને કન્યાઓમાં ૭૫%થી વધુ કુમાર અને કન્યાઓ ઉચ્ચ અને ઉચ્ચતર સાંવેગિક બુદ્ધિ ધરાવે છે. ૩.શહેરી તરુણ કુમારની સાંવેગિક બુદ્ધિ સ્વ.પ્રેરણા,સામાજિક સભાનતા અને સામાજિક કૌશલ્ય ક્ષેત્રે સમાન જોવા મળે છે.સ્વ-સભાનતા અને સ્વ-નિયમન ક્ષેત્રે ઓછી સાંવેગિક બુદ્ધિ જોવા મળે છે. 4.શહેરી તરુણ કન્યાઓની સાંવેગિક બુદ્ધિ સ્વ.પ્રેરણા,સામાજિક સભાનતા અને સામાજિક કૌશલ્ય ક્ષેત્રે સમાન જોવા મળે છે.સ્વ-સભાનતા અને સ્વ-નિયમન ક્ષેત્રે શહેરી તરુણ કન્યાઓની સાંવેગિક બુદ્ધિ ઓછી જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ**: 1.વિદ્યાર્થીઓ પોતાની લાગણી અને ઈચ્છાઓ ઉપર નિયંત્રણ મૂકી શકશે. 2.શિક્ષક પોતાના અધ્યાપન કાર્યમાં પોતાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિને ધ્યાનમાં રાખીને અધ્યાપન કરી કરશે. 3.વાલીઓને પોતાના બાળકોની લાગણીઓ અને ઇચ્છાઓને જાણવામાં ઉપયોગી બનશે. 4.વિદ્યાર્થીઓ પોતાના સંવેગોને જાણી પોતાના પર નિયંત્રણ કરી શકશે.

**ચાવીરૂપ શબ્દો**: સાંવેગિક બુદ્ધિ,વિસ્તાર,જાતિ

**94 સંશોધકનું નામ**: જોશી સ્મિતા એમ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી બી. પી. માળી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

વિધાસહાયક શિક્ષિકાઓના સામાજિક અને વ્યવસાયિક સમાયોજનનો અભ્યાસ

A Study Of Social And Professional Adjustment Of Primary Female Teachers

**સંશોધનનું ક્ષેત્ર**: શૈક્ષિણક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ**:1.વિદ્યાસહાયક શિક્ષિકાઓના સમાયોજન અને સ્વરચિત સમાયોજન સંશોધનિકાની સંરચના કરવી.3.વિદ્યાસહાયક શિક્ષિકાઓના સમાયોજન પર જ્ઞાતિની અસર તપાસવી 4.વિદ્યાસહાયક શિક્ષિકાઓના સમાયોજન પર શૈક્ષણિક દરજ્જાની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:1.જનરલ જ્ઞાતિ અને અન્ય જ્ઞાતિની વિદ્યાસહાયક શિક્ષિકાઓના સમાયોજન સંશોધન પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. 2.એમ.એડ, બી.એડ, એમ.એસસી. બી.એડ, અને પી.ટી.સી. ની લાયકાત ધરાવતી વિદ્યાસહાય શિક્ષિકાઓના સમાયોજન સંશોધાનિકા પરના પ્રપ્તાકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ-શાંતિ,શૈક્ષણિક દરજ્જો  અંકુશિત ચલ:-સ્ત્રી  પરતંત્ર ચલ-સામાજિક અને વ્યવસાયિક સમાયોજન

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત વિધાસહાયક કુલ-100 શિક્ષિકાઓને નમૂનામાં સમાવેશ કરવામાં આવી હતી.

**ઉપકરણ**: સ્વરચિત સંશોધનિકા

**પૃથક્કરણની રીત**: ટી- મુલ્ય અને F કસોટી

**સંશોધનના તારણો**:1.વિધાસહાયક શિક્ષિકાઓના સામાજિક વિભાગમાં ૨% વિધાસહાયક શિક્ષિકાઓ નિમ્ન સમાજિક સમાયોજન ધરાવે છે 2.વિધાસહાયક શિક્ષિકાઓના સમાયોજન પર જ્ઞાતિની અસર જોવા મળેલ નથી 3.વિધાસહાયક શિક્ષિકાઓના સમાયોજન પર શૈક્ષિણક દરજ્જાની અસર જોવા મળેલ નથી

**સંશોધનના ફલિતાર્થ**: વિધાસહાયક શિક્ષિકાથી સામાજિક સમાયોજનની સમસ્યાઓ દુર કરવા માટે માર્ગદર્શન કેન્દ્રની સ્થાપના કરવી જોઈએ. વિધાસહાયક શિક્ષિકાઓના કુટુંબીજને વિધાસહાયક શિક્ષિકાઓની જરૂરિયાતોને પૂર્ણ કરવી જોઈએ.

ચાવીરૂપ શબ્દો: વિદ્યાસહાયક શિક્ષિકાઓ,સામાજિક અને વ્યવસાયિક સમાયોજન

**95.સંશોધકનું નામ – મકવાણા સંધમિત્રા એ.**

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

સિદ્ધપુર તાલુકાની વણકર જ્ઞાતિ કન્યાઓની શિક્ષણ વિષયક સમસ્યાઓનો અભ્યાસ

A Study Of Education Related Problems Of The Weaver Caste Of Girls Of Siddhpur Taluka

**સંશોધનનું ક્ષેત્ર**: સામાજિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.સિદ્ધપુર તાલુકાની વણકર જ્ઞાતિની કન્યાઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ જાણવા ઉપકરણની રચના કરવી. 2.સિદ્ધપુર તાલુકાની વણકર જ્ઞાતિની કન્યાઓની શૈક્ષણિક સામાજિક આર્થિક ભૌતિક તેમજ સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ જાણવી.

**સંશોધનના પ્રશ્નો**: 1.સિદ્ધપુર તાલુકાની વણકર જ્ઞાતિની કન્યાઓની શૈક્ષણિક સમસ્યાઓ કઈ હશે? 2.સિદ્ધપુર તાલુકાની વણકર જ્ઞાતિની કન્યાઓની શિક્ષણના સંદર્ભમાં આર્થિક સમસ્યાઓ કઈ હશે? 3.સિદ્ધપુર તાલુકાની વણકર જ્ઞાતિની સ્વાસ્થ્ય સબંધી સમસ્યાઓ કઈ હશે?

**સંશોધન ચલ ----------------**

**સંશોધનનો પ્રકારો**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: સિદ્ધપુર તાલુકાના પ્રાથમિકથી કોલેજ સુધી અભ્યાસ કરતી વણકર જ્ઞાતિની ૨૦૦ કન્યાઓ અને 100 વાલીઓ સમાવેશ કરવામાં આવ્યો છે

**ઉપકરણ**: સ્વરચિત પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત**: સાદી ટકાવારી

**સંશોધનના તારણો**.1 :70% વણકર કન્યાઓને તેમના અભ્યાસ માટે પુરતી સામગ્રી મળી રહે છે જયારે 30% વણકર કન્યાઓને તેમના અભ્યાસ માટે પુરતી સામગ્રી મળી રહેતી નથી 2.6.5% વણકર કન્યાઓને તેમના વાંચન લેખનમાં તક્લીક પડે છે જ્યારે 93.3% વણકર કન્યાઓને વાંચન લેખન તક્લીફ પડતી નથી 3.93% વણકર કન્યાઓને તેમના ઘરમાં અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ મળી રહે છે જ્યારે 7% કન્યાઓને ઘરમાં યોગ્ય વાતાવરણ મળતું નથી

**સંશોધનના ફલિતાર્થ**: વણકર કન્યાઓને તેમના અભ્યાસ માટે પુરતી સામગ્રી, વાંચન લેખનમાં, યોગ્ય વાતાવરણ મળી રહેતી તે માટેની વ્યવસ્થા કરવી.

**ચાવીરૂપ શબ્દો**: સિદ્ધપુર તાલુકો, વણકર કન્યાઓ

**96.સંશોધકનું નામ- મોદી મેઘનાબેન જે.**

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી બી. પી. માળી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

T.Y.B.A. ના સંસ્કૃત વિષયમાં ચતુર્થી વિભક્તિ એકમ પર રેખિક અભિક્રમની સંરચના અને અસરકારકતા

Construction and Effectiveness of Liner programme on Chaturthi Vibhakti Unit in Sanskrit of T.Y.B.A

**સંશોધનનું ક્ષેત્ર**: ભાષા શિક્ષણ, અભિક્રમિત અધ્યયન

**સંશોધનના હેતુઓ**: 1.T.Y.B.A. ના સંસ્કૃત વિષયમાં ચતુર્થી વિભક્તિ એકમ પર રેખિક અભિક્રમોની રચના અને અજમાયશ કરવી. 2.T.Y.B.A. ના સંસ્કૃત વિષયમાં ચતુર્થી વિભક્તિ એકમ પર આધારિત એકમ કસોટીની રચના

કરવી.3.અભિક્રમિત અધ્યયન પધ્ધતિ અને વ્યાખ્યાન પધ્ધતિથી આપેલ શિક્ષણની અસરકારકતા તપાસવી 4. T.Y.B.A. ના સંસ્કૃત વિષય ચતુર્થી વિભક્તિ એકમ પર આધારિત અંગેના અભિપ્રાયાવલીની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: રેખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિઅને વ્યાખ્યાનપધ્ધતિ દ્વારા અધ્યાપન પામેલાં વિદ્યાર્થીઓ ચતુર્થી વિભક્તિ એકમ કસોટી પરના પ્રાપ્તાંકોની  સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ: શૈક્ષણિક પદ્ધતિ   પરતંત્ર ચલ: શૈક્ષણિક સિદ્ધ   અંકુશિત ચલ: ધોરણ, વિષય, એકમ પરિવર્તક ચલ: જાતીયતા

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારીક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધન પદ્ધતિ**- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: હે.ઉ. ગુ. યુનિ.,પાટણ સંલગ્ન જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ, પાલનપુર T .Y.B.A ના સંસ્કૃત વિષયમાં અભ્યાસ કરતાં કુલ 60 વિદ્યાર્થીઓને આકસ્મિત રીતે પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ** – એકમ કસોટી, અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત** – ટી-કસોટી

**સંશોધનના તારણો**: અભિગમની અજમાયશનો ક્રમ વધારવાથી પ્રમાણભૂલનો ઘટાડો થાય છે વ્યાખ્યાન પદ્ધતિ કરતા રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિ વધુ અસરકારક છે અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી શીખવતા વિદ્યાર્થીઓ અને વ્યાખ્યાન પદ્ધતિથી શીખતા વિદ્યાર્થીઓમાં ઉત્તર કસોટી  વચ્ચે તફાવત છે અને સરાસરીનો તફાવત અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી શીખતા વિદ્યાર્થીઓની તરફેણમાં છે એટલે જે અભિક્રમિત પદ્ધતિથી શીખતા વિદ્યાર્થીઓમાં વ્યાખ્યાન પદ્ધતિથી શીખતા વિદ્યાર્થીઓ કરતા ઓછી વિસ્મૃતિ જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ**: શિક્ષકોએ વ્યાખ્યાન પદ્ધતિથી પૂરક પદ્ધતિ તરીકે રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરવું જોઈએ .સ્વ અધ્યયન સાહિત્યના ભાગરૂપે અભિગમિત અધ્યયન સાહિત્યનો ઉપયોગ કરવો જોઈએ. અભિકમો દ્વારા વિદ્યાર્થીઓને સ્વઅધ્યયનની ટેવ વિકસાવવા પ્રયત્ન કરવો જોઈએ .અભિક્રમિત અધ્યયનથી અનુકૂળ સમય પુનરાવર્તન કરી શકાશે. નબળા વિદ્યાર્થીઓ અભિકમોથી પોતાની સ્વ ગતિ અધ્યયન કરતા થઈ શકે છે

**ચાવીરૂપ શબ્દો**: સંસ્કૃત, એકમ, રેખિક અભિક્રમ, અભિક્રમિત અધ્યયન

**97.સંશોધકનું નામ** - મોદી નીલમબેન જી.

**કોલેજનું નામ**- શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**- શ્રી એચ. આર પટેલ

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

વિદ્યાકુંજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વિદ્યાકુંજ સંકુલ -સુરતનો વ્યક્તિ અભ્યાસ
Institutional Case Study Of Vidyakunjsankul-Surat Managed By Vidyakunj Charitable Trust

**સંશોધનનું ક્ષેત્ર**: શિક્ષણનું સંગઠન, વહીવટ અને સંચાલન

**સંશોધનના હેતુઓ**:1.વિદ્યાકુંજ સંકુલ સુરતના ઉદ્ભવ અને વિકાસનો અભ્યાસ કરવો.2.વિદ્યાકુંજ સંકુલ સુરતના ટ્રસ્ટની અને સંકુલની શિક્ષણ અને સમાજ ક્ષેત્રે પ્રદાનની માહિતી મેળવવી.3.વિદ્યાકુંજ સંકુલ સુરતના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની વ્યવસાયિક સજ્જનતા જાણવી.4.વિદ્યાકુંજ સંકુલ સુરત દ્વારા યોજવામાં આવતી સહ અભ્યાસક પ્રવૃત્તિઓની માહિતી મેળવવી.5.વિદ્યાકુંજ સંકુલ સુરત દ્વારા મેળવવામાં આવતી સિદ્ધિઓ અને ભાવી આયોજન વિશે માહિતી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો**:1.વિદ્યાકુંજ સંકુલની ઐતિહાસિક ભૂમિકા ઉદભવ અને વિકાસના કારણો કયા હશે?2.વિદ્યાકુંજ સંકુલના ટ્રસ્ટીઓ કોણ હશે? 3.તથા તેમની શૈક્ષણિક અને બિન શૈક્ષણિક વ્યવસાયિક સજ્જતા કેવી હશે?4.વિદ્યાકુંજ સંકુલ શિક્ષણ અને સમાજ ક્ષેત્રે પ્રદાન તથા સંકુલમાં થતી સહ અભ્યાસક પ્રવૃત્તિઓ કેવી હશે?5.વિદ્યાકુંજ સંકુલ દ્વારા મેળવેલી સિદ્ધિઓ અને તેનું ભાવી આયોજન કેવું હશે?

**સંશોધનના ચલ**:-------------------

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારીક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધન પદ્ધતિ**- વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ (વ્યક્તિ અભ્યાસ)

**વ્યાપવિશ્વ અને નમુનો**:વ્યાપ વિશ્વ- વિદ્યાકુંજ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ (શાળાઓ અને કોલેજો)નમુનો- વિદ્યાકુંજ સંકુલ સુરત

**ઉપકરણ** - મુલાકાત પત્રક ,પ્રશ્નાવલી, દસ્તાવેજી સાહિત્ય

**પૃથક્કરણની રીત** - સાદી ટકાવારી અને ગુણાત્મક પદ્ધતિ

**સંશોધનના તારણો**:1.ઈસ.1992 માં પ્રાથમિક અને માધ્યમિક વિભાગની સ્થાપના થઈ.2.ઈસ. 1992 સુધી વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવા દૂરના સ્થળે જવું પડતું હતું.3.સંસ્થાનો એકમાત્ર ઉદ્દેશ ગરીબ પરિવારના બાળકોને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપવું.4.સંસ્થાનું મેદાન ચાર કેમ્પસમાં વિભાજીત છે

**સંશોધનના ફલિતાર્થ**: પ્રસ્તુત સંશોધનના આધારે આવા બીજા સંસ્થાકીય વ્યક્તિ અભ્યાસ કરવાથી સંસ્થા, તેમજ કર્મચારીઓને મદદરૂપ થઈ શકે. અને બદલાવ પણ લાવી શકાય છે.

**ચાવીરૂપ શબ્દો**: ચેરીટેબલ ટ્રસ્ટ, વ્યક્તિ અભ્યાસ

**98.સંશોધક નું નામ-** પટેલ મમતા બી.

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડો. એસ. આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ટેલિવિઝન કાર્યક્રમની વિદ્યાર્થીઓની જીવનશૈલી પર પડતી અસરનો અભ્યાસ

A Study Of Effect Of Television Programme On Lifestyle Of Students

**સંશોધનનું ક્ષેત્ર**: માનસિક સ્વાસ્થ્ય, શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**:1.ટેલિવિઝન કાર્યક્રમની વિદ્યાર્થીઓની જીવનશૈલી પર પડતી અસરો જાણવા ઉપકરણની રચના કરવી.2.ટેલિવિઝન કાર્યક્રમની વિદ્યાર્થીઓની જીવનશૈલીના પાસાઓ, ભાષા, આચાર -વિચાર, શિષ્ટાચાર, પહેરવેશ, ટેવો જેવી અસરોનો અભ્યાસ કરવો.3.ટેલિવિઝન કાર્યક્રમની વિદ્યાર્થીઓના રીત- રિવાજ ,અંધશ્રદ્ધા, તહેવારો, માન્યતા પર પડતી અસરોનો અભ્યાસ કરવો

**સંશોધનના પ્રશ્નો**:1.ટેલિવિઝન કાર્યક્રમની વિદ્યાર્થીઓની આચાર -વિચાર પર શું અસર હશે ?2.ટેલિવિઝન કાર્યક્રમની વિદ્યાર્થીઓની શિષ્ટાચાર પર શું અસર હશે?3.ટેલિવિઝન કાર્યક્રમ વિદ્યાર્થીઓની ટેવો ઉપર શું અસર હશે ?4.ટેલિવિઝન કાર્યક્રમની વિદ્યાર્થીઓની રીત- રિવાજ ઉપર શું અસર હશે?

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ-ટેલિવિઝન કાર્યક્રમ   પરતંત્ર ચલ-જીવન શૈલી પર પડતી અસર અંકુશિત ચલ- ધોરણ માધ્યમ, વિસ્તાર ,શાળાનું વાતાવરણ

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધન પદ્ધતિ**- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: બનાસકાંઠા જિલ્લાના ડીસાની માધ્યમિક શાળાના ધોરણ- 9 માં અભ્યાસ કરતા કુલ-500 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**- સ્વરચિત પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત**: સાદી ટકાવારી

**સંશોધનના તારણો**:1.ટેલિવિઝન કાર્યક્રમ દ્વારા પ્રસારિત થતી સમાચાર ચેનલ નિહાળી શુદ્ધ ભાષા બોલવા લાગ્યા છે.2.ટેલિવિઝન કાર્યક્રમમાં પ્રદર્શિત થતા સારા વિચારો વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં અમલમાં મુકવા લાગ્યા છે.3.વિદ્યાર્થીઓ ઘરનું કામકાજ કરતા ટીવી વધુ જોવાનો પસંદ કરે છે અને ક્યારેક ગૃહ કાર્ય ટાળે છે.

**સંશોધનના ફલિતાર્થ**:પ્રસ્તુત સંશોધનમાં ટેલિવિઝન કાર્યક્રમની વિદ્યાર્થીઓની જીવનશૈલીમાં પરિવર્તન થાય તેવા ફિલ્મો અને સીરીયલો બનાવી જોઈએ ટીવી જોવાને કારણે પશ્ચિમ સંસ્કૃતિનું જ્ઞાન મળે અને પોતાના જ્ઞાનનો વધારો કરે તેવા કાર્યક્રમો હોવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: ટેલિવિઝન કાર્યક્રમ, જીવનશૈલી

**99.સંશોધકનું નામ**: પટેલ નીતા બી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:શ્રી એચ. આર. પટેલ

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

અંગ્રેજી ભાષામાં ઉચ્ચારણા સુધારણા કાર્યક્રમની રચના અને અસરકારકતા

Construction And Effectiveness Of Pronunciation Improvement Programme Of English Language

**સંશોધનનું ક્ષેત્ર**: ભાષા શિક્ષણ અને શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**: 1.વિધાર્થીઓ માટે ઉચ્ચારણા સુધારણા કાર્યક્રમની રચના કરવી 2.વિધાર્થીઓના ઉચ્ચારણ દોષ જાણવા માટે ઉચ્ચારણ દોષ નિદાન કસોટીની રચના કરવી 3.વિધાર્થીઓના ઉચ્ચારણા દોષ સુધારણા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે પુન:નિદાન કસોટીની રચના કરવી 4.વિધાર્થીઓના ઉચ્ચારણ દોષ કાર્યક્રમનો ઉચ્ચારણ નિદાન સંદર્ભમાં તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:1.પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથના વિધાર્થીઓના ઉચ્ચારણ દોષનિદાન કસોટી પર મેળવેલા પ્રાપ્તાકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય 2.ધોરણ-7 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથના વિધાર્થીઓએ ઉચ્ચારણ દોષ નિદાન કસોટી પર મેળવેલા પ્રાપ્તાકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય 3.પ્રાયોગિક જૂથના વિધાર્થીઓના નિદાન અને પુન:નિદાન કસોટીના પ્રાપ્તાકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય 4.નિયંત્રણ જૂથના વિધાર્થીઓના નિદાન અને પુન:નિદાન કસોટીના પ્રાપ્તાકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ-કક્ષા-1 કાર્યક્રમ નો અમલ, કક્ષા-ર કાર્યક્રમનો અમલ નહી પરતંત્ર ચલ – ઉચ્ચાર દોષ નિયંત્રિત ચલ – ધોરણ, માધ્યમ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**:પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં શ્રી કે.બી.કરણાવત પ્રાથમિક શાળા પાલનપુરમાં ધોરણ-7 અભ્યાસ કરતાં કુલ-80 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: એકમ કસોટી

**પૃથક્કરણની રીત**: મધ્યક, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ અને ટી-કસોટી

**સંશોધનના તારણો**: ધોરણ-7 ના અંગ્રેજી વિષયમાં પસંદિત તૈયાર કરેલ ઉચ્ચાર દોષ કાર્યક્રમ વિધાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારક રહ્યો 2.શાળાઓમાં વર્ગ શિક્ષણ દરમિયાન વિવિધ એકમો માટે ઉચ્ચારદોષ કાર્યક્રમનો ઉપયોગ કરી શકાય તે માટે શાળા સંકુલમાં વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા નાવિન્ય ધરાવતો ઉચ્ચાર દોષ કાર્યક્રમ વિધાર્થીઓને પ્રત્યક્ષ અનુભવો પુરા પાડે તે પ્રકારનું આયોજન કરવું જોઈએ 3.શિક્ષકોને વિવિધ એકમો પર ઉચ્ચારદોષ કાર્યક્રમ યોજવા તેમને તાલીમ પણ આપવી. 4.પાઠ્યપુસ્તકના જટીલ રજૂઆત ધરાવતા એકમો માટે ઉચ્ચારદોષ કાર્યક્રમ તૈયાર કરી તેનો વર્ગ શિક્ષણમાં ઉપયોગ કરી શકાય.

**સંશોધનના ફલિતાર્થ**:ધોરણ-7 ના વિધાર્થીઓ માટે તૈયાર કરેલ ઉચ્ચાર દોષ કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો આ કાર્યક્રમ ભવિષ્યમાં ઉપયોગ કરી શકાય શિક્ષકોએ અંગ્રેજી ભાષામાં ઉચ્ચારમાં સુધારો લાવવા માટે વિવિધ શૈક્ષણિક સાધનો અને પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ શિક્ષકોએ યોગ્ય કાર્યક્રમ તેમજ વિવિધ સ્પર્ધાઓ દ્વારા અંગ્રેજી ભાષાને વિકસાવવા પ્રયત્ન કરવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: ઉચ્ચારદોષ, ઉચ્ચારદોષ સુધારણા કાર્યક્રમ,શૈક્ષણિક ટેકનોલોજી

**100.સંશોધકનું નામ-** પટેલ ઉન્નતી કે.

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી એચ. આર. પટેલ

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

અભિનય સાથે સંગીતમય શિક્ષણ પદ્ધતિની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર અસરકારકતા

Effectiveness Of Music With Act Method On Academic Achievement Of Students

**સંશોધનનું ક્ષેત્ર**-પ્રાથમિક શિક્ષણ, અધ્યાપન પ્રવૃત્તિઓ

**સંશોધનના હેતુઓ**: 1.અંગ્રેજી વિષયમાં કાવ્ય માટે અભિનય સાથે સંગીતને શિક્ષણ કાર્યક્રમની સંરચના કરવી.2.અભિનય સાથે સંગીતમાં શિક્ષણ કાર્યક્રમની અજમાયશ કરવી.3.અભિનય સાથે સંગીત શિક્ષણ પદ્ધતિ પ્રત્યે વિદ્યાર્થીઓના પ્રતિભાવ મેળવવા અભિપ્રાયાવાલીની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: 1.અભિનય સાથે સંગીતમાં શિક્ષણ પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા ધ્યાન પામેલ વિદ્યાર્થીઓએ અધ્યાપન દરમિયાન સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ- અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ નિયંત્રિત ચલ- ધોરણ, માધ્યમ, વિષય, વિષયવસ્તુ આંતરવર્તી ચલ- રુચિ,વલણ, વ્યક્તિગત તફાવત, જૂથ વચ્ચેની આંતરક્રિયા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** -પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં ધોરણ -6 માં વર્ષ 2011- 12 દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ.

**ઉપકરણ-** સ્વ રચિત સિદ્ધિ કસોટી અને અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત**: ટી-કસોટી, કાઈવર્ગ

**સંશોધનના તારણો**: ધોરણ-6 ના બાળકોની વય કક્ષા અનુસાર કાવ્યો આધારિત અભિનય સાથે સંગીતમય શિક્ષણ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓ માને છે કે અંગ્રેજી વિષય અને અભિનય સાથે સંગીત શિક્ષણ પદ્ધતિ દ્વારા ભાગવું ગમે છે. અંગ્રેજી જેવા વિષયમાં અભિનય સાથે સંગીત શિક્ષણ પદ્ધતિ જરૂરી છે

**સંશોધનના ફલિતાર્થ**: શિક્ષકોએ વિવિધ એકમો માટે અભિનય સાથે સંગીતમય સાથે સંગીત શિક્ષણ કાર્યક્રમ યોજવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો** - અભિનય,સંગીત, શૈક્ષણિક સિદ્ધિ ,અભિનય સાથે સંગીત શિક્ષણ પદ્ધતિ

**101. સંશોધકનું નામ:-** પઠાણ નસીમબેન એચ.

**કોલેજનું નામ-** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. એસ. આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોનો અભ્યાસ

A Study Of Attitude Of Higher Secondary Students Of Palanpur Taluka In General Stream Towards Gujarati Subject

**સંશોધનનું ક્ષેત્ર-** શિક્ષણનું મનોવિજ્ઞાન, માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1.ઉચ્ચતર માધ્યમિક શાળા સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓનાં ગુજરાતી વિષય અંગેનાં મનોવલણો જાણવા. 2.સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની જાતીયતાના સંદર્ભમાં ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણો પર અસર તપાસવી. 3.સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની વિસ્તારના સંદર્ભમાં ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણો પર અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-**1.કુમાર અને કન્યાઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.2. શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.3.ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓની વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.4.શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓની વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.5. શહેરી વિસ્તારના કુમાર અને ગ્રામ્ય વિસ્તારના કુમારો વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં કોઈ સાર્થક તફાવતનહીં હોય.6.ગ્રામ્ય વિસ્તારની કન્યાઓના અને ગ્રામ્ય વિસ્તારના કન્યાઓના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.7. ગ્રામ્ય વિસ્તારની કુમારો અને શહેરી વિસ્તારના કન્યા વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં કોઈ સાર્થક તફાવતનહીં ય.8.ગ્રામ્ય વિસ્તારની કન્યાઓઅને શહેરી વિસ્તારના કુમારો વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ: જાતીયતા, વિસ્તાર  પરતંત્ર: ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો-** પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ પાલનપુર તાલુકાની ચાર ગ્રામ્ય વિસ્તાર અને ચાર શહેરી વિસ્તારની સામાન્યપ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો અને નમુના તરીકે 400 પાત્રોનો સમાવેશ કરેલ છે.

**ઉપકરણ-** વલણ માપદંડ

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-** કુમાર અને કન્યાઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણો સમાન જોવા મળતા નથી. શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં સમાનતા ધરાવે છે.ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓ ગુજરાતી વિષય પ્રત્યેના સમાન મનોવલણોમાં ધરાવતા જોવા મળતા નથી..શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓની વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં સમાન જોવા મળતા નથી. શહેરીવિસ્તારના કુમાર અને ગ્રામ્ય વિસ્તારના કુમારો વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં રસ ક્ષેત્રમાં સમાન જણાય છે.જયારે સરળતાના ક્ષેત્રમાં ભિન્ન જણાય છે તેમના વલણો સમાન જણાય છે. ગ્રામ્ય વિસ્તારની કન્યાઓના અને ગ્રામ્ય વિસ્તારના કન્યાઓના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષયના પ્રત્યેના મનોવલણોમાં વિષયવસ્તુ ક્ષેત્રે સમાન જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારની કુમારો અને શહેરી વિસ્તારના કન્યા વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના મનોવલણોમાં સમાન વલણાક ધરાવે છે. ગ્રામ્ય વિસ્તારની કન્યાઓઅને શહેરી વિસ્તારના કુમારો વિદ્યાર્થીઓના ગુજરાતી વિષય પ્રત્યેના સમાન વલણો ધરાવે છે.કુમારો અને કન્યાઓ ગુજરાતી મનોવલણો વિષયવસ્તુની બાબતમાં ભિન્ન છે.જયારે ઉપયોગીતા ક્ષેત્રમાં શહેરી કન્યા અને ગ્રામણી કન્યા માનોવલણ સમાન છે.

**સંશોધનના ફલિતાર્થ-** પ્રસ્તુત સંસોધન દ્વારા વિધાર્થીઓ ગુજરાતી વિષય પ્રત્યે સજાગ બનશે. વિષય સરળતાથી સમજવાનો પ્રયત્ન થશે. માતૃભાષા પ્રત્યે અભિમુખ બનશે. શિક્ષકો માતૃભાષા ગુજરાતીનું અસરકારક અધ્યાપન મોડલ બનાવવા પ્રેરાશે અને વિદ્યાર્થીઓને ગુજરાતી વિષય પ્રત્યે અભિમુખ કરવા .વાલીઓને ગુજરાતી વિષયનું મહત્વ આંકવા મદદરૂપ બનશે.પોતાના બાળકોને માતૃભાષાનું મહત્વ સમજાવશે. શાળામાં ગુજરાતી વિષય અસરકારક બનાવવા વિવિધ પદ્ધતિઓ ઉપયોગમાં લેઈ શાકાસે. ક્રાર્યક્રમોનું આયોજન કરવામાં મદદરૂપ થશે. માતૃભાષા સવર્ધન માટેના વિવિધ ક્રાર્યક્રમોનું આયોજન કરશે.

**ચાવીરૂપ શબ્દો-** ઉચ્ચતર માધ્યમિક શાળા, ગુજરાતી વિષય, સામાન્ય પ્રવાહ

**102.સંશોધકનું નામ**: પ્રધાન મહેશભાઈ એસ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ.એન. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

માછીમારોના બાળકોની શિક્ષણ વિષયક સમસ્યાઓનો અભ્યાસ

A Study Of Educational Problems Of Children Of Fisherman

**સંશોધનનું ક્ષેત્ર**: શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ**:1.માછીમારોના બાળકોની શિક્ષણ વિષયક સમસ્યાઓની માહિતી મેળવવા માટે પ્રશ્નાવલિની રચના કરવી.2.માછીમારોના બાળકોની શિક્ષણ સંબંધિત શારીરિક સ્વાસ્થ્ય સંબંધિત, રહેઠાણ સંબંધિત આર્થિક અને ભૌતિક સમસ્યાઓ જાણવી.

**સંશોધનના પ્રશ્નો**:1.માછીમારોની તેમના બાળકો સંબંધી સમસ્યાઓ શું હશે?2.માછીમારોની બાળકોની શારીરિક સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ શું હશે?

**સંશોધનના ચલ**: -------------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**:તાપી જિલ્લાના નિઝર તાલુકાના તાપી નદી કિનારાના વિસ્તારમાં તાપી નદીના માછીમારોનો સમાવેશ, નિઝર તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી 10 શાળાને પસંદ કરવામાં આવી.

**ઉપકરણ**: પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત**: સાદી ટકાવારી

**સંશોધનના તારણો**:પુરુષ માછીમારોના 53.12% બાળકોને અભ્યાસમાં ખલેલ પડે છે. માછીમારોના 23.5% બાળકોને તેમના વાલીઓ સ્ટેશનરીની સુવિધા આપી શકતા નથી.

**સંશોધનના ફલિતાર્થ**: તેમના બાળકોના અભ્યાસને લઈને ઓછી સભાનતા ધરાવે છે તેવું જોવા મળે છે.માછીમારોના બાળકોની સમસ્યાઓ જાણવાના સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો**: નિઝર તાલુકો, માછીમારોના બાળકો

**103.સંશોધકનું નામ**: પ્રજાપતિ ગૌતમભાઈ યુ.

**કોલેજનુંનામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

બી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓની ઇન્ટરનેટ સભાનતાનો અભ્યાસ

Study Of Awarwnwss About Internet Among B.Ed Teacher Trainess

**સંશોધનનું ક્ષેત્ર**: શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**: 1.બી.એડ.ના પ્રશિક્ષણાર્થીઓની ઈન્ટરનેટ માપદંડની રચના કરવી.2.બી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓની ઈન્ટરનેટ સભાનતા તપાસવી. 3.જાતીયતાના સંદર્ભમાં બી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓની ઈન્ટરનેટ સભાનતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:1.ગ્રામ્ય અને શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓએ ઈન્ટરનેટ સભાનતા માપદંડમાં મેળવેલ પ્રપ્તાકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. 2.કન્યા અને કુમાર પ્રશિક્ષણાર્થીઓએ ઈન્ટરનેટ સભાનતા માપદંડમાં મેળવેલ પ્રપ્તાકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય 3.શહેરી વિસ્તારના કુમાર અને કન્યા પ્રશિક્ષણાર્થીઓએ ઈન્ટરનેટ સભાનતા માપદંડમાં મેળવેલ પ્રપ્તાકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય

**સંશોધનના ચલ**:---------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સવેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: પસ્તુત સંશોધનમાં હે.ઉ.ગુ.યુનિ.,પાટણ. સંલગ્ન પાલનપુર તાલુકાની તમામ બી.એડ. કોલેજમાં વર્ષ 2011-12 માં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓને ઝૂમખાં નમુના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: ક્રમમાપદંડ

**પૃથક્કરણની રીત**: સરસરી, પ્રમાણ વિચલન અને ટી- કસોટી

**સંશોધનના તારણો**:1.વિસ્તારના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારના અને શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓના સમાન ઈન્ટરનેટ સભાનતા ધરાવતા જોવા મળે છે2.વિસ્તારના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારના કુમાર અને શહેરી વિસ્તારના કુમાર પ્રશિક્ષણાર્થીઓ સમાન ઈન્ટરનેટ સભાનતા ધરાવતા જોવા મળે છે3.પદ્ધતિ પ્રવાહના સંદર્ભમાં સામાન્ય પ્રવાહના પ્રશિક્ષણાર્થીઓ કરતા વિજ્ઞાન પ્રવાહના પ્રશિક્ષણાર્થીઓ વધુ ઈન્ટરનેટ સભાનતા ધરાવતા જોવા મળે છે

**સંશોધનના ફલિતાર્થ**:- 1.કોલેજ માં પ્રશિક્ષણાર્થીઓ ઈન્ટરનેટની તાલીમ આપ્યા બાદ તેમનું મુલ્યાંકન કરવા માટે ઈન્ટરનેટ સભાનતા માપદંડ ઉપયોગમાં લઇ શકાય2.શિક્ષકો પોતાના પ્રશીક્ષણાથીઓ ઈન્ટરનેટ અંગે કેટલા અજાણ છે તે જાણી શકશે અને પ્રશિક્ષણાર્થીઓમાં સભાનતા કેળવાશે.

**ચાવીરૂપ શબ્દો**: ઇન્ટરનેટ, બી.એડ., સભાનતા.

<u>**104.સંશોધકનું નામ**: પ્રજાપતિ નિરવ બી.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ધોરણ-૧૧ ના વિધાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમની રચના અને અજમાયશ.

Construction And Effectiveness Of Corruption Eradication Awareness Programmed For Std11th Students

**સંશોધનનું ક્ષેત્ર**: માર્ગદર્શન અને સલાહદર્શન, શિક્ષણનું સમાજશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ**:-1.ધોરણ-૧૧ ના વિધાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમની રચના કરવી 2.ધોરણ-૧૧ ના વિધાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા માપન કસોટીની સંરચના કરવી.3. પૂર્વકસોટી અને ઉતરકસોટી ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમની અસરકારકતા ચકાસવી 4.ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમની અસરકારકતા પર જાતિયતાના તફાવતોની અસર તપાસવી

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: 1.ધોરણ-૧૧ ના વિધાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા માપન પૂર્વકસોટી અને ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા માપન ઉતરકસોટીમાં મેળવેલ પ્રપ્તાકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.2.ધોરણ-૧૧ ના કુમાર અને કન્યાઓએ ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા માપન પૂર્વકસોટીમાં મેળવેલ પ્રપ્તાકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.3.ધોરણ-૧૧ ના કુમાર અને કન્યાઓએ ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા માપન ઉતરકસોટીમાં મેળવેલ પ્રપ્તાકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ**:સ્વતંત્ર ચલ – ભ્રષ્ટાચાર મુક્તિ કાર્યક્રમ    પરતંત્ર ચલ – ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કસોટી

અંકુશિત ચલ – ધો-૧૧ના વિધાર્થીઓ શાળાનુ વાતાવરણ – વિષયવસ્તુ  પરિવર્તી ચલ – જાતિયતા

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**:- ડીસા તાલુકાના શહેરી વિસ્તારની શ્રી સરદાર પટેલ હાઈસ્કુલ,ડીસા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધો-11 માં અભ્યાસ કરતા 50 વિધાર્થીઓને પસંદ કર્યા હતા.

**ઉપકરણ**: ભ્રષ્ટાચાર મુક્તિ કાર્યક્રમ તથા ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કસોટી

**પૃથક્કરણની રીત** : સરસરી, પ્રમાણ વિચલન અને ટી-કસોટી

**સંશોધનના તારણો**:1.ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યકમ અસરકારક રહયો  હતો 2.કુમારો કન્યાઓ કરતા પહેલેથી જ ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા વધુ ધરાવતા હતા 3.કાર્યક્રમની અજમાયશ બાદ કુમાર અને કન્યાઓ સમાન ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા ધરાવતા જોવા મળ્યા હતા 4.પ્રાયોગિક જૂથના વિધાર્થીઓના ઉતરકસોટી અને પૂર્વકસોટીના પ્રપ્તાકોની સરસરીઓ વચ્ચે તફાવત જોવા મળ્યો હતો જે ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમને આભારી હતો

**સંશોધનના ફલિતાર્થ**: વિધાર્થીઓ માટે તૈયાર કરેલ સમૂહ પ્રવુતિ આધારિત ભ્રષ્ટાચાર મુક્તિ  સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. જેમાં વિધાર્થીઓ માટે પાવર પોઈન્ટ પેઝન્ટેશન આધારિત ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહયો  હતો.

**ચાવીરૂપ શબ્દો**: ધોરણ 11, ભ્રષ્ટાચાર, સભાનતા

**105.સંશોધકનું નામ**: ઠાકર જતિન એ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડો. એસ. આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

આરક્ષણ ફિમમાંથી નિષ્પન્ન થતાં સામાજિક અને શૈક્ષણિક મૂલ્યોનો અભ્યાસ

A Study Of Educational And Social Values Emerging From The Film Aarakshan

**સંશોધનનું ક્ષેત્ર**: શિક્ષણનું તત્વજ્ઞાન, શિક્ષણનું મનોવિજ્ઞાન, શિક્ષણનું સમાજશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ**:1.આરક્ષણ ફિલ્મોમાંથી નિષ્પન્ન થતાં સામાજિક અને શૈક્ષણિક મૂલ્યો તારવવા.2.આરક્ષણ ફિલ્મોમાંથી રજૂ થતાં સામાજિક અને શિક્ષણના પાસાઓની સમીક્ષા કરવી.3.આરક્ષણ ફિલ્મના વિષયવસ્તુ એવા આરક્ષણ સંદર્ભે સામાજિક પાસાઓની સમીક્ષા કરવી.

**સંશોધનના પ્રશ્નો**:1.આરક્ષણ ફિલ્મમાં કયા કયા સામાજિક અને શૈક્ષણિક મૂલ્યો હશે ?2.આરક્ષણ ફિલ્મમાં કઈ કઈ શિક્ષણની બાબતો સમાવિષ્ટ હશે ?3. આરક્ષણ ફિલ્મમાં કઈ કઈ સામાજિક બાબતો મહત્વની હશે ?4.આરક્ષણ ફિલ્મ માં કઈ કઈ શિક્ષણની, સામાજીક તેમજ શિક્ષણ સુધારણાની બાબતો પર ધ્યાન દોરવાયેલ હશે?

**સંશોધનના ચલ**:------------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: વિષયવસ્તુ પૃથક્કરણ

**વ્યાપવિશ્વ અને નમૂનો**:વ્યાપવિશ્વ તરીકે સામાજિક અને શિક્ષણના પાસાઓને સ્પર્શની ફિલ્મનો સમાવેશ કરવામાં આવેલ છે.

**ઉપકરણ**: ફિલ્મ પૃથક્કરણ પત્ર

**પૃથક્કરણની રીત**:વિષયવસ્તુ પૃથક્કરણ

**સંશોધનના તારણો**: જાતિભેદ એક સામાજિક દૂષણ છે તેને નાબૂદ કરવું, ઉચ્ચ વર્ગના અમીર માણસોનો નિમ્ન વર્ગનાં ગરીબ માણસો સાથેનો દુર્વ્યવહાર દર્શાવે છે.ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવાનો નિર્દેશ કરે છે. શિક્ષણમાં લાગવગશાહી દર્શાવે છે.

**સંશોધનના ફલિતાર્થ**: જાતિભેદ અને જ્ઞાતિભેદને લગતા ભેદભાવની સમીક્ષા કરી નકારાત્મક મતભેદ દૂર કરી શકાય છે. પછાત વર્ગોનું સામાજિક રીતે થતું શોષણ અટકાવી શકાય છે.

**ચાવીરૂપ શબ્દો**:આરક્ષણ ફિલ્મ, સામાજિક મૂલ્યો

**106.સંશોધકનું નામ**: ઉમતિયા સફીમહમંદ આઈ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:ડો. એસ. આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

માધ્યમિક શાળાના વિધાર્થીઓના સર્વાંગી વિકાસના સંદર્ભે વાલીઓની વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષાઓનો અભ્યાસ

A Study Of Expectations Of Parents From Their Words Regrading All Round Development Of Secondary

**સંશોધનનું ક્ષેત્ર**: માર્ગદર્શન અને સલાહદર્શન, માધ્યમિક શિક્ષણ અને વિશિષ્ટ શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:-1.માધ્યમિક શાળાના વિધાર્થીઓના સવાર્ગી વિકાસના સંદર્ભ વાલીઓની વિધાર્થીઓની અપેક્ષાઓ જાણવા ઉપકરણની રચના કરવી.2.વાલીઓ તેમના બાળકોની શારીરિક માનસિક સામાજિક નૈતિક અને શૈક્ષણિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો**:- **1**.વાલીઓની બાળકો પાસેથી માનસિક વિકાસની અપેક્ષાઓ કેવી હશે? 2.વાલીઓની બાળકો પાસેથી સામાજિક વિકાસની અપેક્ષાઓ કેવી હશે? 3.વાલીઓની બાળકો પાસેથી શારીરિક વિકાસની અપેક્ષાઓ કેવી હશે? 4.વાલીઓની બાળકો પાસેથી નૈતિક વિકાસની અપેક્ષાઓ કેવી હશે?

**સંશોધનના ચલ**:-------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**: બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના વિધાર્થીઓના વાલીઓ ડેર ગ્રામ પંચાયતોના સંલગ્ન 13 ગ્રામો પૈકી 100 વાલીઓ હતા.

**ઉપકરણ**: સ્વ- રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત** : સદી ટકાવારી

**સંશોધનના તારણો**:1.બાળકોને દેશ અને દુનિયાની પ્રગતિથી માહિતગાર થવું જોઈએ એવું વાલીઓ માને છે 2.બાળકોને સામાજિક પ્રવૃતિ, કાર્યકમમાં, મેળાઓમાં અવશ્યપણે ભાગ લેવો જોઈએ 3.સમાજમાં ચાલતા દુષણ વિરોધી કાર્યકમમાં ભાગ લેવો જોઈએ4.બાળકો એ સત્ય બોલવું જોઈએ અને સત્ય ને હમેશા સાથ આપવો જોઇએ 5.સામાજિક પ્રવૃતિથી નૈતિક ગુણો, સદાઈ, પ્રમાણિકતા, વગેરેના ગુણોનો વિકાસ થાય છે એવું માને છે.

**સંશોધનના ફલિતાર્થ**:પ્રસ્તુત સંશોધન અધ્યાપન કાર્ય કરાવનાર શિક્ષક, દરેક વ્યક્તિને, તેમજ પ્રશિક્ષણાથીઓને બાળકના વિકાસના વિવિધ પાસાઓ માટે બાળકોની, વાલીઓની શી જવાબદારી છે તે સમજવવામાં ઉપયોગી છે. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય આશય બાળકનો સર્વાંગી વિકાસ છે બાળકના સર્વાંગી વિકાસ માટેની વાતો મહદ અંશ ધરમાં પ્રાપ્ત થતી હોય છે. ધરના તંદુરસ્ત વાતાવરણનો આધાર વડીલો પર હોય છે. વાલીઓ સમાજના વડીલો જોડે ચર્ચા કરી બાળકો પાસેથી કઈ કઈ અપેક્ષાઓ રાખવી તે ચર્ચા કરી શકે છે.

**ચાવીરૂપ શબ્દો**:સર્વાંગી વિકાસ,માધ્યમિક શાળા

**107. સંશોધકનું નામ**:- દવે સોનલ કે.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:ડો. એસ. આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

તરૂણાવસ્થામાં વિદ્યાર્થીઓ માટે નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમની રચના અને અસરકારકતા

Construction And Effectiveness Of Negative Attitude Reducing Programme For Adolescent Students

**સંશોધનનું ક્ષેત્ર**: શિક્ષણનું મનોવિજ્ઞાન, માર્ગદર્શન અને સલાહદર્શન, શૈક્ષણિક ટેકનોલોજી, શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ** :-1.વિદ્યાર્થીઓના મનોવલણ જાણવા પૂર્વ કસોટીની રચના કરવી.2.વિદ્યાર્થીઓ માટે નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમની રચના કરવી.3.વિદ્યાર્થીઓના નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.4.વિદ્યાર્થીઓના નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમની અસરકારકતા જાતિના સંદર્ભમાં ચકાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:- 1.વિદ્યાર્થીઓની પ્રર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સર્થક તફાવત નહીં હોય.2.કુમારો અને કન્યાઓની પ્રાપ્તાંકોની સરાસરી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહિં હોય.

**સંશોધનના ચલ** :-સ્વતંત્ર ચલ- નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમ પરતંત્ર ચલ- નકારાત્મક મનોવલણ પર અસર પરિવર્તક ચલ- બે કક્ષાના કુમારો અને કન્યા અંકુશિત ચલ- ધોરણ, માધ્યમ

**સંશોધનનો પ્રકાર**:- વ્યવહારિક પૈકી સાંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો** :-પાલનપુર શહેરના ઉચ્ચતર માધ્યમિક શાળાના ધો.11 ના સામાન્ય પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યા. પાલનપુર શહેરની શ્રી શિવશકિત ઉચ્ચતર માધ્યમિક શાળા સહેતુક નમૂના પસંદગીની રીતે 40 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- શિક્ષક રચિત મનોવલણ માપદંડ કસોટી

**પૃથક્કરણ રીત**:- સરાસરી, પ્રમાણ વિચલન અને ટી- કસોટી

**સંશોધનના તારણો** :-1.વિદ્યાર્થીઓની પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલો છે. 2.વિદ્યાર્થીઓની પૂર્વ કસોટીના શૈક્ષણિક ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રના પ્રાપ્તાંકોની સરાસરી અને ઉત્તરકસોટીના બંને ક્ષેત્રોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલા છે. 3.કુમારો અને કન્યાઓની પૂર્વકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલો છે. કુમારો અને કન્યાઓની પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી કરતાં ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વધુ છે. આથી કહીશકાય કે, નકારાત્મક મનોવલણ નિવારણ કર્યક્રમથી કન્યાઓના શૈક્ષણિક ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રના નકારાત્મક મનોવલણ અસરકારક સુધારો રહયો હતો.

**સંશોધનના ફલિતાર્થ** :-તરૂણાવસ્થાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ક્ષેત્રે અને સામાજિક ક્ષેત્રના નકારાત્મક મનોવલણ દૂર કરવા માટે નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમનો ઉપયોગ કરવો. વિદ્યાર્થીઓના નકારાત્મક મનોવલણ દૂર કરવા માટે પ્રાર્થના સભામાં યોગ, ધ્યાન,આલ્ફા મ્યુઝીક જેવા ઘટકો પ્રયોજવા જોઇએ. વિદ્યાર્થઓના વાલી સાથે ચર્ચા કરવી જોઇએ અને તેને માર્ગદર્શન આપવું જોઇએ. નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ તેમના મનમાં ઉદભવતા નકારાત્મક મનોવલણ ઝડપથી દૂર કરી અને હકારાત્મક મનોવલણો વિકસાવવા કોશિશ કરશે.

**ચાવીરૂપ શબ્દો** :- તરૂણવાસ્થા, મનોવલણ

<u>**108.સંશોધકનું નામ-** કચોરીયા નિલમબેન એન.</u>

**કોલેજનું નામ**: બી.કે.કે.પી.એસ.એમ. પોસ્ટ ગેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન,પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:શ્રી એચ. એન. પટેલ

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

પાલનપુર તાલુકા ધોરણ-10 ના વર્ષ 2010 અને 2011ના બોર્ડની પરીક્ષાના પરિણામની તુલના

Comparison of Year 2010 And 2011 Board Examination Result of Std.10 in Palanpur Taluka

**સંશોધનનું ક્ષેત્ર** : સંચાલન ક્ષેત્ર

**સંશોધનનાં હેતુઓ** : 1.ધોરણ-10ના વર્ષ 2010 અને 2011ના બોર્ડના પરિણામની માહિતી મેળવવી. 2.ધોરણ-10ના વર્ષ 2010 અને2011 માં ગ્રામ્ય શાળાના પરિણામ અને શહેરી શાળાના પરિણામની તુલના કરવી. 3.ધોરણ-10ના વર્ષ 2010 અને2011 માં છોકરા અને છોકરીઓના પરિણામની તુલના કરવી.

**સંશોધનની પ્રશ્નો**: 1.પાલનપુર તાલુકામાં ધો-10 ના વર્ષ 2010 અને 2011 ના બોર્ડના પરિણામ તફાવત કેવા હશે? 2.પાલનપુર તાલુકામાં ધો-10ના વર્ષ 2010 ના છોકરા અને છોકરીઓના બોર્ડના પરિણામમાં તફાવત કેવા હશે? 3.પાલનપુર તાલુકામાં ધો-10 ના વર્ષ 2011 ના છોકરા અને છોકરીઓના બોર્ડના પરિણામમાં તફાવત કેવા હશે?4.પાલનપુર તાલુકામાં ધો-10ના વર્ષ 2010 અને 2011 ના ગ્રામ્ય શાળાના બોર્ડ પરિણામમાં કેવો તફાવત હશે?5.પાલનપુર તાલુકામાં ધો-10ના વર્ષ 2010 અને 2011ના શહેરી શાળાના બોર્ડ પરિણામમાં કેવો તફાવત હશે?

**સંશોધનનાં ચલ** : ---------.

**સંશોધનનો પ્રકાર** : વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધન પદ્ધતિ** : સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો** :પ્રસ્તુત અભ્યાસ પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાના ધોરણ-10 માં અભ્યાસ કરતાં કુલ-1078 વિધાર્થીઓને બીન સંભાવ્ય નમૂના પસંદગીથી કરવામાં આવ્યા હતા.

**પૃથક્કરણની રીત** : ક્રાંતિક ગુણોતર

**સંશોધનનાં તારણો** : પાલનપુર તાલુકામાં ધો-10 ના વર્ષ 2010 અને 2011 ના બોર્ડના પરિણામની તુલના કરતાં જાણવું મળ્યું કે 2010 કરતાં 2011 ના વર્ષ માં બોર્ડની પરિણામ વધુ આવ્યું છે. પાલનપુરતાલુકામાં ધોરણ-10ના વર્ષ 2010 ના જાતીયતાના સંદર્ભમાં બોર્ડના પરિણામની તુલના કરતાં જાણવું મળ્યું કે, 2010 કરતાં છોકરી કરતા છોકરાઓનું બોર્ડની પરિણામ વધુ આવ્યું છે. પાલનપુર તાલુકામાં ધોરણ-10ના વર્ષ ૨011ના જાતીયતા અનુસાર બોર્ડના પરિણામની તુલના કરતાં જાણવાં મળ્યું કે, 2011 ના વર્ષમાં છોકરી કરતાં છોકરાઓનું પરિણામ વધુ આવ્યું છે. પાલનપુર તાલુકામાં ધોરણ-10ના વર્ષ 2010 અને 2011 ગ્રામ્યવિસ્તાર અનુસાર બોર્ડના પરિણામની તુલના કરતાં જાણવાં મળ્યું કે,2010 અને 2011 વર્ષમાં પરિણામ વધુ આવ્યું છે. પાલનપુર તાલુકામાં ધો-10 ના વર્ષ 2010 અને 2011 ના શહેરી વિસ્તાર અનુસાર બોર્ડના પરિણામની તુલના કરતાં જાણવાં મળ્યું કે, 2010 અને 2011 ના વર્ષ માં 2011 ના વર્ષમાં પરિણામ વધુ આવ્યું છે.

**સંશોધનનાં ફલિતાર્થ**: પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં ગ્રામ્ય વિસ્તારની શાળાઓ કરતા શહેરી વિસ્તારની શાળાઓનું પરિણામ વધુ છે આથી ગ્રામ્ય શાળાનું પરિણામ સુધારણા માટે ગ્રામ્ય વિસ્તારની શાળાઓ એ પ્રયત્ન કરવા જોઈએ.પાલનપુર તાલુકાના માધ્યમિક શાળામાં છોકરા અને છોકરીઓમાં છોકરાઓનું પરિણામ વધુ છે,આથી છોકરાઓનું પરિણામ સુધારણા માટે શાળાએ પ્રયત્ન કરવા જોઈએ.પાલનપુર તાલુકાના માધ્યમિક શાળાના 2010 અને 2011 ના વર્ષમાં ગ્રામ્ય વિસ્તારનું પરિણામ 2011 માં વધુ છે,આથી અગાઉના વર્ષમાં પરિણામ સુધારણા માટે 2011ના પરિણામ સુધારણા માટે 2010 ના પરિણામ ધ્યાનમાં લેવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**:બોર્ડ

**109.સંશોધકનું નામ-** નાગોરી નીલોફર એન.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**:ડો. એસ. આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

પાલનપુર શહેરની ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના અનુકૂલનનો અભ્યાસ
A Study Of Adjustment Of Students Of Gujarati And English Medium School Of Palanpur City

**સંશોધનનું ક્ષેત્ર**: શિક્ષણનું મનોવિજ્ઞાન, માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના અનુકૂલનનું માપન કરવું.2.ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના અનુકૂલનની તુલના કરવી.3.ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના અનુકૂલનની જાતીયતા સંદર્ભમાં તુલના કરવી. 4.ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના અનુકૂલનની કક્ષાના સંદર્ભમાં તુલના કરવી.

**સંશોધનના ઉત્કલ્પનાઓ**: 1.ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના અનુકૂલન પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત નહીં હોય.2.ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના છોકરાઓના અનુકુલન પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત નહીં હોય.3.ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધો-8 ના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત નહીં હોય.3.ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ ધો-10 ના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત નહીં હોય.4.ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ -9 ના વિદ્યાર્થીઓના અનુકૂલન પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ –માધ્યમ,કક્ષા,ધોરણ   પરતંત્ર ચલ -અનુકૂલન

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પાલનપુર શહેરની ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાના ધો-8,9અને 10 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ છે.

**ઉપકરણ** –ડૉ.કૃષ્ણકાંત જી. દેસાઈ રચિત દેસાઈ અનુકૂલન માપદંડ

**પૃથક્કરણની રીત**-ટી.કસોટી

**સંશોધનના તારણો**: 1.ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી.2.ગુજરાતી માધ્યમના છોકરાઓની સરાસરી અને અંગ્રેજી માધ્યમના છોકરાઓની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી.3.ગુજરાતી માધ્યમને છોકરીઓની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી.4.ગુજરાતી માધ્યમના છોકરાઓ અને અંગ્રેજી માધ્યમના છોકરાઓ ના અનુકૂલન પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી એટલે કે માધ્યમ એ અનુકૂલન પર અસર કરતા પરિબળ નથી.

**સંશોધનના ફલિતાર્થ**: પ્રસ્તુત અભ્યાસના પરિણામો શાળામાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે શાળા માધ્યમની પસંદગી કરવામાં ઉપયોગી બનશે.બાળકની કારકિર્દી અનુરૂપ શાળા માધ્યમની પસંદગી કરવામાં ઉપયોગી બનશે.

**ચાવીરૂપ શબ્દો**: માધ્યમિક શાળા,વિદ્યાર્થી,અનુકૂલન

**110.સંશોધકનું નામ**: પટેલ દક્ષા બી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી બી. પી. માળી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ધોરણ 10 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતાનો અભ્યાસ
A Study Of Anxiety Of High And Low Achieving Students Of Standard X

**સંશોધન ક્ષેત્ર**: શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ:1.**ધોરણ 10 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતાનો તુલનાત્મક અભ્યાસ કરવો.2.ધોરણ 10 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતા પર જાતીયતાની અસર તપાસવી.3.ધોરણ 10 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતા પર વિસ્તારની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**: 1.ધોરણ 10 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.ધોરણ 10 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા કુમાર અને કન્યાની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 3.ધોરણ 10 ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય વિસ્તારના કુમાર-કન્યા વચ્ચે ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.4.ધોરણ 10 ના નિમ્ન સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય વિસ્તારના કુમાર-કન્યા વચ્ચે ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.5.ધોરણ 10 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: -------------------

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: વર્ણનાત્મક સંશોધન પૈકી પદ્ધતિ સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પાલનપુર તાલુકાની ત્રણ ગ્રામ્ય અને ત્રણ શહેરી વિસ્તારની માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

**પૃથક્કરણની રીત**: ટી- કસોટી

**ઉપકરણ**: દેસાઈ પ્રગટ ચિંતા માપદંડ

**સંશોધનના તારણો** :ધોરણ-10 ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા કુમારો અને કન્યાઓમાં ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળ્યું. ધોરણ-10 ના નિમ્ન સિદ્ધિ ધરાવતા કુમાર- કન્યાઓમાં ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળ્યું. ધોરણ-10 ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વિદ્યાર્થીઓની ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળ્યું. ધોરણ- 10 ની નિમ્ન સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળે છે. ધોરણ- 10 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ પર વિસ્તારની કોઈ અસર જોવા મળતી નથી.

**સંશોધનના ફલિતાર્થ**: પ્રસ્તુત અભ્યાસ માધ્યમિક શાળા માટે ઉપયોગી બનશે. શાળાના બાળકોમાં ચિંતાનું પ્રમાણ જાણીને દૂર કરવાનોપ્રયત્ન કરી શકાશે.

ચાવીરૂપ શબ્દો – માધ્યમિક શાળા,વિદ્યાર્થી, પરીક્ષા ચિંતા

**111.સંશોધકનું નામ**: સેભરા વિપુલકુમાર જે.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક :(Eng.&Guj)-**

ધોરણ-૧૦ ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના બ્રહ્માંડ એકમ પર બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમની રચના અને અજમાયશ

Construction And Effectiveness Of Multimedia Programme On Academic Achievement On Universe Unit Of Science And Technology Subject Of Std. 10

**સંશોધનનું ક્ષેત્ર**: શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**:-1.ધોરણ-૧૦ ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના બ્રહ્માંડ એકમના અધ્યાપન માટે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમની રચના કરવી2.ધોરણ-૧૦ ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના બ્રહ્માંડ એકમની સિદ્ધિના માપન માટે સિદ્ધિ કસોટીની રચના કરવી 3.બહુમાધ્યમ  સંપુટ કાર્યક્રમ અંગે વિધાર્થીઓના મંતવ્યો જાણવા માટે અભ્પ્રાયાવલિ રચના કરવી4.વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિપર બહુમાધ્યમ  સંપુટ કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિની અસરકારકતાની તુલના કરવી બહુમાધ્યમ  સંપુટ કાર્યક્રમની અસરકારકતા ઉપર જાતીયતાના તફાવતોની અસર તપાસવી

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:-1.વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા વિધાર્થીઓ અને બહુમાધ્યમ  સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા વિધાર્થીઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાકોની સરસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય 2.બહુમાધ્યમ  સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા કુમારો અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાકોની સરસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય 3.વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાકોની સરસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય 4.વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા કુમાર અને બહુમાધ્યમ  સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા કુમારની શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાકોની સરસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય 5.વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા કન્યાઓ અને બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા કન્યાઓની  શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાકોની સરસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય

**સંશોધનના ચલો**:- સ્વતંત્ર ચલ-શૈક્ષણિક સિદ્ધિ પર પરતંત્ર ચલ-શૈક્ષણિક સિદ્ધિ   અંકુશિત ચલ-ધો-૧૦, વિષયવસ્તુ, વિધાર્થીઓ વચ્ચેની આંતર કિયાઓ આંતર્વર્તી ચલ-જૂથોના પાત્રો વચ્ચે થતી આંતર કિયા

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**:પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**:પ્રસ્તુત સંશોધન બનાસકાંઠા જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓ પૈકી પાલનપુર તાલુકાની શ્રી એમ. બી. કરણાવત મા.શાળા, પાલનપુરમાં અભ્યાસ કરતાં કુલ- 60 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: સ્વ- રચિત એકમ કસોટી

**પૃથક્કરણની રીત** :ટી કસોટી અને કાઈ-વર્ગ

**સંશોધનના તારણો**:1.બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલાપ્રાયોગિક જૂથએ સિદ્ધિ કસોટીની બાબતમાં વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રિત  જૂથ કરતાં ચઢિયાતું જોવા મળે છે 2.બહુમાધ્યમ  સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ પ્રાયોગિક જૂથના કુમાર સિદ્ધિ કસોટીની  બાબતમાં કન્યાઓ કરતાં ચઢિયાતા  જોવા મળે છે 3. વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રિત જૂથની કન્યાઓ સિદ્ધિ કસોટીની બાબતમાં કુમાર કરતાં ચઢિયાતી જોવા મળે છે4.બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ પ્રાયોગિક જૂથના કુમારએ  સિદ્ધિ કસોટીની બાબતમાં વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રિત  જૂથના કુમાર કરતા ચઢિયાતા  જોવા મળે છે 5.બહુમાધ્યમ  સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ પ્રાયોગિક જૂથની કન્યાઓ  સિદ્ધિ કસોટીની બાબતમાં વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રિત જૂથની કન્યાઓ કરતા ચઢિયાતી  જોવા મળે છે

**સંશોધનના ફલિતાર્થ**: પ્રસ્તુત સંશોધનમાં હાથ ધરાયેલા પ્રયોગને અંતે મળેલા તારણોને આધારે કરી શકાય કે ધોરણ-10 વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદિત એકમો માટે તૈયાર કરેલ બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ વિધાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારક નીવડયો હતો

ચાવીરૂપ શબ્દો: ધો-10 ,વિજ્ઞાન અને ટેકનોલોજી,બર્હ્માંડ,બહુમાધ્યમ સંપુટ કાર્યકમ,એકમ કસોટી,

<u>**112.સંશોધકનું નામ**:- ઠક્કર નેહા જી.</u>

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી બી. પી. માળી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2011-12 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયમાં પસંદિત એકમ પર મોડ્યુલર શિક્ષણ પદ્ધતિની અસરકારકતા

Effectiveness Of Modular Teaching Method Selected Unit Of The Subject Organization And Management Of Commerce In Higher Secondary School

**સંશોધનનું ક્ષેત્ર**: અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ, શૈક્ષણિક ટેકનોલોજી

**સશોધનના હેતુઓ**:1.વાણિજ્ય-વ્યવસ્થા અને સંચાલન વિષયના પસંદિત એકમ પર મોડ્યુલ્સની રચના કરવી. 2.મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિની તુલના કરવી.3.મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિ પર થતી અસર તપાસવી.4.મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જાતિયતાના સંદર્ભમાં અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:1.પ્રાયોગિક જુથ અને નિયંત્રિત જુથના વિદ્યાર્થીઓએ સિધ્ધિ કસોટીમાં મેળવેલ પ્રપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.2.પ્રાયોગિક જુથ અને નિયંત્રિત જુથના કુમારોએ સિધ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.3.પ્રાયોગિક જુથ અને નિયંત્રિત જુથના કન્યાઓએ સિધ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ**:સ્વતંત્ર ચલ-મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ,વ્યાખ્યાન પદ્ધતિ પરતંત્ર ચલ-શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ-વિષય, ધોરણ, માધ્યમ, એકમ પરિવર્તક ચલ- જાતિ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે પાલનપુર તાલુકો અને નમૂનાની પસંદગી સહેતુક રીતે કરવામાં આવી હતી. નમૂના તરીકે 60 વિદ્યાર્થિઓ લીધેલ હતા.

**ઉપકરણ**: સ્વરચિત સિદ્ધિ કસોટી

**પૃથક્કરણની રીત**:- મધ્યક, પ્રમાણ વિચલન,પ્રમાણભૂલ અને ટી-મૂલ્ય

**સંશોધનના તારણો**:મોડ્યુલર શિક્ષણ પદ્ધતિએ વ્યાખ્યાન પદ્ધતિ કરતા ધો-11 ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વધુ અસરકારક હતો.2.મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ દ્વારા અધ્યયન કાર્યક્રમ કુમારો કરતા કન્યાઓમાં વધુ અસરકારક રહ્યો હતો.3.વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન કાર્યક્રમ કુમારો કરતા કન્યાઓમાં વધુ અસરકારક રહ્યો હતો.4.કન્યાઓના સંદર્ભમાં વ્યાખ્યાન પધ્ધતિ કરતા મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ વધુ અસરકારક રહી હતી..

**સંશોધનના ફલિતાર્થ**: 1.ધોરણ-૧૧ ના વાણિજ્ય વિષયના પસંદિત એકમો માટે તૈયાર કરેલ મોડ્યુલર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારક રહ્યો હતો.2.પાઠ્યપુસ્તકના જટીલ રજુઆત ધરાવતા એકમો માટે મોડ્યુલર કાર્યક્રમ તૈયાર કરી તેનો વર્ગ શિક્ષણમાં ઉપયોગ કરી શકાય છે.3.શિક્ષકોએ વિવિધ એકમો પર મોડ્યુલર કાર્યક્રમની રચના કરવા માટે વાણિજ્ય વિષયના મંડળોની રચના કરવી જોઈએ. ઉપરાંત તેમને તાલીમ પણ આપવી જોઈએ.4.વર્ગ શિક્ષણમા વ્યાખ્યાન પદ્ધતિ કરતા નાવિન્ય ધરાવતો મોડ્યુલર કાર્યક્રમ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પુરા પાડે તે પ્રકારનું આયોજન કરવુ જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: વાણિજ્ય વ્યવસ્થા અને મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ

# <u>મુખ્ય પ્રકરણ – 5</u>

## 2012-2013 પ્રકરણ – 5 સમીક્ષાત્મક પરિચય - અનુક્રમણિકા

એમ.એડ્. વિભાગ દ્વારા વર્ષ 2012-2013 માં કુલ 09 સંશોધન ક્ષેત્રો આવરવામાં આવ્યા છે.

**મુખ્ય પ્રકરણ – 5**

**અનુક્રમણિકા**

**સંશોધનક્ષેત્ર અનુસાર હાથ ધરાયેલા સંશોધનોનું વર્ગીકરણ**

| પ્રકરણ | સંશોધન ક્ષેત્ર | સારાંશ નંબર | કુલ |
|---|---|---|---|
| **પ્રકરણ-1** | શિક્ષણનું તત્વજ્ઞાન (મુલ્ય શિક્ષણ) | 121 | 1 |
| **પ્રકરણ-2** | શિક્ષણનું મનોવિજ્ઞાન (સા. વિજ્ઞાન) | 124,125 | 2 |
| **પ્રકરણ-3** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (સા. વિજ્ઞાન શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, ભાષા શિક્ષણ ) | 115,119,120,123 | 4 |
| **પ્રકરણ-4** | શૈક્ષણિક ટેકનોલોજી (ભાષા શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, સા. વિજ્ઞાન, અધ્યાપન પ્રયુક્તિઓ) | 116,126 | 2 |
| **પ્રકરણ-5** | માર્ગદર્શન અને સલાહ દર્શન | 118 | 1 |
| **પ્રકરણ-6** | શિક્ષક શિક્ષણ (કન્યા અને સ્ત્રીઓ માટેનું શિક્ષણ) | 122,127 | 2 |
| **પ્રકરણ-7** | શૈક્ષણિક સંચાલન, વ્યવસ્થાપન, પ્રાથમિક શિક્ષણ, તુલનાત્મક શિક્ષણ | 113.114,117,128 | 4 |
| **કુલ** | | | 16 |

<u>113.**સંશોધકનું નામ**: ચૌહાણ દિનેશ એ.</u>

**કોલેજનું નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી બી. પી. માળી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

પ્રાથમિક શાળાના શિક્ષકોનો કાર્ય સંતોષ

Job Satisfaction Of Primary School Teachers

**સંશોધનનું ક્ષેત્ર**: શૈક્ષણિક સંચાલન

**સંશોધનના હેતુઓ**:-1.પ્રાથમિક શાળાના શિક્ષકોનો કાર્ય સંતોષ જાણવા ઉપકરણની સંરચના કરવી.2.પ્રાથમિક શાળાના શિક્ષકો આર્થિક રીતે સંતુષ્ટ છે કે નહી તેની માહિતી મેળવવી.3.પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિક સ્થાન વિશે માહિતી મેળવવી. 4.પ્રાથમિક શાળાના શિક્ષકોના માનવીય પરિસ્થિતિ વિશે માહિતી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો** :1.પ્રાથમિક શાળાના શિક્ષકો આર્થિક રીતે સંતુષ્ટ હશે? 2. પ્રાથમિક શાળાના શિક્ષકો સમય અને પરિસ્થિતિથી સંતુષ્ટ હશે? 3. પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિક સ્થાનથી સંતુષ્ટ હશે?

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: - - સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**:રાધનપુર તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોઓના કાર્ય સંતોષ માટે કુલ-100 શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: સ્વરચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત**: સાદી ટકાવારી

**સંશોધનના તારણો**:1.30 પ્રાથમિક શાળાના શિક્ષકો આજ વેતનમાં અન્ય વ્યવસાયમાં જવાનું પસંદ કરે છે. 2.પ્રાથમિક શાળાના 170 શિક્ષકો આજ વેતનમાં અન્ય વ્યવસાયમાં જવાનું પસંદ કરતા નથી.3.151 પ્રાથમિક શાળાના શિક્ષકોને તેમના કાર્યના પ્રમાણમાં યોગ્ય વેતન મળે છે.4.49 પ્રાથમિક શાળાના શિક્ષકોને તેમના કાર્યના પ્રમાણમાં યોગ્ય વેતન મળતું નથી.5.178 પ્રાથમિક શાળાના શિક્ષકો વર્તમાન વહીવટી કાર્યથી સંતોષ છે.

**સંશોધનના ફલિતાર્થ**:પ્રાથમિક શાળાના શિક્ષકો વર્તમાન શૈક્ષણિક સંતોષ નથી તેથી તે વહીવટી કાર્યમાં સંતોષ મળે તેવું શાળા કક્ષાએ આચાર્ય પક્ષે આયોજન કરવું જોઈએ.પ્રાથમિક શાળાના શિક્ષકો સામાન્ય પરીસ્થિતિથી સંતોષ ધરાવતા નથી તેથી તેમની સામાન્ય પરિસ્થિતિનું વ્યસ્થિત આયોજન કરવું જોઇએ.

**ચાવીરૂપ શબ્દો** :પ્રાથમિક શાળાના શિક્ષકો

**114.સંશોધકનું નામ**: જાટ ભમરાજી એમ.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એચ. આર. પટેલ

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોને સેમેસ્ટર પદ્ધતિથી ઉદ્ભવતી સમસ્યાનો અભ્યાસ

A Study Of Teachers Problem Occurred By Semester System In Upper Primary School

**સંશોધનનું ક્ષેત્ર**: શૈક્ષણિક વ્યવસ્થાપન અને સંચાલન, ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**:1.ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોની સેમેસ્ટર પદ્ધતિથી ઉદભવતી સમસ્યાઓ જાણવા માટે પ્રશ્નાવલીની રચના કરવી.2.ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોની સેમેસ્ટર પદ્ધતિથી ઉદભવતી સમસ્યાઓ જાતિના સંદર્ભમાં તપાસવી. 3.ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોની સેમેસ્ટર પદ્ધતિથી ઉદભવતી સમસ્યાઓ વિસ્તારના સંદર્ભમાં તપાસવી.

**સંશોધનની પ્રશ્નો**: 1.શિક્ષકોની સેમેસ્ટર પદ્ધતિના લીધે ઉદભવતી સમસ્યાઓ કેવી હશે? 2.સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકોની સમસ્યાઓમાં જાતિના સંદર્ભે કેવો તફાવત હશે? 3.સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકોની સમસ્યાઓમાં વિસ્તારના સંદર્ભે કેવો તફાવત હશે?

**સંશોધનનો પ્રકાર**.: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: ડીસા તાલુકાની સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળામાં સેવારત શાળાના 100 શિક્ષકો અને 100 શિક્ષિકાઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત**:કાઈ-વર્ગ

**સંશોધનના તારણો**: સેમેસ્ટર પદ્ધતિને લીધે સમય ઓછો હોવાથી વાલી મીટીંગનું આયોજન થતું નથી અને વિદ્યાર્થીઓ વચ્ચે આત્મીયતા કેળવાતી નથી. શિક્ષકો વધારે કાર્યશીલ રહે છે. શિક્ષકો બાળકોને અભ્યાસ પ્રત્યે અભિમુખ કરી શકતા નથી. શિક્ષકો બાળકોને ગોખણિયા જ્ઞાનથી મુક્ત કરી શકે છે.

**સંશોધનના ફલિતાર્થ**:સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે આંતરવૈયક્તિક સંબંધો કેળવી શકાતા નથી. ઓછા સમયના કારણે શિક્ષકોના વર્ગનું કાર્યભારણ અતિશય વધારે જોવા મળે છે.

**ચાવીરૂપ શબ્દો** : પ્રાથમિક શાળાના શિક્ષકો

**115.સંશોધકનું નામ**: જોષી તુષાર જી.

**કોલેજનું નામ**: શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ. એન. ચૌધરી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ-8 ના અંગ્રજી વિષયના પસંદીતા એકમો માટે પ્રવૃતિ દ્વારા શિક્ષણ કાર્યકમની રચના અને અસરકારકતા
Construction And Efeectiveness Of Activity Based Education Programme On Selected Units Of English Subject For Standard -8

**સંશોધનનું ક્ષેત્ર**: પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ:-** 1.ધો-5 ના અંગ્રજી વિષયમાં પસંદિતા એકમો આધારિત પ્રવૃતિ દ્વારા શિક્ષણ કાર્યકમની સંરચના કરવી. 2.પ્રવૃતિ દ્વારા શિક્ષણ કાર્યકમની અજમાયશ કરવી3. પ્રવૃતિ દ્વારા શિક્ષણ અને વ્યાખ્યાન પદ્ધતિની અસરકારકતા ચકાસવા માટે શૈક્ષિણક સિદ્ધિ કસોટીની સંરચના કરવી. 3. પ્રવૃતિ દ્વારા શિક્ષણ કાર્યકમ પ્રત્યેના વિધાર્થીઓના પ્રતિભાવો મેળવવા અભિપ્રાયવલિની રચના કરવી અને અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પના:-** પ્રવૃતિ દ્વારા શિક્ષણ પદ્ધતિથી અધ્યાપન પામેલા અને વ્યાખ્યાન પદ્ધતિથી અધ્યાપન પામેલ વિધાર્થીઓએ સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રપ્તાંકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય

**સંશોધનના ચલ**:સ્વતંત્ર ચલ-અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ નિયત્રિત ચલ-ધોરણ. વિષય માધ્યમ વિષયવસ્તુ આંતરવર્તીય ચલ- રૂચી. વલણ. વ્યક્તિગત તફાવતો પરતંત્ર ચલ – અભિપ્રાયાવલિના પ્રપ્તાકો

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**:: અમીરગઢ તાલુકાની પ્રાથમિક શાળા માં ધો-5 માં વર્ષ 2012-13દરમિયાન અભ્યાસ કરતા 60 વિધાર્થીઓ પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ**: સ્વ – રચિત સિદ્ધિકસોટી, અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત** : ટી- કસોટી

**સંશોધનના તારણો**:1. પ્રવૃતિ દ્વારા શિક્ષણથી શીખવેલું ગોખવું પડતું નથી 2. પ્રવૃતિ દ્વારા શિક્ષણ પદ્ધતિથી શીખવેલું લાંબા સમય સુધી યાદ રહે છે3. પ્રવૃતિ દ્વારા શિક્ષણ પદ્ધતિથી શીખવામાં એકાગ્રતા વધે છે4. પ્રવૃતિ દ્વારા શિક્ષણ પદ્ધતિથી ભણ્યા પછી એકમો ફરીથી તૈયાર કરવા પડતા નથી5.આ અભિગમની તાલીમમાં શાળા મિલકત ઉપયોગી છે.

**સંશોધનના ફલિતાર્થ**: પ્રવૃતિ દ્વારા શિક્ષણ કાર્યકમ એ શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા વધુ અસરકારક રહ્યો છે જેના થકી પાઠ્યપુસ્તકની જટીલ રજુઆત ધરાવતા એકમો માટે પણ ઉપયોગમાં લઇ અને વિવિધ પ્રત્યક્ષ અનુભવ થકી શિક્ષણ કાર્ય થાય છે.

**ચાવીરૂપ શબ્દો** : પ્રવૃતિ દ્વારા શિક્ષણ, વ્યાખ્યાન પદ્ધતિ, કાર્યક્રમ, શૈક્ષણિક સિદ્ધિ

**116.સંશોધકનું નામ-**કરેણ નીતા કે.

**કોલેજનું નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી બી. પી. માળી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ-9 ના હિન્દી વિષયમાં વ્યાકરણમાં પસંદિત એકમના સંદર્ભમાં રૈખિક અભિક્રમની સરચના અને અસરકારકતા

Construction And Effectiveness Of Linear Programming On Selected Units Of Grammar In Hindi Subject Of Standard – 7

**સંશોધનનું ક્ષેત્ર** -અધ્યાપન પ્રયુકિત

**સંશોધનના હેતુઓ**-1.ધો-7 અભ્યાસક્રમમાં અંતર્ગત વ્યાકરણની પસંદિતા એકમ પર રૈખિક અભિક્રમોની રચના કરવી અને અજમાયસ કરવી.2. ધો-7 વિદ્યાર્થીઓ માટે વ્યાકરણના એકમમાં સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, વચન, ક્રિયા એકમ પર આધારિત એકમ કસોટીની રચના કરવી.3.અભિક્રમિત અધ્યયન પદ્ધતિ અને વ્યાખ્યાની પદ્ધતિ આપેલ શિક્ષણની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**-1.છોકરાઓ અને છોકરીઓની ભાષા શક્તિમાં સાર્થક તફાવત નહીં હોય.2.રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓએ સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ-રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિ -વ્યાખ્યાન પદ્ધતિ પરતંત્ર ચલ-સિદ્ધિ કસોટી પરના પ્રાપ્તાંકો અંકુશિત ચલ-ધોરણ, વિષયાંગ ,વિષય, શાળાનું વાતાવરણ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** -પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**-વડગામ તાલુકાની ગુજરાતી પ્રાથમિક શાળાના ધો-7 ના કુલ-60 વિદ્યાર્થીઓને આકસ્મિક નમૂનાની પસંદગીથી પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ** -એકમ કસોટીની રચના

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો**-1.અભિક્રમની અજમાયશનો ક્રમ વધારતી પ્રમાણભૂલમાં ઘટાડો થાય છે.2.વ્યાખ્યાન પદ્ધતિ કરતા રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિ વધુ અસરકારક છે.3.અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી શીખતા વિદ્યાર્થીઓ અને વ્યાખ્યાન પદ્ધતિ શીખતા વિદ્યાર્થીઓમાં ઉત્તર કસોટી પરના પ્રાપ્તકોની તફાવત, અભિક્રમિત વચ્ચે તફાવત છે.4.કન્યાઓ સરાસરીના તફાવત અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી શીખતા વિદ્યાર્થીઓની તરફેણમાં છે.

**સંશોધનના ફલિતાર્થ**-1. શિક્ષકોએ વ્યાખ્યાન પદ્ધતિથી પૂરક પદ્ધતિ તરીકે રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી શિક્ષણકાર્ય કરવું જોઈએ.2. અભિક્રમો દ્વારા વિદ્યાર્થીઓને સ્વ- અધ્યયનની તેઓ વિકસાવવાના પ્રયત્ન કરવો જોઈએ.

**ચાવીરૂપ પદો** : રૈખિક અભિક્રમ, વ્યાકરણ

**117.સંશોધકનું નામ -** મોઢ દેવિકા એચ.

**કોલેજનું નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ.એન. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ગ્રામીણ અને શહેરી વિસ્તારના નાગરિકોના કન્યા કેળવણી પ્રત્યેયના મંતવ્યોનો તુલનાત્મક અભ્યાસ.

A Comparative Study Of Opinion Of Rural And Urban Citizen About Women Education

**સંશોધનનું ક્ષેત્ર** - કન્યા અને સ્ત્રીઓ માટેનું શિક્ષણ

**સંશોધનના હેતુઓ– 1**.કન્યા કેળવણી અંગે નાગરિકોના મંતવ્યો જાણવા ઉપકરણની રચના કરવી.2.કન્યા કેળવણી પ્રત્યયના નાગરિકોના મંતવ્યો વિસ્તારના સંદર્ભ જાણવા.3.કન્યા કેળવણી પ્રત્યયના નાગરિકોના મંતવ્યો જાતિયતાના સંદર્ભમાં જાણવા.

**સંશોધનના પ્રશ્નો**- 1.કન્યા કેળવણી પ્રત્યે નાગરિકોના મંતવ્યો શું હશે? 2.કન્યા કેળવણી પ્રત્યે વિસ્તારની દ્રષ્ટિએ નાગરિકોના મંતવ્યો શું હશે?.3.કન્યા કેળવણી પ્રત્યયના નાગરિકોના મંતવ્યો પ્રત્યે જાતિયતાની દ્રષ્ટિએ નાગરિકોના મંતવ્યો શું હશે?

**સંશોધનના ચલ**- સ્વતંત્ર ચલ-જાતી, વિસ્તાર  પરતંત્ર ચલ- કન્યા કેળવણી અંગે નાગરિકોના મંતવ્યો

**સંશોધનનો પ્રકાર**–વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** - સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો** -પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે પાલનપુર તાલુકાના ગ્રામીણ અને શહેરી વિસ્તારના નાગરિકોને સ્વીકારેલ છે. ગ્રામીણ 150 અને શહેરી 150 એમ કુલ 300 નો નમુનો પસંદ કરવામાં આવ્યો.

**ઉપકરણ** - સ્વ-રચિત અભિપ્રાયાવલિ

**પૃથકરણની રીત** - કાઇ-વર્ગ

**સંશોધનના તારણો**-1. કન્યાઓને કેળવણી આપવાથી સ્વનિર્ભર બને છે.2. કન્યાઓને અને કુમારોને અભ્યાસ માટે સમાન તક આપવી જોઈએ.3. કેળવણી પામેલ મહિલા પોતાના બાળકોનું યોગ્ય રીતે જતન કરે છે.4. કન્યા કેળવણીના અભાવ પાછળ રૂઢિગત સમાજ જવાબદાર છે.5. કન્યાઓ માટેના વિશિષ્ટ અભ્યાસક્રમનો દાખલ કરવા જોઈએ.

**સંશોધનના ફલિતાર્થ**-પ્રસ્તુત અભ્યાસમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારના નાગરિકોના કન્યા કેળવણી પ્રત્યેના મંતવ્યોનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો જેમાં વિશિષ્ટ અભ્યાસક્રમોમાં કન્યાઓ અને કુમારોને સમાનતા આપવી જોઈએ.

**ચાવીરૂપ પદો** : નાગરિક,કન્યા કેળવણી, મંતવ્યો

**118.સંશોધકનું નામ**:પાડવી અમરસિંગ કે.

**કોલેજનું  નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ.એન. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

નિર્ઝર તાલુકાના નિવાસી કેમ્પોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની  શૈક્ષણિક  સમસ્યાઓનો અભ્યાસ

A Study Of Educational Problems Of Students Studying In Nivashi Camps Of Nizhar Taluka

**સંશોધનનું ક્ષેત્ર**-વિશિષ્ટ શિક્ષણ ક્ષેત્ર

**સંશોધનના હેતુઓ-1**.નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓની માહિતી મેળવવા માટે પ્રશ્નાવલીની રચના કરવી.2.નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓની શૈક્ષણિક, સ્વાસ્થય સંબંધિત,નિવાસી સંબંધિત આર્થિક અને ભૌતિક સમસ્યાઓ જાણવી.

**સંશોધનની પ્રશ્નો-1**.નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ કઈ હશે?2.નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓની શાળાકીય સંબંધિત સમસ્યાઓ કઈ હશે?3.નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓની સ્વાસ્થય વિષયક સમસ્યાઓ કઈ હશે?4.નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓની નિવાસને લઈને સમસ્યાઓ કઈ હશે?5.નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓની શાળાકીય સંબંધિત ભૌતિક સુવિધાઓને લઈને સમસ્યાઓ કઈ હશે?

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**-વ્યાપવિશ્વ તરીકે નિઝર તાલુકાના નિવાસી કેમ્પોમાં વર્ષ 2012-13 દરમ્યાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.વ્યાપવિશ્વ ધ્યાનમાં રાખીને ઝૂમખા નમૂના પદ્ધતિને આધારે નિઝર તાલુકાના નિવાસી કેમ્પોમાં અભ્યાસ કરતા 300 વિદ્યાર્થીઓ અને 50 શિક્ષકોને લીધા હતા.

**ઉપકરણ**- સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથકકરણની રીત**- સાદી ટકાવારી

**સંશોધનના તારણો-1**. 75.61% નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓને અભ્યાસ માટેની પૂરતી સામગ્રી મળી રહે છે. જ્યારે 24.39% વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતી સામગ્રી મળતી નથી.2.70.1% નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓને આર્થિક સહાય મળે છે. જ્યારે 29.97% વિદ્યાર્થીઓને આર્થિક સહાય મળતી નથી.3.69.69% નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓ માટે પૂરતા પ્રમાણમાં વર્ગખંડોની સુવિધા છે. જ્યારે 30.31% વિદ્યાર્થીઓને માટે પૂરતા પ્રમાણમાં વર્ગખંડોની સુવિધા નથી.4.72.13% નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓને તેમના સ્વાસ્થ્યને કારણે અભ્યાસ પર અસર પડે છે. જયારે 27.87% વિદ્યાર્થીઓને તેમના સ્વાસ્થ્યને કારણે અભ્યાસ પર અસર પડતી નથી.5.62% નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓને શિક્ષકો પૂરતા પ્રમાણમાં ન હોવાથી તેની અસર વિદ્યાર્થીઓના શિક્ષણ પર પડતી નથી.

**સંશોધનના ફલિતાર્થો**-નિવાસી કેમ્પના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ પુરૂ પાડવું જોઈએ. વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવું થવી જોઈએ. સરકાર દ્વારા નિવાસી કેમ્પમાં પૂરતાં શિક્ષકોની નિમણૂક થવી જોઈએ. વિદ્યાર્થીઓને ભૌતિક સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. દરેક વર્ગ માટે અલગ ઓરડાની સુવિધા કરવી જોઈએ. વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સાધન સામગ્રી મળી રહે તેવો પ્રયાસ કરવો જોઈએ. વિદ્યાર્થીઓ સ્વાસ્થયની કાળજી શિક્ષકોએ લેવી જોઈએ. વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ સમયસર આપવી જોઈએ. વિદ્યાર્થીઓના સારા સ્વાસ્થય માટે જરૂરિયાત મુજબ કેમ્પો યોજવા જોઈએ. નિવાસી કેમ્પમાં પૂરતા પ્રમાણમાં ગ્રાન્ટ મળે તેવા પ્રયત્નો થવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: નિઝર તાલુકો, નિવાસી કેમ્પ, શિક્ષણ સમસ્યા

**119.સંશોધકનું નામ - પરમાર અંજનાબેન એ.**

**કોલેજનું નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ.એન. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ-8 ના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત ભાષા વાંચન સુધારણા કાર્યક્રમની રચના અને અસરકારકતા

Construction And Effectivess Of Sanskrit Language Reading Improvement Programme For The Students Of Std.- 8

**સંશોધનનું ક્ષેત્ર**-ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ**-1.વિદ્યાર્થીઓના વાંચન દોષો જાણવા માટે નિદાન અને પુન: નિદાન કસોટીની રચના કરવી.2. વિદ્યાર્થીઓના વાંચનમાં સુધારણા માટે વાંચન સુધારણા કાર્યક્રમની રચના કરવી.3.વાંચન સુધારણા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.4. વાંચન સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાતીયતાના સંદર્ભ તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**-1.વિદ્યાર્થીઓએ નિદાન કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી કરતા પુન: નિદાન કસોટીની સરાસરી ઊંચી હશે.2.કુમાર અને કન્યાઓએ નિદાન કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.3.કુમાર અને કન્યાઓએ પુન નિયંત્રણ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** : સ્વતંત્ર ચલ-વાંચન સુધારણા કાર્યક્રમ  પરતંત્ર ચલ-પુન: નિદાન કસોટી પરના પ્રાપ્તાંકો, અંકુશિત ચલ-ધોરણો, માધ્યમ, સંસ્કૃત વિષય

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો** - પાલનપુર શહેરની જ્ઞાનમંદિર પ્રાથમિક શાળા,પાલનપુરના ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ધો-8 માં અભ્યાસ કરતા કુલ-30 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ** -વાંચન દોષ  નિદાન કસોટી

**પૃથક્કરણની રીત** - ટી-કસોટી

**સંશોધનના તારણો** - 1.વાંચન સુધારણા કાર્યક્રમને પરિણામે ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી, આમ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.2. કુમાર અને કન્યાઓ પર લેવામાં આવેલી નિદાન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સમાનતા  જોવા મળી હતી.3. કુમાર અને કન્યાઓ પર લેવામાં આવેલી પુન નિદાન કસોટી ના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સમાનતા જોવા મળી હતી તેથી કાર્યક્રમ જાતીયતાની દ્રષ્ટિએ સમાન રહ્યો હતો.

**સંશોધનના ફલિતાર્થ** - ધોરણ - 8 ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ વાંચન સુધારણા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો જેથી આ કાર્યક્રમનો ભવિષ્યમાં ઉપયોગ કરી શકાય.વાંચન દોષ સુધારણા માટેના આ કાર્યક્રમનો શિક્ષણમાં ઉપયોગ કરી શકાય તેમજ શિક્ષણના શુદ્ધ વાંચન અંગેની જાગૃતતા વિકસાવી ઘણી જ આવશ્યક છે. તેથી શાળા કક્ષાએ આવા કાર્યક્રમ થવા જોઈએ.

**ચાવીરૂપ પદો** :  સંસ્કૃત, વાંચન સુધારણા કાર્યક્રમ

<u>**120.સંશોધકનું નામ**: પરમાર જીગ્નેશ કે.</u>

**કોલેજનું  નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એચ. આર. ચૌધરી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

વડગામ તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના હિન્દી વિષયમાં વાંચન દોષ સુધારણા કાર્યક્રમની રચના અને અજમાયશ

Construction And Tryout Of The Reading Improvement Programme In Hindi Subject For The Students Of Upper Primary Schools Of Vadgam Taluka

**સંશોધન ક્ષેત્ર**: ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: 1.ધો-8 ના વિદ્યાર્થીઓ માટે વાંચન દોષ સુધારણા કાર્યક્રમની રચના કરવી.2.વિદ્યાર્થીઓના વાંચન દોષો જાણવા માટે નિદાન અને પુનઃ નિદાન કસોટીની રચના કરવી.3. વિદ્યાર્થીઓ પર વાંચન સુધારણા કાર્યક્રમની અજમાયશ કરવી.4.વિદ્યાર્થીઓની વાંચન શક્તિ પર જાતીયતાની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:1.પ્રયોગિક જૂથના વિદ્યાર્થીઓની નિદાન અને પુનઃ નિદાન કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 2.પ્રાયોગિક જૂથના છોકરાઓની નિદાન અને પુનઃ નિદાન કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.3.પ્રાયોગિક જૂથની છોકરીઓની નિદાન અને પુનઃ નિદાન કસોટી માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ અર્થસૂચક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ- વાચન દોષ સુધારણા પરતંત્ર ચલ- પુનઃનિર્માણ કસોટી પરના પ્રાપ્તાંકો અંકુશિત ચલ- ધોરણ, માધ્યમ, હિન્દી વિષય

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: વડગામ તાલુકાની ગુજરાતી માધ્યમની 77 પ્રાથમિક શાળાઓમાં ધો-8 માં અભ્યાસ કરતા કુલ-80 વિદ્યાર્થીઓ હતા.

**ઉપકરણ**: સ્વરચિત નિદાન કસોટી, પુનઃ નિદાન કસોટી

**પૃથકકરણની રીત**: ટી -કસોટી

**સંશોધનના તારણો**:પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને વાંચન સુધારણા કાર્યક્રમ આપવાથી તેમના વાંચનમાં ઘણો જ સુધારો જોવા મળે છે,.આમ વાંચન સુધારણા કાર્યક્રમ અસર કરનાર પરિબળ છે. પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને વાંચન સુધારણા કાર્યક્રમ આપ્યા બાદ છોકરીઓ કરતા છોકરાઓની વાંચન શક્તિમાં તફાવત જોવા મળેલ છે,

**સંશોધનના ફલિતાર્થ –** ધો-8 ના વિદ્યાર્થીઓની વાંચન શક્તિ કસોટી દ્વારા વાંચન ભૂલો જાણીને વાંચન સુધાર કાર્યક્રમ આપવામાં આવ્યો જેમાં વિદ્યાર્થીઓના વાંચનમાં સુધારો જોવા મળે છે. આથી વાંચન સુધાર કાર્યક્રમ આપવાથી વિદ્યાર્થીઓની વાંચનભૂલો સુધારી શકાય છે. વાંચન સુધાર કાર્યક્રમ ભિન્ન ભિન્ન જાતિના વિદ્યાર્થીઓ માટે રચના કરી તેમની વાંચનભૂલો સુધારી શકાય છે શિક્ષકે વિદ્યાર્થીઓને વાંચનનું મહત્વ સમજાવવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**: વાંચન સુધારણા કાર્યક્રમ

**121.સંશોધકનું નામ** -પટેલ અનિતા ડી.

**કોલેજનું નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ.આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય પરત્વેની સભાનતા

A Study Of Awareness About National Integration Among Students Styuding In Higher Secondary Schools Of Palanpur Taluka

**સંશોધનનું ક્ષેત્ર**- ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, મૂલ્ય શિક્ષણ અને સંસ્કૃતિ

**સંશોધનના હેતુઓ**-1.ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા જાણવા માટે સભાનતા માપદંડ રચના કરવી. 2. વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા જાણવી. 3. વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતાનો જાતીયતા અને વિસ્તારના સંદર્ભમાં સભાનતા જાણવી.

**સંશોધનની ઉત્કલપનાઓ**-1.શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 2.ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. 3.શહેરી વિસ્તાર કુમાર અને કન્યાઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**-સ્વતંત્ર ચલ- જાતીયતા, વિસ્તાર પરતંત્ર ચલ- રાષ્ટ્રીય ઐક્ય માપદંડ પરના પ્રાપ્તાંકો

**સંશોધનનો પ્રકાર** -વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધન પદ્ધતિ**- વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ -11 અને 12 ના કુલ-400 વિદ્યાર્થીઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**-સ્વ-રચિત રાષ્ટ્રીય ઐક્ય સભાનતા કસોટી

**પૃથક્કરણની રીત** -મધ્યક, મધ્યસ્થ ,પ્રમાણ વિચલન અને ટી-કસોટી

**સંશોધનના તારણો**-1.વિસ્તારના સંદર્ભમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતા વધારે રાષ્ટ્રીય ઐક્ય સભાનતા ધરાવતા જોવા મળે છે. 2.જાતીયતાના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ ગ્રામ્ય વિસ્તારના કુમારો કરતાં વધારે રાષ્ટ્રીય ઐક્ય સભાનતા ધરાવતા જોવા મળે છે3. વિસ્તારના સંદર્ભમાં શહેરી વિસ્તારના કુમાર અને ગ્રામ્ય વિસ્તારના કુમાર સમાન રાષ્ટ્રીય ઐક્ય સભાનતા ધરાવે તેમ કહી શકાય છે,

**સંશોધનના ફલિતાર્થ**-રાષ્ટ્રીય એક્યનું શિક્ષણ આપવા માટે શૈક્ષણિક સંસ્થાઓએ ખાસ આ વર્ગો અને અભિસ્થાપન વર્ગની જોગવાઈ કરવી જોઈએ વર્તમાન યુગમાં આતંકવાદ ,હુલ્લડ,કરફયુ વગેરે વધારે પ્રમાણમાં જોવા મળતું હોવાથી રાષ્ટ્રીય ઐક્યના વિષયને શિક્ષણ કાર્યમાં સામેલ કરી શકાય.

**ચાવીરૂપ શબ્દો**: ઉચ્ચતર માધ્યમિક શાળા , રાષ્ટ્રીય ઐકય ,સભાનતા

<u>**122.સંશોધકનું નામ**: પટેલ ધરતી આર.</u>

**કોલેજનું નામ** : શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ.આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી/ ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક**:- **(eng.& guj)**

બી.એડ્.ના પ્ર-શિક્ષણાર્થીઓ માટે બહુ માધ્યમ સ્ત્રીભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા
Construction And Effectiveness Of Multimedia Female Infanticide Awareness Programme For B.Ed. Trainees

**સંશોધનનું ક્ષેત્ર**: સલાહ અને માર્ગદર્શન,શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ, કન્યા અને સ્ત્રીઓ માટેનું શિક્ષણ

**સંશોધનના હેતુઓ**: **1.**બી.એડ્.ના પ્ર-શિક્ષણાર્થીઓ માટે બહુમાધ્યમ આધારિત સ્ત્રીભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમની રચના કરવી. 2.બી.એડ્.ના પ્ર-શિક્ષણાર્થીઓ માટે સ્ત્રી ભૃણ હત્યા જાગૃતિ તપાસવા માટે સ્ત્રી ભૃણ હત્યા જાગૃતિ પૂર્વ કસોટીની રચના કરવી. 3.બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ પર સ્ત્રીભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**:**1.**પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રી ભૃણ હત્યા જાગૃતિ આધારિત પૂર્વ કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રી ભૃણ જાગૃતિ આધારિત કસોટીમાં ઉત્તર કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.3.નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓએ મેળવેલ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**:સ્વતંત્ર ચલ- સ્ત્રીભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમ નિયંત્રિત ચલ- ધોરણ, માધ્યમ પરતંત્ર ચલ- સ્ત્રી ભૃણ હત્યા જાગૃતિ

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: પાલનપુર તાલુકાની એક બી.એડ. કોલેજના પ્ર-શિક્ષણાર્થીઓમાંથી ૫૦ પ્ર-શિક્ષણાર્થીઓને નમૂના તરીકે લેવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: સ્વ-રચિત સ્ત્રી ભૃણ હત્યા જાગૃતિ કસોટી

**પૃથકકરણની રીત**: સાદી ટકાવારી

**સંશોધનના તારણો**:બી.એડ્.ના પ્ર-શિક્ષણાર્થીઓ માટે રચવામાં આવેલ બહુમાધ્યમ સ્ત્રીભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. બહુમાધ્યમ સ્ત્રીભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમને પરિણામે પ્રાયોગિક જૂથના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી, આમ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સમાનતા જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થ**: બી.એડ.પ્ર-શિક્ષણાર્થીઓ માટે તૈયાર કરેલ બહુમાધ્યમ સ્ત્રીભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો, આમ ઉપરોક્ત તારણ મુજબ સૂચવી શકાય કે બહુમાધ્યમ કાર્યક્રમ દ્વારા જો વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય કરાવવામાં આવે તો તેમની શિક્ષણ સિદ્ધિમાં વધારો કરી શકાય છે.

**ચાવીરૂપ શબ્દો**:બહુ માધ્ય, સ્ત્રીભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમ

**123.સંશોધકનું નામ** - પટેલ રોહિતકુમાર એચ.

**કોલેજનું નામ** – શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ.આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ 8 ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શબ્દો ભંડોળ વિકાસ કાર્યક્રમની રચના અને અસરકારકતા

Construction and Effectiveness of English vocabulary Develpoment Proggramme for the Students of Standard -8

**સંશોધનનું ક્ષેત્ર**-ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ**-1.ધો-8 ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની રચના કરવી.2.શબ્દભંડોળ આધારિત નિદાન અને પુન:નિદાન કસોટીની રચના કરવી.3.વિદ્યાર્થીઓ પર શૈક્ષણિક કાર્યક્રમની અજમાયશ કરવી અને તેની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**-1.ધો-8 ના વિદ્યાર્થીઓના નિદાન અને પુનઃ નિદાન કસોટીના પ્રાપ્તકો પ્રાપ્તાંકો પર મેળવેલ સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2.કન્યા અને કુમાર નિદાન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક તફાવતની નહીં હોય.3.કુમાર અને કન્યાઓના પુનઃ નિદાન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી સાર્થક તફાવત નહીં હોય.4. કન્યાઓમાં નિદાન અને પુનઃ નિદાન કસોટી પરના મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી સાર્થક તફાવત નહીં હોય.

5. કુમારોમાં નિદાન અને પુનઃ નિદાન કસોટી પરના મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**- સ્વતંત્ર ચલ-શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમ પરતંત્ર ચલ- પુનઃ નિદાન કસોટી પરના પ્રાપ્તાંકો અંકુશિત ચલ-ધોરણ પરિવર્તક ચલ-જાતીયતા

**સંશોધનનો પ્રકાર**–વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** - પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- બનાસકાંઠા જિલ્લાની પાલનપુર શહેરીની શ્રી કે.બી. કર્ણાવત પ્રાથમિક શાળાના ધો-8 માં અભ્યાસ કરતા કુલ-30 વિદ્યાર્થીઓને નમૂના તરીકે લેવામાં આવ્યા.

**ઉપકરણ-** નિદાન કસોટી અને પુનઃનિદાન કસોટી

**પૃથકરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-** 1.અંગ્રેજી શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની અજમાયશ પહેલા કરતા કાર્યક્રમ અજમાયશ પછી શબ્દભંડોળનો વિકાસ થયો હતો.2.ધોરણ-8ના વિદ્યાર્થીઓના કાર્યક્રમો આપ્યા પહેલા કરતાં કાર્યક્રમ અજમાયશ પછીના સરેરાશ પ્રાપ્તાંક ઊંચા હતા.3.શબ્દભંડોળ કાર્યક્રમના ખૂટતા શબ્દો પૂર્ણ કરી તે આધારિત શબ્દ ભંડોળ વધારો થયો છે. 4.અંગ્રેજી શબ્દાર્થ, વિરોધી શબ્દો જોડવા તેમજ માગ્યા મુજબ જવાબો જેમાં રસોડામાં, બેઠક રૂમમાં, રમતગમત, શાળા કોલેજ સાધનો આધારિત શબ્દભંડોળમાં વધારો થાય છે.5.આ કાર્યક્રમ વિદ્યાર્થીઓની મૌખિક શબ્દ ભંડોળ વધે છે.

**સંશોધનના ફલિતાર્થ-** શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યયન કરાવવાથી વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળ વિકાસ કરી શકાય છે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયમાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યયન કાર્ય કરાવવા માટે વિવિધ શબ્દકોશ ચાર્ટ્સ જેવી ભૌતિક સગવડો સંચાલક મંડળે પુરી પાડવી જોઈએ તો રોજિંદા વ્યવહારમાં વપરાતા શબ્દભંડોળનો અર્થ મેળવી અને પ્રવૃત્તિઓના ધ્યારા શબ્દભંડોળ વધારી શકાય છે.

**ચાવીરૂપ પદો-** અંગ્રેજી શબ્દભંડોળ, વિકાસ કાર્યક્રમ, નિદાન કસોટી

<u>**124.સંશોધનનું નામ-** પટેલ શારદા એ.</u>

**કોલેજનું નામ –** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ.આર. જોષી

**વર્ષ/યુનિવર્સિટી/ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

પાલનપુર તાલુકાની શાળાઓમાં ધોરણ-9 માં સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓની અભિરુચિ વધારવા માટે કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા.

Construction And Effectiveness Of Interest Growing Programme For The Students Of Social Science Subject Of Standaed 9 In Palanpur Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** સામાજિક વિજ્ઞાન,માર્ગદર્શન અને સલાહદર્શન

**સંશોધનના હેતુઓ-** 1.વિદ્યાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાન વિષયમાં અભિરુચિ વધારવા માટે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.2.સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓની અભિરુચિ સંશોધનિકાની રચના કરતી પૂર્વકસોટી અને ઉત્તર કસોટીની રચના કરવી.3.સામાજિક વિજ્ઞાન વિષયમાં અભિરુચિ કાર્યક્રમની અસરકારકતા તપાસવી.4.અભિરુચિ કાર્યક્રમની અસરકારકતા જાતીયતાના સંદર્ભમાં તપાસવી.

**સંશોધનની ઉત્કલપનાઓ-** 1.ધોરણ-9 ના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકઓની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.2.ધોરણ-9ના કુમાર અને કન્યાઓની પૂર્વ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.3.ધોરણ-9 ના કુમાર અને કન્યાઓની ઉત્તર કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. 4.ધોરણ-9 ના કુમારની પૂર્વ અને ઉત્તર કસોટીના મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- અભિરુચિ કાર્યક્રમ પરતંત્ર ચલ- વિદ્યાર્થીઓએ અભિરુચિમાં મેળવેલ પ્રાપ્તાંકો

અંકુશિત ચલ-વિષય,માધ્યમ,ધોરણ પરિવર્તક ચલ-જાતિયતા

**સંશોધનના પ્રકારો**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**-પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની સુરજપુરા માધ્યમિક શાળા, સુરજપુરામાં ધો-9 માં અભ્યાસ કરતા કુલ -30 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ**-અભિરુચિ સંશોધનિકા

**પૃથક્કરણની રીત** - કાઈ-વર્ગ

**સંશોધનના તારણો**-1.આ કાર્યક્રમમાં સામાજિક વિજ્ઞાન પૂર્વકસોટી માં 1337 ઉત્તરકસોટીમાં 1720 પ્રાપ્તાંકો મેળવેલા હતા તેથી કહી શકાય કે પૂર્વકસોટી કરતા ઉત્તરકસોટીના પ્રાપ્તાંકો વધુ છે તેની અભિરુચિ ઉંચી જોવા મળી હતી. ૨.આ કાર્યક્રમમાં ઇતિહાસ માં પૂર્વકસોટીમાં 1302 પ્રાપ્તાંકો અને ઉત્તરકસોટીમાં 1658 કુલ પ્રાપ્તાંકો મેળવ્યા તેથી કહી શકાય કે ઇતિહાસમાં અભિરુચિ વૃદ્ધિનું પ્રમાણ વધુ જોવા મળ્યું.૩.કુમાર અને કન્યાઓના પૂર્વકસોટી કરતા ઉત્તરકસોટીના સરેરાશ અંકો ઊંચા હતા. 4.સામાજિકવિજ્ઞાનમાં ભૂગોળ અને ઈતિહાસ વૃદ્ધિનું પ્રમાણ વધુ જોવા મળ્યું.

**સંશોધનના ફલિતાર્થ**-સામાજિક વિજ્ઞાનમાં અભિરુચિવૃદ્ધિ વિકસાવા માટે "સામાજિક વિજ્ઞાન અભીરૂચી વૃધ્ધિ કાર્યક્રમ" અસરકારક બન્યો હતો. ધોરણ-9 ના વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાનમાં શિક્ષણમાં અભિરુચિનું પ્રમાણ નબળું હતું તેને કાર્યક્રમથી સુધારી શકાય. વર્ગકાર્ય દરમિયાન આ રીતે વિવિધ પ્રવૃત્તિ કરાવી ઉપચાર કાર્ય કરવામાં આવે તો વિદ્યાર્થીઓમાં અભિરુચિ વૃદ્ધિ વિકાસ કરી શકાય.

**ચાવીરૂપ શબ્દો**-સામાજિક વિજ્ઞાન, શૈક્ષણિક કાર્યક્રમ

**125.સંશોધકનું નામ**: પ્રજાપતિ જગદીશ એન.

**કોલેજનું નામ** – શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એચ. આર. પટેલ

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક**:- **(eng.& guj)**

બનાસકાંઠા જિલ્લાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના અનુકૂલનનો અભ્યાસ

A Study Of Adjustment Of Student's Of Secondary School Of Banaskhantha District

**સંશોધનનું ક્ષેત્ર**- શિક્ષણનું મનોવિજ્ઞાન, માધ્યમિક શાળા

**સંશોધનના હેતુઓ**- 1.ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના અનુકૂલનનું માપન કરવું.2.ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના અનુકૂલનની તુલના કરવી.3. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના અનુકૂલનની જાતીયતાના સંદર્ભમાં તુલના કરવી.4. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના અનુકૂલનની કક્ષાના સંદર્ભમાં તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**- 1 .ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના અનુકૂલન પ્રાપ્તોમાં સાર્થક તફાવત નહીં હોય 2 .ગ્રામ્ય અને શહેરી વિસ્તારની છોકરાઓના અનુકૂલન પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત નહીં હોય.3.ગ્રામ્ય અને શહેરી વિસ્તારની છોકરીઓના અનુકૂલના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય. 4. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ધોરણ આઠ ના વિદ્યાર્થીઓના અનુકૂલન પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત નહીં હોય.5.ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ધોરણ નવ ના વિદ્યાર્થીઓના અનુકૂલન પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત નહીં હોય. 6 .ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ધોરણ 10 ના વિદ્યાર્થીઓના અનુકૂલન પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધન ચલ**-સ્વતંત્ર ચલ-જાતિ અને વિસ્તાર પરતંત્ર ચલ- અનુકૂલન

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- પાલનપુર શહેરની 87 ગ્રામ્ય વિસ્તારની શાળાઓ અને 04 શહેરી વિસ્તારની શાળાઓ પૈકી

03 ગ્રામ્ય વિસ્તારની શાળાઓ અને 03 શહેરી વિસ્તારની શાળાઓ પસંદ કરવામાં આવી હતી.

**ઉપકરણ**: ડોક્ટર કૃષ્ણકાંત ગોસાઈ રચિત દેસાઈ અનુકૂલન માપદંડ

**પૃથક્કરણની રીત**- સરાસરી,પ્રમાણ વિચલન અને ક્રાંતિકારક ગુણોતર

**સંશોધનના તારણો**: ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના અનુકૂલન પ્રાપ્તોકમાં સાર્થક તફાવત જોવામાં મળ્યો.ગ્રામ્ય અને શહેરી વિસ્તારની છોકરાઓના અનુકૂલન પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.ગ્રામ્ય અને શહેરી વિસ્તારની છોકરીઓના અનુકૂલના પ્રાપ્તાંકોમાં સાર્થક જોવામાં મળ્યો ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ધોરણ આઠ અને ધો-9 અને ધો-10 ના વિદ્યાર્થીઓના અનુકૂલન પ્રાપ્તાંકમાં જોવા મળ્યો.

**સંશોધનનો ફલિતાર્થ**: બાળકની કારકિર્દી અનુરૂપ શાળા માધ્યમની પસંદગી કરવામાં મદદરૂપ થશે શાળામાં શિક્ષણના કાર્યકર્તા શિક્ષકોને બાળકની વિષય રુચિ જાણી યોગ્ય માર્ગદર્શન આપવા ઉપયોગી છે. નિવાસી વિદ્યાર્થીઓની જરૂરિયાત અને પરિસ્થિતિ વચ્ચે અસરકારક રીતે સુમેલ સાધવા ઉપયોગી બનશે.

**ચાવીરૂપ શબ્દો**- માધ્યમિક શાળા, અનુકૂલન

**126.સંશોધકનું નામ**- રાઠોડ હીનાબેન એ.

**કોલેજનું નામ –** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી બી.પી. માળી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

અભિનય સાથે સંગીતમય શિક્ષણ પદ્ધતિની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સ્થિતિ પર અસરકારકતા
Effectiveness Of Music With Act Method On Academic Achivement Of Students

**સંશોધન ક્ષેત્ર**-પ્રાથમિક શિક્ષણ, અધ્યાપન પ્રયુક્તિઓ

**સંશોધનના હેતુઓ**-1.ગુજરાતી વિષયમાં પસંદિત પદ્ય આધારિત અભિનય સાથે સંગીતમય શિક્ષણ કાર્યક્રમની સંરચના કરવી.2.ગુજરાતી વિષયમાં પસંદિત પદ્ય આધારિત અભિનય સાથે સંગીતમય શિક્ષણ કાર્યક્રમની અજમાયશ કરવી. 3.અભિનય સાથે સંગીતમય શિક્ષણ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.4.અભિનય સાથે સંગીતમય શિક્ષણ પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિની અસરકારકતા ચકાસવા શૈક્ષણિક સિદ્ધિ કસોટીની સંરચના કરવી 5.અભિનય સાથે સંગીતમય શિક્ષણ પદ્ધતિ વિશે વિદ્યાર્થીઓના પ્રતિભાવો મેળવવા અભિપ્રાયાવલીની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**-1.અભિનય સાથે સંગીતમય શિક્ષણ પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ વિદ્યાર્થીઓએ અધ્યાપન દરમિયાન સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**–સ્વતંત્ર ચલ- અધ્યાપન પદ્ધતિ નિયંત્રિત ચલ- ધોરણ, માધ્યમ, વિષય, વિષયવસ્તુ આંતરવર્તી ચલ -રૂચી,વલણ,વ્યક્તિગત તફાવત જૂથો વચ્ચેની આંતરક્રિયા

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- ડીસા તાલુકાની મોટા રસાણા પ્રાથમિક શાળાના ધોરણ-5 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હતા.

**ઉપકરણ**- સ્વ-રચિત સિદ્ધિ કસોટી, અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત**- ટી- કસોટી, કાઇ-વર્ગ

**સંશોધનના તારણો-** વ્યાખ્યાન પદ્ધતિ કરતા અભિનય સાથે શિક્ષણ કાર્યક્રમ ધો- 5 ના બાળકોની શૈક્ષણિક સિદ્ધિમાં વધુ અસરકારક હતો.ધો-5 ના બાળકોની વય કક્ષા મુજબ ગુજરાતી વિષય અભિનંદન અને સંગીતમાં શિક્ષણ પદ્ધતિ દ્વારા ભણવું ગમે છે એકાગ્રતા વધે છે વર્ગમાં શાંતિ રહે છે અને અભિનય સાથે સંગીતમય શિક્ષણ પદ્ધતિથી લખેલું લાંબા સમય સુધી યાદ રહે છે.

**સંશોધનના ફલિતાર્થ-**અભિનય સાથે સંગીતમય શિક્ષણ કાર્યક્રમ પદ્ધતિ વધુ અસરકારક રહી હતી.શિક્ષકોએ વિવિધ એકમો માટે અભિનય સાથે સંગીતમય શિક્ષણ કાર્યક્રમ યોજવા શિક્ષણ કાર્યક્રમ તૈયાર કરી વર્ગખંડમાં ઉપયોગી કરી શકાય.

**ચાવીરૂપ શબ્દો-**અભિનય,સંગીત,અભિનય સાથે સંગીતમય શિક્ષણ પદ્ધતિ,શૈક્ષણિક સિદ્ધિ

<u>**127.સંશોધકનું નામ-** ઠક્કર રીંકલ કે.</u>

**કોલેજનું નામ –** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એચ. આર. પટેલ

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની મતદાન સભાનતાનો અભ્યાસ

A Study Of Awareness About Voting In B.Ed. Trainees

**સંશોધન ક્ષેત્ર-** પૂર્વસેવા અને સેવાકાલીન શિક્ષક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-1**.બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની મતદાન સભાનતા જાણવા માટે મતદાન સભાનતા કસોટીની રચના કરવી.2.બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની મતદાન સભાનતા તપાસવી.3.બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની જાતિ અને વિસ્તારના સંદર્ભમાં મતદાન સભાનતા જાણવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-1**.ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિધાર્થીઓએ મતદાન સભાનતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.2.ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમાર અને કન્યા પ્રશિક્ષણાર્થીઓ એ મતદાન સભાનતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.3.શહેરી વિસ્તારના કુમાર અને કન્યા પ્રશિક્ષણાર્થીઓએ મતદાન સભાનતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.4.ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમાર અને કન્યા પ્રશિક્ષણાર્થીઓએ મતદાન સભાનતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય. 5.ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યા અને શહેરી વિસ્તારના કુમાર અને કન્યા પ્રશિક્ષણાર્થીઓએ મતદાન સભાનતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**: સ્વતંત્ર ચલ- જાતીયતા અને વિસ્તાર પરતંત્ર ચલ- મતદાન સભાનતા કસોટી પરના પ્રાપ્તાંકો

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**: સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**: બનાસકાંઠા જિલ્લાની બી.એડ. કોલેજમાં અભ્યાસ કરતા પ્ર-શિક્ષણાર્થીઓ. બી.એડ. કોલેજો પૈકી ચાર કોલેજના 330 પ્રશિક્ષણાર્થીઓને નમૂના તરીકે લેવામાં આવ્યા હતા.

**ઉપકરણ**: સ્વરચિત મતદાન સભાનતા કસોટી

**પૃથકકરણની રીત**: ટી-કસોટી

**સંશોધનના તારણો-** મતદાન સભાનતાનો અભ્યાસ અસરકારક રહ્યો હતો. જાતિના સંદર્ભમાં બી.એડ.ની કન્યા પ્રશિક્ષણાર્થીઓમાં કુમાર પ્રશિક્ષણાર્થીઓ કરતાં મતદાન સભાનતા વધુ પ્રમાણમાં જોવા મળી. વિસ્તારના સંદર્ભમાં બી.એડ.ના શહેરી પ્રશિક્ષણાર્થીઓ ગ્રામ્ય પ્રશિક્ષણાર્થીઓ કરતા વધુ મતદાન સભાનતા જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ-**શિક્ષક રાષ્ટ્ર નિર્માતા છે, માટે કેવા પ્રકારના રાષ્ટ્ર નિર્માણ કરવું તે શિક્ષકના હાથમાં છે. આ ઉત્તરદાયિત્વ વધુ સારી રીતે નિભાવવા શિક્ષકોમાં રાજ્ય નીતિવિષયક મૂલ્યોનો વિકાસ થાય તે જરૂરી છે, માટે શિક્ષકોમાં  મતદાન પ્રત્યે જાગૃતતા આવે તે માટે શિક્ષક શિક્ષણના અભ્યાસક્રમમાં મતદાનના મહત્વનું ખાસ ધ્યાન આપવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** બી.એડ. પ્રશિક્ષણાર્થી, મતદાન સભાનતા, પ્રશિક્ષણાર્થી

**128.સંશોધકનું નામ-** વસાવા પ્રફુલકુમાર યુ.

**કોલેજનું નામ –** શ્રી બી. કે. ક. પા. સ. મં. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ઓફ એજ્યુકેશન , પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી બી.પી. માળી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2012-13 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ઉચ્છલ તાલુકાનાં ધોરણ-10 ના છેલ્લા 5 વર્ષના બોર્ડની પરિક્ષાના પરિણામોની તુલના

A Comparision Of Last Five Years Board Examination Result Ofuchchhal Taluka In Standard-10

**સંશોધનનું ક્ષેત્ર-**તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1.ઉચ્છલ તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-10 ના છેલ્લા પાંચ વર્ષનાં બોર્ડના પરિણામો માહિતી મેળવવી.2.ઉચ્છલ તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-10 નાં છેલ્લા પાંચ વર્ષનાં ગ્રામ્ય શાળાના પરિણામો અને શહેરી શાળાના પરિણામોની તુલના કરવી. ૩.ઉચ્છલ તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ-૧૦ના છેલ્લા પાંચ વર્ષના છોકરા અને છોકરીઓના પરિણામોની તુલના કરવી.

**સંશોધનના પ્રશ્નો -**1.ઉચ્છલ તાલુકામાં ધો-10 ના છેલ્લા પાંચ વર્ષના પરિણામમાં કેટલો તફાવત હશે?2.ઉચ્છલ તાલુકામાં ધો-10 ના છેલ્લા પાંચ વર્ષના કુમાર અને કન્યાઓના બોર્ડના પરિણામમાં કેવો તફાવત હશે.3.ઉચ્છલ તાલુકામાં ધો-10 ના છેલ્લા પાંચ વર્ષના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના બોર્ડના પરિણામોમાં કેવો તફાવત હશે.

**સંશોધનના પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** સંશોધકે ઉચ્છલ તાલુકાના ધોરણ-૧૦ના છેલ્લા પાંચ વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના બોર્ડના પરિણામનો  વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, તેમજ ઉચ્છલ તાલુકામાથી સહેતુક રીતે ચાર શાળા નમૂનામાં પસંદગી કરવામાં આવી હતી,

**ઉપકરણ** : શાળાના પત્રકો, દસ્તાવેજો

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-** ઉચ્છલ તાલુકાના ધોરણ-10ના 2008 થી 2012ના બોર્ડના પરિણામની તુલના કરતા જાણવા મળ્યું કે 2008 થી 2012 નાવર્ષમાં બોર્ડનીપરીક્ષાનું પરિણામવધુ આવ્યું છે.ઉચ્છલ તાલુકાના ધોરણ-10નાવર્ષ2009 અને 2011ના શહેરી વિસ્તાર અનુસાર બોર્ડના પરિણામની તુલના કરતા જાણવા મળ્યું કે 2009 અને 2011 વર્ષમાં 2011ના વર્ષમાં પરિણામ વધુ આવ્યું છે.ઉચ્છલ તાલુકાના ધોરણ-10નાવર્ષ 2009 અને 2012ના શહેરી વિસ્તાર અનુસારબોર્ડના પરિણામોની તુલના કરતાં જાણવા મળ્યું 2009 અને ૨૦૧૨ના વર્ષમાં પરિણામ વધુ આવ્યું છે.ઉચ્છલ તાલુકામાં ધોરણ-10ના વર્ષ 2011

અને2012 ના શહેરી વિસ્તાર અનુસાર બોર્ડનું પરિણામ તુલના કરતાં જાણવા મળ્યું કે 2011 અને 2012 ની વર્ષમાં2012 ના વર્ષમાં પરિણામ વધુ આવ્યું છે.

**સંશોધનના ફલિતાર્થ-** ઉચ્છલ તાલુકાની માધ્યમિક શાળાઓમાં ગ્રામ્ય વિસ્તારની શાળાઓ કરતાં શહેરી વિસ્તારની શાળાનું પરિણામ વધુ છે. આથી ગ્રામ્યશાળાનું પરિણામ સુધારવા માટે ગ્રામ્ય વિસ્તારનીશાળાઓમાં પ્રયત્ન કરવા જોઈએ.ઉચ્છલ તાલુકાના માધ્યમિક શાળામાં છોકરા અને છોકરીઓમાં છોકરીઓનું પરિણામ વધુ છે.આથી છોકરીઓનું પરિણામ સુધારણામાટે છોકરાઓએ પ્રયત્ન કરવા જોઈએ.ઉચ્છલ તાલુકાના માધ્યમિક શાળાઓમાં 2010 અને 2011 ના વર્ષમાં ગ્રામ્ય વિસ્તારનું પરિણામ 2011માં વધુ છે. આથી અગાઉના વર્ષમાં પરિણામ સુધારણા માટે 2011ના પરિણામ ધ્યાનમાં લેવા જોઈએ.ઉચ્છલ તાલુકાના માધ્યમિક શાળાઓમાં 2011 અને 2012 ના વર્ષમાં ગ્રામ્ય વિસ્તારનું પરિણામ 2012 માં વધુ છે.આથી અગાઉના વર્ષમાં પરિણામ સુધારણા માટે 2012 ના પરિણામ ધ્યાને લેવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**-તુલના, પરિણામ

# મુખ્ય પ્રકરણ – 6

## 2013-2014 પ્રકરણ – 6 સમીક્ષાત્મક પરિચય - અનુક્રમણિકા

**એમ.એડ્. વિભાગ દ્વારા વર્ષ 2013-2014 માં કુલ 09 સંશોધનક્ષેત્રો આવરવામાં આવ્યા છે.**

| પ્રકરણ | સંશોધન ક્ષેત્ર | સારાંશ નંબર | કુલ |
|---|---|---|---|
| પ્રકરણ-1 | શિક્ષણનું મનોવિજ્ઞાન | 129, 146, 147, 159 | 4 |
| પ્રકરણ-2 | શૈક્ષણિકમાપન અને મૂલ્યાંકન(માધ્યમિક શિક્ષણ ,ભાષા શિક્ષણ) | 131, 152, 157, 158 | 4 |
| પ્રકરણ-3 | શૈક્ષણિક ટેકનોલોજી) અધ્યાય અને અધ્યાપન, ભાષા શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ) | 130, 134,135,138,139.140, 148, 151, 154 | 9 |
| પ્રકરણ-4 | સલાહ અને માર્ગદર્શન(શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ) | 132,143, 150, 161 | 4 |
| પ્રકરણ-5 | ભાષા શિક્ષણ | 133, 156 | 2 |
| પ્રકરણ-6 | શિક્ષણનું સંગઠન, વહીવટ અને સંચાલન | 136, 149 | 2 |
| પ્રકરણ-7 | તુલનાત્મક શિક્ષક (ભાષા શિક્ષણ) | 137, 145, 153, 160 | 4 |
| પ્રકરણ-8 | શિક્ષક-પ્રશિક્ષણ | 141 | 1 |
| પ્રકરણ-9 | પ્રાથમિક શિક્ષણ | 142, 155 | 2 |
| પ્રકરણ-10 | મૂલ્ય શિક્ષણ | 144 | 1 |

**<u>129.સંશોધકનું નામ</u>**: <u>ચૌધરી ગીતાબેન એલ.</u>

**કોલેજનું નામ**: શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ.આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

પાલનપુર શહેરના ધોરણ-12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં થતી હતાશાનો અભ્યાસ

A Study Of Stress Among The Students Studying In Std.12 Of Palanpur City

**સંશોધનનું ક્ષેત્ર**- શિક્ષણનું મનોવિજ્ઞાન, શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ**-1.પાલનપુર શહેરના ધોરણ-12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં જોવા મળતી હતાશા અંગેનો અભ્યાસ કરવો.2.હતાશા સંશોધિની દ્વારા વિદ્યાર્થીઓમાં હતાશાનું પ્રમાણ જાણવું.3.પાલનપુર શહેરના વિજ્ઞાન પ્રવાહના કુમાર અને કન્યાઓની હતાશાની તફાવતનો અભ્યાસ કરવો.4.પાલનપુર શહેરના વિનયન પ્રવાહના કુમાર અને કન્યાઓની હતાશાનો અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**-1.પાલનપુર શહેરના ધોરણ-12 માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની હતાશામાં સાર્થક તફાવત નહીં હોય.2.પાલનપુર શહેરમાં આવેલી શાળાઓમાં ધોરણ 12 માં વિજ્ઞાન પ્રવાહમાં અને વિનયન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશામાં સાર્થક તફાવત નહીં હોય.3.પાલનપુર શહેરમાં આવેલી શાળાઓમાં ધોરણ 12 માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની હતાશામાં સાર્થક તફાવત નહીં હોય. 4. પાલનપુર શહેરમાં આવેલી શાળાઓમાં ધોરણ 12 માં વિનયન પ્રવાહમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની હતા.

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો**- પ્રસ્તુત અભ્યાસમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેર વિસ્તારની પાંચ શાળાઓમાંથી ધોરણ 12 ના વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના એક એક વર્ગના 30 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**- પ્રમાણિત કરેલ હતાશા સંશોધિની

**પૃથકકરણની રીત**- ટી કસોટી

**સંશોધનના તારણો**-1. ધોરણ-12 માં અભ્યાસ કરતા વિજ્ઞાન અને વિનયન પ્રવાહના વિદ્યાર્થીઓ પ્રક્ષેપણ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે જેમાં વિનયન પ્રવાહના વિદ્યાર્થીઓ કરતાવિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓમાં હતાશાનું પ્રમાણ વધારે જોવા મળે છે.2. ધોરણ 12 માં વિજ્ઞાન અને વિનયન પ્રવાહના વિદ્યાર્થીઓ આક્રમકતા ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે જેમાં વિનયન પ્રવાહના વિદ્યાર્થીઓ કરતા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓમાં હતાશાનું પ્રમાણ વધારે જોવા મળે છે.3. ધોરણ 12 માં વિજ્ઞાન અને વિનયન પ્રવાહના વિદ્યાર્થીઓ યૌક્તિકરણ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે જેમાં વિનયન પ્રવાહના વિદ્યાર્થીઓ કરતા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓમાં હતાશાનું પ્રમાણ વધારે જોવા મળે છે.4. ધોરણ 12 માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પરાગતિક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે જેમાં કન્યાઓ કરતાં કુમારોમાં હતાશાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

**સંશોધનના ફલિતાર્થ**: પ્રસ્તુત સંશોધન દ્વારા વિજ્ઞાન પ્રવાહ અને વિનયન પ્રવાહના વિદ્યાર્થીઓમાં હતાશાનું પ્રમાણ જાણવા મળ્યું હતું. જેના દ્વારા હતાશા દૂર કરવાના પ્રયાસ કરી શકાય. હતાશાના વ્યાજબી કારણો શોધી તેને નિવારવા શાળા કક્ષાએ પગલાં લઈ શકાય.

**ચાવીરૂપ શબ્દો**: હતાશા, ધોરણ -12

**130.સંશોધકનું નામ - દેસાઈ દિપીકા એમ.**

**કોલેજનું નામ**: શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ.આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદગી એકમ પર મોડ્યુલર શિક્ષણ પદ્ધતિની અસરકારકતા

Effectiveness Of Modular Teaching Method On Selected Unit Of Science And Technology Subject Of Std. – 9.

**સંશોધનનું ક્ષેત્ર** -શૈક્ષણિક ટેકનોલોજી,અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયા

**સંશોધનના હેતુઓ**-1.વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદગી એકમ પર મોડ્યુલસની રચના કરવી.2.તૈયાર કરેલ મોડ્યુલસની વિદ્યાર્થીઓ પર અજમાયશ કરવી.3.મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિ તુલના કરવી.4. મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર થતી અસર તપાસવી.5.મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**-1.પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથના વિદ્યાર્થીઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારો સિદ્ધ કસોટીમાં મેળવેલ પ્રાપ્તકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.3.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથની કન્યાઓ સિદ્ધ કસોટીમાં મેળવ્યા પ્રાપ્તકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.4.પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથની કન્યાઓ સિદ્ધ કસોટીમાં મેળવેલ પ્રાપ્તકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.5.નિયંત્રિત જૂથના કુમારો અને કન્યાઓએ સિદ્ધ કસોટીમાં મેળવેલ પ્રાપ્તકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** : સ્વતંત્ર ચલ-શૈક્ષણિક પદ્ધતિ અંકુશિત ચલ-ધોરણ, વિષય, વિષયવસ્તુ પરતંત્ર ચલ-શૈક્ષણિક સિદ્ધિ આંતરવ ચલ-જૂથો વચ્ચેની થતી આંતરક્રિયાઓ પરિવર્તિત ચલ-જાતીયતા

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** -. પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**–પાલનપુર તાલુકાની માધ્યમિક શાળા શ્રી એસ.કે. મહેતા માધ્યમિક શાળા,પાલનપુર ધો-9 માં અભ્યાસ કરતા કુલ-60 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ**- શિક્ષક રચિત સિદ્ધ કસોટી

**પૃથકરણની રીત**- સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-કસોટી

**સંશોધનના તારણો**-1.મોડ્યુલર શિક્ષણ પદ્ધતિએ વ્યાખ્યાન પદ્ધતિ કરતા ધોરણ 9 ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વધુ અસરકારક હતી.2.મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ દ્વારા અધ્યયન કાર્યક્રમ કન્યાઓમાં વધુ અસરકારક રહ્યુંહયો હતો.3.વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન કાર્યક્રમ કુમારો કરતાં કન્યાનું વધુ અસરકારક રહ્યું હતું.4.કન્યાઓના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ વધુ અસરકારક રહી હતી.

**સંશોધનના ફલિતાર્થ**– પ્રસ્તુત સંશોધન હાથ ધરાયેલા પ્રયોગને અંતે મળેલા તારણોને આધારે કહી શકાય કે, ધો- 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના વિષયના પસંદગી એકમો માટે તૈયાર કરેલ મોડ્યુલર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિઓ સંદર્ભમાં અસરકારક રહ્યો હતો.

**ચાવીરૂપ પદો** -વિજ્ઞાન ટેકનોલોજી, પસંદિતા એકમ, મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ

131.સંશોધકનું નામ-ધારવા ગીતાબેન એચ.
**કોલેજનું નામ**: શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર
**માર્ગદર્શકનું નામ**: શ્રી પી.કે.પંચોલી
**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.
**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**
ધો-9 ના ગુજરાતી વિષયના અધ્યાપનમાં સતત મૂલ્યાંકનની અસરકારકતા
Effectiveness Of Continuous Evaluation In Teaching Of Gujarati Subject Of Std. 9

**સંશોધનનું ક્ષેત્ર**: માધ્યમિક શિક્ષણ, ભાષા શિક્ષણ, શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન
**સંશોધનના હેતુઓ-**1.ધો-9 ના ગુજરાતી વિષયના અધ્યાપનમાં સતત મૂલ્યાંકન માટે વિવિધ એકમ કસોટી રચવી.2.ધો-9 ના ગુજરાતી વિષયના અધ્યાપનમાં સતત મૂલ્યાંકન માટે કાર્યક્રમની રચના કરવી.3. ધો-9 ના ગુજરાતી વિષયના અધ્યાપનમાં સતત મૂલ્યાંકનની અસરકારકતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભ તપાસવી.
**સંશોધન ઉત્કલ્પનાઓ- 1.**ધો-9 ના શહેરી વિસ્તારના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયની સિદ્ધિ કસોટી પરના પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.2.ધો-9 ના અધ્યાપનમાં સતત મૂલ્યાંકન કાર્યક્રમ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેના સંબંધ પર વિસ્તારની અસર નહીં હોય.
**સંશોધનના ચલ**-સ્વતંત્ર ચલ-અધ્યાપન પદ્ધતિ પરિવર્તક ચલ-વિસ્તાર પરતંત્ર ચલ-શૈક્ષણિક સિદ્ધિ
**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન
**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ
**વ્યાપવિશ્વ અને નમૂનો**- પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની શાળામાં વર્ષ 2013-14 માં ધોરણ ૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા હતા.
**ઉપકરણ**-સ્વરચિત ઉત્તર કસોટી
**પૃથકકરણની રીત**- ટી-કસોટી
**સંશોધનના તારણો**-1.ધો-9 ના શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ પર સતત મૂલ્યાંકન કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.2.ધો-9 ના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પર સતત મૂલ્યાંકન કાર્યક્રમ અસરકારક રહ્યો હતો3.ધો-9 ના વિદ્યાર્થીઓમાં સતત મૂલ્યાંકન કાર્યક્રમ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેના સંબંધ પર વિસ્તારની અસર જોવા મળી હતી.
**સંશોધનના ફલિતાર્થ**-વિદ્યાર્થીઓએ ગુજરાતી વ્યાકરણમાં આવતા દોષો દૂર કરવા જોઈએ, વિદ્યાર્થીઓમાં વાંચન દોષ છે તેની સમજ વ્યાકરણ દ્વારા મેળવવી જોઈએ, શિક્ષકે વિદ્યાર્થીઓને વ્યાકરણનું મહત્વ સમજાવવું જોઈએ.
**ચાવીરૂપ શબ્દો** - સતત મૂલ્યાંકન, શૈક્ષણિક સિદ્ધિ

132.સંશોધકનું નામ-ગેલોત સરોજબેન આર.
**કોલેજનું નામ**: શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર
**માર્ગદર્શકનું નામ**: શ્રી એ.એન.ચૌધરી
**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.
**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**
બી.એડ.ના તાલીમાર્થીઓ માટે શિક્ષણ અધિકાર અધિનિયમ -2009 જાગૃતિ કાર્યક્રમની રચના અને અજમાયશ
Construction And Effectiveness Of Awareness Program About Right To Education Act 2009 For B.Ed Trainees

**સંશોધનનું ક્ષેત્ર**- સલાહ અને માર્ગદર્શન

**સંશોધનના હેતુઓ**-1.બી.એડ.ના તાલીમાર્થીઓ માટે શિક્ષણ અધિકાર અધિનિયમ 2009 જાગૃતિ કાર્યક્રમની રચના કરવી.2.બી.એડ. ના તાલીમાર્થીઓ માટે શિક્ષણ અધિકાર અધિનિયમ 2009 જાગૃતિ માપન કસોટીની સંરચના કરવી.3.શિક્ષણ અધિકાર અધિનિયમ 2009 જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.4.શિક્ષણ અધિકાર અધિનિયમ 2009 જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા પર જાતીયતાના તફાવતની અસર તપાસવી.

**સંશોધનના ઉત્કલ્પનાઓ** -1.બી.એડ.ના તાલીમાર્થીઓએ શિક્ષણ અધિકાર અધિનિયમ સભાનતા માપન અને શિક્ષણ અધિકાર અધિનિયમ સભાનતા માપનમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2.બી.એડ.ના તાલીમાર્થીઓ કુમાર અને કન્યાઓએ શિક્ષણ અધિકાર અધિનિયમ સભાનતા માપન પૂર્વકસોટી અને ઉત્તરકસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**-સ્વતંત્ર ચલ- શિક્ષણ અધિકાર અધિનિયમ સભાનતા કાર્યક્રમ   પરતંત્ર ચલ- સભાનતા કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકો  અંકુશિત ચલ- વિષયવસ્તુ ,વાતાવરણ ,તાલીમાર્થીઓ

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**-બનાસકાંઠા જિલ્લાની બી.એડ. કોલેજો પૈકી ડીસાની નવજીવન બી.એડ. કોલેજમાં  અભ્યાસ કરતા તાલીમાર્થીઓ પસંદ કરવામાં આવ્યા.

**ઉપકરણ**-સ્વ-રચીત શિક્ષણ અધિકાર અધિનિયમ 2009 જાગૃતતા કસોટી

**પૃથક્કરણની રીત**- સરાસરી, પ્રમાણ વિચલન અને  ટી-કસોટી

**સંશોધનના તારણો**-1.બી.એડ.ના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ બહુ માધ્યમ આધારિત શિક્ષણ અધિકાર અધિનિયમ 2009 જાગૃતતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.2.બહુ માધ્યમ આધારિત શિક્ષણ અધિકાર અધિનિયમ 2009 જાગૃતતા કાર્યક્રમને પરિણામે પ્રાયોગિક જૂથમાં ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી.3.કાર્યક્રમમાં જાતીયતાની અસર જોવા મળી ન હતી.

**સંશોધનના ફલિતાર્થ**-વિદ્યાર્થીઓને અન્ય કઠિન વિષયો બહુમાધ્યમ સંપુટના ઉપયોગથી સરળ રીતે અર્થગ્રહણ કરાવી શકાય છે. અને આ અભ્યાસ થકી સમાજના લોકોને શિક્ષણ અધિકાર અધિનિયમ 2009 અંગે જાગૃત કરી એક સશક્ત યુવા વર્ગ તૈયાર કરવામાં મદદરૂપ થઈ શકે છે.

**ચાવીરૂપશબ્દો**–- બી.એડ઼, પસંદિતા એકમ, શિક્ષણ અધિકાર અધિનિયમ 2009

<u>133.**સંશોધકનું નામ**- જાદવ યુવરાજસિહ ડી.</u>

**કોલેજનું નામ**:  શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ઼. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ.આર. જોષી

**વર્ષ/ યુનિવર્સિટી./ડીગ્રી**: 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ગુજરાતી વિષયમાં સેમિનાર પદ્ધતિની અસરકારકતા

A Study Of The Effectivness Of Seminar Method In Gujarati Subject

**સંશોધનનું ક્ષેત્ર**- ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ**- 1.ધોરણ 11 ના વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયના પસંદિતા એકમો શીખવવા માટે સેમિનાર પદ્ધતિ કાર્યક્રમનું આયોજન કરવું.2.સેમિનાર પદ્ધતિની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા ચકાસવા પસંદિત એકમો આધારિત

શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવી.3. સેમિનાર પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિની અસરકારકતા શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં ચકાસવી.4 .સેમિનાર પદ્ધતિ અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલિની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ ઉત્તર કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**-સ્વતંત્રચલ-અધ્યાપન પદ્ધતિ  પરતંત્ર ચલ-  શૈક્ષણિક સિદ્ધિ કસોટી પરના પ્રાપ્તાંકો અંકુશિત ચલ-ગુજરાતી, ધોરણ -11

**સંશોધનનો પ્રકાર** : વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લાની પાલનપુર શહેરની શ્રી એમ.બી કર્ણાવત હાઇસ્કૂલ,પાલનપુર ધો-11 માં અભ્યાસ કરતાં 90 વિદ્યાર્થીઓ પૈકી 60 વિદ્યાર્થીઓની સંખ્યા ચિઠ્ઠી ઉપાડીને આકસ્મિક નમુનાની રીતે પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ**-અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત**-સરાસરી, પ્રમાણ વિચલન (SED) તથા ટી-કસોટી

**સંશોધનના તારણો**-1.પ્રસ્તુત સંશોધનમાં બંને  જૂથો પર લેવામાં આવેલી ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોના અભ્યાસ પરથી તારવી શકાય છે.2.પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓમેળવેલ ઉત્તર આંક એ નિયંત્રિત જૂથના તાલીમાર્થીઓએ મેળવેલ ઉત્તર આંક કરતાં ઊંચો છે.3.પ્રાયોગિક જૂથના  વિદ્યાર્થી ઓને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક છે. પરિણામે સેમિનાર પધ્ધતિની અસરકારકતા વ્યાખ્યાન પધ્ધતિ કરતાં વધારે છે.ઉપરોકત તારણ પરથી પ્રસ્તુત સંશોધનમાં નીચેની ઉત્કલ્પના પુરવાર થાય છે. સેમિનાર પધ્ધતિથી શીખતા તાલીમાર્થીઓએ મેળવેલ ઉત્તર આંક વ્યાખ્યાન પધ્ધતિથી શીખતા તાલીમાર્થીઓએ મેળવેલ ઉત્તર આંક કરતાં ચઢિયાતો છે.

**સંશોધનના ફલિતાર્થ**-સેમિનાર પધ્ધતિથી શિક્ષણ કાર્ય કરવું જોઈએ. શૈક્ષણિક પરિણામની સફળતા માટે શિક્ષકે પોતાની શીખવવાની પદ્ધતિનું આત્મ નિરીક્ષણ કરવું જોઈએ. શિક્ષકે સેમિનાર પદ્ધતિના એકમ વિષયવસ્તુ દ્વારા આચાર્યશ્રી તેમજ શિક્ષકોએ સહકાર પૂરો પાડવો જોઈએ. સ્વ નિમિત્તે હાથ ધરેલ સેમિનાર પદ્ધતિમાં સંચાલકો તેમજ આચાર્યશ્રી તથા તાલીમાર્થીઓ યોગ્ય સાથ સહકાર મળવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**-વ્યાખ્યાન પદ્ધતિ, સેમિનાર પદ્ધતિ

**134.સંશોધકનું નામ:-જોષી ચંદ્રિકા જી.**

**કોલેજનું નામ**:  શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ.એન.ચૌધરી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ:-12 ના જીવવિજ્ઞાનના વિષયના “દેહજળ અને પરિવહન” એકમ પર બહુ-માધ્યમ સંપુટ કાર્યક્રમની રચના અને અસરકારકતા

Construction And Effectiveness Of Multimedia Programme On Body Fluid And Circulation Unit Of Biology Of Std: 12

**સંશોધનનું ક્ષેત્ર**-શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ-1.**ધોરણ 12નાં જીવવિજ્ઞાન વિષયના દેહજળ અને પરિવહન એકમની અધ્યાપન માટે કાર્યક્રમની સંરચના.2.દેહજળ અને પરિવહન એકમની સિદ્ધિના માપન માટે સિદ્ધિ કસોટીની રચના કરવી.3.બહુ-માધ્યમ સંપુટ કાર્યક્રમ અંગે વિદ્યાર્થીના મંતવ્યો જાણવા માટે અભિપ્રાયાવલીની રચના કરવી.4. વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ બહુ-માધ્યમ સંપુટ કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિની સંક્રાંતિની તુલના કરવી.5.બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ અંગે વિદ્યાર્થીના અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પના-**1 .બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કસોટી પરમેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2. કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 3. વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિધ્ધી કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય. 4.વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા કુમાર અને બહુ માધ્યમ સંપૂટ દ્વારા અધ્યાપન પામેલા કુમારોએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.5. વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા કન્યાઓ અને કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલી કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- અધ્યાપન પદ્ધતિ પરિવર્તક ચલ-જાતીયતા અંકુશિત ચલ- ધોરણ, વિષયવસ્તુ, વિષય

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પાલનપુર તાલુકાની શહેરી વિસ્તારની ગુજરાતી માધ્યમની શ્રી કે.મા.ચોકસી ઉચ્ચતર માધ્યમિક શાળા, પાલનપુરના કુલ-60 વિધાર્થીઓને નમુના તરીકે લેવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત કસોટી. અભિપ્રાયાવલી

**પૃથ્થકરણની રીત-**સરાસરી,પ્રમાણ વિચલન, ટી-કસોટી અને કાઇ-વર્ગ

**સંશોધનના તારણો-** 1.બહુમાધ્યમ સંપૂટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ પ્રાયોગિક જૂથ એ સિદ્ધિ કસોટીની બાબતોમાં વ્યાખ્યાન પધ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રિત જુથ કરતા ચઢિયાતું જોવા મળે છે.2.બહુ માધ્યમ સંપુટ કાર્યકમદ્વારા અધ્યાપન પામેલ પ્રાયોગિક જૂથના કુમારો સિદ્ધિ કસોટીની બાબતમાં કન્યા કરતા ચઢિયાતા જોવા મળે છે. 3.વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રણ જૂથની કુમારો અને કન્યાઓ શૈક્ષણિક સિધ્ધી કસોટી દ્રષ્ટીએ સમાન જોવા મળ્યા હતા.4.બહુ માધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા પ્રાયોગિક જૂથના કુમાર સિદ્ધિ કસોટીની બાબતમાં વ્યાખ્યાન પધ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રિત જૂથના કુમાર કરતા ચઢિયાતા જોવા મળે છે.5.બહુ માધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા પ્રાયોગિક જૂથની કન્યા સિદ્ધિકસોટીની બાબતમાં વ્યાખ્યાન પધ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રિત જૂથની કન્યા કરતા ચઢિયાતા જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ-** ધોરણ 12 ના જીવવિજ્ઞાન વિષયના સંબંધિત એકમ માટેતૈયાર કરેલ બહુ માધ્યમ સંપુટકાર્યક્રમ વિદ્યાર્થી માટે શૈક્ષણિક સિધ્ધીના સંદર્ભમાં અસરકારક નીવડ્યો. વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પધ્ધતિ કરતા નાવિન્ય ધરાવતો બહુ માધ્યમ સંપુટ કાર્યક્રમ યોજવા માતે વિજ્ઞાન મંડળની રચના કરવી જોઈએ ઉપરાંત તેમને તાલીમ પણ આપવી જોઈએ. શિક્ષકો વિવિધ એકમો પર બહુ માધ્યમ સંપુટ કાર્યક્રમ યોજવા માટે વિજ્ઞાનમંડળનીરચના કરવી જોઈએ ઉપરાંત તેમને તાલીમ પણ આપવી જોઈએ.પાઠ્યપુસ્તકના જટિલ રજૂઆત ધરાવતા એકમો માટે બહુ માધ્યમ સંપુટ કાર્યક્રમ તૈયાર કરી વર્ગ શિક્ષણમાંઉપયોગ કરી શકાય.

**ચાવીરૂપ શબ્દો-** જીવવિજ્ઞાન, દેહજળ અને પરિવહન,બહુ માધ્યમ સંપુટ કાર્યક્રમ, એકમ કસોટી

**135.સંશોધકનું નામ-**જોષી મિનાક્ષી એચ.

**કોલેજનું નામ**: શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ.આર. જોષી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ટેલિવિઝનની કાર્ટુન કાર્યક્રમની પ્રાથમિક શાળાનાં બાળકોનાં વર્તન પર થતી અસરનો અભ્યાસ

A Study Of Effects Of Television Cartoon Programme On Behaviour Of Primary School Children

**સંશોધનનું ક્ષેત્ર**-શૈક્ષણિક ટેક્નોલોજી અને શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનનાં હેતુઓ**- 1.ટેલિવિઝનની કાર્ટુન કાર્યક્રમની વિદ્યાર્થીઓનાં વર્તન પર પડતી અસરો જાણવા ઉપકરણની રચના કરવી. 2.ટેલિવિઝનની કાર્ટુન કાર્યક્રમની વિદ્યાર્થીઓનાં વર્તનનાં પાસાનો અભ્યાસ, ભાષા, આચાર વિચાર, શિષ્ટાચાર, પહેરવેશ, ટેવો, હાવભાવ જેવી અસરોનો અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-1**.ટેલિવિઝનની કાર્ટુન કાર્યક્રમની વિદ્યાર્થીઓનાં અભ્યાસ પર શું અસર હશે ?2.ટેલિવિઝનની કાર્ટુન કાર્યક્રમની વિદ્યાર્થીઓની ભાષા પર શું અસર હશે ?3.ટેલિવિઝનની કાર્ટુન કાર્યક્રમની વિદ્યાર્થીઓનાં આચાર વિચાર પર શું અસર હશે ?4.ટેલિવિઝનની કાર્ટુન કાર્યક્રમની વિદ્યાર્થીઓનાં શિષ્ટાચાર પર શું અસર હશે ?5.ટેલિવિઝનની કાર્ટુન કાર્યક્રમની વિદ્યાર્થીઓનાં પહેરવેશ પર શું અસર હશે ?

**સંશોધનનાં ચલ**-સ્વતંત્ર ચલ – ટેલિવિઝનની કાર્ટુન કાર્યક્રમ પરતંત્ર ચલ – વર્તન પર પડતી અસર

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-સર્વેક્ષણ સંશોધન

**વ્યાપવિશ્વ અને નમૂનો**-બનાસકાંઠા જીલ્લાની ડીસા શહેરની પ્રાથમિક શાળાઓમાં ધોરણ 4 અને 5 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ અને ડીસા શહેરની ત્રણ પ્રાથમિક પ્રાથમિક શાળાઓમાં ધોરણ 4 અને 5 માં અભ્યાસ કરતાં 140 વિદ્યાર્થીઓ નમૂના તરીકે લેવામાં આવ્યાં હતાં.

**ઉપકરણ**-સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત**- સાદી ટકાવારી

**સંશોધનનાં તારણો**-બાળકો ટી.વી. કાર્ટુન કાર્યક્રમનાં કલાકારોની જેમ જ અભ્યાસ કરવાનું પસંદ કરતા થયા છે.ટેલિવિઝનની કાર્ટુન કાર્યક્રમ જોવાથી બાળકો પોતાના વર્તનમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરતં થયા છે.ટેલિવિઝનની કાર્ટુન કાર્યક્રમમાં પ્રદર્શિત થતા સારા વિચારો બાળકો પોતાના જીવનમાં અમલમાં મૂકતા થયા છે.ટી.વી. જોવાથી બાળકો સંયુક્ત કુટુંબની જગ્યાએ વિભક્ત કુટુંબમાં રહેવાનું વધું પસંદ કરવા લગ્યા છે.ટી.વી. જોઈને બાળકો અભિનેતા કે અભિનેત્રીનાં જેવા કપડા પહેરવાનું વધુ પસંદ કરે છે.

Construction And Effectiveness Of Sanskrit sambhashan Programme

**સંશોધનનું ક્ષેત્ર**-વ્યૂહાત્મક ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ**1.ધો-9 ના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત સભાસણ કાર્યક્રમની રચના કરવી2.સંસ્કૃત સંભાષણ કાર્યક્રમની અસરકારકતા તપાસવી વિદ્યાર્થીઓના સંસ્કૃત સંભાષણ કાર્યક્રમની અસરકારકતા ચકાસવા માટે પૂર્વ કસોટી નિદાન કસોટી ઉત્તર કસોટી પુનઃનિદાન કસોટીની રચના કરવી3.સંસ્કૃત સંભાસણ કાર્યક્રમની અસર ચકાસવા માટે સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાતીયાના સંદર્ભે તપાસવી

**સંશોધનની ઉત્કલ્પનાઓ**-1.વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.કુમાર અને કન્યાઓએ પૂર્વ કસોટી પર મેળવેલ પ્રાપ્તકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 3.કુમાર અને કન્યાઓએ ઉત્તર કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ–**સ્વતંત્ર ચલ-સંસ્કૃત સંભાષણ સુધારણા કાર્યક્રમ પરતંત્ર ચલ-ઉત્તર કસોટી પરના પ્રાપ્તાંકો આંતરવર્તી ચલ-પાત્રો વચ્ચેની આંતરક્રિયા વૈશ્વિક તફાવત

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો-** થરાદ તાલુકાની ઉત્તર બુનિયાદી વિદ્યાલયના રોલીમાં ધો- 11 ના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.જેમાં યાદચ્છિક નમૂના પસંદગીની પદ્ધતિ દ્વારા 30 વિદ્યાર્થીઓને નમૂના તરીકે લેવામાં આવેલ છે

**ઉપકરણ**-નિદાનકસોટીનીરચના

**પૃથક્કરણની રીત-** મધ્યક, મધ્યસ્થ, પ્રમાણ વિચલન અને ટી-કસોટી

**સંશોધનના તારણો–**સંસ્કૃત સંભાષણ સુધારણા કાર્યક્રમને પરિણામે ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચા ઊંચી જોવા મળી હતી આમ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો કુમાર અને કન્યાઓ પર લેવામાં આવેલી પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સમાનતા જોવા મળી હતી કુમાર અને કન્યા ઉપર લેવામાં આવેલી ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સમાનતા જોવા મળી હતી.

**સંશોધન ફલિતાર્થ-**સંસ્કૃત સંભાષણ દોષ સુધારવા માટે આ સંસ્કૃત સંભાષણ સુધારણા કાર્યક્રમનો શિક્ષણમાં ઉપયોગ કરી શકાય તેમજ શિક્ષણમાં શુદ્ધ સંસ્કૃત સંભાષણ અંગેની જાગૃતતા વિકસાવી ઘણીજ આવશ્યક છે તેથી શાળા કક્ષાએ આવા કાર્યક્રમોનો અમલ થવો જોઈએ

**ચાવીરૂપ શબ્દો–**સંસ્કૃત સંભાષણ કાર્યક્રમ

**157.સંશોધકનું નામ:** ઠાકર સોનલબેન વી.

**કોલેજનું નામ:**શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ:** શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિ./ડીગ્રી:** 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ક્વિઝ કાર્યક્રમની અર્થશાસ્ત્ર વિષયની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા

Effectiveness Of Quiz Programme On A Academic Achievement In Economics Subject

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ-** 1.ધો-11 ના અર્થશાસ્ત્ર વિષયના પસંદિત એકમના અધ્યાપન માટે ક્વિઝ કાર્યક્રમની સંરચના કરવી. 2.ધો-11 ના અર્થશાસ્ત્ર વિષય પરની શૈક્ષણિક સિદ્ધિ કસોટીની સંરચના કરવી. 3.ધો-11 ના અર્થશાસ્ત્ર વિષયના સંદર્ભમાં ક્વિઝ કાર્યક્રમ અને શૈક્ષણિક સિદ્ધિ સંરચના સબંધ પર વિદ્યાર્થી જાતિયતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-**1.નિયંત્રિત અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક સિદ્ધિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 2.પ્રાયોગિક જૂથના કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. 3.નિયંત્રિત જૂથના કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ –ક્વિઝ કાર્યક્રમ પરતંત્રચલ – કસોટી અંકુશીત ચલ- શૈક્ષણિક કક્ષા ,એકમ, શાળાનું વાતાવરણ પરિવર્તક ચલ- જાતિયતા આંતરવર્તી ચલ- વિદ્યાર્થીઓનો રસ, ઉત્સાહ, ક્ષમતા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો-** ધાનેરા શહેરી વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા અભ્યાસ કરતાં કુલ-60 વિદ્યાર્થીઓને સહેતુક નમૂના દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ:** ક્વિઝ કાર્યક્રમની રચના (સિદ્ધિ કસોટી)

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-કસોટી

**સંશોધનના તારણો-** 1.વિદ્યાર્થીઓ પર ક્વિઝ કાર્યક્રમનો અમલ કરવાથી અર્થશાસ્ત્ર વિષયમાં શૈક્ષણિક સિદ્ધિ વધારી શકાય છે. 2.કુમાર અને કન્યા પર ક્વિઝ કાર્યક્રમનો અમલ કરવાથી તેમના અર્થશાસ્ત્ર વિષયની શૈક્ષણિક સિદ્ધિમાં વધારો જોવા મળ્યો હતો. 3.પ્રાયોગિક જૂથના કુમાર અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ પર ક્વિઝ કાર્યક્રમની વધારે અસર જોવા મળે છે. 4.નિયંત્રિત જૂથના કુમાર અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ સમાન જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થ-** 1.ધો-11 ના અર્થશાસ્ત્ર વિષયના પસંદગી એકમો માટે તૈયાર કરેલ ક્વિઝ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિના અસરકારક રહ્યો હતો. 2.વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા નવીનતા ધરાવતો ક્વિઝ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પૂરા પાડે તે પ્રકારનું આયોજન કરવું પડે. 3.ક્વિઝ કાર્યક્રમનું ઉપયોગ કરી શકાય તે માટે શાળા સંચાલકો જરૂરી સુવિધા પૂરી પાડવી જોઈએ. 4.શિક્ષકોએ વિવિધ એકમો પર ક્વિઝ કાર્યક્રમનું આયોજન માટે અર્થશાસ્ત્ર મંડળની રચના કરવી જોઈએ અને તાલીમ પણ આપવી જોઈએ. 5.પાઠ્યપુસ્તકના જટિલ રજૂઆત ધરાવતા એકમો માટે ક્વિઝ કાર્યક્રમ તૈયાર કરી તેમનો વર્ગ શિક્ષણમા ઉપયોગ કરી શકાય.
**ચાવીરૂપ શબ્દો-** ક્વિઝ કાર્યક્રમ, શૈક્ષણિક સિદ્ધિ

**158.સંશોધકનું નામ-** ઠાકોર સપનાબેન એચ.
**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર
**માર્ગદર્શકનું નામ**: શ્રી એ. એન. ચૌધરી
**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.
**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**
ધો-12 ના રસાયણ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત પ્રશ્નબેંક રચના
Construction of a questions bank based on syllabus of chemistry subject of standard-12

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, વિજ્ઞાન શિક્ષણ
**સંશોધનના હેતુઓ**-1.ધો-12 રસાયણ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત પ્રશ્ન બેંકની રચના કરવી.2.ધો-12 રસાયણ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત નિબંધલક્ષી પ્રકારના પ્રશ્નોની રચના કરવી.3.ધો-12 રસાયણ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત લઘુજવાબી પ્રકારના પ્રશ્નોની રચના કરવી.4.ધો-12 રસાયણ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત અતિ ટૂંકજવાબી પ્રકારના પ્રશ્નોની રચના કરવી.
**સંશોધનના પ્રશ્નો-** 1.ધોરણ-12 રસાયણવિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત નિબંધલક્ષી પ્રકારના પ્રશ્નોની યથાર્થતાના આધારે યોગ્યતા શું હશે ?2.ધોરણ-12 રસાયણવિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત લઘુજવાબી પ્રકારના પ્રશ્નોની કલમ પૃથકકરણના આધારે યોગ્યતા શું હશે ?3.ધોરણ-12 રસાયણવિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત ટૂંક જવાબી પ્રકારના પ્રશ્નોની કલમ પૃથકકરણના આધારે યોગ્યતા શું હશે ?4.ધોરણ-12 રસાયણવિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત અનાત્મલક્ષી પ્રકારના પ્રશ્નોની કલમ પૃથકકરણના આધારે યોગ્યતા શું હશે ?
**સંશોધનનો પ્રકાર -** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન
**સંશોધનની પદ્ધતિ -** સર્વેક્ષણ પદ્ધતિ
**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ધોરણ-12 માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓને ઝુમખા નમૂના પદ્ધતિ વડે 388 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.
**ઉપકરણ -** પ્રશ્નબેંક, અભિપ્રાયાવલી
**પૃથક્કરણની રીત-** સરળતા મૂલ્ય, તારવણી મૂલ્ય અને કાઈ-વર્ગ
**સંશોધનના તારણો-** 1.અજમાયશ કરેલી કલમોનું સળતા મૂલ્ય 0.19 થી 0.89 સુધી તથા તારવણી મૂલ્ય 0.11 થી 0.74 સુધી જોવા મળ્યું હતું.2.નિબંધલક્ષી પ્રકારની 49 કલમો પૈકી 31 કલમો યોગ્ય નીવડી હતી જ્યારે 18 કલમો અયોગ્ય નીવડી હતી.3.લઘુ જવાબી પ્રકારની 55 કલમો પૈકી 38 કલમો યોગ્ય નિવડી હતી જ્યારે 17 કલમો અયોગ્ય નીવડી હતી.4.પ્રસ્તુત સંશોધન અંગેની અભિપ્રાયાવલીમાં 6 વિધાનો 0.1 કક્ષાએ તથા 3 વિધાનો 0.5 કક્ષાએ સાર્થક નીવડ્યા હતા.

**સંશોધનના ફલિતાર્થ**-1.અભ્યાસ સલાહકારોને શિક્ષણ સુધારણા માટે ઉપયોગી બનશે. 2.શિક્ષણને અસરકારક બનાવવામાં અને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી થશે અને પ્રશ્નોની સુસંગતતા અને યથાર્થતા ચકાસી શકાશે.3.શિક્ષક વડે થયેલું અધ્યાપન કાર્ય કેટલું અસરકારક રહ્યું તે જાણવા માટે પ્રશ્નબેંકનો ઉપયોગ કરી શકાશે.4.શિક્ષક પોતાની શિક્ષણ પદ્ધતિનું મૂલ્યાંકન કરવા માટે પણ પ્રશ્નબેંકનો ઉપયોગ કરી શકશે.5.વિદ્યાર્થીઓ પરીક્ષામાં પુછાતા પ્રશ્નોની જાણકારી મેળવી શકશે.
**ચાવીરૂપ શબ્દો** – રસાયણ વિજ્ઞાન, પાઠ્યક્રમ, પ્રશ્નબેંક

**159.સંશોધકનું નામ**: વાણીયા હંસાભાઈ ડી.

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ. આર. જોષી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

બનાસકાંઠા જિલ્લાની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ

A Comparative Study Of Personality Of The Students Of Gujarati Medium And English Medium Secondary School Of Banaskantha District

**સંશોધનનું ક્ષેત્ર**- શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ**- 1.ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના પ્રાપ્તાંકોની તુલના કરવી. 2.ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વ્યક્તિત્વના પ્રાપ્તાંકોની જાતીના સંદર્ભમાં તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**- 1.ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ વ્યક્તિત્વમાં સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના કુમારો અને કન્યાઓ એ વ્યક્તિત્વમાં સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનનો પ્રકાર**: વ્યવહારીક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- બનાસકાંઠા જિલ્લાની સેલ્ફ ફાઇનાન્સ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની જી.સી.ઈ.આર.ટી. માન્યતા ધરાવતી ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક શાળાઓના ગુજરાતી માધ્યમના- 195 અંગ્રેજી માધ્યમના- 190 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :અવલોકન, ઓળખયાદી, ક્રમ માપદંડ

**પૃથક્કરણની રીત**-સાદી- ટકાવારી, ટી-કસોટી

**સંશોધનના તારણો**- વ્યક્તિ પસંદગી પત્રકના 15 ચલો માંથી બાર ચલો જેવા કે 70 વ્યવસ્થા પ્રદર્શન સ્વાયતત્તા સંલગ્નતા  આંતરિક સમજ મદદ અસ્વીકાર કરવામાં આવે છે.વ્યક્તિ પસંદગી પત્રકના 15 ચલોમાંથી બાર જેવા કે સિદ્ધ પ્રદર્શન સ્વયંતા સંલગ્નતા સાર્થક છે.

**સંશોધનના ફલિતાર્થ**- અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની સિદ્ધિ દ્વારા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને સિદ્ધિમાં સુધારો લાવવા માટે યોગ્ય પ્રયત્ન કરવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**- ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાઓ, વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ

**160.સંશોધકનું નામ-**વાણિયા જયંતીભાઈ એ.

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી પી.કે.પંચોલી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધો- 12 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતાનો તુલનાત્મક અભ્યાસ

A Study Of Anxieties Of High And Low Achieving Students Of Std.-12

**સંશોધનનું ક્ષેત્ર**-તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ**-1.ધોરણ 12 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતાનો તુલનાત્મક અભ્યાસ કર્યો 2.ધો- 12 ના ઉચ્ચ અને નિર્ણય સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતાઓ પર જાતીયતાની અસર તપાસવી

**સંશોધનની ઉત્કલ્પનાઓ**-1 ધો-12 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય 2ધો- 12ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા કુમાર અને કન્યાઓની ચિંતા માપદંડ પરના પાપ્તાન કોની સરાસરી વચ્ચે તફાવત શોધવો

**સંશોધનના ચલ**-સ્વતંત્ર ચલ-જાતિ  પરતંત્ર ચલ-ચિંતા માપદંડ  અંકુશિત ચલ-ધોરણ 12

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- થરાદ તાલુકાની ત્રણ ગ્રામ્ય અને ત્રણ શહેરી શાળાઓમાંથી શ્રી રાજેશ્વરી વિદ્યાલય, થરાદના ધો-12 માં અભ્યાસ કરતાં  કુલ-101 પાત્રો પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**-ડૉ. કે જી દેસાઈનું પ્રગટ ચિંતા માપદંડ

**પૃથ્થકરણની રીત**- ટી-કસોટી

**સંશોધનના તારણો**-ધો- 12 ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતા નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના ચિંતાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. ધો- 12 ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા કુમાર અને કન્યાઓમાં ચિંતા નું પ્રમાણ સમાન જોવા મળ્યું હતું

**સંશોધનના ફલિતાર્થ** : ચિંતાનું પ્રમાણ આજે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં ધો-12 ના વિદ્યાર્થીઓમાં પ્રતિદિન વધતું જાય છે તે ઘટાડવા માટે ચિંતાની અસર દૂર કરાય છે ગુજરાત રાજ્યમાં ધો-12 માં એચ.એસ.સી.ની બોર્ડની પરીક્ષા આવે છે આ ઉપરાંત ધો-12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપરાંત તેના શિક્ષક મત આપતા વગેરેનું સારા ગુણ મેળવવા માટે થતી દબાણ રાખવામાં આવે છે પરિણામે વિદ્યાર્થીઓમાં કારણસર ચિંતા પ્રગટ થાય છે આ બાબતો વિચાર કરીને સંશોધક ધો-12 ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતાના એક નાનકડો સંશોધન કરેલ છે

**ચાવીરૂપ શબ્દો**- ચિંતા, શૈક્ષણિક સિદ્ધિ, ઉચ્ચ સિદ્ધિ નિમ્ન સિદ્ધિ

**161.સંશોધકનું નામ-** વાણીયા નવીનભાઈ જી.

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ. એન. પરમાર

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2013-14 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

વાવ તાલુકાના સરહદી વિસ્તારના બાળકોની શિક્ષણ વિષયક સમસ્યાઓનો અભ્યાસ

**સંશોધનનું ક્ષેત્ર-** સામાજિક ક્ષેત્ર

**સંશોધનના હેતુઓ-**1.વાવ તાલુકાના સરહદી વિસ્તારના બાળકોની શિક્ષણ વિષયક સમસ્યાઓ જાણવા ઉપકરણની રચના કરવી.2.વાવ તાલુકાના સરહદી વિસ્તારના બાળકોની શૈક્ષણિક, સામાજિક, આર્થિક, ભૌતિક, સ્વાસ્થ્યને લગતી સમસ્યા જાણવી.

**સંશોધનના પ્રશ્નો-**1.વાવ તાલુકાના સરહદી વિસ્તારના વિદ્યાર્થીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ જાણવા તૈયાર કરેલ ઉપકરણ ઉપકારક નીકળશે?2. વાવ તાલુકાના સરહદી વિસ્તારના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ કઈ હશે?3. વાવ તાલુકાના સરહદી વિસ્તારના વિદ્યાર્થીઓની શિક્ષણના સંદર્ભમાં સામાજિક સમસ્યાઓ કઈ હશે?4. વાવ તાલુકાના સરહદી વિસ્તારના વિદ્યાર્થીઓની શિક્ષણના સંદર્ભમાં ભૌતિક સમસ્યાઓ કઈ હશે?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- શિક્ષણ વિષયક સમસ્યાઓ  પરતંત્ર ચલ-વિસ્તાર  અંકુશીત ચલ-જાતીયતા

**સંશોધનનો પ્રકાર-**વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-**સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો-** વાવ તાલુકાનું સરહદી વિસ્તારના પ્રાથમિકથી કોલેજના 300 વિદ્યાર્થીઓ અને 100 વાલીઓને ઝુમખા નમૂના પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :સ્વ રચિત પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-**1.વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતી સામગ્રી 140(46.67%) મળી રહે છે2.વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતી 160(53.33%) સામગ્રી મળતી નથી.3.વિદ્યાર્થીઓને અભ્યાસ માટે તેમનું કુટુંબ 276(92.00%) આર્થિક સધ્ધરતા ધરાવે છે4. વિદ્યાર્થીઓનો સમાજ 110(36.67%) શિક્ષણ પ્રત્યે જાગૃત છે5. વિદ્યાર્થીઓને શાળા કોલેજમાં 300(100%) વર્ગખંડ ની વ્યવસ્થા છે6.વિદ્યાર્થીઓને સમાજમાં 98(32.67%) સ્ત્રી શિક્ષણને મહત્વ આપવામાં આવે છે.

**સંશોધનના ફલિતાર્થ-1.**બાળકોને તેમના અભ્યાસ માટે પૂરતી સામગ્રી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.2. બાળકોને સમયસર શિષ્યવૃત્તિ આપવી જોઈએ.3. દરેક શિક્ષકે બાળકોના વાલીઓનો સંપર્કસાધી વ્યક્તિગત ચર્ચા વિચારણા કરવી જોઈએ.4.સરકારી સરહદી બાળકોને નડતી સમસ્યાઓ જાણી દૂર કરવાના પ્રયત્નો કરવા જોઈએ. 5.શાળામાં ભૌતિક સુવિધાઓ વધે તે માટે પ્રયત્નો કરવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** વાવ તાલુકો, સરહદી વિસ્તાર, શિક્ષણ સમસ્યા

# <u>મુખ્ય પ્રકરણ – 7</u>

## 2014-2015 પ્રકરણ – 7 સમીક્ષાત્મક પરિચય - અનુક્રમણિકા

## એમ.એડ્. વિભાગ દ્વારા વર્ષ 2014-2015 માં કુલ 08 સંશોધનક્ષેત્રો આવરવામાં આવ્યા છે.

**મુખ્ય પ્રકરણ – 7** 2014-2015

**અનુક્રમણિકા**

**સંશોધનક્ષેત્ર અનુસાર હાથ ધરાયેલા સંશોધનોનું વર્ગીકરણ**

| પ્રકરણ | સંશોધન ક્ષેત્ર | સારાંશ નંબર | કુલ |
|---|---|---|---|
| **પ્રકરણ-1** | શિક્ષણનું તત્વજ્ઞાન (મૂલ્ય શિક્ષણ અને સંસ્કૃતિ, અર્થશાસ્ત્રનું શિક્ષણ) | 170,181,190 | 3 |
| **પ્રકરણ-2** | શિક્ષણનું મનોવિજ્ઞાન (વિજ્ઞાન શિક્ષણ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ,) | 167,171,176,178,180,185,193 | 7 |
| **પ્રકરણ-3** | શિક્ષણનું સમાજશાસ્ત્ર | 189,192 | 2 |
| **પ્રકરણ-4** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન ( શિક્ષણનું મનોવિજ્ઞાન, ભાષા શિક્ષણ ) | 162,172 ,183,194,195 | 5 |
| **પ્રકરણ-5** | શૈક્ષણિક ટેકનોલોજી( ભાષા શિક્ષણ, વિશિષ્ટ શિક્ષણ, માનસિક સ્વાસ્થ્ય, વિજ્ઞાન શિક્ષણ) | 163, 166,168,169,173,174,182,186,187,188,191 | 11 |
| **પ્રકરણ-6** | શૈક્ષણિક સંચાલન, વ્યવસ્થાપન | 177,192 | 2 |
| **પ્રકરણ-7** | પ્રાથમિક શિક્ષણ | 164,179 | 2 |
| **પ્રકરણ-8** | ભાષા શિક્ષણ (માધ્યમિક શિક્ષણ) | 165,175,184 | 3 |
| **કુલ** | | | 35 |

**<u>162.સંશોધકનું નામ-</u>** <u>બલોચ બિલિકસબાનું એસ.</u>

**કોલેજનું નામ:**શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ:** ડૉ. એસ.આર. જોષી

**વર્ષ/યુનિ./ડીગ્રી:** 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

પૂનમ બત્રા કમિટીની ભલામણો અંગે બી.એડ્. અને એમ.એડ્. કોલેજના અધ્યાપકો અને આચાર્યના મંતવ્યોનો અભ્યાસ

A Study Of Opinion Of Principals And Teachers Of B.Ed And M.Ed Colleges About Recommendations Of Poonam Batra Committee

**સંશોધનનું ક્ષેત્ર-** શિક્ષક-પ્રશિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1.પૂનમ બત્રા કમિટીની ભલામણો અંગે બી.એડ્. અને એમ.એડ્. કોલેજના આધ્યાપકોના મંતવ્યો જાણવા માટે અભિપ્રાયનોની રચના કરવી.2.પૂનમ બત્રા કમિટીની ભલામણો અંગે બી.એડ અને એમ.એડ. કોલેજના આધ્યાપકો અને આચાર્યના અભિપ્રાયો જાણવા.

**સંશોધનના પ્રશ્નો-1.** બી.એડ્. અને એમ.એડ્. માં પ્રવેશ માટેના ENTRANCE TEST અંગે આચાર્ય અને આધ્યાપકોના મંતવ્યો શુ હશે ?2.બી.એડ. અને એમ.એડ. ના 2 કે 4 વર્ષના સંકલિત અભ્યાસક્રમ પ્રત્યે આધ્યાપક અને આચાર્યના શુ મંતવ્યો હશે ?3.પ્રત્યેક તાલીમની સંસ્થાઓના શાળાના સંકલન અંગે આચાર્ય અને આધ્યાપકોના મંતવ્યો શુ હશે ?

**સંશોધનના ચલ**-----------------------

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** H.N.G.U,PATAN સંલગ્ન બી.એડ્. અને એમ.એડ્. કોલેજના અધ્યાપકો અને આચાર્ય તરીકે બી.એડ્. કોલેજના 100 અધ્યાપક અને આચાર્ય એમ.એડ્. કોલેજના 50 અધ્યાપક અને આચાર્ય

**ઉપકરણ**-સ્વ-રચિત અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત**-કાઈ-વર્ગ ($X^2$)

**સંશોધનના તારણો-1.** બી.એડ્. અને એમ.એડ્. માં પ્રવેશ માટે પરીક્ષા પરીક્ષાના ગુણાંકન ઉપરાંત પૂર્વ ઉપાધિના માર્ક્સને પણ ધ્યાનમાં લેવા જોઈએ. 2.પ્રવેશ પરીક્ષા યુનિવર્સીટી અથવા NCERT દ્વારાજ આયોજિત કરેલી હોવી જોઈએ.3.સમગ્ર રાજ્યમાં પ્રવેશ પ્રક્રિયા માટે એકજ પરીક્ષા હોવી જોઈએ.4. બી.એડ્. અને એમ.એડ્. માં પ્રવેશ માટે પૂર્વ પરીક્ષા હોવી જોઈએ નહીં. 5.પૂર્ણ વ્યવસાયિક સજ્જતા માટે બે વર્ષનો અભ્યાસક્રમ હોવો જરૂરી છે.

**સંશોધનના ફલિતાર્થ-1.**સમગ્ર રાજ્યમાં પ્રવેશ પ્રક્રિયા માટે એકજ પરીક્ષા હોવી જોઈએ.2. બી.એડ્. અને એમ.એડ્. માં પ્રવેશ પક્રિયા પ્રવેશ પરીક્ષા આધારિત થવાથી યોગ્ય ક્ષમતા જળવાશે.3.પૂર્ણ વ્યવસાયિક સજ્જતા માટે બે વર્ષનો અભ્યાસકર્મ હોવો જરૂરી છે.

**ચાવીરૂપ શબ્દ**-પૂનમ બત્રા કમિટી, પ્રશિક્ષણાર્થી, સંકલિત અભ્યાસક્રમ

**163.સંશોધકનું નામ**-ચૌધરી આરીફભાઈ આઈ.

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ.આર. જોષી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના ગ્રાહક સુરક્ષા એકમના અધ્યાપન કાર્ય માટે ક્વિઝ પદ્ધતિ અને જૂથ ચર્ચા પદ્ધતિ તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of Group Discussion Method And Quiz Method On Grahak Suraksha Unit Of Organization Of Commerce And Management

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**-1.ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલનના વિષયના" ગ્રાહક સુરક્ષા" એકમ માટેના જૂથ અધ્યાપન કાર્યક્રમ અને ક્વિઝની રચના કરવી.2 જૂથ અધ્યાપન પદ્ધતિ અને ક્વિઝ પદ્ધતિની અસરકારકતા કુમાર અને કન્યા પર તપાસવી. 3 વિદ્યાર્થીઓની સિદ્ધિ માપન માટે એકમ કસોટીની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**- 1. ક્વિઝ પદ્ધતિ અને જૂથ ચર્ચા પદ્ધતિ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2. ક્વિઝ પદ્ધતિ કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.3. જૂથ ચર્ચા પદ્ધતિ કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.4.જૂથ ચર્ચા પદ્ધતિ કુમાર અને ક્વિઝ પદ્ધતિની કન્યાઓ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.5. જૂથ ચર્ચા પદ્ધતિ કન્યાઓ ક્વિઝ પદ્ધતિના કુમારો શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકો સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**- સ્વતંત્ર ચલ- શૈક્ષણિક અધ્યાપન પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ- શાળા પર્યાવરણ, ધોરણ, વિસ્તાર, વિષય પરિવર્તક ચલ- જાતીયતા

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**-પાલનપુર શહેરની વાણીજ્ય પ્રવાહની ધોરણ 12 ની 2014-15 ની શાળાઓ જેમાં 10 શાળાઓ લેવામાં આવી હતી.જેમા પ્રાયોગિક જૂથ ૧ અને પ્રાયોગિક જૂથ ૨માં 30 - 30 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી

**ઉપકરણ**-પસંદિત એકમની પરની કસોટી

**પૃથક્કરણની રીત**- ટી-કસોટી

**સંશોધનના તારણો**- 1 ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલનના વિષયના" ગ્રાહક સુરક્ષા" એકમ માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભ ક્વિઝ પદ્ધતિ કરતા જૂથ ચર્ચા પદ્ધતિ વધુ અસરકારક જોવા મળી. 2 ક્વિઝ પદ્ધતિના કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત ન હતો.3. જૂથ ચર્ચા પદ્ધતિ કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોમા કન્યાઓ કરતા કુમારનો સિદ્ધિ આંક વધારે હતો. 4.જૂથ ચર્ચા પદ્ધતિ કુમાર અને ક્વિઝ પદ્ધતિની કન્યાઓ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોમાં કન્યાઓ કરતા કુમારનો સિદ્ધિ આંક વધારે હતો. 5. જૂથ ચર્ચા પદ્ધતિ કન્યાઓ ક્વિઝ પદ્ધતિના કુમારો શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોમા કન્યાઓ કરતા કુમારનો સિદ્ધિ આંક વધારે હતો.

**સંશોધનના ફલિતાર્થ**- 1.શિક્ષક જુથ ચર્ચા પદ્ધતિએ શિક્ષકોને નવો અભિગમ પૂરો પાડે છે.આ પદ્ધતિ દ્વારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને નબળા વિદ્યાર્થીઓ ઓળખી શકાય છે. વિદ્યાર્થીઓનો વધુ પડતો ફાળો હોવાથી શિક્ષકોને અધ્યાપન કાર્યમાં રાહત મળે છે આ પદ્ધતિ શિક્ષકોને પોતાના અધ્યાપન કાર્યને અસરકારક બનાવવા માટે ઉપયોગી બની શકે છે વિદ્યાર્થીઓ: વિદ્યાર્થીઓ હંમેશા સજાદ અને એકત્રિત રહે છે વિદ્યાર્થીઓની એકતામાં વધારો થાય છે વિદ્યાર્થીઓમાં એકાગ્રતા અને આત્મવિશ્વાસ વધે છે.

**ચાવીરૂપ શબ્દો**- વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષય, ગ્રાહક સુરક્ષા એકમ, ક્વિઝ પદ્ધતિ, જૂથ ચર્ચા પદ્ધતિ

**164.સંશોધકનું નામ**-ચૌધરી ક્ષમા ડી.

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એ. એન. ચૌધરી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક**:- (eng.& guj)

પાલનપુર તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોના શિક્ષક સજ્જતા તાલીમ અંગેના અભિપ્રાય
Opinions Of Vidyasahayak Teacher From Primary School Of Palanpur Taluka About Teacher Effciency Training.

**સંશોધનનું ક્ષેત્ર-** પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1.વિદ્યાસહાયક શિક્ષકોના શિક્ષક સજ્જતા તાલીમ અંગેના અભિપ્રાયો જણાવવા અને અભિપ્રાયવાલીની રચના કરવી. 2.વિદ્યાસહાયક શિક્ષકોના શિક્ષક સજ્જતા તાલીમ અંગેના અભિપ્રાયો જણાવવા. 3.શિક્ષક સજ્જતા તાલીમ અંગે જાતીયતાના સઁદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો ચકાસવા. 4.શિક્ષક સજ્જતા તાલીમ અંગે વિસ્તાર સઁદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો ચકાસવા.

**સંશોધનના પ્રશ્નો** -1.શિક્ષક સજ્જતા તાલીમ અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે? 2.જાતીયતાના સઁદર્ભમાં શિક્ષક સજ્જતા તાલીમ અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે? 3.વિસ્તાર સઁદર્ભમાં શિક્ષક સજ્જતા તાલીમ અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતીયતા, વિસ્તાર      પરતંત્ર ચલ- અભિપ્રાયાવલી પરના પ્રાપ્તાંકો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પાલનપુર તાલુકાના સરકારી પ્રાથમિક શાળાઓના 200 વિદ્યાસહાયક શિક્ષકો જેમાં 100 સ્ત્રી અને 100 પુરુષ શિક્ષકો લેવામાં આવ્યા હતા.

**ઉપકરણ**-સ્વ-રચિત અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત-** કઈ-વર્ગ

**સંશોધનના તારણો-** 1.તાલીમ માટેનું આયોજન યોજનબદ્ધ સમયપત્રક પ્રમાણે થાય છે2.તાલીમમાં યોગ્ય નિરીક્ષિત વ્યક્તિઓના સંભવે કાર્યક્રમની ગુણવતા ઉપર વિપરીત અસર પડે છે 3.તાલીમ બધા વિષયો અને વિષયવસ્તુને યોગ્ય ન્યાય આપવામાં આવે છે 4.દરેક વિષયમાં T.L.M. અને સ્વનિર્મિત સાધનો બનાવવા અંગેની તાલીમ આપતી નથી. 5.વર્ગખંડમાં નાના પ્રયોગો, પ્રકલ્પો અને ક્રિયાત્મક સંશોધનનો આયોજન વિશે માહિતી આપવામાં આવે છે.

**સંશોધનના ફલિતાર્થ-** 1.પ્રાથમિક શાળાઓના શિક્ષકો માટે શિક્ષક સજ્જતા તાલીમ ફરજીયાત હોવી જોઈએ.2.તાલીમમાં બધા વિષયોને યોગ્ય ન્યાય આપવો અને સંદર્ભ સાહિત્ય શિક્ષકોને એવું જોઈએ.3.પ્રાથમિક શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા વધારવા તાલીમ કાર્યકમો ખુબજ જરૂરી છે.4.પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સેવાકાલીન પ્રશિક્ષણ દરમિયાન ઉદ્દભવતી સમસ્યાનો અભયાસ થવો જોઈએ.5.માધ્યમિક શાળાના શિક્ષકોની કર્મયોગી તાલીમ અંગેના અભિપ્રયોનો અભ્યાસ થવો જોઈએ.

**ચાવીરૂપી શબ્દો-** શિક્ષક સજ્જતા, અભિપ્રાયો , વિદ્યાસહાયક શિક્ષકો

<u>165.**સંશોધકનું નામ-** ચૌહાણ સુનિલકુમાર એચ.</u>

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ. એન. પરમાર

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ 8 ના અંગ્રેજી ભાષામાં ઉચ્ચારણ સુધારણા કાર્યક્રમની રચના અને અસરકારકતા
Construction And Effectiveness Of Pronunciation Improvement Programme Of English Language In Std. 8

**સંશોધનનું ક્ષેત્ર-** ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1.વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયમાં ઉચ્ચારણ સુધારણા કાર્યક્રમની રચના કરવી.2.ઉચ્ચારણ દોષ જાણવા નિદાન કસોટીની રચના કરવી.3.ઉચ્ચારણ સુધારણા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.4.ઉચ્ચારણ સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાતીયતાના સંદર્ભ તપાસ કરવી.

**સંશોધન ઉત્કલપનાઓ-** 1.પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના નિદાન અને પુનઃ નિદાન કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય2. પ્રાયોગિક જૂથના કુમારો અને કન્યાઓના નિદાન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.3.પ્રાયોગિક જૂથના કુમારો અને કન્યાઓના પુનઃ નિદાન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- ઉચ્ચારણ સુધારણા કાર્યક્રમ  પરતંત્ર ચલ- ઉચ્ચારણ દોષ  અંકુશિત ચલ- વિસ્તાર, ધોરણ, માધ્યમ, આંતરવર્તી  ચલ-  રસ-રુચિ ઉત્સાહ

**સંશોધનનો પ્રકાર**-વ્યહવારિક અને સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**-પાલનપુર શહેરના ધો- 8 માં અભ્યાસ કરતા 2014-15 ના વિદ્યાર્થીઓમાંથી 10 વિદ્યાર્થીઓ જે ઉચ્ચારણ દોષ ધરાવતા હતા.

**ઉપકરણ-** ઉચ્ચારણ દોષ નિદાન કસોટી

**પૃથકકરણની રીત-** ટી- કસોટી

**સંશોધનના તારણો-** 1.ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ ઉચ્ચાર દોષ સુધારણા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.2.પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટી અને પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતીયતાના સંદર્ભ સમાનતા જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થ-** પ્રાથમિક કક્ષાએ ઉચ્ચારણ દોષ નિવારણ કાર્યક્રમનો ઉપયોગ નહિવત્ પ્રમાણમાં થતો જોવા મળે છે. પ્રસ્તુત સંશોધન આ ક્ષેત્રના વિકાસ અંતર્ગત  નાનકડો પ્રયાસ છે. આ સંશોધન કાર્યમાં ઉચ્ચાર દોષ સુધારણા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો અને એના આધારે જાણવા મળે છે કે શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શબ્દના ઉચ્ચારણમાં તકલીફ પડતી હોય તો આ પ્રકારના ઉપચાર સુધારણા કાર્યક્રમથી તેનું નિવારણ કરી શકાય છે. જેથી આ કાર્યક્રમનો  ભવિષ્યમાં  ઉપયોગ કરી શકાય.

**ચાવીરૂપ શબ્દો**: ઉચ્ચારણ સુધારણા, અસરકારકતા, ઉચ્ચારણ દોષ

<u>**166.સંશોધકનું નામ**: ચાવડા જાગૃતિ કે.</u>

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ 8 ના અંગ્રેજી વ્યાકરણ 'Adjective ' એકમના અધ્યાપન માટે CAI અને પરંપરાગત પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of CAI And Traditional Method In Teaching English Grammar 'Adjective' Unit Of Std. 8

**સંશોધનનું ક્ષેત્ર**: ભાષા શિક્ષણ,  શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ-** 1.ધો-8 ના વિદ્યાર્થીના માટે અંગ્રેજી વ્યાકરણના Adjective એકમ પર CAI ના કાર્યક્રમની રચના કરવી.2.વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનની ચકાસણી માટે અને જૂથ સમાન બનાવવા માટે પૂર્વ કસોટીની રચના કરી જૂથ

સમાન બનાવવા.3.CAI કાર્યક્રમની અસરકારકતા ચકાસવા માટે શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવી.4.ધો- 8 ના વિદ્યાર્થીઓ પર CAI કાર્યક્રમની અજમાયાશ કરવી.5.CAI કાર્યક્રમની સાથે પરંપરાગત પદ્ધતિની તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** 1.CAI પદ્ધતિથી અને પરંપરાગત પદ્ધતિથી અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2.પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.3.ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.4.CAI પદ્ધતિથી અને પરંપરાગત પદ્ધતિથી અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- અધ્યાપન પદ્ધતિ પરંપરાગત પદ્ધતિ CAI પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ પરિવર્તક ચલ- જાતીયતા અંકુશિત ચલ- ધોરણ, વિષય, વિસ્તાર, એકમ, માધ્યમ

**સંશોધનોનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**-પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ધો—8 માં અભ્યાસ કરતા કુલ- 120 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**-સિદ્ધિ કસોટી, અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત-** ટી- કસોટી

**સંશોધનના તારણો**-1.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટીના પ્રાપ્તાંકના સંદર્ભમાં સમકક્ષ સાબિત થયા હતા.2.ધોરણ આઠના અંગ્રેજી વ્યાકરણના 'Adjective' એકમના અધ્યાપન માટે CAI પદ્ધતિ એ પરંપરાગત કરતા ચડિયાતી સાબિત થઈ હતી.3.'Adjective' એકમ માટે CAI અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરેલા કુમારોની શૈક્ષણિક સિદ્ધિ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરેલા કુમારોની શૈક્ષણિક સિદ્ધિ કરતા ચડિયાતી સાબિત થઈ હતી.4.'Adjective' એકમ માટે CAI અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરેલ કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરેલ કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ કરતા ચડિયાતી હતી.

**સંશોધનના ફલિતાર્થ**-1.CAI કાર્યક્રમની મદદથી પ્રત્યેક વિદ્યાર્થીઓને સ્વગતિએ અભ્યાસ કરવાની તક આપી શકાય.2. સ્વ અધ્યયન માટે CAI કાર્યક્રમનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓને સક્રિય રાખી શકાય.3.વિદ્યાર્થીઓમાં સ્વ અધ્યયન કરવાની ટેવ વિકસાવવા,CAI કાર્યક્રમનો ઉપયોગ કરી શકાય.4.વિદ્યાર્થીઓને વિચારશક્તિ તર્કશક્તિ કલ્પના શક્તિ વિકસાવવામાં આ પદ્ધતિ ઉપયોગી બને છે.5.કોમ્પ્યુટર દ્વારા ચિત્ર આકૃતિ અને લખાણની નજર સમક્ષ સ્પષ્ટ રજૂઆતથી વિદ્યાર્થીઓને યાદ રાખવાનું સહેલું પડે છે.

**ચાવીરૂપ શબ્દો**-CAI વ્યાકરણ, કમ્પ્યુટર, અને પ્રણાલીગત પદ્ધતિ

167.**સંશોધકનું નામ-** Dubay Arpanakumari R.

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ. આર. જોષી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

A Study Of Scientific Attitude Among Secondary School Students Of The Rural And Urban Area Of Palanpur Taluka

**સંશોધનનું ક્ષેત્ર** : Guidance and counselling ,Measurement and evolution,Value eduction

**સંશોધનના હેતુઓ** : 1.To construct scientific attitude scale for secondary school students. 2. To know scientific attitude of secondary school students. 3. To know scientific attitude of secondary school students with referencee to sex locality and standard.

**સંશોધનની ઉત્કલ્પનાઓ :** 1.There is no significant difference between scientific attitude of boy and girls secondary school students. 2. There is no significant difference in the level of scientific attitude of 9th & 10thstd students.3. There is no significant difference between scientific attitude of students of rural and urban area .

**સંશોધનનો પ્રકાર** : Behavioural and Quantitative Research

**સંશોધનની પદ્ધતિ** : The methodology used for research will be by critigus of p.y. reason.

**વ્યાપવિશ્વ અને નમુનો :** The research was conducted in the secondary schoolof palanpur taluka.The researcher select 400 students of secondary school the sample where taken from 5 rural and 5 urban Secondary School.

**ઉપકરણ**- Self made scientific attitude scale

**પૃથક્કરણની રીત** : T-Value

**સંશોધનના તારણો** : The scientific attitude of 9th and 10th standard student is average. There is no significance difference in the level of scientific attitude of boy & girls.There is no significant difference in the level of scientific attitude of 9th and 10th std. students .There is no signification difference in the level of scientific attitude of rural and urban area students.

**સંશોધનના ફલિતાર્થ :** The program for developing scientific attitude among the school students such as selected reading questions and answers experimentations demonstration, group discussion,role-play,dramatization, interractions with experts in the fields,CD show & discussion and audio presentation &discussion

**Keywords-** Rural, Urban, secondary School, scientific attitude

**168.સંશોધકનું નામ** -ગાંભવા રજનીકાંત એસ.

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ. આર. જોષી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ 12 ના નામાના મૂળતત્વો વિષયના ભાગીદારીઓના હિસાબોના એકમના અધ્યાપન માટે કમ્પ્યુટર CAI કાર્યક્રમની સંરચના અને અસરકારકતા

Construction And Effectiveness Of Computer Aided Instruction Programme For The Teaching Of '' Partnership Account '' Of Elements Of Account Subject Of Std.12

**સંશોધનનું ક્ષેત્ર** -શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**- 1. ધોરણ 12 ના વિદ્યાર્થીઓના નામાના મૂળતત્વો વિષયના ભાગીદારીના હિસાબો એકમ શીખવા માટે કોમ્પ્યુટર આસિસ્ટેડ ઇન્સ્ટ્રક્શન કાર્યક્રમ તૈયાર કરવો.2. CAI કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓના સંદર્ભમાં અસરકારકતા તપાસવા માટે ભાગીદારીના હિસાબો પર શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવી.3. CAI કાર્યક્રમ અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો માટે અભિપ્રાયવલીની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**-1. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈપણ સાર્થક તફાવત નહીં હોય.2. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી કુમાર અને કન્યા વચ્ચે કોઈ સાર્થક તફાવતની હોય.

**સંશોધનના ચલ**- સ્વતંત્ર ચલ-અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ-શૈક્ષણિક સિદ્ધિ પરિવર્તક ચલ-જાતીયતા અંકુશિત ચલ-ધોરણ, વિષય, પર્યાવરણ, સમય, વિષયવસ્તુ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-**બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના વિનય વિદ્યામંદિર શ્રીમતી આઈ.ડી.એફ ચૌધરી ઉ.માધ્યમિક શાળા, ટાકરવાડા ધો-12 માં કોમર્સ પ્રવાહમાં અભ્યાસ કરતા કુલ-60 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** અભિપ્રાયાવલી, શિક્ષક નિર્મિત પૂર્વ કસોટી

**પૃથક્કરણની રીત-** સરાસરી ,SD, SED તથા ટી-કસોટી, કાઈ-વર્ગ

**સંશોધનના તારણો-**1.શૈક્ષણિક સિદ્ધિઓના સંદર્ભમાં CAI કાર્યક્રમની રચનાત્મક અસર જોવા મળી.2.CAI કાર્યક્રમ કુમાર અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ વધારવામાં સમાન અસરકારકતા જોવા મળ્યો.3.વ્યાખ્યાન પદ્ધતિ કુમાર અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિઓના સંદર્ભમાં સમાન અસરકારકતા જોવા મળી.4. અન્ય પદ્ધતિ કરતા સી.એ.આઇ ધ્યાન શિક્ષણ આપવામાં આવે તો વિદ્યાર્થીઓને વધુ ગમે છે.

**સંશોધનના ફલિતાર્થ–** શિક્ષણ CAI કાર્યક્રમ થકી વિષયવસ્તુના મુદ્દાઓમાં એક થી વધુ ઉદાહરણ લઈ શકે છે. તેને કા.પા. કાર્યથી છુટકારો મળે છે. અને જો વિદ્યાર્થી ગેરહાજર હોય તો કોમ્પ્યુટરની સીડીની મદદથી જાતે અભ્યાસ કરી શકાશે CAI ના લીધે વિદ્યાર્થીમા સ્વ અધ્યયન ટેવનો વિકાસ જોવા મળશે.

**ચાવીરૂપ પદો-** કોમર્સ, નામાના મૂળતત્વો, CAI કાર્યક્રમ, શૈક્ષણિક સિદ્ધિ

**169.સંશોધકનું નામ** -ગામીત હેમલતાબેન એસ.

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એ. એન. ચૌધરી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધો- 9 ના ગુજરાતી વિષયના એકમોના સંદર્ભમાં નાટ્યીકરણ પદ્ધતિની અસરકારકતા

Effectiveness Of Dramatization Method With Reference To Subject Of Gujarati Of The 9th Standard

**સંશોધનનું ક્ષેત્ર-**શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ-** 1.ગુજરાતી વિષયના પસંદિતા એકમોના અધ્યાપન માટે નાટ્યીકરણ કાર્યક્રમની સંરચના કરવી.2.નાટ્યીકરણ કાર્યક્રમની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા ચકાસવા માટે શૈક્ષણિક કસોટીની રચના કરવી.3. નાટ્યીકરણ કાર્યક્રમની અસરકારકતા તપાસવી.4.નાટ્યીકરણ કાર્યક્રમ શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા જાતીયતાના સંદર્ભમાં ચકાસવી.5.નાટ્યીકરણ પદ્ધતિ પર તત્વના વિદ્યાર્થીઓના અભિપ્રયોગ જાણવા માટે અભિપ્રાયવલીની સરચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-**1. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2. પ્રાયોગિક જુથના કુમાર અને કન્યાઓ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય3. નિયંત્રિત જૂથના કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવતની હોય.4 પ્રાયોગિક જૂથના કુમારો અને નિયંત્રિત જૂથના કુમારોએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવતની હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ-અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ-ધો- 9, વિષય, એકમ, માધ્યમ, વિસ્તાર આંતરવર્તી ચલ- વૈયકિતક તફાવતો, અધ્યપન ક્ષમતા

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**-પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમિક શાળાઓમાં જ્ઞાનમંદિર હાઈસ્કૂલના ધો- 9 માં અભ્યાસ કરતા કુલ-80 વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા હતા.

**ઉપકરણ**-એકમ કસોટી, અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત**-અંકશાસ્ત્રીય પદ્ધતિ, સહવિચરણ પૃથક્કરણ, કાઇ-વર્ગ

**સંશોધનના તારણો**–1. નાટ્યીકરણ પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા પ્રા. જૂથ એ સિદ્ધિ કસોટીની બાબતમાં વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા નિયંત્રિત જૂથ કરતા ચડિયાતું જોવા મળે છે.2. નાટયીકરણ પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા પ્રા.જૂથના કુમાર સિદ્ધિ કસોટીની બાબતમાં કન્યાઓ કરતા ચડિયાતા જોવા મળે છે.3. વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા નિયંત્રિત જૂથના કુમારો અને કન્યાઓના શૈક્ષણિક સિદ્ધિ કસોટીની દ્રષ્ટિએ સમાન જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ**- વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા નવિન્યતા ધરાવતી નાટયીકરણ પદ્ધતિ વિદ્યાર્થીઓની પ્રત્યક્ષ અનુભવો પૂરા પાડી શકાય તે માટે શિક્ષકે વિષયવસ્તુ ઉચિત નાટયીકરણ સંરચના કરીકે પ્રાપ્ય હોય તો તે અંગેની માહિતી મેળવી અધ્યાપન કાર્ય કરાવવું જોઈએ.

**ચાવીરૂપ પદો**- નાટકીકરણ પદ્ધતિ, વ્યાખ્યાન પદ્ધતિ, એકમ કસોટી, શૈક્ષણિક સિદ્ધિ

**170.સંશોધકનું નામ**-હડિયોલ મનહરસિંહજી જે.

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એ. એન. પરમાર

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ખેડબ્રહ્મા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય પ્રત્યેની સભાનતા
A Study Of Awareness About National Integration Among Students In Higher Secondary Schools Of Khedbrahma Taluka

**સંશોધનનું ક્ષેત્ર**-મૂલ્ય શિક્ષણ અને સંસ્કૃતિ

**સંશોધનના હેતુઓ-1.**ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા જાણવા માટે સભાનતા માપદંડની રચના કરવી.2.વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા જાણવી.3.વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા જાતિયતા અને વિસ્તારના સંદર્ભમાં જાણવી.

**સંશોધનીન ઉત્કલપનાઓ-1.**શહેરી અને ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2.ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.3.શહેરી કુમાર અને કન્યાઓના રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડ પર ના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**- સ્વતંત્ર ચલ-જાતીયતા, વિસ્તાર પરતંત્ર ચલ-રાષ્ટ્રીય ઐક્ય માપદંડ પરના પ્રાપ્તાંક

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**-ખેડબ્રહ્મા તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધો-11 અને 12 ના સહેતુક નમૂના પસંદગી દ્વારા 400 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**- રાષ્ટ્રીય ઐક્ય સભાનતા કસોટી

**પૃથકકરણની રીત- ટી-કસોટી**

**સંશોધનના તારણો-1.**વિસ્તારના સંદર્ભ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતા વધુ રાષ્ટ્રીય ઐક્ય સભાનતા ધરાવતા જોવા મળે છે.2.જાતીયતાના સંદર્ભ શહેરી વિસ્તારના કુમાર અને કન્યા સમાન રાષ્ટ્રીય ઐક્ય સમાનતા ધરાવતા જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ-**વર્તમાન યુગમાં આતંકવાદ હુમલા બાદ કરફ્યૂ વગેરે વધારે પ્રમાણમાં જોવા મળતા હોવાથી રાષ્ટ્રીય ઐક્ય વિષયને શિક્ષણકાર્યમાં સામેલ કરી શકાય.

**ચાવીરૂપશબ્દો-** રાષ્ટ્રીય ઐક્ય પ્રત્યેની સભાનતા

<u>**171.સંશોધકનું નામ:** કાગ હરેશભાઈ કે.</u>

**કોલેજનું નામ:**શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ:** શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિ./ડીગ્રી:** 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ગ્રામીણ અને શહેરી માધ્યમિક શાળાઓના શિક્ષકોની અંધશ્રદ્ધા અંગેના ખ્યાલોનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of Opinion Of Rural And Urban Secondary School Teachers About Superstition

**સંશોધન ક્ષેત્ર-**શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-1.**અંધશ્રદ્ધા વિષયક મંતવ્યો જાણવા માટે અંધશ્રદ્ધા માપન ઉપકરણની રચના કરવી.2.ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં શિક્ષકોની અંધશ્રદ્ધા અંગેનો ખ્યાલ મેળવવો.3.જુદા જુદા વહેમો અંગેના ખ્યાલોનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવો. 4.ગ્રામીણ અને શહેરી શિક્ષકોના અંધશ્રદ્ધા વિશેના ખ્યાલોનો તુલનાત્મક અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો-**1.શિક્ષકોના અંધશ્રદ્ધા વિષયક મંતવ્યો જાણવા માટે રચેલ ઉપકરણ અસરકારક નીવડશે? 2.ગ્રામીણ અને શહેરી વિસ્તારના શિક્ષકોના અંધશ્રદ્ધા અંગેના ખ્યાલો શું હશે?3.શહેરી વિસ્તારના શિક્ષકોના અંધશ્રદ્ધા અંગેના ખ્યાલોમાં કોઈ તફાવત હશે?

**સંશોધનના ચલ--------------------**

**સંશોધનનો પ્રકાર-**વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-**સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લાની પાલનપુર તાલુકાની ગ્રામીણ અને શહેરની 20 માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરાવતા 100 ગ્રામીણ અને 100 શહેરી શિક્ષકોન લેવામાં આવ્યા હતા.

**પૃથકકરણની રીત:** ટી- કસોટી

**ઉપકરણ:** અભિપ્રાયાવલિ

**સંશોધનના તારણો-**તહેવારને લગતી અંધશ્રદ્ધામાં ગ્રામીણ શિક્ષકો અને શહેરી શિક્ષકોમાં અંધશ્રદ્ધાના પ્રતિભાવો સમાન જોવા મળે છે.પશુ પક્ષીઓને લગતી અંધશ્રદ્ધામાં કુતરા અને કાગડા વિશેની અંધશ્રદ્ધામાં ગ્રામીણ શિક્ષકો અને શહેરી શિક્ષકોની અંધશ્રદ્ધા સમાન જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ-** શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે વિદ્યાર્થીઓમાં વૈચારિક ક્રાંતિ લાવવી જરૂરી છે. આ ક્રાંતિ લાવવાનું કામ શિક્ષક જ સારા પ્રમાણમાં કરી શકે, પરંતુ આજના આધુનિક યુગના શિક્ષકો પણ અંધશ્રદ્ધા જેવી ખોટી માન્યતાઓ વગેરેમાં માને છે તથા બાળકોને પણ તે બાબતમાં માનતા કરવા માટે ઉત્પ્રેરિત કરે છે.

**ચાવીરૂપ શબ્દો-**અંધશ્રદ્ધા, માધ્યમિક વિભાગ

**172.સંશોધકનું નામ-** કાગ રમેશભાઈ કે.
**કોલેજનું નામ:**શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર
**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ. આર. જોષી
**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.
**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**
ધો-5 ના આદિવાસી વિદ્યાર્થીઓના ઉચ્ચારણ દોષ સુધારણા કાર્યક્રમની સંરચના અને અસરકારકતા
Construction And Effectiveness Pronunciation Improvement Programme Of Tribal Students Of Std-5

**સંશોધનનું ક્ષેત્ર-** ભાષા શિક્ષણ
**સંશોધનના હેતુઓ-**1.ધો-5 ના વિદ્યાર્થીઓના ઉચ્ચારણ દોષોને તારવવા નિદાન કસોટી રચવી. 2.ધો-5 ના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચારણ દોષ સુધારણા કાર્યક્રમની રચના કરવી.3.ધો-5 ના વિદ્યાર્થીઓ પર ઉચ્ચારણ દોષ સુધારણા કાર્યક્રમની અજમાઇસ કરવી.4. વિદ્યાર્થીઓ માટે ઉચ્ચારણ દોષ તપાસવા નિદાન કસોટીની રચના કરવી.
**સંશોધનની ઉત્કલપનાઓ-**1.પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને ઉચ્ચારણ દોષ નિદાન કસોટી પર પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.2. ધોરણ-5 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જેમાં ઉચ્ચારણ દોષ કાર્યક્રમનો અમલ કરેલો હોય તેવા પ્રાયોગિક જૂથ અને અમલ ન કરાયેલો હોય એ તેવા ધોરણ -5 ના નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
**સંશોધનના ચલ-**સ્વતંત્ર ચલ - બે કક્ષાઓ  પરતંત્ર ચલ- ઉચ્ચારણ દોષ  સુધારણા કાર્યક્રમ  અંકુશિત ચલ- ધોરણ
**સંશોધનનો પ્રકાર-** વ્યવ્હારિક પૈકી સંખ્યાત્મક સંશોધન
**સંશોધન પદ્ધતિ–**પ્રાયોગિક સંશોધન પદ્ધતિ
**વ્યાપવિશ્વ અને નમૂનો-** પીપળી વાવ પ્રાથમિક શાળા, દાંતાના  ધો-5 માં અભ્યાસ કરતાં પ્રાથમિક શાળાના આદિવાસીના 30 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હાતા
**ઉપકરણ-** ઉત્તર કસોટી અને પૂર્વ કસોટી, ઉચ્ચારણ દોષ સુધારણા કાર્યક્રમ
**પૃથક્કરણની રીત-** ટી- કસોટી
**સંશોધનના તારણો-**ધો-5 ના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલા ઉચ્ચારણ દોષ સુધારણા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. ઉચ્ચારણા દોષ સુધારણા કાર્યક્રમને પરિણામે પ્રાયોગિક જૂથના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી. ધો-5 ના નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટી અને પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સમાનતા જોવા મળી હતી.
**સંશોધનના ફલિતાર્થ-** ધો-5 ના આદિવાસી વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલું ઉચ્ચારણ દોષ સુધારણા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો જેથી આ કાર્યક્રમનો ભવિષ્યમાં ઉપયોગ કરી શકાય પ્રસ્તુત અભ્યાસ દ્વારા પ્રાથમિક કક્ષાએ જૂથ અધ્યયન પદ્ધતિનો ઉપયોગ નહિવત પ્રમાણમાં થતો જોવા મળે છે.
**ચાવીરૂપ શબ્દો-** આદિવાસી વિસ્તાર અને ઉચ્ચારણ દોષ સુધારણા કાર્યક્રમ

**173.સંશોધકનું નામ-** લાલવાણી ક્રિષ્ના એમ.
**કોલેજનું નામ:**શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર
**માર્ગદર્શકનું નામ**: ડૉ. એ. એન. ચૌધરી
**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.
**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ -8ના અંગ્રેજી વ્યાકરણના પસંદગી એકમોના સંદર્ભમાં રેખિક અભિક્રમની સંરચના અને અસરકારકતા
Construction And Effectiveness Of Linear Programme On Selected Units In English Grammar Of Standard-8

**સંશોધનનું ક્ષેત્ર-** ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**1.ધોરણ-8 ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વ્યાકરણના અધ્યનની રચના કરવી ધોરણ આઠના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વ્યાકરણના એકમોના સંદર્ભમાં કસોટી રચવી.2. રેખિક અભિક્રમ અધ્યયન પદ્ધતિના સંદર્ભમાં અસરકારકતા તપાસવી.3.ધોરણ-8 ના વિદ્યાર્થીઓ માટે લેખિત અભિક્રમિત અધ્યયન અને સ્વાધ્યાય પદ્ધતિની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-**1.ધોરણ -8 ના વિદ્યાર્થીઓ માટે જાતીયતા સંદર્ભમાં રૈખિક અભિક્રમિત અધ્યયન અને સ્વાધ્યાય પદ્ધતિની અસરકારકતા તપાસવી.2.ધો-8 ના રેખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી શૈક્ષણિક સિદ્ધિ કસોટીની અસરકારકતા તપાસવી.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતીયતા પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ

**સંશોધનનો પ્રકાર-**વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધન પદ્ધતિ-**પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો-**બનાસકાંઠા જિલ્લાની પાલનપુર તાલુકાની એમ.વાય. રોશન પ્રાથમિક શાળાના ધો-8 માં અભ્યાસ કરતાં 60 વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા હતા.

**ઉપકરણ-**અભિક્રમ એકમ કસોટી

**પૃથક્કરણની રીત-** સંયુક્ત પ્રમાણ વિચલન, ક્રાંતિક ગુણોત્તર અને ટી- કસોટી

**સંશોધનના તારણો-**1.ધો-8 ના વિદ્યાર્થીઓ અભિક્રમની અજમાયસનો ક્રમ વધારવાથી પ્રમાણભૂલમાં ઘટાડો થાય છે.2.સ્વાધ્યાય પદ્ધતિ કરતા રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિ વધુ અસરકારક છે.3.ધો-8માં અભિકમિત અધ્યયન પદ્ધતિથી શીખતા વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોનો તફાવત સ્વાધ્યાયનું મૂલ્યાંકન કરી શકે છે.સ્વાધ્યાય પદ્ધતિ કરતા સ્વાધ્યાયનું મૂલ્યાંકન કરી શકે છે

**સંશોધનના ફલિતાર્થ-**શિક્ષકોએ સ્વાધ્યાય પદ્ધતિની પૂરક પદ્ધતિ તરીકે રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરાવવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-**રેખિક અભિગમ, સ્વ અધ્યયન

**174.સંશોધકનું નામ-** મોદી હસમુખ એ.

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એસ. આર. જોષી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિ અને સંમિલિત શિક્ષણ પદ્ધતિની પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતાનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of The Effectiveness Of Special Education Method And Inclusive Education Method In The Success Of Visually Challenged Students.

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ-** 1.પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના અધ્યાપન માટે પસંદિત એકમો આધારિત વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિ અને સંમિલિત શિક્ષણ પદ્ધતિ કાર્યક્રમની રચના કરવી.2.વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિ અને સંમિલિત શિક્ષણ પદ્ધતિની અસરકારકતા ચકાસવા માટે પસંદિત એકમો આધારીત શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવી.3.વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિ અને સંમિલિત શિક્ષણ પદ્ધતિની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારકતા તપાસવી.

**સંશોધનના ઉત્કલ્પના -** વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિ અને સંમિલિત શિક્ષણ પદ્ધતિથી અધ્યાપન પામેલ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ -અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ-વિદ્યાર્થીઓની સિદ્ધિ અંકુશિત ચલ-વિશિષ્ટ શિક્ષણ અને સંમિલિત શિક્ષણનું વાતાવરણ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પાલનપુર શહેરની એમ. કે. મહેતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલયમાં ધો-6 થી 8 ના વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ -** શૈક્ષણિક સિદ્ધિ કસોટી

**પૃથક્કરણની રીત-** ટી કસોટી

**સંશોધનના તારણો-** સંમિલિત શિક્ષણ પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ વિદ્યાર્થીઓએ વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ વિદ્યાર્થીઓની તુલનામાં સિદ્ધિ કસોટી પર વધુ પ્રાપ્તાંક પ્રાપ્ત કર્યા હતા. સંમિલિત શિક્ષણ પદ્ધતિ એ વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિની તુલનામાં શૈક્ષણિક સિદ્ધિની દૃષ્ટિએ વધુ અસરકારક જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થ- 1.** પ્રસ્તુત સંશોધનમાં સામાજિક વિજ્ઞાનમાં એક પ્રકરણ ઉપર તુલના કરવામાં આવેલ છે જે અન્ય પ્રકરણો માટે પણ કરી શકાય.2.પ્રસ્તુત સંશોધન સામાજિક વિજ્ઞાન વિષય ઉપર કરવામાં આવેલ છે આ સિવાય અન્ય વિષયો જેવા કે ગણિત, વિજ્ઞાન, ગુજરાતી વગેરે જેવા વિષયોના પ્રકરણો ઉપર પણ તુલના કરી શકાય.3. પ્રસ્તુત સંશોધન ધો.6 થી 8 ના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ ઉપર આધારિત છે જે અન્ય ધોરણના વિદ્યાર્થીઓ ઉપર પણ કરી શકાય.4. પ્રસ્તુત સંશોધન બનાસકાંઠા જિલ્લાની પાલનપુર શહેરની પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલય ઉપર આધારિત છે જે ગુજરાત રાજ્યની અથવા ભારત દેશની કોઈપણ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલયના વિદ્યાર્થીઓને પસંદ કરીને લઈ શકાય.

**ચાવીરૂપ શબ્દો –** વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિ, સંમિલિત શિક્ષણ પદ્ધતિ, પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી

**175.સંશોધકનું નામ -**પઢિયાર યોગિતાબેન એમ.

**કોલેજનું નામ:**શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: ડૉ. એ. એન. ચૌધરી

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ગુજરાતી વિષયમાં સેમિનાર પદ્ધતિની અસરકારકતા

A Study Of The Effectiveness Of Seminar Method In Gujarati Subject

**સંશોધનનું ક્ષેત્ર-** ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** 1.બી.એડના તાલીમાર્થીઓને ધોરણ 9 ના ગુજરાતી વિષયના પસંદિતા એકમો શીખવા માટે સેમિનારનું આયોજન કરવું.2.સેમિનાર પદ્ધતિ શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા ચકાસવા પસંદીતા એકમોથી શૈક્ષણિક સિદ્ધિ કસોટી રચના કરવી.3.સેમિનાર પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિની અસરકારકતા શૈક્ષણિક સિદ્ધિની સંદર્ભમાં ચકાસવી.4. સેમિનાર પદ્ધતિ અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયોવલીની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-**1. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથનું વિદ્યાર્થીઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પરની મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવતની નહીં હોય.

**સંશોધનના ચલ-**સ્વતંત્ર ચલ-અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- સિદ્ધિ કસોટી પરના પ્રાપ્તાંકો અંકુશિત ચલ- બી.એડ્. કોલેજ

**સંશોધનનો પ્રકાર-** વ્યવ્હારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લાની બી.એડ્. કોલેજના ગુજરાતી વિષયના તાલીમાર્થીઓના સમાવેશ કાર્યો હતો. પાલનપુર શહેરની માતૃશ્રી એસ.એસ. ગોવિંદા બી.એડ્. કોલેજના 100 વિદ્યાર્થીઓ પૈકી 50 વિદ્યાર્થીઓની પસંદગી કરી હતી.

**ઉપકરણ-** સંશોધકે ગુજરાતી વિષયમાં પ્રશ્નપત્રની રચના માટે બ્લુ પ્રિન્ટની રચના તૈયાર કરી હતી.

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન તથા ટી-કસોટી

**સંશોધનના તારણો-**1. પ્રાયોગિક જૂથના તાલીમાર્થીઓએ મેળવેલ ઉત્તર આંક એ નિયંત્રિત જૂથના તાલીમાર્થીઓમાં મેળવેલા ઉત્તરઆંક ઊંચો છે.2. પ્રાયોગિક જૂથના તાલીમાર્થીઓ અને નિયંત્રિત જૂથના તાલીમાર્થીઓએ મેળવેલ પ્રાપ્ત સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક છે. તેથી સેમિનાર પદ્ધતિની અસરકારકતા વ્યાખ્યાન કરતાં વધારે છે.3. પ્રાયોગિક જૂથના તાલીમાર્થીઓએ અને નિયંત્રિત જૂથના તાલીમાર્થી હોય મેળવેલ પ્રાપ્તકોની સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક છે. પરિણામે સેમિનાર પદ્ધતિની અસરકારકતા વ્યાખ્યાન પદ્ધતિ કરતા વધારે છે.

**સંશોધનના ફલિતાર્થ-** સેમિનાર પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરવું જોઈએ શૈક્ષણિક પરિણામની સફળતા માટે શિક્ષકે પોતાની શીખવાની પદ્ધતિનું આત્મનિરક્ષણ કરવું જોઈએ. વિષયવસ્તુમાં આચાર્યશ્રી તેમજ આધ્યાપકોએ કૌશલ્યલક્ષી સહકાર પુરો પાડવો જોઈએ.

**ચાવીરૂપ પદો-** વ્યાખ્યાન પદ્ધતિ, સેમિનાર પદ્ધતિ

<u>**176.સંશોધકનુ નામ**: પંડયા જયેશ પી.</u>

**કોલેજનું નામ**:શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ**: શ્રી એ. એન. પરમાર

**વર્ષ/યુનિ./ડીગ્રી**: 2014-15 / H.N.G.U,PATAN/ M.Ed.

**સંશોધનનું શીર્ષક:- (eng.& guj)**

ધોરણ-11 ના વિધાર્થીઓ માટે નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમની રચના અને અસરકારકતા

Contruction And Effectiveness Of Negative Attitude Reduction Programme For The Students Of Std-11

**સંશોધનનુ ક્ષેત્ર-** શિક્ષણનુ મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-1.**ધો-11 ના વિધાર્થીઓ માટે નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમની રચના કરવી.2.ધો- 11 ના વિધાર્થીઓના નકારાત્મક મનોવલણો જાણવા માટે પુર્વ કસોટી અને ઉત્તર કસોટીની રચના કરવી.3.ધો-11 ના વિધાર્થીઓમાં નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.4.ધો-11 ના વિધાર્થીઓમાં નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમની અસરકારકતા જાતિના સંદર્ભમાં ચકાસવી

**સંશોધનની ઉત્કલ્પનાઓ-1.**વિધાર્થીઓએ પુર્વ કસોટી અને ઉત્તર કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.2.ધો-11 ના કુમારોએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.3.ધો-11 ની કન્યાઓએ પુર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક

તફાવત નહી હોય.4.ધો-11 ના કુમાર અને કન્યાઓએ ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- કાર્યક્રમ પરતંત્ર ચલ- નકારાત્મક મનોવલણ પર અસર પરિવર્તક ચલ- જાતીયતા અંકુશિત ચલ-ધોરણ,માધ્યમ,પ્રવાહ,શાળાનુ વાતાવરણ

**સંશોધનનો પ્રકાર**-વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

